






વન્યજીવન

(ગુજરાતના વન્ય પ્રાણીઓ)

માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર







વન્યજીવન

(ગુજરાતના વન્ય પ્રાણીઓ)





પ્રકાશક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

મુદ્રક : સરકારી ફોટો લીથો પ્રેસ, ગાંધીનગર

સંપાદન : હેમંત સુથાર

વર્ષ : ૨૦૧૦

સ્વર્ણિમ ગુજરાતમાં વન્ય જીવોની વિવિધતાનું યશોગાન . . .



"સ્વર્ણિમ ગુજરાત" ઉજવણી વર્ષ દરમિયાન રાજ્યની વિવિધ ક્ષેત્રોની યશગાથાનું ગાન કરવામાં આવી રહ્યું છે, ત્યારે રાજ્યને નૈસર્ગિક સંપદા ક્ષેત્રે મળેલી સિદ્ધિઓને પણ ધ્યાનમાં લેવી પડે. રાજ્યની વન્ય જીવોની વિવિધતા પણ આવી જ એક અનેરી સિદ્ધિ છે.

સમગ્ર વિશ્વમાં દુર્લભ એવા સિંહ, ગુજરાતનું ગૌરવ છે. આ ઉપરાંત ઘુડખર અને અન્ય અસંખ્ય વન્ય જીવો પણ ગુજરાતમાં જોવા મળે છે. વન્ય જીવોની સંખ્યા સમગ્ર વિશ્વમાં ઘટી રહી છે, ત્યારે આપણા રાજ્યમાં વન્ય જીવોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. વિકાસની સાથે મેળવેલી આ સિદ્ધિ કંઈ નાનીસૂની વાત નથી.

"વન્યજીવન" પુસ્તકમાં રાજ્યના વન્ય જીવો વિષયક રસપ્રદ અને નવીનતાસભર માહિતીનું નિરૂપણ થયું છે. આ પુસ્તક રાજ્યની વન્ય જીવપ્રેમી જનતા માટે ઉપયોગી નીવડશે તેવો મને વિશ્વાસ છે. આ પ્રકારની વન્ય જીવો વિશેની જાણકારીથી વધુ જાગૃતિ આવશે અને આ જાગૃતિનો પ્રયાસ વન્ય પ્રાણીઓના સંરક્ષણ ક્ષેત્રે અદ્ભુત પરિણામો આપશે એની મને શ્રદ્ધા છે.

વિશ્વને અહિંસાના પાઠ ભણાવનાર મહાત્મા ગાંધીથી લઈને સામાન્ય જન સુધીના વિરલાઓની આ તેજસ્વી-ઓજસ્વી ભૂમિ છે. આગામી વર્ષોમાં આપણા ગુજરાતની આગવી ઓળખ જાળવી રાખીએ અને વન્ય જીવોની જાળવણી દ્વારા એવો અદ્ભુત સંકલ્પ કરીએ અને દેશ - દુનિયામાં વન્યજીવ સંરક્ષણનો સંદેશ પ્રસરાવીએ.

પુસ્તક તૈયાર કરનાર નિષ્ણાતો અને માહિતી ખાતાના અધિકારીઓને શુભેચ્છા પાઠવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

વન્ય જીવોથી વૈવિધ્ય સભર ગુજરાત...

વન્ય જીવોના વૈવિધ્ય ક્ષેત્રે ગુજરાત રાજ્યનું વિશ્વકક્ષાએ અગ્રિમ સ્થાન છે.

જીવદયા આપણી પ્રજાની ઓળખ છે. પરિણામે રાજ્યમાં વિવિધ વન્ય જીવોને રક્ષણ મળી રહ્યું છે. વન્ય જીવો ગુર્જરભૂમિને અભય અને સુરક્ષિત સમજે છે ત્યારે, આપણી વન્ય જીવસંપદા વિશેની જાણકારી હોવી તેટલી જ જરૂરી છે.

વન્ય જીવો વિશે ગુજરાતી ભાષામાં ખૂબ જ ઓછાં પુસ્તકો ઉપલબ્ધ છે. વન્ય જીવોની ઓળખ, વર્તણૂક, ખાસિયતો અને પ્રવર્તમાન સ્થિતિ જેવી માહિતીથી સભર આ પુસ્તક લોકોને ખૂબ જ ઉપયોગી બનશે, તેવી આશા રાખું છું.

આ પુસ્તકના સંપાદન અને લેખનકાર્ય માટે શ્રી હેમંત સુથાર તથા વન વિભાગના અધિકારી શ્રી એન. એમ. મજમુદાર, રાજ્યના વન્ય જીવપ્રેમીઓ, નિષ્ણાતો, તસવીરકારો વગેરેનો સીધો તથા આડકતરો સહયોગ મળ્યો છે, તે સર્વેનો હું આભારી છું.

''સ્વર્ણિમ ગુજરાત'' ઉજવણી વર્ષ નિમિત્તે રાજ્યના વન્ય જીવોની સંપત્તિનું દર્શન કરાવતું આ પુસ્તક લોકો સમક્ષ મૂકતા ગૌરવ અને આનંદ અનુભવું છું.

વિ. થિરુપુગલ આઇ.એ.એસ.
માહિતી કમિશનર

પ્રાસ્તાવિક

બૃહદ મુંબઈ રાજ્યથી વિભાજિત થયા બાદ ગુજરાત રાજ્યે તેના અસ્તિત્વ કાળથી વિકાસની દિશામાં અવિરત કૂચ જાળવી રાખી છે.

૨૦૧૦ના વર્ષમાં ગુજરાત રાજ્ય તેનાં ૫૦ વર્ષ પૂરાં કરી ૫૧મા વર્ષમાં પ્રવેશે છે ત્યારે સ્વર્ણિમ સફરમાં ગુજરાતે છેલ્લા એક દાયકામાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, સામાજિક, પ્રાકૃતિક અને ભૌગોલિક જેવાં વિવિધ ક્ષેત્રે ઊડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના અવસરે પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં અનેરો ઉત્સાહ અને આનંદ છે. ગુજરાતે તેની આ વિકાસયાત્રા દરમિયાન અનેક ગૌરવવંતી સિદ્ધિઓ હાંસલ કરી છે. તેની સાથે સાથે ઘણી બધી આપદાઓનો સામનો પણ કર્યો છે. ખાસ કરીને કુદરતી આપદાઓ જેવી દુષ્કાળ, ભૂકંપ અને વાવાઝોડાં. આ માટે વિશ્વની ભૂગોળમાં તેના વિશિષ્ટ સ્થાનનું કારણ મુખ્ય છે. છતાં રાજ્યની ખમીરવંતી પ્રજાએ પ્રત્યેક પડકારનો હિંમતપૂર્વક સામનો કર્યો છે અને વિકાસની કેડીના નવા માર્ગો કંડાર્યા છે, નવાં શિખરો સર કર્યાં છે.

રાજ્ય પાસે દેશનો લાંબામાં લાંબો દરિયાકાંઠો છે. વિશિષ્ટ પ્રકારનું વિશ્વનું બેજોડ ક્ષારિય રણ છે. દેશના ત્રણ અખાતો પૈકી ખંભાત અને કચ્છ એમ બે અખાતો છે. પ્રાચીનત્તમ અરવલ્લી, વિંધ્ય અને સાતપુડાની ગિરિમાળાઓ તેની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી છે. મહી, તાપી, નર્મદા જેવી મહાનદીઓ છે તો બનાસ, રૂપેણ અને સરસ્વતી જેવી ત્રણ ત્રણ કુંવારી નદીઓ છે. જૈસોર અને ગિરનાર જેવા પર્વતો છે, તો સૌરાષ્ટ્રમાં અગણિત ઘાસિયાં મેદાનો લહેરાય છે. દરિયાઈ જંગલ એવા ચેરનાં વનો દેશના સહુથી મોટા આવાં વિશિષ્ટ વનો પૈકી એક છે. નળ સરોવર જેવું વિશાળ કુદરતી સરોવર એની શાન છે. રાજ્યના આવા જૈવ ભૌગોલિક વિસ્તારો પરિસરોનું વૈવિધ્ય પૂરું પાડે છે. આવી પરિસરો વિવિધ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું વૈવિધ્ય પ્રદાન કરે છે. રાજ્ય પ્રમાણમાં ઓછો વનવિસ્તાર ધરાવતું હોવા છતાં આ બધાં કારણોસર ઉત્તમ જૈવ વૈવિધ્ય ધરાવે છે.

ગૌરવવંતા એવા એશિયાઈ સિંહો ફક્ત ગુજરાતમાં જોવા મળે છે અને સુરક્ષિત છે. સમગ્ર ભારતમાં દીપડાની વસ્તીમાં ગુજરાત બીજા ક્રમે છે. ઘુડખર, કાળિયાર, મગર, નીલગાય જેવાં પ્રાણીઓની સંખ્યા સમગ્ર દેશમાં સૌથી વધુ ગુજરાતમાં કહી શકાય તેમ છે.

આપની સમક્ષ રાજ્યનાં સસ્તન પ્રાણીઓની જાણકારી આપતું આ પુસ્તક મૂકતાં હું ગૌરવ અને પ્રસન્નતા અનુભવું છે. રાજ્યમાં જોવા મળતાં મુખ્ય સસ્તન પ્રાણીની માહિતી વૈજ્ઞાનિક અને લોકભોગ્ય એમ બન્ને ભાષામાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારના વિષયની માહિતી આપતાં પુસ્તકો ગણ્યાંગાંઠયાં છે ત્યારે, આ પુસ્તક એક સંદર્ભ ગ્રંથ તરીકે અને અભ્યાસ આધાર તરીકે તેની ઉપયોગિતા પ્રસ્થાપિત કરે તેવી અપેક્ષા રાખું છું.

વન્ય જીવોની તસવીરો માટે શ્રી દેવેશ ગઢવી, ભાવેશ ત્રિવેદી, નીરવ ભટ્ટ, કૃણાલ પટેલ, અશોક ચૌધરી, અને યોગેન્દ્ર શાહ વગેરેનો હું ઋણી છું. પુસ્તકની તૈયારીમાં જે સંદર્ભ માહિતીઓનો ઉપયોગ કર્યો છે તેવા વનવિભાગ, ગીર ફાઉન્ડેશન, બી.એન.એચ.એસ. જેવી સંસ્થાઓનો પણ હું આભાર માનું છું.

હેમંત સુથાર

વન અધિકારી, ગાંધીનગર





નક્શામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં સિંહ જોવા મળે છે.



પદચિહ્ન

સિંહ - ASIATIC LION

(Panthera leo persica)
(F-Felidae)

વનરાજ, શાર્દુલ, સાવજ, કેસરી, ઊંટિયો, વાઘ, બબ્બર શેર જેવાં સ્થાનિક નામોથી પણ સિંહ ઓળખાય છે.

નરની ઊંચાઇ ૨૬૦થી ૨૭૦ સે.મી. અને માદાની ૨૪૦થી ૨૬૦ સે.મી. જેટલી હોય છે. નરનું વજન ૧૫૦થી ૧૭૦ કિલોગ્રામ જેટલું હોય છે. જ્યારે માદાનું વજન ૧૧૦થી ૧૩૦ કિલોગ્રામ જેટલું હોય છે. નર સિંહ ચાર વર્ષે પુખ્ત થાય છે. જ્યારે માદા સાડાત્રણ વર્ષે પુખ્ત થાય છે. ગર્ભકાળ ૧૦૫ થી ૧૧૦ દિવસ જેટલો હોય છે. સરેરાશ બે થી ચાર બચ્ચાંને જન્મ આપે છે. ઓક્ટોબરથી ડિસેમ્બર માસનો ગાળો પ્રજનનનો હોય છે. સિંહ જંગલમાં રહેતા હોય તો તેમનું આયુષ્ય ૧૨થી ૧૫ વર્ષનું હોય છે. બંધનાવસ્થામાં તેમનું આયુષ્ય ૧૫-૨૦

વર્ષ જેટલું હોય છે. અપવાદરૂપ કિસ્સામાં ૨૫ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવ્યાનું નોંધાયું છે. દેખાવે રતાશ પડતા ભૂખરા રંગના આ પ્રાણીના માથાનો આગળનો ભાગ ભારે અને શરીરના પાછળનો ભાગ પાતળો હોય છે. પૂંછડી જાડી અને લાંબી હોય છે તેમ જ કાન નાના હોય છે. નર સિંહને તેના ગળા પર ભરાવદાર વાળની કેશવાળી પણ જોવા મળે છે.





આ પ્રાણી એશિયા ખંડમાં ફક્ત ભારત દેશમાં અને તે પણ માત્ર ગુજરાત રાજ્યમાં જ જોવા મળે છે. ગુજરાતમાં પણ તે ફક્ત ગીરના જંગલમાં જોવા મળે છે. ભૂતકાળમાં એશિયાઈ સિંહ કેટલાક એશિયાઈ દેશો જેવા કે ઈરાન, ઇરાક, સીરિયા અને તેમના નજીકના વિસ્તારો તેમજ પાકિસ્તાન, ઉત્તર-પૂર્વીય (ઈશાન) ભારતમાં, ગંગાની દક્ષિણ-પશ્ચિમ (નૈઋર્ત્ય)માં અને નર્મદાની ઉત્તરમાં જોવા મળતા હતા. સામાન્ય રીતે સિંહ સૂકા, પાનખર તેમજ ઝાંખરાયુક્ત જંગલમાં રસ્તાની આજુબાજુ ખુલ્લા ભાગમાં જોવા મળે છે. ઉનાળામાં પાણીનાં સ્થળોની આજુબાજુ રહેવાનું પસંદ કરે છે. સિંહ હોવાની ખબર તેનાં પગલાં, હગાર તેમજ ગર્જના પરથી થઈ શકે છે.

૧૯૯૦માં સિંહની સંખ્યા ૨૮૪ હતી જે વધીને ૧૯૯૫માં ૩૦૪ જેટલી થઈ અને ૨૦૦૧માં ૩૨૭, ૨૦૦૫ની છેલ્લી ગણતરી મુજબ સિંહની સંખ્યા ૩૫૯થી વધુ હતી. સહુ પ્રથમ આ જાતિનો ઉદ્‌ભવ મધ્ય યુરોપમાં થયો, ત્યાંથી આફ્રિકા અને પછી તે ભારત તરફ સ્થળાંતરીત થયા. સિંહની હાલ દુનિયામાં બે સ્થળે જાતિ જોવા મળે છે. એક ગુજરાતમાં અને બીજી દક્ષિણ આફ્રિકામાં. બાહ્યાકાર વિદ્યાની દૃષ્ટિએ આફ્રિકન અને એશિયાઈ સિંહમાં કેટલાક તફાવતો હોય છે. જેમ કે આફ્રિકાનો સિંહ કદમાં મોટો અને વજનમાં વધારે હોય છે. આફ્રિકાના સિંહની કેશવાળી એશિયાઈ સિંહની કેશવાળી કરતાં ભારે અને વધારે હોય છે. આફ્રિકાના સિંહની પૂંછડીના છેડે આવેલો વાળનો ગુચ્છો એશિયાઈ સિંહના આવા ગુચ્છા કરતાં નાનો હોય છે. આ ઉપરાંત, બંને સિંહના પગના ઢીંચણ ('એલ્બો') પરના વાળના ગુચ્છા, પેટની ચામડી, ખોપરી અને આદતમાં ફરક હોય છે. સિંહને આપણા દેશમાં રાષ્ટ્રીય પ્રાણીનું બિરુદ આપવામાં આવ્યું હતું. કદમાં હાથી કરતાં નાનું હોવા છતાં પણ આ પ્રાણી પોતાની તાકાત અને હુમલો કરવાની સતર્કતાને કારણે હાથીને પણ ભોંય ભેગો કરી શકે છે. આ જાતિને બચાવવા માટે દુનિયાભરના લોકો ચિંતિત છે. સિંહની ઘટતી વસ્તી વધારવા માટે ગુજરાતની પ્રજા અને સરકાર સતત ચિંતિત છે. સોરઠનો સાવજ સમગ્ર ગુજરાત, ભારત તથા સમગ્ર એશિયા ખંડની શાન છે. પ્રત્યેક ગુજરાતી માટે ગૌરવ સમાન સિંહ રાજ્યમાં સુરક્ષિત છે.



વાઘ - TIGER

(Panthera tigris tigris) (F-Felidae)



ગુજરાતના વિસ્તારોમાં
વાઘ લુપ્ત થયાં છે.



પદચિહ્ન

વાઘ ઉત્તર ભારતમાં શેરના નામથી ઓળખાય છે. સામાન્ય રીતે તે બધા જ પ્રકારનાં જાનવરનો શિકાર કરે છે, પણ હરણ, નીલગાય, જંગલી ભેંસ, જંગલી ભૂંડ, પાલતું પ્રાણીઓ વગેરેનો વધુ શિકાર કરે છે. વાઘ પાણીની નજીકમાં રહેવાનું પસંદ કરે છે. તે સાંજના સમયે અથવા રાત્રિ દરમિયાન શિકાર કરે છે. દિવસના સમયે તે છાયામાં આરામ કરે છે. વાઘની ખાસિયત એ છે કે, તે તેના શિકારની ગરદનનું હાડકું તોડી નાખે છે. વાઘની ઊંચાઇ ૧૨૫થી ૧૪૦ સે.મી. હોય છે અને તેનું વજન ૧૭૦ થી ૧૯૦ કિલો ગ્રામ હોય છે. જન્મ બાદ ત્રણથી ચાર વર્ષમાં તે પુખ્ત થઇ જાય છે. વાઘણ એકસાથે બેથી ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. વાઘ ટોળાંમાં રહેતો નથી. બચ્ચાં જ્યાં સુધી સ્વાવલંબી ન થઇ જાય ત્યાં સુધી વાઘણ તેનું ભરણપોષણ અને રક્ષણ કરે છે. બચ્ચાંને સાચવવાની જવાબદારી નર ઉઠાવતા નથી. જ્યાં સુધી બચ્ચાં પુખ્ત ન થઇ જાય ત્યાં સુધી વાઘણ બીજા બચ્ચાંને જન્મ આપતી નથી.

ગુજરાતની પૂર્વપટ્ટીના પર્વતીય જંગલ ભાગમાં જેનું અસ્તિત્વ હતું તેવા, વાઘ હવે ગુજરાત રાજ્યમાં જોવા મળતા નથી. તેની છેલ્લી ઉપસ્થિતિના પુરાવા વર્ષ ૧૯૯૭માં ફક્ત એક વાઘના નોંધાયા હતા. હાલમાં તે ગુજરાતમાંથી લુપ્ત થયેલ છે તેમ કહી શકાય. ૧૯મી સદીની શરૂઆતમાં આપણા ભારત દેશમાં તેની વસ્તી ૪૦,૦૦૦ જેટલી હતી. વર્ષ ૧૯૭૨ સુધીમાં ઘટીને તે ફક્ત ૧૮૦૦ જેટલા જ રહ્યા હતા. વાઘના રક્ષણ માટે આ વર્ષમાં પ્રોજેક્ટ ટાયગર યોજના હેઠળ ૧૪ રાજ્યોમાં ૨૩ વિસ્તારો વાઘ માટે રક્ષિત જાહેર કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૮૬માં તેની વસ્તી ૪૬૦૦ સુધીની નોંધાયા બાદ ૧૯૯૩માં તે ઘટીને ૩૭૦૦ જેટલી થઈ હતી. આજે વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, દહેરાદૂનના એક અંદાજ પ્રમાણે તેની વસ્તી ૧૪૧૧ જેટલી જ હોવાનું મનાય છે.




સોનેરી રંગના શરીર પર કાળા રંગના પટ્ટા, તેની લાંબી વળેલી પૂંછડી અને કાળા રંગના કાન જેના પાછળના ભાગે સફેદ રંગના સુંદર ટપકાં ધરાવતા વાઘને તેના કુદરતી આવાસસ્થાનમાં જોવો એ સૌભાગ્ય છે. મોટા કદના શિકારલાયક પ્રાણીઓ, આરામ કરવા છાયાદાર જંગલ અને પૂરતું પીવાનું પાણી હોય તેવા વિસ્તારો વાઘની પ્રથમ પસંદગી હોય છે. વધારે પડતી ગરમી અને ઉજાસ હોય ત્યારે આરામ કરવાનું પસંદ કરે છે. સામાન્ય રીતે સંધ્યાકાળ દરમિયાન કે વહેલી સવારે શિકાર કરે છે. ઠંડી ઋતુમાં, વાદળછાયું વાતાવરણ હોય કે પછી વરસતો વરસાદ હોય ત્યારે તે ઘણીવાર દિવસે પણ જોવા મળી શકે છે. તે સિવાય સૂર્યાસ્ત પછી વહેલી સવાર સુધી શિકાર માટે ફરે છે.

ગૌર, જંગલી ભેંસ, સાબર, નીલગાય જેવાં મોટાં તૃણાહારી પ્રાણીઓ ઉપરાંત જંગલી ભૂંડ, રીંછ, શાહુડી જેવાં પ્રાણીઓનો શિકાર કરે છે. હાથણી કે તેનાં બચ્ચાં, દીપડા કે અન્ય વાઘનો પણ તે શિકાર કરે છે. ક્યારેક શિકાર ન મળ્યો હોય અને ઘણો ભૂખ્યો હોય ત્યારે મરઘા, માછલી તથા સરીસૃપો જેવાં નાના પ્રાણીઓનો પણ શિકાર કરે છે. જંગલ નજીકની માનવ વસાહતોમાં જઈને પાલતું ઢોરોનું મારણ કરે છે.

વૃધ્ધ કે ઘાયલ વાઘ ક્યારેક માનવ પર પણ હુમલો કરે છે. વાઘ સરળતાથી તરી શકે છે. આડા ઊગેલાં વૃક્ષો પર ચઢી પણ શકે છે. ચોમાસાની ઋતુ બાદ નવેમ્બર-ડિસેમ્બર અને જાન્યુઆરીમાં સંવનન કરે છે. ગર્ભકાળ ૧૦૫થી ૧૧૨ દિવસ જેટલો હોય છે. બચ્ચાં તે મુજબ ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન જન્મ લે છે. બચ્ચાં ખાવાનું શરૂ કરે ત્યારે વાઘણ માંસના ટુકડા મોઢામાં ભરીને લાવે છે અને ઊલટી કરીને તે ટુકડા બહાર કાઢી બચ્ચાંને ખવડાવે છે. નર વાઘ એક કરતાં વધુ માદા સાથે સંબંધ રાખે છે. બચ્ચાંના જન્મ પછી તુરંત નર અને માદા અલગ અલગ રહેવા લાગે છે. માદા તેના બચ્ચાંની કાળજી બે વર્ષ સુધી રાખે છે. માદા ૩ વર્ષે અને નર ૪ વર્ષે પુખ્ત થાય છે.

દેશમાં સહુથી વધુ વાઘની વસતી ધરાવતા મધ્યપ્રદેશ રાજ્યને “ટાઈગર સ્ટેટ” તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ત્યાંના રેવા સ્ટેટના મહારાજા દ્વારા સફેદ વાઘ પકડવામાં આવ્યા હતા. ચીનમાં કાળા વાઘ જન્મ્યા હોવાનું પણ નોંધાયું છે. વિશ્વમાં જોવા મળતી આઠ પ્રજાતિના વાઘ પૈકી ૩ પ્રજાતિના વાઘ લુપ્ત થવા પામ્યા છે. તેમના આવાસસ્થાનો છે તેવાં જંગલોનો વિનાશ, શિકારની અછત તથા તેના શરીરના તમામ ભાગોના વેચાણને કારણે થતા ગેરકાયદે શિકારને કારણે ખૂબ જ ટૂંકાગાળામાં વાઘ લુપ્ત થઈ જાય તો નવાઈ નહીં.



ગુજરાતના વિસ્તારોમાં
ચિત્તા લુપ્ત થયા છે.



ચિત્તો
CHEETAH or HUNTING LEOPARD

(Acinonyx jubatus)
(F-Felidae)


ચિત્તા શિકારી દીપડા તરીકે પણ ઓળખાય છે.

૧૯૦થી ૨૦૦ સે.મી. લંબાઈ ધરાવતા આ પ્રાણીનું વજન ૨૫ થી ૬૦ કિ.ગ્રા. હોય છે. શરીર પર કાળાં ટપકાંવાળા આ પ્રાણીના આગળના પગ લાંબા અને મજબૂત હોય છે. તેનું માથું નાનું અને ગોળ હોય છે. આખા શરીર પર કાળાં ટપકાં હોય છે અને નાકની બંને બાજુ આંખોથી મોઢા સુધી કાળી પટ્ટીઓ હોય છે. તે સામાન્ય રીતે હરણ જેવાં પ્રાણીઓનો શિકાર કરે છે. ચિત્તો ગાઢ જંગલમાં રહેવાનું પસંદ કરતો નથી. તે સપાટ ઘાસ તથા આછી ઝાડીવાળાં મેદાનોમાં જ રહે છે.

ટૂંકા અંતર માટે ભૂમિ પર સહુથી ઝડપથી દોડી શકતાં પ્રાણીમાં જેની ગણના થાય છે તેવા ચિત્તા ૨૦મી સદીમાં આપણા ભારત દેશમાંથી લુપ્ત થઈ ચૂક્યા છે. મધ્યપ્રદેશના કોરિયામાં વર્ષ ૧૯૪૭માં ભારતનો છેલ્લો ચિત્તો લુપ્ત થયો હતો. વર્ષ ૧૯૪૨માં આપણા ગુજરાત વિસ્તારમાંથી છેલ્લા ચિત્તાનો શિકાર થતાં તે લુપ્ત થયો હતો. વિશ્વમાં આજે તે આફ્રિકા અને ઈરાનના અમુક ભાગમાં જ જોવા મળે છે. જે આફ્રિકન ચિત્તા ગણાય છે. જ્યારે એશિયાઈ ચિત્તા આપણે ત્યાંથી લુપ્ત થયેલ છે.

ચિત્તાનો દેખાવ દીપડા જેવો જ જણાય છે, પરંતુ ચિત્તાની ઊંચાઈ વધુ હોય છે. તેના પગ લાંબા, પાતળા અને મજબૂત હોય છે. માથું પ્રમાણમાં નાનું અને કાન ટૂંકા હોય છે. તેના આછા સોનેરી રંગના શરીર પર આખા કાળા રંગનાં ગોળ ટપકાં હોય છે. પ્રત્યેક ચિત્તાના શરીર પરનાં ટપકાંની ભાત અલગ અલગ હોય છે. મોઢા પર નાકની બંને તરફ આંખની કીકી આગળથી નીકળતી કાળી રેખા તેના ઉપરના હોઠ સુધી પહોંચે છે. એક સાહિત્યકારે તેની ઉપમા “રુદન રેખા” તરીકે આપી છે.

ચિત્તા જોડીમાં શિકાર કરતા જોઈ શકાય છે. શિકાર નજરે ચઢતાં જ ૨૦થી ૬૦ સેકન્ડમાં ૧૭૦ મીટર જેટલું અંતર કાપે છે. આ ઝડપ ૫૦૦ મીટરથી વધારે અંતર સુધી જાળવી શકતા નથી.



આ સમયે તે કલાકના ૯૫ કિલોમીટરની ઝડપે દોડતા જોવાય છે. દિવસનું ૨ કિલો માંસ ખાય છે. માદા એકથી છ બચ્ચાંને જન્મ આપે છે. જે ૨૫૦ થી ૩૦૦ ગ્રામનાં હોય છે. નર બચ્ચાંની કાળજી લેતો નથી. બચ્ચાં મા પાસે સવાથી દોઢ વર્ષનાં થાય ત્યાં સુધી રહે છે. ૩ મહિના સુધી ચિત્તાનાં બચ્ચાં કાળા રંગનાં હોય છે. માદા ૨ વર્ષે અને નર ચિત્તા ૩ વર્ષે પુખ્ત થાય છે. આયુષ્ય ૧૨ વર્ષ જેટલું હોય છે. બિલાડી કુળના બધી જ જાતિનાં પ્રાણીઓના પગના નખ અંદરની તરફ ઢંકાઈ જાય છે. જ્યારે અપવાદરૂપે ફક્ત ચિત્તાના પગના નખ ખુલ્લા રહે છે. આવા ખુલ્લા નખ તેને શિકારની પાછળ ઝડપથી દોડતી વખતે જમીન સાથેની પક્કડ મજબૂત રાખવામાં મદદરૂપ બને છે. તેનાં પગલાંની છાપમાં નખનાં નિશાન જોઈ શકાય છે. વાઘ, સિંહ, દીપડાની જેમ ચિત્તો ગર્જના કરવાને બદલે જુદી જુદી જાતના અવાજ કાઢે છે. મોગલો અને ભાવનગરના રાજવીઓ દ્વારા શિકારની રમત માટે ચિત્તાને પાલતું બનાવીને તાલીમ આપવામાં આવતી હતી. કચ્છના ધોળાવીરા વિસ્તારમાં ચિત્તાના પુનર્વસન માટેની વિચારણા ચાલી રહી છે. જૂનાગઢના વન વિભાગ હસ્તકના શક્કરબાગ ઝૂ ખાતે ચિત્તાની એક જોડ સિંગાપુરથી લાવવામાં આવી છે.




બિલાડી કુળના સહુથી સફળ પરભક્ષી પ્રાણી તરીકે દીપડાને મૂકી શકાય. ભારતના ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને ગુજરાતના રણવિસ્તાર સિવાયના ૧૭ જિલ્લાનાં ગીચ કે આછાં જંગલોમાં તે જોવા મળે છે. સોનેરી રંગની ચામડી પર કાળા રંગનાં ફૂમકાં જેવાં ગોળાકાર પોલાં ટપકાં હોય છે. પેટાળ ભાગમાં સફેદ રંગની ચામડીમાં આવા ફૂમકાં જોઈ શકાય છે. નાના કાળાં ટપકાંવાળું માથું અને મજબૂત જડબાં હોય છે. પૂંછડી લાંબી જેના છેડે કાળા રંગના રિંગ જેવા પટ્ટા જોઈ શકાય છે. ક્યારેક "મેલાનીઝમ"ને કારણે "બ્લેક પેન્થર" પણ જોવા મળેલ છે.

વાઘ અને સિંહ હોય તેવા જંગલ વિસ્તારોમાં દીપડા સાથે રહેતા જોઈ શકાય છે. મોટાભાગે સંધ્યાકાળે શિકાર માટે નીકળતો દીપડો ક્યારેક શિકાર ન મળ્યો હોય તો, દિવસે પણ શિકાર કરતો જોઈ શકાય છે.

હરણ, મૃગ, વાંદરા, શાહુડી, સસલાં,





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં દીપડો જોવા મળે છે.

પદચિહ્ન



દીપડો
LEOPARD or PANTHER

(Panthera pardus fusca)
(F-Felidae)

બિલાડી કુળનું આ પ્રાણી તેના કુળમાં સૌથી વધુ વ્યાપ ધરાવતું પ્રાણી છે. તે કચ્છથી લઈ ડાંગ સુધી અને ગીરનાં જંગલ તથા તેની આજુબાજુના વિસ્તારમાં જોવા મળે છે. ૧૫૦થી ૧૨૦ સે.મી. લંબાઈ ધરાવતા આ પ્રાણીનું વજન ૩૦થી ૬૦ કિ.ગ્રા. હોય છે.



પક્ષીઓ, સરીસૃપો, કરચલાં તેનો મુખ્ય ખોરાક છે. માનવ વસાહતોની નજીક રહેતાં દીપડા વાછરડાં, ઘેટાં, બકરાં, મરઘાં અને કૂતરાંનો પણ શિકાર કરે છે. શિકારને મોઢાથી પકડીને વૃક્ષ પર ચઢી જાય તેટલી ચપળતા તે ધરાવે છે.

એકાંત પ્રિય દીપડા સામાન્ય રીતે સમગ્ર વર્ષ દરમિયાન સંવનન કરે છે. સંવનન બાદ નર-માદા અલગ અલગ રહે છે. ૮૭ થી ૯૪ દિવસના ગર્ભકાળ બાદ દીપડી સામાન્ય રીતે ૨ થી ૪ બચ્ચાંને જન્મ આપે છે. માદા ૨ થી ૩ વર્ષે પુખ્ત થઈ જાય છે. ૧૨ થી ૨૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે.

તેની ચાલ આંગળીઓ પરની હોય છે. જેને અંગ્રેજીમાં "ડીજીટીગ્રેડ" કહે છે. જમીન પરની પગલાંની છાપમાં લંબગોળ જેવી ચાર આંગળીઓ અને ગાદીની છાપ સ્પષ્ટ જોવા મળે છે. જેમાં નખનાં નિશાન જોવાતાં નથી. આપણા રાજ્યમાં તેની વસતી વધી રહી છે. ઘટતાં જતાં જંગલ વિસ્તારો તથા તેના શિકારલાયક પ્રાણીઓની ઘટતી સંખ્યાના કારણે શહેરી વિસ્તારો સુધી દીપડા પહોંચી જાય છે અને પરિણામે માનવો સાથે સંઘર્ષ થાય છે.




નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં વાંદરા જોવા મળે છે.


વાંદરો
COMMON LANGUR

(Semnopithecus entellus / Presbytis entellus) (F-Cercopithecidae)

સામાન્ય રીતે સમગ્ર ગુજરાતમાં ગામડાં અને શહેરી વિસ્તારમાં જોવા મળતા આ પ્રકારના કાળા મુખવાળા વાનર હનુમાન વાંદરા તરીકે ઓળખાય છે.



માનવવસ્તી અને જંગલ બંને જગ્યાએ જોવા મળતા આ વાંદરા સામાન્ય રીતે બેથી અઢી ફૂટની લંબાઈ ધરાવે છે. તેની પૂંછડીની લંબાઈ ૯૦ સે.મી. હોય છે. તેનું સરેરાશ વજન ૧૫થી ૨૦ કિલોગ્રામ હોય છે. ટોળામાં જ જોવા મળતા આ વાંદરામાં નર ચાર વર્ષે અને માદા સાડા ત્રણ વર્ષે પુખ્ત થઈ જાય છે. સરેરાશ ૨૦થી ૨૫ વર્ષનું આયુષ્ય ભોગવે છે. આ વાંદરાનું શરીર સફેદ રાખોડી રંગવાળું અને મોઢું તથા હાથપગ કાળા રંગમાં હોય છે. તેની પૂંછડી શરીર કરતાં પણ લાંબી હોય છે. વૃક્ષ પર ચઢતાં, ઊતરતાં, કૂદતા સમયે પૂંછડી સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે. આ વાંદરા શાકાહારી હોય છે. કંદમૂળ, ફળ-ફૂલ કે પાન મુખ્ય ખોરાક છે. માનવવસ્તી વચ્ચે રહેતા વાંદરા રાંધેલો ખોરાક પણ ખાય છે આ વાંદરા સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે ખાસ કરીને તે ગીરનાં જંગલ, વડોદરા અને ખેડા જિલ્લાના વિસ્તારમાં વધુ જોવા મળે છે. વાંદરા ૧૦-૨૦નાં ટોળાંમાં હોય છે. ટોળામાં એક મોટો વાંદરો આખી ટોળીનો સરદાર હોય છે અને તે તેમનું રક્ષણ પણ કરતો હોય છે. સામાન્ય રીતે ટોળામાં બીજો તાકાતવાન વાંદરો આવે ત્યારે તે ટોળાનો નવો સરદાર બની જાય છે. વાંદરા મોટાભાગે વૃક્ષો પર જ રહે છે. તે હુંપહુંપ જેવો અવાજ કરતા હોય છે અને ક્યારેક તીણી સિસોટી પણ વગાડે છે.



પદચિહ્ન



રૂપેરી ભૂખરા રંગની રુવાંટીવાળી ચામડી અને કાળા રંગના હાથ, પગ, મોઢાના તળિયા તથા લાંબી પૂંછડી ધરાવતા વાંદરાઓથી નાનામાં નાના બાળકથી લઈને તમામ ઉંમરના લોકો અજાણ નથી. સમગ્ર ભારતમાં તે જોવા મળે છે. સંપૂર્ણ શાકાહારી એવા આ વાંદરા વૃક્ષો પર સમૂહમાં રહેવાની ટેવ ધરાવે છે.

વાંદરાઓની ટોળકીનું નેતૃત્વ કરતા એક ઉત્તમ નર દ્વારા નર બચ્ચાંઓની ભાવિ હરીફાઈ ટાળવા મારી નાખવાનું પ્રમાણ મોટું છે. તેના કારણે માદા તેનાં બચ્ચાંની કાળજી વધુ લે છે. બચેલાં નર બચ્ચાં અને યુવાનો ભેગા થઈને પોતાની અલગ ટોળકી બનાવે છે. જેમાં ફક્ત નર વાંદરા હોય છે. વાંદરા ટોળકી કે જેમાં બચ્ચાં અને માદાઓ હોય છે અને એક ઉત્તમ નર નેતૃત્વ કરતો હોય છે. તેવા નરને અંગ્રેજીમાં "આલ્ફા મેલ" કહે છે. જંગલમાં વાંદરાના પ્રથમ ક્રમના દુશ્મન દીપડા મનાય છે. માનવ વસાહતમાં કૂતરાં અને વાંદરા ઘણીવાર પકડદાવ રમતા જોઈ શકાય છે.

જંગલમાં વાંદરા તથા ચિત્તલ સમૂહ વચ્ચે ખૂબ જ મૈત્રીપૂર્ણ વ્યવહાર જોવા મળે છે. બન્ને એકબીજાને તેમના દુશ્મન એવા શિકારી પ્રાણીઓથી ચેતવતાં રહે છે. વૃક્ષ પર બેઠેલા વાંદરા વૃક્ષ પરથી પાંદડાં તોડી તોડીને નીચે નાખતા હોય અને ચિત્તલ સમૂહ મિત્ર દ્વારા કરવામાં આવતી સેવાનો લાભ લઈ તેને ચરતા હોય તેવાં દૃશ્યોમાં જંગલમાં ઘણીવાર જોવા મળે છે.

એક સમયે ભારતમાંથી મોટા પ્રમાણમાં વાંદરાઓ પકડીને વિદેશમાં નિકાસ કરવામાં આવતા હતા. હાલ આ પ્રવૃત્તિ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઘણા માનવ વિસ્તારોમાં વાંદરાઓનો ત્રાસ વધી રહ્યો છે. જંગલોમાં પૂરતા પ્રમાણમાં ખોરાક મળતો ન હોવાથી નાછૂટકે તેમને આ રીતે સ્થળાંતર કરવું પડે છે. કેટલીક વાર માનવ દ્વારા થયેલ હેરાનગતિને કારણે કે સમૂહમાંથી નિકાલ કરવામાં આવેલ બુઢ્ઢા નર દ્વારા તોફાન કરવામાં આવતું હોય છે. વાંદરાઓને હનુમાનજીના અવતાર માનીને તેના પ્રત્યે લાગણી રાખવાની આપણી આ સાંસ્કૃતિક પરંપરાને લીધે આ' પ્રાણીને સારું એવું રક્ષણ પણ મળે છે. તેની ચંચળવૃત્તિ અને બૌદ્ધિક ક્ષમતાને લીધે તે માનવ માટે નુકસાનકારક પ્રવૃત્તિ કરે છે. તેથી તે અપ્રિય બને છે.




બોનેટ માંકડું
BONNET MACAQUE

(Macaca radiata)
(F-Cercopithecidae)

માંકડું કે બંદર તરીકે જાણીતા આ વાનર એકદમ નાના કદના હોય છે.



વાંદરાનાં બચ્ચાં જેવડા લાગતા આ માંકડાના નર છ થી નવ અને માદા ત્રણથી છ કિલોગ્રામ વજનની હોય છે. તેની ઊંચાઈ ૩૫ થી ૬૦ સે.મી.ની હોય છે. માદા દર છ મહિને એક વખત બચ્ચાંને જન્મ આપે છે. તેનું આયુષ્ય ૧૨ થી ૧૫ વર્ષનું હોય છે. નાનકડા દેખાતા આ માંકડાના શરીર પર લાંબા વાળ હોય છે અને ચહેરા પર બધી દિશામાં ફેલાયેલા હોય છે. તે ખૂબ જ ચંચળ હોય છે. મોટા ભાગે વૃક્ષો પર જ રહે છે. બોનેટ માંકડું મિશ્રાહારી હોય છે. તે ફળ, પાદડાં, નાની કૂંપળો ઉપરાંત નાનાં જીવડાં ને કરોળિયા ખાય છે. દક્ષિણ ગુજરાતમાં જોવા મળતાં આ માંકડા ડાંગનાં જંગલોમાં જોવા મળતાં હોવાની સંભાવના છે. ગ્રામ્ય વિસ્તાર અને જંગલમાં અથવા સપાટ વિસ્તારમાં રહેતા આ વાનરો સામાજિક છે અને ટોળાંમાં રહે છે. ગીરમાં પણ આવાં માંકડા હોવાનું માનવામાં આવે છે, પણ તેને સત્તાવાર રીતે સમર્થન મળેલું નથી. વન્ય જીવો પર સંશોધન કરતા ડૉ. કેતન ટાટુના અભ્યાસ દરમિયાન પૂર્ણા અભયારણ્યમાં ગીરા ધોધ આગળ આવા વાદરાનું ટોળું જોયું હોવાનું નોંધ્યું છે. તે આખી દુનિયામાં માત્ર ભારતમાં જ જોવા મળે છે. તે પોતાના નક્કી કરેલા વિસ્તારમાં જ રહે છે.





નક્શામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં બોનેટ માંકડું જોવા મળે છે.

વિશ્વના બધાં જ માંકડાઓને એક ગોત્ર "મકાકા" (Macaca)માં મૂકવામાં આવેલ છે. મકાકા ગોત્રમાં ૨૧ જાતિઓ છે. માંકડા સમગ્ર એશિયામાં જોવા મળે છે. જેમાં એક જ જાતિના માંકડા સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે ફેલાયેલાં હોય છે.

આ પ્રકારના માંકડા દક્ષિણ ભારતમાં જોવા મળે છે. ઉત્તર ભારતમાં તેમની હાજરી નોંધાઈ નથી.

માંકડા સામાજિક પ્રાણી છે. તેમના સમૂહમાં બધી જ વયજૂથના સભ્યો જેવાં કે બચ્ચાં, યુવાન, વૃદ્ધ જોવા મળે છે. પ્રત્યેક સમૂહની પોતાની ટેરીટરી હોય છે.

વૃક્ષો પર રહી ખોરાક મેળવવો વધુ પસંદ કરે છે. જરૂર જણાય જમીન પર આવીને જમીન ખોતરીને પણ ખાતા જોવા મળે છે. માનવોની વસાહત નજીક રહેતા સમૂહોને ડર રહેતો નથી.

મજબૂત નર સમૂહનું નેતૃત્વ કરે છે. સ્થાન જાળવી રાખવા સતત ઝઘડતાં રહે છે.

માથા પરના વાળ ટોપીની જેમ ચારે તરફ દિશામાં ફેલાયેલા હોઈ






તેનું નામ 'બોનેટ મકાક' પડ્યું છે. આ માંકડાની પૂંછડી તેના શરીરની લંબાઈ કરતાં વધારે હોય છે. સાદા માંકડામાં જોવા મળતી પૂંછડી કરતાં આ માંકડાની પૂંછડી વધુ લાંબી હોય છે. તે વજનમાં હલકાં અને કદમાં સામાન્ય નાના હોય છે.

આ માંકડાની પૂંછડીની લંબાઈ ૪૮ થી ૬૯ સેન્ટિમીટર હોય છે જે તેના શરીર કરતાં લાંબી હોય છે. નરનું વજન માદા કરતાં વધારે હોય છે.

રસેસ માંકડાની જેમ બોનેટ માંકડું પણ માણસોની સાથે ઝડપથી હળીમળી જાય છે. દક્ષિણ ભારતમાં મંદિરોની આસપાસ તે માણસો દ્વારા ભક્તિભાવથી આપવામાં આવતા ખોરાકથી ટેવાઈ ગયેલું જોવા મળે છે.

માંકડામાં માદા તેમના નિયત સમૂહમાં રહે છે જ્યારે નર પુખ્ત થતાં અલગ થઈને એકલા કે ફક્ત નર માંકડા હોય તેવા સમૂહમાં રહે છે.






નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં માંકડા જોવા મળે છે.

ઉત્તર ભારતમાં વધુ પ્રમાણમાં જોવા મળતા હનુમાન વાંદરા કરતાં નાના કદના હોય છે. લાલ પડતાં કથ્થાઈ રંગના વાળવાળી ચામડી, મધ્યમ લંબાઈની પૂંછડી જે મોટાભાગે ઊભી રાખે છે. પાછળ તરફ વળેલા કપાળ પરના વાળ વચ્ચે પાંથી જોવા મળતી નથી. તેની પૂંછડીના શરૂઆતના ભાગની નીચેની તરફનો ગુદા પાસેનો ભાગ લાલ રંગનો હોય છે.

સમૂહમાં રહેતા આ માંકડા ખૂબ અંતરિયાળ જંગલોમાં રહેતાં નથી. જંગલની નજીકના પ્રમાણમાં ખુલ્લા વિસ્તારો અને માનવ વસાહતોની નજીક રહેવું તેમને ગમે છે. અગાઉ મદારીઓ પાસે નાચગાનનો ખેલ કરાવવા માટે રાખવામાં આવતા આ માંકડા હવે તેના



માંકડું
RHESUS MACAQUE

(Macaca Mulatta) (F-Cercopithecidae)

લાલા મોઢાવાળો આ વાંદરો ખાસ કરીને માકડું કે મર્કટ તરીકે જાણીતો છે. તે કદમાં નાનો હોય છે અને માનવ વસ્તીથી દૂર રહે છે.

સામાન્ય રીતે ૫૦ થી ૬૦ સેન્ટિમીટરની ઊંચાઈ ધરાવે છે. આ પ્રકારના વાંદરામાં ખાસ વાત એ છે કે, તેમાં નર માદા કરતાં બમણા મોટા હોય છે. ૨૦ થી ૨૫ વર્ષનું આયુષ્ય ભોગવતાં આ માંકડા વર્ષમાં બે વખત બચ્ચાંને જન્મ આપે છે. તેના પ્રજનનનો ગાળો નિશ્ચિત હોતો નથી, પરંતુ સામાન્ય રીતે આ સમયગાળો માર્ચથી જૂનનો ગણાય છે. હનુમાન વાંદરા કરતાં નાના કદના આ વાંદરાનો રંગ ભૂખરો લાલ હોય છે. ચહેરો લાલ રંગનો છે અને તેની પૂંછડીનો છેડો અને પૂંઠની નીચેનો ભાગ પણ લાલ કે નારંગી રંગનો હોય છે. તેની પૂંછડી ટૂંકી હોય છે. આ પ્રાણી મિશ્રાહારી છે. તે ફળ-ફૂલ કે પાંદડાં સિવાય જીવડાં, ઇયળો અને કરોળિયા પણ ખાય છે. પોતાનો ખોરાક ઝડપથી ખાઈ જાય છે. જરૂર જણાય તો વધારાનો ખોરાક મોઢામાં સંગ્રહ કરી લે છે. સામાન્ય રીતે ડુંગરાળ વિસ્તારોમાં જોવા મળતું આ પ્રાણી ડાંગ, શૂલપાણેશ્વર, વાંસદા, રતનમહાલ સહિતનાં દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં જોવા મળે છે. તે ક્યોરક માનવ વસતી વચ્ચે પણ જોવા મળી જાય છે. આ વાંદરા પણ ટોળાંમાં જ રહે છે. પાણીમાં ખૂબ સારી રીતે તરી શકે છે.

પદચિહ્ન





ખેલ પર પ્રતિબંધ આવતાં સરળતાથી જોવા મળતાં નથી. ઘણાં ધાર્મિક સ્થળોએ લોકો દ્વારા નાખવામાં આવતા ખોરાકને લીધે તેમનું પ્રમાણ તેવા સ્થળોએ વધી જવા પામ્યું છે. માનવીઓ પ્રત્યેનો ભય દૂર થયો છે. ક્યારેક તે હિંમતપૂર્વક હાથમાંથી ચીજ-વસ્તુઓ ઝૂંટવી પણ લે છે. માંકડા તેમના ગાલમાં મોટી કોથળી જેવી જગ્યામાં વધારાનો ખોરાક સાચવી રાખે છે.

તેમની વચ્ચેના સંદેશાવ્યવહાર માટે જુદાજુદા અવાજ કરતા રહે છે. મોઢા, હાથપગ તથા શરીરના હલનચલન દ્વારા પણ સંદેશો મોકલે છે. ટોળકીમાં ઉત્તમ નરનું પ્રભુત્વ હોય છે. નેતૃત્વ માટે નર માંકડાઓ વચ્ચે વારંવાર લડાઈ થતી રહે છે. તેમાં મજબૂત વિજેતા નર નેતૃત્વ કરે છે. આવા નરને 'આલ્ફા' નર કહેવામાં આવે છે.

જૈવિક સંશોધનોમાં આ પ્રાણીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. એક સંશોધન મુજબ માનવ અને આ માંકડાના નવ્વાણું ટકા જીન્સ મળતાં આવે છે. સમૂહમાં અન્ય નરનાં બચ્ચાં હોય તો તેમને નવો પ્રભુત્વ ધરાવતો નર મારી નાખે છે. ટોળકીની બધી માદા પર આવો નર સ્વાભાવિક રીતે પ્રભુત્વ ધરાવે છે. લોહીના ગ્રૂપની ઓળખમાં આરએચ ફેક્ટર આવે છે તે આ વાનરમાં શોધાયું હતું. તેના આધારે આપણાં લોહીનું ગ્રૂપ જાણી શકાય છે.




હેણોતરો
CARACAL

(Felis caracal or Caracal caracal) (F-Felidae)



કૂતરા જેવડું આ શિકારી પ્રાણી હેણોતરો, ગશ કે શિયાગશ તરીકે ઓળખાય છે. તે કૂતરા અને બિલાડાનાં મિશ્રણ જેવું પ્રાણી દેખાય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં હેણોતરો જોવા મળે છે.

૯૦ થી ૧૧૦ સે.મી લંબાઈવાળા આ પ્રાણીનું વજન ૧૫ થી ૨૦ કિ.ગ્રા. હોય છે. તે એક વર્ષમાં પુખ્ત થઈ જાય છે. આ પ્રાણીનું આયુષ્ય ૧૦ વર્ષનું હોય છે. તે દેખાવમાં રૂપાળું અને શિયાળ કરતાં થોડું મોટું હોય છે. ચિત્તાની જેમ તેના આગલા પગ મજબૂત હોય છે. તે હરણ, સસલા, શિયાળ, ઉંદર અને પક્ષીઓનો શિકાર કરે છે. કચ્છમાં તેની પાંખી વસ્તી છે. તે ખાસ કરીને નારાયણ સરોવર વિસ્તારમાં જોવા મળે છે. આ પ્રાણી સામાન્ય રીતે રણ વિસ્તારમાં જ જોવા મળે છે. દીપડાની જેમ તે પણ ઝાડ પર ચડી શકે છે. સામાન્ય રીતે માદા બચ્ચાંને ઉછેરે છે. તે બખોલમાં કે જમીનમાં દર કરીને બચ્ચાંને જન્મ આપે છે. આ પ્રાણીને તાલીમ પણ આપી શકાય છે. તેથી કેટલાક શિકારીઓ નાના પ્રાણી કે પક્ષીનાં શિકાર માટે આ પ્રાણીને તાલીમ આપે છે. શિકારની તાલીમ મેળવેલો હેણોતરો કબૂતરનાં ટોળાંમાં પડે તો કબૂતરો ઊડી જાય તે પહેલાં ઓછામાં ઓછા ૮ થી ૧૦ કબૂતરોને મારી નાખે છે.

બિલાડી કુળમાં સિંહ, વાઘ, દીપડા, જગુઆર અને સ્નો લેપર્ડની ગણના તેમની ગર્જના કરી શકવાની ક્ષમતાને લીધે મોટી બિલાડીઓમાં થાય છે. ગળાના ભાગના એક હાડકાની સખતાઈને કારણે આ શક્ય બની શકે છે. તે સિવાયનાં બિલાડી કુળના પ્રાણીઓ નાની બિલાડીઓ ગણાય છે. હેણોતરો આફ્રિકા અને એશિયામાં તુર્કિસ્તાનથી ઉત્તરી-પશ્ચિમ ભારતથી અરેબિયા સુધી જોવા મળે છે. ભારતમાં તે પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં ખાસ કરીને કચ્છના નાના અને મોટા રણ તથા બન્નીના ઘાસિયા વિસ્તાર તથા નારાયણ સરોવર અભયારણ્ય વિસ્તારમાં તેની હાજરી નોંધાઈ છે. બનાસકાંઠાના શુષ્ક ખુલ્લા વિસ્તારોમાં પણ તે હોવાની શક્યતા છે. તેની ઓછી સંખ્યા અને નિશાચર સ્વભાવને કારણે તે ક્યારેક જ નજરે ચઢે છે.

ઈંટ જેવા લાલાશ પડતા કથ્થાઈથી પીળાશ પડતા ભૂખરા રંગનું શરીર જોવા મળે છે. પેટાળ આછા સફેદ રંગનું કાનની ઉપરની કિનારી અણિયાળી, પગ પ્રમાણમાં લાંબા-આંખો પીળાશ પડતા કથ્થાઈ રંગની હોય છે. આંખોની ઉપર બે અને મોઢાની બંને તરફ બે કાળા રંગની પટ્ટી જોવા મળે છે. ઊંચાઈ મધ્યમ હોય છે. ખુલ્લા વિસ્તારનું આ પ્રાણી શિકાર પકડવા તેની ઝડપ અને ચપળતા પર આધાર રાખે છે. ખૂબ જ ગરમ અને શુષ્ક વાતાવરણ હોય ત્યારે શિકાર કરવાનું પસંદ કરે છે. તે વૃક્ષ પર પણ સરળતાથી ચઢી શકે છે. આ નિશાચર પ્રાણી એકલવાયું ફરવાની ટેવ ધરાવે છે. વર્ષમાં એકવાર પ્રજનન કરે છે. પ્રજનનની ચોક્કસ ઋતુ હોતી નથી. ગર્ભકાળ ૭૦ થી ૭૮ દિવસનો હોય છે. ૧થી ૪ બચ્ચાંને જન્મ આપે છે. જમીન પર બખોલમાં, પોલા વૃક્ષના થડમાં કે ખડકો વચ્ચેની જગ્યામાં રહેવું પસંદ કરે છે. ભૂતકાળમાં તેના નાનાં બચ્ચાંને શિકારની રમત માટે પાળવામાં આવતાં હતાં. અગાઉ કચ્છ અને સૌરાષ્ટ્રમાં તે અવારનવાર જોવા મળતા હતાં. હાલમાં ગીર, જામનગર અને વેળાવદર અભયારણ્યમાં પણ તેની હાજરી નોંધાઈ છે. રાજસ્થાનના સરિસ્કા અને રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાનોમાં તેની હાજરીની શક્યતાઓ વધુ છે. આવાસસ્થાનોને લાયક વિસ્તારો ઘટવાથી અને શિકાર થવાને કારણે તેનું અસ્તિત્વ જોખમમાં છે.






રણ બિલાડી
DESERT CAT

(Felis silvestris ornata) (F-Felidae)

રણ બિલાડી કે રાની બિલાડી તરીકે ઓળખાતી આ મોટી બિલાડી જેવી હોય છે. જેની લંબાઈ ૪૭ થી ૫૪ સે.મી. જેટલી હોય છે અને તેનું વજન ૨ થી ૪ કિ.ગ્રા. હોય છે. ૧૦ થી ૧૫ વર્ષનું આયુષ્ય ધરાવતું આ પ્રાણી આખા વર્ષ દરમિયાન ગમે ત્યારે પ્રજનન કરે છે. આ પ્રાણી સરિસૃપો, પક્ષીઓ, સસલાં અને મોટી જીવાતો ખાય છે. આ બિલાડી ખાસ કરીને






નક્શામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં રણ બિલાડી જોવા મળે છે.

કચ્છના રણમાં અને બનાસકાંઠાના વિસ્તારોમાં જોવા મળે છે. છેલ્લે તે કાળા ડુંગર વિસ્તારમાં નોંધાયેલી છે. દિવસ દરમિયાન તેની બખોલ કે ઝાડી-ઝાંખરાવાળા ભાગમાં છુપાઈ રહે છે. રાજ્યમાં ખુબ જ મર્યાદિત વિસ્તારમાં તે વ્યાપ ધરાવતી હોવાથી તેની ઓળખ સરળતાથી થઇ શકતી નથી. કચ્છી ભાષામાં આ બિલાડીને "ઝેંગસીનો" કહે છે. અર્ધ શુષ્ક પ્રદેશો, ઓછી ઊંચાઈવાળા ઝાડીવાળા જંગલ ભાગ, રણવિસ્તારો અને ઓછા પાણીવાળા ખુલ્લા પડતર વિસ્તારોમાં તેનો વસવાટ પસંદ કરે છે.

આફ્રિકન જંગલી બિલાડીના વંશની આ બિલાડી નામ પ્રમાણે આફ્રિકા, દક્ષિણ, પશ્ચિમ અને મધ્ય એશિયાથી છેક ઉત્તર ભારત સુધી જોવા મળે છે. તેને એશિયાટિક પશ્ચિમ-વાઈલ્ડ કેટ પણ કહેવામાં આવે છે. તેના નામ પ્રમાણે રાજસ્થાન, કચ્છના રણવિસ્તારો ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના જંગલવિસ્તારોમાં પણ જોવા મળી છે. ગુજરાતમાં ખાસ કરીને કચ્છના નાના અને મોટા રણ તથા સૌરાષ્ટ્રના ચોક્કસ વિસ્તારોમાં જોઈ શકાય છે. નારાયણ સરોવર અને વેળાવદરના રક્ષિત વિસ્તારોમાં પણ તે જોઈ શકાય છે.

પાલતું બિલાડી કરતાં સામાન્ય મોટું કદ ધરાવે છે અને તેના શરીર પરના કાળા રંગના ધબ્બાને કારણે તે અન્ય બિલાડીઓથી અલગ પડે છે.

રેતાળ પીળાશ પડતાં રંગ ધરાવતી ચામડી પર કાળા રંગનાં ટપકાં હોય છે. પૂંછડી અને પગ તથા પીઠ પર સમાંતર પટ્ટા હોય છે. પેટનોભાગ સફેદ હોય છે. પૂંછડીના છેડાનો ભાગ કાળા








રંગનો હોય છે. જે રિંગ જેવો હોય છે. તેના ગાલ પર બે આડા પટ્ટા હોય છે અને ચારેય પગના બહારની તરફ ઘણા પટ્ટા હોય છે. ગાલ, ગળું અને છાતીનો ભાગ સફેદ રંગનો અને કાળા ધબ્બા વગરનો એક જ રંગનો હોય છે.

નિશાચર એવી આ બિલાડી સંધ્યાકાળે તેની બખોલમાંથી બહાર આવે છે. મોટાભાગે એકલી જ ફરતી જોવા મળે છે. જોખમ ન હોય તેવા વિસ્તારમાં દિવસના અમુક ગાળામાં પણ તે નીકળે છે. બિલાડીકુળમાં આ એક જ બિલાડી છે જે જમીનમાં લોંકડીની જેમ દર બનાવીને રહે છે. ઘણીવાર સ્થાનિક બિલાડી સાથે તે સંબંધ બાંધતી જોવા મળે છે અને સમગ્ર વર્ષ દરમિયાન તે સંવનન કરી શકે છે. માદા ૨ થી ૩ બચ્ચાંને જન્મ આપે છે અને કાળજી રાખે છે. આ બિલાડીના ચામડાનો કોટ બનાવવામાં આવતો હોવાને કારણે થતાં શિકારને લીધે તેની વસતી ઘટી જવા પામી છે. એક લાંબો કોટ બનાવવા માટે ૩૦ જેટલી બિલાડીનાં ચામડાં વપરાય છે. શિકાર ઉપરાંત તેને લાયક વિસ્તારો ઘટવાથી અને સ્થાનિક બિલાડીઓ સાથે સંવનન થતું હોવાથી તેની વસતી ઘટી રહી છે.






નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
કાટવર્ણી ટપકાંવાળી બિલાડી જોવા મળે છે.

કાટવર્ણી ટપકાંવાળી બિલાડી
RUSTY SPOTTED CAT

(Felis rubiginosa rubiginosa) or
(Prionailurus rubiginosa rubiginosa)
(F-Felidae)


દેશી બિલાડી કરતાં અડધું કદ હોય છે. શરીરની લંબાઈ ૩૫ થી ૪૮ સે.મી. હોય છે. જ્યારે આ બિલાડીની લંબાઈ પૂંછડી સાથે ૬૫ સે.મી.ની હોય છે અને તેનું વજન એકથી બે કિલોગ્રામ હોય છે. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં જ પ્રજનન કરે છે અને ૬૫ દિવસ બાદ બે થી ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. તેનાં બદામી રંગનાં શરીર પર



સમાંતર હારબંધ કાટ જેવાં ટપકાં હોય છે. નાના પક્ષીઓ, જીવડાં અને સરિસૃપો મુખ્ય ખોરાક છે. આ બિલાડી ખાસ કરીને ડુંગરાળ જંગલોમાં વધુ જોવા મળે છે. ગુજરાતના મોટાભાગમાં ડુંગરાળ ભાગમાં તે જોવા મળે છે. આ બિલાડી પણ રાતના સમયે જ શિકાર કરે છે. તે શિકાર માટે વૃક્ષ પર પણ ચડી જાય છે અને સૂતેલાં પક્ષીઓનો શિકાર કરે છે. આ બિલાડીની સંખ્યા બહુ ઓછી છે.

આ બિલાડી ખૂબ જ ગીચ જંગલવિસ્તારોમાં રહેવું પસંદ કરતી નથી. રાજ્યમાં તેના વ્યાપ બાબતે હજુ વધુ જાણકારી મળી શકી નથી.





ઝાડીવાળા, સૂકા અને ખુલ્લા જંગલ તથા માનવ વસાહતની આસપાસ રહેતી આ બિલાડી ભારતીય દ્વીપકલ્પથી લઈને રાજસ્થાન સુધીના બધા જ વિસ્તારોમાં જોવા મળે છે.


ગુજરાતમાં તે દક્ષિણ ગુજરાત ઉપરાંત ગીર વિસ્તારમાં જોવા મળે છે. પૂર્વપટ્ટીનાં જંગલોમાં રતનમહાલ, જાંબુઘોડા તથા છોટા ઉદેપુરના કેવડી જંગલમાં પણ તેની હાજરી નોંધાઈ છે. બિલાડી કુળમાં સહુથી નાના કદની આ બિલાડીના શરીર પરની ચામડી બદામી-ભૂખરા રંગની હોય છે. તેની પીઠ પર કાટ જેવા કથ્થાઈ રંગનાં ટપકાં હરોળમાં ગોઠવાયેલાં હોય છે. તેના કપાળ ભાગે બે ઊભી કાળી કિનારીવાળી સફેદ રંગની પટ્ટી હોય છે. આંખોની આસપાસ સફેદ રંગની રિંગ હોય છે. તેના હોઠ, ગાલ તથા પેટનો ભાગ સફેદ રંગનો હોય છે. પૂંછડી પર કોઈ પણ જાતની નિશાની જોવા મળતી નથી.

આ બિલાડી નિશાચર છે. રાત્રિના સમયે વૃક્ષો તથા જમીન પર ફરીને તેનો ખોરાક શોધતી હોય છે. સામાન્ય રીતે તે એકલી જ રહે છે. રાત્રિના સમયે જંગલવિસ્તારમાં એકલવાયી ફરતી હોવાથી તે સરળતાથી જોવા મળતી નથી. ઉપરાંત તે અન્ય પાલતું બિલાડીઓ જેવી લાગતી હોવાથી મોટાભાગના લોકો તેને અલાયદી ઓળખી શકતા નથી.

માનવ વસાહતોની આસપાસ રહેવાનું તેને ગમે છે. ક્યારેક ઘરના છાપરા પર પણ બચ્ચાં મૂકતી જોવામાં આવી છે. જંગલમાં વૃક્ષના પોલાણ, નાની બોડમાં કે પથ્થરોના પોલાણમાં તે રહેતી જોવા મળે છે. સામાન્ય રીતે બે થી ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. રોડ અકસ્માતમાં તે ઘણીવાર મરી જાય છે. સ્થાનિક પાલતું બિલાડીઓ સાથે ઘણીવાર સંવનન કરતી જોવા મળે છે. આ કારણે તેની વસતીમાં ઘટાડો થવાની શક્યતાઓ છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
ચકતાંવાળી બિલાડી જોવા મળે છે.



ચકતાંવાળી બિલાડી LEOPARD CAT

(Felis bengalensis) or (Prionailurus bengalensis bengalensis) (F-Felidae)

વાઘ બિલાડી કે ચિત્તા બિલાડી તરીકે ઓળખાય છે.



આ બિલાડીના શરીર પર ચકતાં જેવાં ઘેરાં કથ્થાઈ રંગનાં ટપકાં હોય છે. તે દેશી બિલાડી કરતાં મોટા કદની અને તેના શરીરનો ઉપરનો ભાગ પીળાશ પડતો હોય છે. જ્યારે નીચેનો ભાગ સફેદ રંગનો હોય છે. ૬૦ સે.મી.ની લંબાઈ ધરાવતી આ બિલાડી દેશી બિલાડી કરતાં સહેજ મોટી હોય છે. તે ૩ થી ૭ કિલોગ્રામ વજન ધરાવતી હોય છે. તેનું આયુષ્ય ૧૦ થી ૧૫ વર્ષનું હોય છે. તે એકસાથે બે થી ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. પૂંછડીમાં કાળા પટ્ટા હોય છે. આ બિલાડી દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે. તે ઉંદર અને નાના પક્ષીઓ ઉપરાંત ફળ પણ ખાય છે. સામાન્ય રીતે ખુલ્લા વિસ્તારમાં રહેવાનું પસંદ કરે છે. તે મોટા ભાગે નદીની આજુબાજુ રહે છે અને ગામની આજુબાજુના વિસ્તારોમાં પણ જોવા મળે છે. તેના પગના પંજા દીપડાના પંજા જેવા જ હોય છે, પણ તેના કરતાં ઘણા નાના હોય છે. ક્યારેક લોકો તેને દીપડાનું બચ્ચું ગણી લેતા હોય છે. ઘણા લોકો આ બિલાડીને પણ પાળતા હોય છે. તે શાંત સ્વભાવની હોય છે. જો આ બિલાડીનાં બચ્ચાને પાળ્યું હોય તો તે ગમે તેટલે દૂર મૂકી આવવામાં આવે તો પણ તે તેના પાલકના ઘરે પાછું આવી જાય છે. આવી બિલાડી ઘર બિલાડી સાથે પણ પ્રજનન કરતી હોય છે.




ડેક્કન પ્લેટો અને પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારો સિવાય આ બિલાડી સમગ્ર ભારતમાં જોવા મળે છે. આપણા ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં ખાસ કરીને શૂલપાણેશ્વર અભયારણ્ય સિવાય અન્ય કોઈ સ્થળે તે નોંધાઈ નથી.

અન્ય નાની બિલાડીઓ કરતાં થોડુંક લાંબું શરીર ધરાવે છે. શરીરના ઉપરના ભાગની ચામડીની રુવાંટીનો રંગ પીળાશ પડતો હોય છે. તેના પર ઘેરા કથ્થાઈ કે કાળા રંગનાં ટપકાં કે ડાઘા જોવા મળે છે અને છેડાના ભાગે નાના પટ્ટા હોય છે. તેની પૂંછડી પર પણ આવાજ ટપકાં હોય છે. પેટ પાસેનો શરીરનો ભાગ આછા પીળાશ પડતા રંગનો હોય છે. ગાલ પાસે બે આડી પટ્ટીઓ હોય છે. ગળા પાસે કાળા રંગનો પટ્ટો હોય છે. ગોળાઈભર્યા રંગ કાનનો કાળો હોય છે. જેના પર સફેદ રંગનાં ટપકાં જોઈ શકાય છે.


આ બિલાડીનો દેખાવ દીપડા જેવો હોઈ તેને 'દીપડી બિલાડી' એટલે કે 'લેપર્ડ-કેટ' નામથી પણ ઓળખવામાં આવે છે. હિન્દીમાં તેને 'ચિત્તા બિલ્લી' પણ કહે છે. દિવસ દરમિયાન પોલા વૃક્ષોમાં આશરો મેળવતી આ બિલાડી સૂર્યાસ્તના સમયથી લઈને સમગ્ર રાત્રિ દરમિયાન અને વહેલી સવાર સુધી જંગલમાં કે તેના નજીકના ગામ કે પાદર વિસ્તારોમાં ખોરાકની શોધમાં ફરતી રહે છે. તે જમીન ઉપરાંત વૃક્ષો પર પણ ફરતી હોય છે. જળીય વિસ્તારો જેવા કે નદી, તળાવ વગેરે તેના પસંદગીના વિસ્તારો છે. તે પાણીમાં સારી રીતે તરી શકે છે.



મોટાભાગે નાના પક્ષીઓ અને પ્રાણીઓનો શિકાર કરે છે. મરઘી તેનો પ્રિય ખોરાક હોઈ ગ્રામ્ય વિસ્તારોમાં માનવ વસાહતોમાં જઈને પાલતું મરઘીઓનો શિકાર કરતી હોવાથી ગ્રામજનોમાં તે અપ્રિય બને છે. આકર્ષક રુવાંટીદાર ચામડી અને દીપડા જેવા દેખાવને કારણે તેનો શિકાર પણ મોટા પ્રમાણમાં થાય છે. તેને રહેવા લાયક વિસ્તારોમાં માનવ વસાહતો અને ખલેલ વધવાને કારણે તેની વસતી ઝડપથી ઘટી રહી છે અને તેનું અસ્તિત્વ જોખમમાં મુકાયેલું છે.



પદચિહ્ન



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
જંગલી બિલાડી જોવા મળે છે.



જંગલી બિલાડી
JUNGLE CAT

(Felis chaus kutas)
(F-Felidae)

વાઘ બિલાડી કે વાઘર બિલ્લા તરીકે જાણીતી આ બિલાડી ગામની આજુબાજુમાં વધુ જોવા મળે છે. તે રાતના સમયે ગામની અંદર પણ આવે છે.

જંગલી બિલાડી સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. ૬૦ થી ૮૦ સે.મી. લંબાઈની આ બિલાડી દેશી બિલાડી કરતાં મોટી હોય છે. તે સ્વભાવે ઉગ્ર અને શિકારી હોય છે. આખા વર્ષમાં કોઈપણ સમયે બચ્ચાંને જન્મ આપે છે. તે એકસાથે બેથી ત્રણ બચ્ચાંને જન્મ આપે છે. તેનું શરીર પીળું ભૂખરું હોય છે અને તેના પર બહુ આછા રંગનાં ટપકાં હોય છે. તેની પૂંછડી પર ઘેરા રંગની કડીઓ હોય છે અને તેનો છેડો કાળા રંગનો હોય છે. તેના કાન તેની ખાસ ઓળખ હોય છે. તેના કાનની પાછળના ભાગમાં કાળાં ટપકાં હોય છે અને કાનનો રંગ પણ ઘેરો હોય છે. ગામની આજુબાજુ અને નદીનાં કોતરમાં રહેતી આ બિલાડી જંગલમાં પણ રહે છે. તે માણસોથી દૂર જ રહે છે. ઘણી વખત રાતના સમયે તે ગામમાં પણ આવી જાય છે. અને ઉંદર કે છછુંદર જેવાનો શિકાર કરે છે. તે નાનાં પક્ષીઓ અને નાનાં પ્રાણીઓનાં બચ્ચાંનો શિકાર કરે છે. ભારતના ઘણા વિસ્તારોમાં જોવા મળતી આ બિલાડી ખૂબ જ હિંમતવાન હોય છે. તે કોઈના ઘરમાં ઘૂસીને સસલાં, બિલાડી જેવાં પાલતું પ્રાણીનો શિકાર પણ કરી લે છે. આ બિલાડીઓ શાહુડીનો પણ શિકાર કરી શકે છે. ઘણી બિલાડીઓના પગમાંથી શાહુડીનાં કાંટા મળી આવ્યા છે.





હિમાલયની ૨૪૦૦ મીટર જેટલી ઊંચાઈથી લઈને સમગ્ર ભારતમાં આ બિલાડીનો વ્યાપ છે. તે જ રીતે ગુજરાતના તે બધા જ વિસ્તારોમાં જોઈ શકાય છે.

લાંબા પગની સરખામણીમાં ટૂંકી પૂંછડી ધરાવતી હોઈ તેનો દેખાવ જુદો તરી આવે છે. તેની રુંવાટીભરી ચામડી કથ્થાઈ કે રેતાળ પડતા ભૂખરા રંગની હોય છે. પૂંછડીની કિનારીવાળા ભાગમાં કાળા રંગના પટ્ટા અને પૂંછડીનો છેડો કાળા રંગનો હોય છે. લાલાશ પડતા કાનની ઉપલી કિનારીના ભાગે નાના નાના કાળા રંગના વાળ જોવા મળે છે. આછા લીલા રંગની આંખો તેનો દેખાવ ડરામણો બનાવે છે. આંખોની નાક તરફની કિનારી કાળા રંગની હોય છે. આગલા પગના અંદરની તરફ કાળા રંગના પટ્ટા જોવા મળે છે.


જમીન પર ફરતી આ બિલાડી એકલી અથવા ક્યારેક જોડીમાં જોઈ શકાય છે. દિવસે તથા રાત્રે પણ જરૂરિયાત પ્રમાણે ખોરાકની શોધમાં ફરતી હોય છે. ગીચ જંગલ ભાગોને બદલે આછા ઝાડીવાળા જંગલ વિસ્તારો, નદીકિનારા અને ઘાસિયા પ્રદેશમાં રહેવા ટેવાયેલી છે. નાના પક્ષીઓ અને પ્રાણીઓ ઉપરાંત ક્યારેક તેના કરતાં મોટા કદનાં શાહુડી જેવાં પ્રાણીઓનો પણ તે શિકાર કરતી નોંધાઈ છે. અવારનવાર માનવ વસાહતોમાં જઈને માણસોથી ડર્યા વગર પાલતું મરઘીઓનો હિંમતપૂર્વક શિકાર કરે છે. તેને પાલતું પણ બનાવી શકાય છે. અવાજની દિશા તરફ કાન ઊંચા કરીને જુએ છે. અગાઉ ઘણા વિસ્તારમાં જોવા મળતી આ બિલાડીની સંખ્યા ધીરે ધીરે ઓછી થઈ રહી છે.

જંગલી બિલાડી વિષ્ટા કર્યા બાદ તેને માટીથી ઢાંકી દેવાની આદત ધરાવે છે. આ રીતે કદાચ તે પોતાની હાજરી જાહેર ન થઇ જાય તેની કાળજી લેતી હશે.



પદચિહ્ન






નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
વરૂ જોવા મળે છે.

વરુ WOLF

(Canis lupus pallipes) (F-Canidae)

ગામડામાં નાર તરીકે ઓળખાતું આ પ્રાણી નાઓર કે ભેડિયા તરીકે પણ જાણીતું છે.

શિયાળ જેવું દેખાતું આ શિકારી પ્રાણી છે. ૧૦૦ થી ૧૪૦ સે.મી.ની લંબાઇ અને ૧૫ થી ૨૦ કિ.ગ્રા. વજન ધરાવતું હોય છે. પૂંછડીની લંબાઇ ૩૧ થી ૫૨ સે.મી. જેટલી હોય છે. તે ૧૦ થી ૨૫ વર્ષનું આયુષ્ય ધરાવે છે. તે ખાસ કરીને નવેમ્બર મહિનામાં જ પ્રજનન કરે છે અને એકસાથે બે થી ચાર બચ્ચાંને જન્મ આપે છે. આ બચ્ચું બે થી ત્રણ વર્ષમાં પુખ્ત થઈ જાય છે. વરુ મોટાભાગે જૂથમાં જ શિકાર કરે છે, પણ માનવવસ્તીવાળા વિસ્તારમાં તે એકલું પણ જોવા મળે છે. સમૂહમાં હોય ત્યારે બળદ જેવા મોટા કદના પાલતું પ્રાણીનો પણ શિકાર કરી લે છે અને ક્યારેક દીપડા જેવાં પ્રાણીઓ પાસેથી શિકાર ઝૂંટવી પણ લે છે. આ પ્રાણીના પીળા બદામી રંગના શરીરમાં પીઠ પર થોડી કાળાશ હોય છે. પૂંછડી શિયાળની જેમ ગુચ્છાદાર અને છેડે કાળી હોય છે. તેના આગળના પગ સામાન્ય લાંબા હોય છે. હરણ, ચિંકારા, કાળિયાર, શિયાળ, ઘેટાં-બકરાં, પાલતું ઢોરનાં બચ્ચાં વગેરેનું મારણ વરુ કરે છે. ખોરાકની શોધમાં તે માનવ વસાહતની નજીક પણ આવી જાય છે.



આપણે ત્યાં ભૂખરા રંગના શરીર પર પીઠ ભાગમાં કાળાશ પડતી છાંય જોવા મળે છે. કાન લાંબા, મોટા અને અણિયાળા હોય છે. પૂંછડી લાંબી અને ફરવાળી હોય છે. જેના છેડાનો ભાગ કાળા રંગનો હોય છે. નાક, હોઠ અને પેઢા કાળા રંગનાં હોય છે. મોઢું લાંબું નાળચા જેવું હોય છે.


ભૂમિ પરનાં પ્રાણીઓમાં વરુની ક્ષેત્રીયતા કે સીમાક્ષેત્ર સહુથી મોટું છે. રેતાળ કે ગોરાડું જમીનમાં તે બોડ (ડેન) બનાવીને રહે છે. અન્ય વિસ્તારોમાં ભોણ, બખોલ, ગુફા કે ભેખડોમાં આશરો લે છે. ઝાડી કે આછા જંગલ વિસ્તારમાં તે જમીન ઉપર કે પછી ઝાડી કે થોરના ઝૂંડની નજીક આરામ કરે છે. વરુ ગ્રૂપમાં રહેવાવાળું પ્રાણી છે. તેને એકલું પણ જોઈ શકાય છે. તેના સમૂહમાં પ્રભાવી નર અને માદા, ઉપપ્રભાવી નર અને માદા તથા એક વર્ષથી નાના બચ્ચા એમ સામાજિક પ્રભુત્વની ગોઠવણ થયેલી હોય છે. સમૂહ વચ્ચે રુદન જેવા અવાજથી સંદેશાની આપ-લે થાય છે. આ ઉપરાંત કાન, પૂંછડી અને મોઢાના સ્નાયુઓના વિવિધ રીતે હલનચલન કરીને સંદેશાઓની આપ-લે કરે છે. પોષણજાળના સંતુલનની જાળવણી માટે આ ખૂબજ મહત્ત્વનું ભક્ષક માંસાહારી પ્રાણી ગણાય છે.



પશ્ચિમ ભારત, ભારતીય દ્વીપકલ્પ, ટ્રાન્સ હિમાલય, લડાખ અને સિક્કિમ સુધી વરુ ફેલાયેલાં છે. રાજસ્થાન તથા ગુજરાતમાં તેની સહુથી વધુ વસતી છે. ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ અને સુરેન્દ્રનગર જિલ્લાઓના થોડા ઘણા ઝાડી-ઝાંખરાવાવાળા, ઉબડખાબડ અને ખડકાળ વિસ્તારોમાં રહેવું વધુ પસંદ કરે છે. ગીચ જંગલ વિસ્તારોમાં તે જોવા મળતાં નથી. ઓછી વસતી, ઓછો વરસાદ હોય તેવા વિસ્તારો અને પાણીના કાયમી સ્ત્રોત હોય તેવા વિસ્તારો તેને વધારે અનુકૂળ આવે છે. શ્વાનકુળમાં કદમાં વરુ સહુથી મોટું છે. પ્રદેશ અને હવામાન પ્રમાણે તેના શરીર પરની રુવાંટીવાળી ચામડીના રંગમાં ફેરફાર જોવા મળે છે.

તૃણાહારી પ્રાણીઓ જેવાં કે કાળિયાર, ચિંકારા, જંગલી ભૂંડ, સસલાં અને અન્ય નાના સસ્તન પ્રાણીઓ તેમનો મુખ્ય ખોરાક હોવાથી આવા પ્રાણીઓની વસતીનું પ્રમાણ જાળવી રાખવામાં વરુ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવ વસાહતો વધવાથી અને તેમને લાયક વિસ્તારો ઘટી જવાથી ખોરાક માટે હવે તે પાલતું ઘેટાં, બકરાં અને અન્ય નાના પ્રાણીઓનો પણ શિકાર કરે છે અને તેને કારણે પશુપાલન કરતા લોકો તેનો શિકાર કરે છે. તેમની બખોલ ખોદીને બચ્ચાં બહાર કાઢીને, ઝેર નાખીને કે પછી ગોળી મારીને પણ તેનો શિકાર કરવામાં આવે છે. તેની ઘટતી જતી વસતીને ધ્યાનમાં લઈને તેને ભય હેઠળની કક્ષામાં મૂકવામાં આવેલ છે.





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં જંગલી કૂતરા જોવા મળે છે.

જંગલી કૂતરો
DHOLE WILD DOG

(Cuon alpinus) (F-Canidae)

દેશી કૂતરા જેવો જ દેખાવ ધરાવતું આ પ્રાણી વરુ અને કૂતરાની વચ્ચેનું પ્રાણી ગણાય છે. તેની પૂંછડીના કારણે તે અલગ પડે છે.

જંગલી કૂતરો ૫૦ થી ૬૦ સે.મી. લંબાઈ ધરાવે છે અને તેનું વજન ૧૨ થી ૨૦ કિ.ગ્રા. હોય છે. તે નવેમ્બર-ડિસેમ્બરમાં પ્રજનન કરે છે. તેનાં બચ્ચાં એક વર્ષમાં પુખ્ત થઈ જાય છે. દેશી કૂતરા અને વરુની વચ્ચેનું કદ ધરાવતું આ પ્રાણી દેખાવમાં પણ કૂતરા અને વરુનાં મિશ્રણ જેવું જ હોય છે. તે સામાન્ય રીતે હરણ કુળનાં પ્રાણીઓનો શિકાર કરે છે, પણ જો તેનું ટોળું મોટું હોય તો તે જંગલી ભેંસ જેવડાં પ્રાણીઓનો પણ શિકાર કરી લેતા હોય છે. માણસને જોઈને તીણી સિસોટી વગાડી પોતાના સાથીદારોને સાવધાન કરે છે. જંગલી કૂતરા દેશી કૂતરાની જેમ ભસી શકતા નથી. જંગલી કૂતરા પોતાના શિકારને સંપૂર્ણ રીતે ખાઈ જાય છે. માત્ર મોટા હાડકાં જ બાકી રાખે છે. વરુની જેમ આ પ્રાણી પણ જૂથમાં રહેવાનું પસંદ કરે છે. તેનું જૂથ એક જ પરિવારનું બનેલું હોય છે, પણ ક્યારેક બેથી ત્રણ પરિવાર સાથે જોડાઈને મોટું જૂથ બનાવતા હોય છે. સામાન્ય રીતે આખી જિંદગી પોતાના જન્મદાતા કે બચ્ચાં સાથે જોડાયેલાં રહે છે. જૂથમાં શિકાર કરવા નીકળે ત્યારે તે વધુ ખૂનખાર બની જાય છે અને દીપડા, રીંછ કે વાઘ જેવાં હિંસક પ્રાણીઓ પર પણ હુમલો કરી દેતા હોય છે.


માંસાદ વર્ગના શ્વાન કુળમાં આવતા જંગલી કૂતરા પશ્ચિમ ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને કાશ્મીરના અમુક ભાગો સિવાય મધ્ય ભારત, ઉત્તર પૂર્વીય ભારત, ટ્રાન્સ હિમાલય, લડાખ, સિક્કિમ અને દક્ષિણ ભારતમાં વ્યાપ ધરાવે છે. આપણા ગુજરાતમાં તે દક્ષિણ ગુજરાતના ડેડિયાપાડા, શૂલપાણેશ્વર ભાગમાં હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવે છે. શરીર પરની રુવાંટીવાળી ચામડીનો રંગ લાલાશ પડતો કથ્થાઈ રંગના કાટ જેવો હોય છે. પગ પ્રમાણમાં નાના હોય છે. મોઢું નાળચા જેવું અને વરુ તથા પાલતું કૂતરા કરતાં જાડું હોય છે. નાક છેડા પાસે કાળા રંગનું હોય છે. ભરાવદાર ગુચ્છાવાળી પૂંછડી એકથી દોઢ ફૂટ જેટલી હોય છે. જેનો છેડો કાળા રંગનો હોય છે. કાન ગોળાઈ ધરાવતા ટૂંકા હોય છે.

સૂંઘવા, સાંભળવા અને જોવાની શક્તિ સારી હોય છે. ટૂંકા અંતર માટે તે કલાકના ૬૦ કિ.મી.ની ઝડપથી દોડી શકે છે. મોટાભાગે એક જ કુંટુબના સભ્યોની ટોળકી બનાવીને રહે છે. છ થી બાવીસ સુધીની આવી ટોળકી મોટાભાગે સવારે શિકાર કરે છે. શિકાર જુએ એટલે નાના જૂથમાં થોડા થોડા અંતરે વહેંચાઈને ગોઠવાઈ જાય છે અને શિકારનો ઘેરો કરી પીછો કરી વારા ફરતી શિકારને દોડાવી દોડાવીને થકવી નાખે છે. શિકાર પકડાય એટલે બધા જ ભેગા મળીને બચકાં ભરતા ભરતા શિકારને નીચે પાડીને જીવતા શિકારને ખાવાનું શરૂ કરી દે છે. થોડી મિનિટોમાં તેવા પ્રાણીનું ફક્ત હાડપિંજર જ બચે છે. નાના બચ્ચાંઓને પહેલાં ખાવા દેવામાં આવે છે.



ભૂખ ન હોય ત્યારે ફક્ત રમત ખાતર પણ શિકારને ખૂબ જ રિબાવી રિબાવીને મારે છે. સમૂહમાં હોય ત્યારે રીંછ, વાઘ કે દીપડાથી પણ ડરતા નથી. ઘણીવાર વાઘ કે દીપડા દ્વારા કરેલા શિકારનો પણ હિંમતપૂવર્ક કબજો જમાવી દે છે. સમૂહમાં એકબીજાને સીટી જેવા અવાજથી સંદેશાની આપ-લે કરે છે. ભસવાનું કે રુદન જેવા અવાજ કરીને પણ તેમના ભાવ વ્યક્ત કરે છે.

એક અભ્યાસ પ્રમાણે જંગલી કૂતરા, વાંદરા, જંગલી ભૂંડનો શિકાર મોટા પ્રમાણમાં કરતા જોવા મળ્યા છે. ગૌર, જંગલી ભેંસ, અને સાબર જેવાં મોટા પ્રાણીઓ પર સમૂહમાં હોય ત્યારે હુમલો કરે છે. તેને લાયક જંગલ વિસ્તારો ઓછા થવાથી, શિકારને લાયક પ્રાણીઓ ઘટવાથી તથા માનવો સાથેના સંઘર્ષને કારણે જંગલી કૂતરાઓની વસતી ખૂબ જ ઝડપથી ઘટી રહી છે અને ઘણા વિસ્તારોમાં તે લુપ્ત પણ થઈ ચૂક્યા છે.









નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં શિયાળ જોવા મળે છે.

શિયાળ JACKAL

(Canis aureus aureus) (F-Canidae)

કૂતરા કરતાં કદમાં નાનું આ પ્રાણી વરુ જેવું જ દેખાય છે. તેનો લાંબા લહેકા જેવો અવાજ હોવાના કારણે તેના અવાજને લાળી કહેવાય છે.

૧૦૦ સે.મી.ની લંબાઇ ધરાવતું આ પ્રાણી આખા વર્ષમાં કોઇપણ સમયે પ્રજનન કરે છે અને એકસાથે બે થી છ બચ્ચાંને જન્મ આપે છે. તેનું વજન ૭ થી ૧૫ કિલો જેટલું હોય છે. ૪ થી ૮ વર્ષ જેટલું આયુષ્ય ધરાવે છે. ગર્ભકાળ ૬૩ દિવસ જેટલો હોય છે. તેનાં બચ્ચાં બાર માસમાં પુખ્ત થઈ જાય છે. શિયાળનો રંગ ભૂખરો અને ઉપરનો ભાગ કાળાશ પડતો હોય છે. તેની પૂંછડી ગુચ્છાદાર અને સીધી હોય છે. તેનો છેડો કાળો હોય છે. શિયાળનું મોઢું નાનું અને લાંબું હોય છે. સમગ્ર ગુજરાતમાં જોવા મળતું આ પ્રાણી ઘાસિયા વિસ્તાર અને આછા જંગલમાં જોવા મળે છે. તે ગામથી દૂર સીમ વિસ્તારોમાં રહે છે અને રાતે ગામની નજીક આવી જતા હોય છે. તે મરેલા ઢોર ઉપરાંત નાના પ્રાણીઓ અને પક્ષીઓ ખાય છે અને ફળ પણ ખાય છે. શેરડી અને તરબૂચનાં ખેતરમાં તે મોટું નુકસાન કરે છે. હિંસક પ્રાણી દ્વારા કરાયેલા શિકારમાંથી બચેલું માંસ ખાવા માટે શિકારની આજુબાજુ ફર્યા કરે છે. શિયાળને બોર વધુ ભાવતા હોય તેવું જણાય છે. બોર પાકવાની ઋતુમાં બોરડીઓ નજીક જોઈ શકાય છે. શિયાળ પણ સમૂહમાં રહેવાનું પસંદ કરે છે, ક્યારેક તે એકલું પણ હોય છે.



પદચિહ્ન

સર્વભક્ષી શિયાળ સમગ્ર ભારતમાં જોવા મળે છે. તે રીતે ગુજરાતના તમામ વિસ્તારોમાં તેનો વ્યાપ છે. શ્વાનકુળના વરુ તથા કૂતરા કરતાં કદમાં પ્રમાણમાં નાનું હોય છે. શરીર પરની રુવાંટી (વાળ) ભૂખરી અને બદામી રંગની હોય છે. પેટ, કાન અને પગના ભાગોમાં બદામી રંગનું પ્રમાણ વધારે હોય છે. ગળું, પીઠ, કાનની બહારની તરફનો ભાગ તથા પીઠના ભાગ પર કાળાશ પડતાં રંગની રુવાંટીનું પ્રમાણ વધારે હોય છે. નાળચા જેવું મોઢું કૂતરા કરતાં નાનું અણિયાળું અને સાંકડું હોય છે. અન્ય પ્રાણીઓ કરતાં શિયાળનાં જડબાંમાં દાંતની સંખ્યા વધારે હોય છે. તેથી તે શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારનો ખોરાક લઈ શકે છે. કાન મધ્યમ, ઊભા અને સીધા હોય છે. પગ પાતળા અને સીધા હોય છે. આગળના પગના પંજામાં પાંચ અને પાછળના પગના પંજામાં ચાર આંગળીઓ હોય છે. આંગળીઓના નખ અંદરની તરફ ખેંચી ન શકાય તેવા હોય છે. ચાલે ત્યારે નખની છાપ જમીન પર ઊપસી આવે છે. શરીરના ચોથા ભાગ જેટલી પૂંછડીની લંબાઈ હોય છે. પૂંછડી કાળાશ પડતા ભૂખરા તથા બદામી રંગની ભરાવદાર રુવાંટીવાળી હોય છે.

શ્વાન કુળના અન્ય પ્રાણીઓ કરતાં તે વધુ નિશાચર ગણાય છે. સૂર્યાસ્ત થતાની સાથે જ તેની બખોલમાંથી નીકળે છે. આખી રાત પ્રવૃત્તિમય રહીને સૂર્યોદય થતા પહેલાં તેના રહેઠાણ પર પરત આવી જાય છે. ઠંડીની ઋતુ તથા વાદળછાયું વાતાવરણ હોય ત્યારે દિવસે પણ ભ્રમણ કરતું જોઈ શકાય છે. ઉનાળામાં પાણી પીવા કે નહાવા માટે પણ નીકળે છે. લોંકડી, વરુ કે શાહુડી જેવા પ્રાણીઓએ બનાવેલી અને ત્યજી દીધેલી કે પથ્થરોની વચ્ચેની બખોલમાં રહેવાનું પસંદ કરે છે. મોટાભાગે એકલાં ફરતા જોવા મળે છે. બે કે વધુની સંખ્યામાં સમૂહમાં મૃગ, હરણ, કે ઘેટાં- બકરાંનો શિકાર પણ કરે છે. નાના બચ્ચાં, ઘવાયેલા કે નબળા પ્રાણી પર ઝડપથી હુમલો કરે છે. શિયાળ કુટુંબપ્રિય છે. તેની માદાઓ ગર્ભધાન સમયે એક જ જગ્યાએ સમૂહમાં બખોલ પસંદ કરીને વસાહત બનાવતી જણાઈ છે.

કૂતરાની જેમ પૂંછડી પટપટાવવાની અને વધારાનો ખોરાક જમીનમાં દાટવાની આદત ધરાવે છે. સંધ્યા સમયે જંગલ કે ગામને પાદરે શિયાળની ટોળકી સમૂહમાં એક સાથે રુદન જેવો અવાજ કરે છે, જેને લાળી કહેવામાં આવે છે. ખેતીને નુકસાન કરતાં ઉંદર, ડુક્કર અને અન્ય નાના પ્રાણીઓનો શિકાર કરીને તેમની વસતીને નિયંત્રણમાં રાખીને તે માનવજાતને મદદરૂપ બને છે. મૃત પ્રાણીઓનાં મડદા ને ખાઈને પર્યાવરણની સ્વચ્છતામાં પણ સહયોગ આપે છે.

લોંકડી
INDIAN FOX

(Vulpes bengalensis)
(F-Canidae)

શિયાળને મળતું આવતું પ્રાણી ખેડૂતોનું મિત્ર ગણાય છે કારણ કે ઉંદરોનો સફાયો કરે છે.



શરીરની લંબાઈ ૪૫ થી ૬૦ સે.મી. હોય છે. પૂંછડીની લંબાઈ ૨૪ થી ૩૨ સે.મી. હોય છે. વજન ૧.૮ થી ૩.૨ કિલોગ્રામ હોય છે. શિયાળામાં જ પ્રજનન કરતું આ પ્રાણી પચાસ દિવસના ગર્ભકાળ બાદ ચાર બચ્ચાંને જન્મ આપે છે. તેનું આયુષ્ય છ વર્ષનું મનાય છે. શિયાળ કરતાં નાનું આ પ્રાણી દોડવામાં બહુ પાવરધું હોય છે. ભૂખરા રંગના વાળવાળું અને ગુચ્છાદાર પૂછડી ધરાવે છે. આ પ્રાણી મિશ્રાહારી છે. નાના પ્રાણી, પક્ષી, મરઘાં, ઊધઈ, સાપ, ફળ વગેરે ખાય છે. લોંકડી સામાન્ય રીતે રાતના સમયે ભ્રમણ કરે છે. શિયાળાની ઠંડીમાં દિવસે પણ જોવા મળે છે. વધુ ગાઢ જંગલને બદલે ખુલ્લા મેદાન અને સીમ વિસ્તારમાં રહેવુ પસંદ કરે છે. જમીનમાં દર બનાવીને રહે છે. આવા દરના એકથી વધારે પ્રવેશદ્વાર હોય છે. તેનો અવાજ એકદમ તીણો હોય છે અને સાંજના સમયે સાંભળવા મળે છે. તે ક્યારેક જ પક્ષીનો શિકાર કરે છે. લોંકડીને ઊધઈ પણ ભાવતી હોય છે. વરસાદ પહેલાં ઊડાઊડ કરતી ઊધઇને જમીન પરથી કે હવામાંથી પકડીને ખાઇ જાય છે. આ લોંકડીને 'બેંગાલ ફોક્સ' પણ કહે છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં લોંકડી જોવા મળે છે.




પદચિહ્ન

શ્વાનકુળના પ્રાણીઓમાં લોંકડી વિશ્વકક્ષાએ સહુથી વધુ ફેલાવો ધરાવે છે. ગીચ જંગલ સિવાય સમગ્ર ભારત અને ગુજરાતમાં વ્યાપ ધરાવે છે. તેની એક જાતિ રેડ ફોક્સ માંસાહારીઓમાં સહુથી વધુ અનુકૂલન ધરાવતું પ્રાણી મનાય છે. લોંકડી અન્ય તમામ પ્રાણીઓ કરતાં વધુમાં વધુ પ્રકારના કુદરતી ક્ષેત્રોમાં વ્યાપેલા જમીનનું સસ્તન પ્રાણી છે. શ્વાનકુળમાં વરુ, શિયાળ તથા કૂતરા કરતાં પણ તે કદમાં નાનું છે. તેનું શરીર ભૂખરા રંગની રુવાંટીવાળું હોય છે. તેની લાંબી, ભરાવદાર વાળવાળી ગુચ્છાદાર પૂંછડીનો છેડો કાળા રંગનો હોય છે. તેના પગ શરીરના ભાગ કરતાં વધારે તપખીરિયા રંગના દેખાય છે. મોઢાનું નાળચું ટૂંકું, અણીવાળું અને મોઢા તથા નાકના ભાગે કાળા રંગનુ હોય છે. કાન મોઢા કરતાં અલગ પડતાં લાંબા અને અણિયાળા હોય છે જેની કિનારી કાળા રંગની હોય છે.

લોંકડી ખુલ્લા પથરાળ શુષ્ક પ્રદેશો, ઘાંસિયાં મેદાનો અને રણપ્રદેશમાં રહેવા ટેવાયેલી હોય છે. માનવ વસાહતોની નજીક ખેતરો, પિયત કેનાલો તથા ગૌચરોની જમીનમાં દર (ભોંણ) બનાવીને રહે છે. આવા દરમાં અંદર જવાના કે બહાર નીકળવાના ત્રણથી સાત જેટલા અલગ-અલગ દિશામાં રસ્તા હોય છે. જેથી તે સરળતાથી ગમે તે દરમાંથી બહાર અવર-જવર કરી શકે છે. દરમાં એક ભાગમાં તે આરામથી બેસી શકે તેવી પહોળી જગ્યા રાખે છે. તે સમૂહમાં વસાહત બનાવતી પણ નોંધાઈ છે. ભય જણાય તો માદા તુરંત તેની બખોલ બદલી કાઢે છે. તેની બખોલને અંગ્રેજીમાં 'ડેન' અને ગુજરાતીમાં અન્ય પર્યાય શબ્દ 'ઘાંત' પણ વપરાય છે.

દિવસ દરમિયાન આવા દરમાં આરામ કરતી લોંકડી સૂર્યાસ્ત થતાંની સાથે જ ખોરાકની શોધમાં બહાર નીકળે છે. પોતાનું સીમાક્ષેત્ર પ્રસ્થાપિત કરવા શિયાળ જેવી લાળી પણ કરે છે. નજીકની માનવ વસાહતમાં, વરંડા, ખેતરો કે બગીચામાં પણ ઘૂસી જાય છે. મગફળી, બોર, તરબૂચ ઉપરાંત જુદીજુદી વનસ્પતિનાં બીજ, ફળો અને તાજી ઊગેલી કૂંપળો પણ ખાય છે. ચોમાસામાં ઊધઈના રાફડામાંથી નીકળતી ઊધઈ ખાવાની પણ તે શોખીન છે. આ ઉપરાંત નાનાં પક્ષીનાં ઇંડાં, મરઘાં, સસલાં, ઘો, ખિસકોલીઓ, ઉંદર, જરબીલ વગેરે પણ ખાય છે. તીડ તથા તીતીઘોડા પણ ખાય છે. લોંકડી તથા તેનાં બચ્ચાં તેના પગથી અવારનવાર જમીન ખોતરીને તે ભાગને સૂંઘતા જોવા મળે છે. લોંકડી એકલી અથવા જોડમાં જોવા મળે છે. તેના જ શ્વાનકુળના વરુ, શિયાળ, ઉપરાંત જંગલી બિલાડી, મોટાં શિકારી પક્ષીઓ તેના દુશ્મન છે. ઘો દ્વારા તેનાં નાનાં બચ્ચાંઓ ખાઈ જવાનો પણ ભય રહે છે. માનવો દ્વારા કૂતરાની મદદથી કે જાળી નાખીને કે પછી તેની બખોલમાં આગ લગાડીને તેનો શિકાર કરવામાં આવે છે. ઉપરાંત તેના રહેઠાણ લાયક વિસ્તારોમાં માનવીય હસ્તક્ષેપને કારણે લોંકડીની વસતી સતત ઘટી રહે છે.





રણ લોંકડી DESERT FOX

(Vulpes Vulpes Pusilla) (F-Canidae)

મોટાભાગે રણ વિસ્તારમાં જ જોવા મળતું આ પ્રાણી લોંકડીની જ એક જાતિ છે. તે રતાશ પડતા રંગનું હોવાથી 'રેડ ફોક્સ' પણ કહેવાય છે.



રણ લોંકડીની લંબાઈ ૭૦ થી ૮૦ સે.મી. હોય છે. પૂંછડીની લંબાઈ ૩૦ સે.મી. હોય છે. વજન ચાર થી છ કિ.ગ્રા. હોય છે. સરેરાશ છ વર્ષનું આયુષ્ય ધરાવતું આ પ્રાણી શિયાળામાં પ્રજનન કરે છે અને પાંચ-છ બચ્ચાંને જન્મ આપે છે. તેનાં બચ્ચાં ૧૨-૧૩ માસમાં પુખ્ત થઈ જાય છે. આ લોંકડીનો રંગ રતાશ પડતો હોય છે. તે સામાન્ય લોંકડી કરતાં મોટી હોય છે અને તેના શરીર પરના વાળ પણ લાંબા હોય છે. તેની પૂંછડીનો છેડો સફેદ હોય છે. શરીરનો નીચેનો ભાગ સફેદ હોય છે. તે દેખાવમાં સામાન્ય લોંકડી કરતાં અલગ હોય છે, તેવી જ રીતે તેની આદતો પણ અલગ હોય છે. તે નાનાં પક્ષી, ઉંદર, નોળિયો, ખિસકોલી, ગરોડી, કાચિંડો અને મોટા જીવડાં ખાય છે. કચ્છના કાળા ડુંગર વિસ્તારમાં તેની વસતી વધુ છે. સૂકા અને રેતાળ વિસ્તારોમાં જોવા મળે છે. તે સાંજના સમયે વિશિષ્ટ અવાજો કરી ખોરાકની શોધમાં નીકળે છે. મુખ્યત્વે નિશાચર છે. રેતીનાં ઢૂવાઓમાં, સૂકી નદીઓમાં, રેતાળ પટમાં કે ઝાડીઝાંખરામાં રહે છે. આ પ્રાણી પણ દર બનાવી રહે છે.

ભારતમાં ત્રણ જાતિની લોંકડી જોવા મળે છે. તે પૈકી ભારતીય લોંકડી અને લાલ લોંકડી ખૂબ જ સામાન્ય છે અને સારો વ્યાપ ધરાવે છે. ત્રીજી જાતિ કચ્છના રણમાં એકવાર નોંધાઇ છે. જેને “બ્લેન ફોર્ડસ્ ફોક્સ” (Vulpes Cana)થી ઓળખવામાં આવે છે.

રણ લોંકડી બાબતે ખૂબ જ ઓછી માહિતી ઉપલબ્ધ છે. ભારતના ક્યા ક્યા વિસ્તારોમાં જોવા મળે છે તે બાબતે તેના નામ મુજબ રાજસ્થાન અને ગુજરાતના કચ્છના રણમાં તે જોવા મળી શકે છે. આ ઉપરાંત ઉત્તર સૌરાષ્ટ્ર તથા પશ્ચિમ બનાસકાંઠા ભાગમાં તે હોવાની સંભાવના છે.

રણ લોંકડીનું શારીરિક બંધારણ સામાન્ય લોંકડી જેવું જ હોય છે. વજનમાં તે થોડી નાની હોય છે. રણ પ્રદેશને અનુરૂપ તેના શરીર પરની રુવાંટી ભૂખરા કે આછા પીળા રંગની હોય છે. તેમાં તપખીરિયા કથ્થાઈ રંગની રુવાંટી પણ ભળી ગયેલી જોવા મળે છે. તેના પગ અને પેટના ભાગમાં સફેદ રંગના ધબ્બા જોવા મળે છે. બંન્ને કાનના પાછળનો









ભાગ ઘાટો કથ્થાઈ રંગનો હોય છે. તેની પૂંછડી લોંકડીની અન્ય પ્રજાતિઓ કરતાં ઓછી ગુચ્છાદાર હોય છે. પૂંછડીનો છેડાનો ભાગ શ્વેત રંગનો હોય છે.

“રેડ ફોક્સ”ની એક પ્રજાતિ ગણાતી આ લોંકડીને અંગ્રેજીમાં “વ્હાઈટ ફૂટેડ ફોક્સ” એટલે કે સફેદ પગવાળી લોંકડી તરીકે પણ ઓળખવામાં આવે છે. ખાસ કરીને સૂર્યાસ્ત થતાની સાથે જ તે તેની બખોલમાંથી બહાર નીકળી પડે છે અને સમગ્ર રાત્રિ દરમિયાન ભ્રમણ કરતી હોય છે. વહેલી સવારે સૂર્યોદય થતાં પહેલાં તે પોતાના રહેઠાણ પર પરત ફરે છે.

લોંકડીને હિંદીમાં લોમરી, લોમ, લોંકરીથી પણ ઓળખવામાં આવે છે. મધ્ય ભારતમાં તેને ‘લોકરિયા’ પણ કહે છે. લોંકડીની માદાઓને એક વાર કોઇ ભય જણાય તો તેમની બખોલની જગ્યા બદલી નાખે છે તે રીતે આ લોંકડી પણ કરે છે.

અને નવેસરથી નવી વધુ સુરક્ષિત જગ્યાએ બખોલ બનાવે છે. ખાસ કરીને બચ્ચાંની સુરક્ષા માટે તેની આ કુદરતી સમજ હોય છે.



પટ્ટાવાળું ઝરખ
STRIPED HYENA

(Hyaena hyaena hyaena) (F-Hyaenidae)

વિચિત્ર દેખાવ અને કૂતરા કરતાં મોટા કદના આ પ્રાણીના શરીર પર કાળા પટ્ટા હોય છે. તેની ચાલવાની રીત પણ વિશિષ્ટ હોય છે.

૧૧૫થી ૧૫૦ સે.મી. લાંબા આ પ્રાણીમાં નરનું વજન ૩૦થી ૪૦ કિ.ગ્રા. અને માદાનું વજન ૨૫થી ૩૫ કિ.ગ્રા. હોય છે. તે શિયાળામાં પ્રજનન કરે છે.

નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં પટ્ટાવાળું ઝરખ જોવા મળે છે.

કૂતરાને મળતા આવતા આ પ્રાણી આગળના પગ લાંબા અને પાછળના પગ ટૂંકા હોવાથી તેનો દેખાવ અલગ જ પ્રકારનો લાગે છે અને તેના કારણે તે ચાલે ત્યારે સામાન્ય કૂદતું કૂદતું ચાલતું હોય તેવું લાગે છે. તેના કાન લાંબા અને ઊભા હોય છે. તેની ગરદન પર કેશવાળીના લાબા વાળ હોવાથી તેની ગરદન ખૂબ જાડી હોય તેવો ભાસ થાય છે. ઝરખ સામાન્ય રીતે એકલું જ હોય છે. ઘેટાં-બકરાં, કૂતરાં, સસલાં વગેરેનો શિકાર કરે છે. મરેલા ઢોર ખાવાનું વધુ પસંદ કરે છે. ગામની બહાર જ્યાં મરેલાં ઢોર નાખવામા આવતાં હોય ત્યાં તેને ઘણીવાર જોઈ શકાય છે. આ કારણે તેને કુદરતનું સફાઈ કામદાર પણ કહેવામાં આવે છે. તે નિશાચર પ્રાણી છે અને ગામની સીમમાં રાતના સમયે ફરતું રહે છે. તે નદીનાં કોતરમાં દર બનાવે છે અને ક્યારેક શાહુડીના દરને પહોળું કરી તેમાં રહે છે.



પદચિહ્ન



ભારતના ૧૫૦૦ મીટરથી ઓછી ઊંચાઈનાં ઉત્તર પશ્ચિમી રાજ્યો તથા જમ્મુ કાશ્મીર સિવાય તે બધે જ વ્યાપ ધરાવે છે. ગુજરાતના બધા જ વિસ્તારોમાં તે જોવા મળે છે. ઝરખની ચામડીની રુવાંટીનો રંગ રાખોડી કે આછા બદામી રંગનો હોય છે. પગ તથા પીઠના ભાગ પર કાળા રંગના પટ્ટા હોય છે. મોઢાનો ભાગ આંખો સુધી કાળા રંગનો હોય છે. ગળા, ખભા તથા શરીર પરના વાળ લાંબા હોય છે. શરીરનો કમર પછીનો ભાગ ઢળેલો હોય છે. નીચેની તરફ ગળા અને છાતીનો ભાગ કાળા રંગનો હોય છે. કૂતરા કરતા તેનું કદ મોટું હોય છે. તેના લાંબા મોટા અણીદાર કાન હંમેશાં ઊભા રાખે છે. શરીર પરના કાળા રંગના પટ્ટાને કારણે આપણે ત્યાંના આ ઝરખને પટ્ટાવાળા ઝરખ એટલે કે “સ્ટ્રીપ્ડ હાઈના’’ કહે છે. ભારતની બહાર તેની અન્ય જાતિ ટપકાંવાળા ઝરખની પણ છે. ડાંગ-વાંસદા વિસ્તારમાં તેને ‘કૂતર ખડિયું’ પણ કહે છે. કૂતર એટલે કૂતરો અને ખડિયો એટલે વાઘ મતલબ કે કૂતરા જેવો વાઘ. એકંદરે એકલવાયું જીવન ગુજારતા પટ્ટાવાળા ઝરખ મરેલા પ્રાણીઓ કે અન્ય મોટા પ્રાણીઓએ કરેલા શિકાર પર તે નભે છે. તેથી તેને મૃતોપજીવી પણ કહે છે. કીટકો, ગરોળી, કાચીંડો, ઘો, પક્ષીઓ, ઘેટાં, બકરાં, ઉંદર, કૂતરાં, સસલાં, સુવર વગરેનો શિકાર પણ કરે છે. ઊધઈ અને ફળો ખાવાનું પણ પસંદ કરે છે. હાડકાં, માંસના ટુકડા ખાડામાં દાટીને ફરી ખાઈ શકાય તે રીતે સાચવી રાખે છે. લાંબા સમય સુધી પાણી પીધા વગર રહી શકે છે.

માટીમાં જાતે બનાવેલી બખોલમાં કે પથ્થરોની મોટી તિરાડોમાં દિવસ દરમિયાન આરામ કરે છે. રાત્રિ દરમિયાન પાણી તથા ખોરાકની શોધમાં નીકળી પડે છે. પોતાના વિસ્તારની હદ નક્કી કરવા તેની ગુદા પાસેની ગ્રંથિમાંથી ગંધ દ્રવ્ય છોડી નિશાની કરે છે. રોજ નિયત જગ્યાએ તેની લીંડીઓ કરવાની ટેવ ધરાવે છે. મોટાભાગે માંસ તથા હાડકાં ખાતું હોય છે. તેની હગાર સુકાયા બાદ સફેદ રંગની દેખાય છે. જેમાં હાડકાંના ટુકડા મળી આવે છે. તેના પદચિહ્નની મદદથી પણ તેની હાજરી જાણી શકાય છે. પરંતુ ઘણીવાર તેના પદચિહ્ન દીપડાના હોવાનું માનીને લોકો ગેરસમજ પણ કરે છે. ઝરખની ગુદા પાસેની ગંધ ગ્રંથિથી નર-માદા એકબીજાને સંવનનની તૈયારીનો સંદેશ આપે છે. આવી ગંધ એકબીજાની ઓળખરૂપ પણ બને છે. હસવા જેવો અવાજો કાઢીને પણ તે સંદેશાની આપ-લે કરે છે. વાઘ, દીપડા જેવાં શિકારી પ્રાણીઓથી તે હંમેશાં દૂર રહે છે, પરંતુ સમય આવે તેનો હિંમતપૂર્વક સામનો કરે છે અને મરી ગયા હોવાનો ઢોંગ કરીને પણ બચાવ કરે છે. જંગલના સફાઈ કામદાર તરીકે કાર્ય કરીને તે પોષણકડીનું એક મહત્ત્વનું અંગ બને છે. ઝરખની ચરબીના કહેવાતા ઔષધીય ગુણોની માન્યતાને કારણે તેનો શિકાર થાય છે. વધેલો માનવ હસ્તક્ષેપ તથા વાહનવ્યવહારને કારણે રોડ અકસ્માતથી થતાં મૃત્યુના લીધે તેની વસ્તી સતત ઘટી રહી છે.








ઘોરખોદિયું

RATEL or HONEY BADGER


(Mellivora capensis indica)
(F-Mustelidae)


ઘોરખોદિયું, વેંઝુ, બરટોડો, ઘુરનાર વગેરે નામથી પણ ઓળખાય છે.

ટૂંકા પગવાળું આ પ્રાણી ૬૦ થી ૭૫ સે.મી.ની લંબાઈ અને ૧૦ થી ૧૫ કિ.ગ્રા. વજન ધરાવે છે. તેની ઊંચાઈ માંડ એક ફૂટ જેટલી જ હોય છે. તેની પૂંછડી પણ ટૂંકી હોય છે. તે વર્ષમાં એક જ વખત એકસાથે બે બચ્ચાંને જન્મ આપે છે. તેના શરીર પર ગુચ્છાદાર વાળ હોવાથી તે રીંછ જેવું લાગે છે. ઘોરખોદિયાના નહોર તીક્ષ્ણ હોય છે. દાંત પણ મજબૂત હોય છે. કબરમાંથી મડદાં કાઢી જતું હોવાની માન્યતાના કારણે તેનું નામ ઘોરખોદિયું પડ્યું છે. આ માન્યતાનાં કારણે જ મૃત માણસને દફનાવ્યા બાદ તેની કબર પર રાતે દીવો સળગાવવામાં આવે છે. જેથી તે કબરથી દૂર રહે. આ પ્રાણીનો ઉપરનો અડધો ભાગ સફેદ અને નીચેનો ભાગ કાળો હોય છે. તે નાના પશુપક્ષી, જીવડાં, મધ અને ફળ ખાય છે. જે જંગલ, નદીનાં કોતરો અને ખડકાળ પ્રદેશમાં રહે છે. નિશાચર અને શરમાળ પ્રાણી હોવાથી ભાગ્યે જ જોવા મળે છે. દર બનાવીને રહે છે અને આખો દિવસ દરમાં જ આરામ કરે છે. અત્યંત કટોકટીના સમયમાં તે મરી ગયેલું હોય તેમ પડ્યું રહે છે. મધનું શોખીન હોય છે અને મધની શોધમાં ફરતું રહે છે. કંદમૂળ પણ ખાય છે.










નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
ઘોરખોદિયું જોવા મળે છે.

પશ્ચિમઘાટ, ઉત્તર-પૂર્વીય ભારત, ઉચ્ચ હિમાલય સિવાયના સમગ્ર ભારતમાં ઘોરખોદિયું જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં રણપ્રદેશ સિવાય બધા જ ભાગોમાં તેનો વ્યાપ છે. ઘોરખોદિયું બેઠી દડીનું, જાડું અને વજનદાર શરીર ધરાવે છે. તેના કપાળના ભાગથી લઈને પૂંછડીના છેડા સુધી ઉપરના ભાગે રૂપેરી ભૂખરા રંગની રુવાંટી હોય છે. શરીરનો તે પછીનો બાકીનો નીચેની તરફનો ભાગ ઘાટા તપખીરિયા કે કાળા રંગનો હોય છે. રીંછની જેમ ટૂંકું મોઢું અને નસકોરાં તરફનો ભાગ બુઠ્ઠો હોય છે. પગ અને પૂંછડી ટૂંકી અને જાડી હોય છે. કાન નાના હોય છે. આગલા પગ મોટા અને મજબૂત હોય છે. આ પગમાં તીક્ષ્ણ અને મોટા નહોર હોય છે. ઉપરની તરફના વાળ બરછટ તથા છાતી અને પેટ ઉપર વાળ આછા હોય છે. દાંત મજબૂત હોય છે.

શરીર પરની ચામડી ઘણી સખત હોય છે. તેના લીધે શાહુડીના કાંટા, મધમાખીના કે સાપના ડંખની કોઈ અસર તેના પર થતી નથી. દિવસ દરમિયાન વૃક્ષોના થડના પોલાણ, પથ્થરોના પોલાણ કે અન્ય રીતે બનેલી બખોલોમાં તે રહે છે. તેના શક્તિશાળી પગ અને નહોરની મદદથી તે ઝડપથી માટી ખોદી શકે છે. વૃક્ષો પર ચઢવાની પણ કુશળતા ધરાવે છે. આ પ્રાણી નિશાચર છે અને એકલવાયું કે જોડીમાં ફરતું જોવા મળે છે. શાંતિપ્રિય આ પ્રાણી ભય જણાય તો આક્રમક બનીને ઘુરરાટી કરે છે. તેથી તેને ''ઘુરનાર'' પણ કહે છે.

મિશ્રાહારી એવા આ પ્રાણીનું ભાવતું ભોજન મધ છે. આફ્રિકાના જંગલમાં "હની ગાઈડ" નામનું પક્ષી તેને મધપૂડા સુધી લઈ જવામાં માર્ગદર્શક બને છે. ઘોરખોદિયું મધપૂડો શોધીને મધ પાડે ત્યારે તેમાંથી બચેલો ખોરાક હની ગાઈડને મહેનતાણાંરૂપે મળે છે. તેથી અંગ્રેજીમાં તેને "હનીબેજર" કહે છે. નદી-ઝરણાંનાં કોતરો કે પટ્ટમાં તે ફરવું વધુ પસંદ કરે છે. આવા ભાગમાં તે તેના નહોરવાળા આગળના મજબૂત પગથી જમીન સારી રીતે ખોદી શકે છે.





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં જળબિલાડી જોવા મળે છે.

જળબિલાડી SMOOTH INDIAN OTTER

(Lutrogale perspicillata) or (Lutra perspicillata) (F-Mustelidae)

પાણીમાં રહેતું અને બિલાડી જેવું દેખાતું હોવાથી તેને જળબિલાડી કહેવાય છે.

જળબિલાડી જમીન પર અને પાણીમાં બંને સ્થળે રહી શકે છે. સામાન્ય રીતે નદી કિનારે જોવા મળે છે. ૧૨૦ સે.મી. લંબાઈ ધરાવતા આ પ્રાણીનું વજન સાત થી દસ કિલોગ્રામ હોય છે. આ પ્રાણી શિયાળામાં પ્રજનન કરે છે અને ૬૫ દિવસ બાદ બે થી ચાર બચ્ચાંને જન્મ આપે છે.

પદચિહ્ન








જળબિલાડીઓનો માંસાહારી સસ્તન પ્રાણીમાં સમાવિષ્ટ થાય છે કે, જે મીઠા પાણીના સ્રોતોમાં ભક્ષક તરીકેનો તેનો મહત્ત્વનો રોલ અદા કરે છે. ભારતમાં જળબિલાડીની ત્રણ જાતિઓ જોવા મળે છે. શરીર પરના ખરબચડા વાળનું આવરણ, કાળાશ પડતું કે ઘાટા કથ્થાઈ ચોકલેટ જેવા રંગનું હોય છે. તેની જાડી પૂંછડીની લંબાઈ શરીર અને માથાની લંબાઈ કરતાં અડધા જેવી હોય છે. પૂંછડીનો છેડો પાતળો હોય છે. જળબિલાડીને સંસ્કૃતમાં જલમાર્જર પણ કહે છે. ગામા લોકો ઉદ્ર બિલાવ, જલ માનુસી કે પાણીનું બિલાડું કહે છે. તેના નામ પ્રમાણે તે નદી અને ઝરણાંઓમાં જોઈ શકાય છે. અગાઉના સમયમાં ગુજરાતની નર્મદા, મહી, તાપી, સાબરમતી, બનાસ, પૂર્ણા જેવી નાનીમોટી નદીઓમાં તે જોવા મળતી હતી. રાજ્યનાં કેટલાંક મોટા તળાવોમાં પણ જોવા મળતી હતી. મુખ્યત્વે રાત્રિ દરમિયાન નદીની બખોલમાંથી નીકળીને પાણીમાં ખોરાકની શોધ માટે જાય છે. માનવીય પ્રવૃત્તિઓ ન ચાલતી હોય તેવા શાંત અને સુરક્ષિત જલીય વિસ્તારમાં તે દિવસે મોડા સુધી મોઢું બહાર રાખીને તરતાં તરતાં ડૂબકી મારીને પાણીમાં ઊંડે સુધી ખોરાક શોધે છે. શ્વાસ લેવા થોડી થોડી વારે પાણીની સપાટીની બહાર આવે છે. માછલી તેનો મુખ્ય ખોરાક છે. આ ઉપરાંત જલીય કરચલાં, સ્તરકવચી જીવો, દેડકા, જલમરઘી અને પક્ષીઓનો શિકાર કરે છે. પાંદડાં અને વનસ્પતિના મૃદુ ભાગો પણ ખાય છે. જોડીમાં, કુટુંબ સાથે કે સમૂહમાં રહેતી હોવાનું નોંધાયું છે. નર- માદા પાણીમાં જ સંવનન કરે છે. માદા બચ્ચાં મૂકવા માટે નદી, ઝરણાંની નજીક ભેખડોમાં બખોલ બનાવે છે. નજીકના એક જલીય સ્રોતમાંથી બીજા જલીય સ્રોતમાં જવા માટે જમીન માર્ગે ચાલીને જવાનું પણ પસંદ કરે છે. આરામ કરવો હોય ત્યારે પાણીની વચ્ચેના ખડકો પર કે કિનારે આવીને બેસે છે. સમૂહમાં માછલીઓને ઘેરીને એકસાથે શિકાર કરતી હોય છે. તેમની વચ્ચે સંદેશાઓની આપલે વખતે તીણી સીટી જેવા અવાજ કરે છે. ભય જણાય કે સ્વરક્ષણ માટે જુદાજ પ્રકારનો ભસવા જેવો અવાજ કાઢે છે. ખુબ જ ચંચળ અને સક્રિય હોવાથી ઘડીભર શાંતિથી બેસવાનું પસંદ કરતી નથી. અગાઉના સમયમાં ઓરિસ્સામાં અને સિંધ પ્રાન્તના લોકો તેને પાલતું બનાવીને માછીમારીના કામમાં ઉપયોગમાં લેતા હતા.

તેના ટૂંકા પગમાં રહેલા ટૂંકા નહોરવાળાં આંગળાં એકબીજાથી જોડાયેલાં હોય છે. તેની મદદથી તે સારી રીતે તરી શકે છે. મોઢાની આસપાસ મોટા કાળા છૂટા-છવાયા વાળની મૂછો હોય છે. કાન એકદમ ટૂંકા હોય છે. જડબું ભારે માછલી જેવા જીવો પકડી શકે તેવા દાંતવાળું હોય છે. નળાકાર જેવા લાંબા શરીરમાં જડબા તથા ગળાની જાડાઈ લગભગ સરખી હોય છે. ગાલ, ગળું, છાતી અને પેટના ભાગે આવેલા વાળ સફેદ હોય છે. તેની જાડી મુલાયમ ચામડીના કારણે તેનો મોટા પ્રમાણમાં શિકાર થાય છે. નદીઓ પર બનેલા ડેમને કારણે નદી-ઝરણાં ઘણા ભાગમાં વહેતાં બંધ થયા છે. મોટા ભાગની નદીઓ પ્રદૂષિત થયેલી છે અને માનવીય હસ્તક્ષેપ તથા માછીમારીનું પ્રમાણ વધવાને કારણે જળબિલાડી હવે ખુબ જ ઓછી સંખ્યામાં બચી હોવાનું જણાય છે. તેની ઉપસ્થિતિ જોવા મળી જાય તો સદ્‌નસીબ ગણાય.



માછલાં, કરચલાં, દેડકાં, ઉંદર અને પાણીનાં પક્ષીઓ તેનો મુખ્ય ખોરાક છે. ઘણી વખતે તે કિનારાના ખડકો પર તથા નદીનાં પાણીમાં પણ જોઈ શકાય છે. નદી કિનારે ભેખડોમાં બખોલ બનાવીને તેમાં રહે છે. પગમાં પાંચ આંગળીઓ હોય છે. જળબિલાડી જ્યારે ઉત્તેજિત થાય છે ત્યારે વિશિષ્ટ પ્રકારનો અવાજ કરે છે. પોતાની જાતિનાં અન્ય સભ્યોને સચેત કરવા માટે તે સીટી જેવો અવાજ કરે છે. ભારતના ઓરિસ્સા પ્રાંત અને સિંધના શિકારીઓ જળબિલાડીઓ પાળે છે અને તેનો ઉપયોગ માછલાં પકડવામાં અને જાળ તરફ માછલાંને ભગાડવા માટે કરે છે. સિંધ પ્રાંતના મુહાણા લોકો ગેલ્ફિન્સ નામની માછલીને આકર્ષિ ફસાવવા માટે જળબિલાડીનો ઉપયોગ કરે છે.





નક્શામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં નાનું વણીયર જોવા મળે છે.


નાનું વણિયર

SMALL INDIAN CIVET

(Viverricula indica indica) (F-Viverridae)

આ પ્રાણી વણીયર કે વીજ તરીકે પણ ઓળખાય છે. આ નિશાચર પ્રાણીની કાળા અને સફેદ પટ્ટાવાળી પૂંછડી તેની ઓળખ છે.

બિલાડીને મળતું આવતું આ પ્રાણી ૯૦ સે.મી. લાંબું અને ૧૫ સે.મી. ઊંચું હોય છે. તેનું વજન ત્રણ કિલોગ્રામ જેટલું જ હોય છે. દસ વર્ષનું આયુષ્ય ભોગવતું આ પ્રાણી આખા વર્ષમાં કોઈપણ સમયે બચ્ચાંને જન્મ આપે છે. તે એકસાથે ત્રણ થી પાંચ બચ્ચાંને જન્મ આપે છે. વીજના પગ ટૂંકા હોય છે. શરીર પર કાળાં ટપકાં અને પટ્ટાઓ હોય છે. તેની પૂંછડીમાં કાળા રંગની પટ્ટીઓ હોય છે. આછા જંગલ અને ઘાસિયા વિસ્તારમાં જોવા મળતું આ પ્રાણી ઉંદર, ખિસકોલી, નાનાં પક્ષીઓ, કાચીંડા, જીવાતો, મરઘાં વગેરે ખાય છે. નિશાચર હોવાથી તે રાતે જ જોવા મળે છે. માણસોથી દૂર રહેતું આ પ્રાણી રાતે રસ્તા પર પણ જોવા મળી જાય છે. આ પ્રાણી જ્યાંથી પસાર થાય છે ત્યાં તે એક ખાસ પ્રકારની વાસ છોડી જાય છે. તે પોલાણમાં કે જમીનમાં દર કરીને રહે છે. ક્યારેક ઝાડી-ઝાંખરામાં પણ રહે છે. આ પ્રાણી બોર ખાતું હોવાથી બોર પાકે ત્યારે બોરડી પાસે જોવા મળી શકે છે. ક્યારેક ટીક-ટીક અવાજ કરે છે. ગામના છેવાડાના ઘરમાં ઘૂસી ને ગોળ ખાઈ જતું હોય છે. ઝાડના સીધા થડ પર પણ સહેલાઇથી ચડી જાય છે.





જમ્મુ-કાશ્મીર, હિમાલયના ઉચ્ચ પ્રદેશો અને રણપ્રદેશ સિવાયના સમગ્ર ભારતમાં આ પ્રાણી જોવા મળે છે. આ રીતે ગુજરાતમાં લગભગ બધે જ જોવા મળે છે.


ભારતમાં પાંચ અને આપણાં ગુજરાતમાં બે પ્રકારના વણિયર જોવા મળે છે. નાના ભારતીય વણિયરની પૂંછડી પર ૮ થી ૧૦ કાળા અને ધોળા રંગની ગોળાકાર કળીઓ આવેલી હોય છે. ઝાંખા કાળા રંગની રુવાંટીવાળું શરીર ધરાવે છે. જેમાં વિસ્તાર પ્રમાણે કથ્થાઈથી ભૂખરા રંગના ફેરફારવાળું જોવા મળે છે. તેની પર ઘાટા રંગનાં ટપકાં હોય છે. ગળાની નીચેની તરફના ભાગમાં બે કાળા રંગના પટ્ટા હોય છે. કાન નાના ગોળાકાર અને માથાની ઉપરના ભાગે બિલાડીની જેમ એકબીજાની નજીક ગોઠવાયેલા હોય છે. તેના પગ કાળા અને લાંબા હોય છે. આગલા અને પાછલા પગમાં પાંચ- પાંચ આંગળાં હોય છે. આંગળાંના નહોર બિલાડીની જેમ અંદર પાછા ખેચાઈને ઢંકાઈ શકે છે.

વૃક્ષ ઉપર વધારે પ્રમાણમાં રહેતું નથી, પણ ઘાસ અને ઝાડીવાળી જમીન પર ફરવું વધારે પસંદ કરે છે. પથ્થરની નીચે કે જમીન નીચે તેનું દર બનાવે છે. રાત્રે ફરવાનું તેને ગમે છે. એકલા ફરવાવાળું અને ખૂબ જ ગભરું છે. માનવ વસાહતની આસપાસ પણ જોવા મળે છે. અગાઉના સમયમાં લોકોના ઘરમાં ઘૂસીને રસોડામાંથી ગોળ ખાઈ જવાના કિસ્સા નોંધાયા છે. મિશ્રાહારી આ પ્રાણી કીટકો, ઉંદર, ગરોળી, નાનાં પક્ષીઓ ઉપરાંત બોર, વડના ટેટાં, ગૂંદા, ખેતપાકો વગેરે ખાય છે.

નર અને માદાના ગુપ્તાંગ ભાગ પાસે આવેલી એક ગ્રંથિમાંથી ચીકણો સુંગધીદાર પીળાશ પડતો રસ ઝરે છે. આવો સ્રાવ તેના પોતાના બચાવમાં અને સાથીને આકર્ષવામાં ઉપયોગી હોય છે. સુગંધિત દ્રવ્ય તરીકે તેનું વેચાણ થતું હોઈ ભારતના કેટલાક ભાગોમાં તેને પાલતું બનાવીને સાચવવામાં આવે છે. તે અન્ય એક નામ “જબાદ” તરીકે પણ ઓળખાય છે. “જબાદ” એક અરબી શબ્દ છે જેનો અર્થ સુગંધિત પદાર્થ થાય છે. તે તેની સુગંધ માટે વપરાય છે. તે રીતે “સીવેટ” અંગ્રેજી શબ્દ પણ ઘણીવાર તે ટિક-ટિક જેવો અવાજ સતત કરે છે તેના માટે વપરાય છે. ફળો અને શાકભાજી જેવી વનસ્પતિ પર આધાર રાખતું આ પ્રાણી બીજનો ફેલાવો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

શિકાર, રોડ અકસ્માત અને ઘટેલા આવાસસ્થાનોના કારણે તેની વસતી ઘટવાથી તે સરળતાથી જોવા મળતું નથી.





નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
તાડ બિલાડી જોવા મળે છે.




તાડ બિલાડી COMMON PALM CIVET / TODDY CAT

(Paradoxurus hermaphroditus)
(F-Viverridae)

વણિયરની જ એક જાત છે, પણ તેનો રંગ ભૂખરો કે કાળો હોય છે. તે ઝાડ પર વધુ જોવા મળતું હોવાથી તાડનું વણિયર પણ કહેવાય છે.

આ પ્રાણી ૧૦૦ સે.મી. લાંબું અને ત્રણથી ચાર કિલોગ્રામ વજન ધરાવે છે. તેનું સરેરાશ આયુષ્ય ૧૦ થી ૧૫ વર્ષનું હોય છે. આ પ્રાણીનું મોઢું લાંબું હોય છે અને વાળ પણ લાંબા હોય છે. તેની પૂંછડી પર હારબંધ કાળાં ટપકાં હોય છે. તેની પૂંછડીની લંબાઈ તેના શરીર જેવડી જ હોય છે. ઉંદર, નાના પ્રાણીઓ, પક્ષીઓ, ફળો વગેરે તેનો મુખ્ય ખોરાક છે. તાડ પર ચડી તાડનો રસ પી જતું હોવાથી તેને તાડ બિલાડી કહેવાય છે. શૂલપાણેશ્વર, દાહોદનાં જંગલો, વડોદરા અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં જોવા મળે છે. ગીચ જંગલમાં રહેવું પસંદ કરે છે. આંબા અને તાડનાં વૃક્ષ પર વધુ જોવા મળે છે. વૃક્ષ કે પથ્થરની બખોલમાં બચ્ચાંને જન્મ આપે છે. નિશાચર પ્રાણી હોવાથી રાતે જ ફરતું હોય છે. ક્યારેક તે માનવ વિસ્તારમાં પણ રહેણાંક બનાવે છે. તાડી પાડવાવાળાનો રસ એકઠો કરવા માટે બાંધેલી માટલીમાંથી રસ પી જાય છે અને માનવવસ્તીમાંથી મરઘાં પણ ખાઈ જાય છે. આ કારણથી તેને મરઘાચોર અને તાડીચોર ગણવામાં આવે છે.






હિમાલય અને રાજસ્થાન સિવાય સમગ્ર ભારતમાં જોવા મળે છે. ગુજરાતમાં સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, વડોદરા, વલસાડ તથા ડાંગ જિલ્લાઓમાં તેની ઉપસ્થિતિ જણાઈ આવી છે. આ પ્રાણીનો રંગ વિસ્તાર પ્રમાણે ઘટ્ટ બદામીથી લઈને કથ્થાઈ પડતો કાળો કે જેટ બ્લેક જોવા મળે છે. પીઠ પરની બન્ને બાજુમાં કાળા રંગની બ્લેક પટ્ટી જેવા ધબ્બા જોવા મળે છે. ગળું અને પૂંછડીનો ત્રીજો ભાગ કોઈપણ પ્રકારની ભાત વગરનો સાદો હોય છે. તેના અન્ય જાતિના વણિયરોના પગનાં તળિયાં ગાદી અને વાળયુક્ત હોય છે. જ્યારે આ વણિયરમાં વાળ વગરના પહોળા પંજા હોય છે. પૂંછડીની લંબાઈ પણ પ્રમાણમાં લાંબી હોય છે.

આ પ્રાણીને તાડનો રસ અને મધ ખૂબ જ ભાવે છે. તેથી તેને ગળ્યાં દાંતવાળું પણ કહે છે. ગાઢ જંગલ ભાગમાં વધારે જોવા મળતું આ પ્રાણી મોટાભાગે વૃક્ષો પર જ રહે છે. તેથી તેને ‘વૃક્ષ વણિયર’ પણ કહે છે. માનવ વસાહતોની આસપાસ ખોરાક માટે આટો આવી જાય છે. રાત્રિ દરમિયાન વૃક્ષો પર ફરતું રહે છે. જરૂરત પ્રમાણે જમીન ઉપર પણ આવે છે. મોટા વૃક્ષના થડની બખોલ કે પથ્થરો વચ્ચેના પોલાણમાં તે પોતાનું રહેઠાણ બનાવે છે. દિવસ દરમિયાન આરામ કરે છે અને રાત્રિ સમયે ભ્રમણ માટે નીકળે છે. તે એકલું રહેવા માટે ટેવાયેલું છે.

તાડ બિલાડીની પૂંછડીની નીચે સ્રાવ ગ્રંથિ હોય છે તેમાંથી તે ગંધયુક્ત સ્રાવ છોડે છે. તેની ગંધ રક્ષણ, સીમાક્ષેત્ર આંકન તથા સંવનન કાર્ય માટે સાથીદારની શોધમાં ઉપયોગી બને છે. કેટલાક વિસ્તારોમાં હવે તે માનવ વસાહતોમાં રહેતું જોવા મળે છે. ઘરોનાં છાપરાં પર કે ગટરો જેવાં પોલાણોમાં તેને કાયમી ઘર બનાવી લીધું છે. રહેઠાણ ઉપરાંત ખોરાક માટે પાલતું મરઘીઓનો પણ શિકાર કરે છે. પાઈનેપલ, કોફી અને અન્ય ફળાઉ તથા શાકભાજીના પાકોમાં ઘૂસી જઈને ખોરાક મેળવે છે. ગીચ જંગલનું એક વખતનું શરમાળ પ્રાણી હવે પોતાના અસ્તિત્વની ચિંતામાં માનવ વિસ્તારોમાં આશરો શોધવા લાગ્યું છે. કેટલાક લોકોએ તેને પાલતું પણ બનાવેલું છે. જે વિસ્તારમાં ઉંદરોનો ઉપદ્રવ હોય ત્યાં આ પ્રાણી ઉંદરોનો શિકાર કરતું હોઈ માનવ સમાજને મદદરૂપ પણ બને છે. અન્ય પ્રાણીઓની જેમ તેના આવાસસ્થાનો ઘટવાથી તથા શિકાર થવાને કારણે અગાઉ પણ જે ક્યારેક જ જોવા મળતું હતું તેવા આ પ્રાણીની વસતી હવે નહિવત્ રહી છે અને તેનું અસ્તિત્વ ટકી રહેવાનો પણ હવે ભય ઊભો થવા પામ્યો છે.






નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
નોળિયો જોવા મળે છે.

નોળિયો - COMMON MONGOOSE

(Herpestes edwardsi) (F-Herpestidae)

નોળિયાની લંબાઈ ૬૦ થી ૮૦ સે.મી. હોય છે. તેનું વજન બે કિલોગ્રામ જેટલું હોય છે. ૧૦ થી ૧૫ વર્ષ જીવતું આ પ્રાણી વર્ષના કોઈપણ ગાળામાં પ્રજનન કરે છે અને બે માસના ગર્ભકાળ બાદ ત્રણથી ચાર બચ્ચાંને જન્મ આપે છે. પીળા ભૂખરા રંગના વાળવાળું લાંબું-પાતળું શરીર અને શરીર જેટલી લાંબી પૂંછડી હોય છે. તેનાં શરીર પર કોઈ ટપકાં હોતા નથી. તે ઉંદર, સાપ, કાચીંડા, દેડકા, વીંછી, પંખીનાં ઇંડાં, ફળ, મૂળ અને મરેલાં પ્રાણી ખાય છે. નોળિયા દિવસ દરમિયાન પણ જોઈ શકાય છે. ખાસ કરીને તેની સાપ સાથેની લડાઈના કારણે વધુ જાણીતા છે. આછા જંગલ, ખુલ્લા ઘાસિયા વિસ્તાર, ખેતર, સીમ વિસ્તારમાં જોવા મળે છે. જમીનમાં દર બનાવીને રહે છે. ઘણીવાર રસ્તા પર પણ જોવા મળે છે. દિવસે અને રાત્રે બંને સમયે ફરતા હોય છે. કુટુંબમાં રહેવાનું પસંદ કરે છે. સાપ સાથેની લડાઈમાં તેને સાપ દંશ આપે તો તે ખાસ પ્રકારના વૃક્ષના મૂળ ખાઈ ઝેર ઉતારે તેવું મનાય છે. આ વાત સાચી નથી. નોળિયાને પણ ઝેરની અસર થાય છે, પણ સાપ સાથેની લડાઇ વખતે તેના વાળ ઊભા થઈ જાય છે જેથી સાપ બચકું ભરી શકતો નથી.




નોળિયા સમગ્ર ભારતમાં ફેલાયેલા છે. આપણા ગુજરાતમાં પણ બધે જ જોવા મળે છે. પીળાશ પડતા ભૂખરા રંગવાળી રુવાંટી ધરાવતું લાંબું શરીર અને ટૂંકા પગવાળું આ પ્રાણી છે. તેના શરીર પર ૧૦ જેટલા ઘાટા અને આછા પટ્ટા જોવા મળે છે. તેના પગ શરીર કરતાં ઘાટા રંગના હોય છે. પૂંછડી માથા અને શરીરની લંબાઈ જેટલી જ એટલે કે કુલ શરીરના લગભગ અડધોઅડધ લંબાઈ જેટલા લાંબા વાળવાળી પૂંછડીનો છેડો શ્વેત કે પીળાશ પડતા લાલ રંગનો હોય છે. આ જાતિના રણના નોળિયા લાલાશ અને દક્ષિણ ભારતના કથ્થાઈ અને ઉત્તર ભારતના ભૂખરા પડતા રંગના હોય છે. અણીદાર વાળવાળું માથું અને ટૂંકું નાક ધરાવતાં નોળિયાના ઉપલા હોઠની વચ્ચે ફાટ હોય છે. અર્ધ ગોળાકાર કાન ખુબ જ નાના હોય છે.

ચારેય પગમાં પાંચ-પાંચ મોટા નહોર હોય છે. આગલા પગના આંગળીના નહોર ખોતરવામાં ઉપયોગી બને તેવા મોટા હોય છે. નહોર અંદરની તરફ ખેંચાઈને ચામડી નીચે ઢંકાઈ જતા નથી. પાંચ આંગળીમાં અંગૂઠો કહી શકાય તેવી આંગળી બીજી આંગળીઓથી નાની હોય છે. વણિયરની જેમ પૂંછડીની નીચે ગંધગ્રંથિ હોતી નથી, પરંતુ દ્રુમગ્રંથિ હોય છે. તેમાંથી તીવ્ર દુર્ગંધ મારતો સ્રાવ ઝરે છે. પેટ ભાગમાં આવેલ




આ ગ્રંથિ રસ્તામાં આવતી ચીજ-વસ્તુઓ પર ઘસીને પોતાનું સીમાક્ષેત્ર નક્કી કરે છે. ખેતરો, વાડીઓ, બગીચાઓ, થોરની વાડો, ઝાડીવાળા વિસ્તારોમાં દર કરીને સાપના કે ઊધઈના રાફડામાં કે વૃક્ષના થડની બખોલમાં રહે છે. ક્યારેક ઘરના છાપરામાં પણ આશરો મેળવે છે.


દિવાચર પ્રાણી છે. એકલવાયું કે જોડીમાં આખો દિવસ લપાતું છુપાતું દોડદોડ કરતું જોવા મળે છે. વિવિધ પ્રકારના ખોરાકો તેને પસંદ છે. ઉંદર, સાપ, ગરોળીઓ, જીવાત, વીંછી, કાનખજૂરા, ઈંડાં વગેરે તો ખાય જ છે પણ ફળફળાદિ, પાન, મૂળ, બીજ જેવા વનસ્પતિજન્ય પદાર્થો પણ તેને સ્વીકાર્ય હોય છે. સાપ અને નોળિયાની દુશ્મનાવટ ખુબ જ જાણીતી છે. ભય જણાય ત્યારે નોળિયા ખાસ પ્રકારનો અવાજ કરીને તેના સમૂહના અન્ય સભ્યોને મદદ માટે બોલાવી લે છે. બચ્ચાંવાળી માદા પણ બચ્ચાંના રક્ષણ માટે આક્રમકરૂપ ધારણ કરે છે. જરૂર પડે ત્યારે નાનાં બચ્ચાંઓને માદા મોઢામાં પકડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. માનવ જાત પોતાને માટે હાનિકારક સમજે છે તેવા સાપ, ઉંદર, વીંછી, કીટકો વગેરે નોળિયા દ્વારા ભક્ષણ કરવામાં આવતાં હોઈ લોકો તેને પસંદ કરે છે.



સોનેરી નોળિયો
RUDDY MONGOOSE

(Herpestes smithii)
(F-Herpestidae)





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં સોનેરી નોળિયો જોવા મળે છે.

ભૂખરા નોળિયા જેવડા જ હોય છે, પણ તેના રંગના કારણે તે અલગ પડે છે. તેની પૂંછડીનો છેડો કાળો હોય છે.

સોનેરી નોળિયો ઘણી રીતે ભૂખરા નોળિયા જેવા જ હોય છે, પણ તે માનવવસ્તીથી દૂર રહે છે. ગુજરાતમાં ગીરના જંગલ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં જોવા મળતા આ નોળિયા પણ કોઈપણ ઋતુમાં બચ્ચાંને જન્મ આપે છે. માથાથી પૂંછડી શરૂ થાય તેટલા ભાગ સુધી શરીરની લંબાઈ ૩૯ થી ૪૫ સે.મી. હોય છે. પૂંછડીની લંબાઈ લગભગ તેના જેટલી જ એટલે કે ૪૦ સે.મી. જેટલી હોય છે. દોઢ થી બે કિલોગ્રામ જેટલું વજન હોય છે. એકસાથે ત્રણથી ચાર બચ્ચાંને જન્મ આપે છે. જે નવ થી દસ વર્ષ જીવે છે. સોનેરી નોળિયા મોટાભાગે જંગલ વિસ્તારમાં જ રહે છે તેથી સહેલાઈથી જોવા મળતા નથી. તેના સોનેરીવાળ પર કાળાં કે બદામી ટપકાં પણ હોય છે. સસલાં, ઉંદર, સાપ, દેડકા, ગરોળી, કરચલા, તીતીઘોડા અને પંખીઓનો શિકાર કરે છે. આ નોળિયાની ખાસિયત એ છે કે, તે જરૂરિયાત કરતાં વધુ મારણ કરે છે. આ નોળિયાની બે પેટાજાતિઓ છે, જેમાંની એક ભારતમાં બીજી શ્રીલંકામાં જોવા મળે છે. બિલાડી કુળનાં પ્રાણીઓ પોતાનો શિકાર છુપાઈને કરે છે જ્યારે નોળિયા શિકાર પર સીધા જ ત્રાટકે છે. સોનેરી નોળિયા મોટા કદની ગોકળગાય પણ ખાય છે.







ભારતીય દ્વીપકલ્પના જંગલનો મોટો નોળિયો ગુજરાતના જંગલ ભાગોમાં જોવા મળે છે.

આ નોળિયાનું કદ સામાન્ય ભૂખરા નોળિયા જેટલું જ હોય છે. તેના માથા, ગળા તથા ખભા ભાગે લાલાશ પડતા કથ્થાઈ રંગનું મિશ્રણ જેવું હોય છે. તેના પગ લાલાશ પડતા હોય છે. તેની પૂંછડી થોડી ટૂંકી અને તેનો છેડો કાળા રંગનો હોય છે. પૂંછડી ઉપરની તરફ વળેલી રહે છે. આ તેનું વિશિષ્ટ લક્ષણ છે. પગ લાલાશ પડતા હોય છે. આગલા કરતાં પાછળના પગ ખાસ કરીને વધુ લાલ જોવા મળે છે.

બધા જ નોળિયા ખોરાકની બાબતમાં ખૂબ જ તકવાદી હોય છે. નાના પુષ્ટવંશી જીવો, કીટકો અને અપુષ્ઠવંશી જીવોનો શિકાર કરીને ખાય છે. સમય આવે



ફળો પણ ખાય છે. તેમના નખ લાંબા અને અંદરની તરફ સંકોચાય તેવા હોતા નથી. જમીન નીચેના જીવો તે તેના નખથી ખોદીને બહાર કાઢીને ખાય છે.

નોળિયાની બધી જ જાતની વસતી ઘટતી જણાઇ નથી. અમુક નોળિયાની જાતિઓની સંખ્યા તો ચિંતાજનક રીતે વધી પણ રહી છે. ઘણા હાનિકારક જીવનો તે નાશ કરતા હોય, ઘણા મદદરૂપ પણ મનાય છે.

આ પ્રકારનો નોળિયા જંગલ વિસ્તારમાં જોવા મળે છે. નિશાચર હોય છે અને મુખ્યત્વે એકલા ફરતો જોવા મળે છે. અન્ય તેની જાતિના નોળિયા જેવી તેની વર્તણૂક હોય છે.

મોઢા વડે શિકારને પકડીને ફેંકી કાઢે છે. તેના તીક્ષ્ણ દાંત વડે શિકારને ચાવી કાઢે છે. માંસ ખાવા ઉપરાંત શિકારનું લોહી ચૂસતાં પણ તે જોવા મળે છે. પક્ષીઓનાં ઈંડાં પણ તેમનું ભાવતું ભોજન હોય છે. ઈંડાંને આગલા પગથી પકડીને તેમાં કાણું પાડે છે અને ઈંડાંની અંદરનું પ્રવાહી ભાગ ચૂસી કાઢે છે.

સોનેરી નોળિયા ખાસ કરીને જંગલ વિસ્તારોમાં જ રહેવાનું પસંદ કરતા હોવાથી તે સહેલાઈથી જોવા મળતા નથી. પૂંછડીનો છેડાનો ભાગ કાળા રંગનો હોવાથી આ નોળિયાઓ સામાન્ય નોળિયાથી અલગ પાડી શકાય છે.

વામનદેહી ભારતીય નોળિયો
SMALL INDIAN MONGOOSE

(Herpestes javanicus) (F-Herpestidae)


સામાન્ય નોળિયો કરતાં નાનો હોવાથી વામન નેળિયો કે નાનો નોળિયો કહેવાય છે. ન્યુલા કે નેવલા નામથી પણ જાણીતો છે.




નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં વામનદેહી ભારતીય નોળિયો જોવા મળે છે.

નોળિયાના શરીર પર લાંબા અને જાડાવાળ હોય છે, પણ આવા નોળિયાના શરીર પર એકદમ ટૂંકાવાળ હોય છે તેથી તે કઠણ શરીરવાળો હોય તેવું લાગે છે. તેની લંબાઈ ૬૦થી ૬૫ સે.મી. હોય છે. પૂંછડીની લંબાઈ ૨૬ સે.મી. જેટલી હોય છે. વજન માંડ સાડા સાતસો ગ્રામ હોય છે. નવ થી દસ વર્ષનું આયુષ્ય ભોગવતો આ નોળિયો વર્ષમાં બેથી ત્રણ વખત બચ્ચાંને જન્મ આપે છે. આ રીતે તે નોળિયાની અન્ય જાતિ કરતાં અલગ પડે છે. કઠણ દેહ ધરાવતો આ નોળિયો આછા બદામી કે ભૂખરા રંગનો હોય છે અને શરીર પર કાળા કે ઘેરા બદામી રંગનાં ટપકા હોય છે. તે સસલાં, સાપ, ઉંદર, દેડકા, ગરોળી, કરચલા અને પક્ષીનાં ઇંડાં ખાય છે. આ નોળિયા ફળ કે કંદમૂળ ખાતા નથી તે માંસ વધુ પસંદ કરે છે. સમગ્ર રાજ્યમાં જોવા મળતાં આ નોળિયા ખેતર, ખુલ્લા વિસ્તાર, જંગલ કે ઝાંખરામાં રહે છે. આ નોળિયો સીધો જ તેના શિકાર પર ત્રાટકે છે અને તેનું મોટું દબાવી દે છે. સાપને તે માથાના ભાગમાં બચકું ભરી અધમૂવો કરી નાખે છે.







ગુજરાતમાં લગભગ બધે જ જોવા મળતા આ નોળિયાની બે પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે. આ જાતિના રણપ્રદેશમાં જોવા મળતા નોળિયાનું પેટ સફેદ જેવું હોય છે. જ્યારે ઉત્તર ભારતમાં જોવા મળતા નોળિયા ઘાટા કથ્થાઈ રંગના હોય છે.

ઓલીવ બ્રાઉનથી લઈને ઘાટા કથ્થાઈ રંગના આ નોળિયાના શરીર ઉપર સોનેરી ધબ્બા હોય છે. તેની રુવાંટી ટૂંકી અને સિલ્ક જેવી મુલાયમ હોય છે.

ખેતરો, ઝાડી-ઝાંખરા વાડમાં આ દિવાચર નોળિયો ખોરકની શોધમાં ફરતો રહે છે. જમીનમાં પોતાની રીતે જાતે જ દર બનાવે છે. ખૂબ જ સાવચેતીપૂર્વક લપાતા છૂપાતા ફરવાની આદત ધરાવે છે. નિયમિતપણે એક જ રસ્તે આવનજાવન કરવાની ટેવ ધરાવતા હોઈ તેનાં પગલાં દ્વારા તેની ઉપસ્થિતિ વર્તાઈ આવે છે.

નોળિયા એકલા કે જોડીમાં જોવા મળે છે. માદા પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે ખૂબ જ ચિંતિત રહે છે. બિલાડી જે રીતે તેના નાના બચ્ચાંઓને મોઢામાં સાવચેતીપૂર્વક પકડીને થોડા થોડા સમયે સ્થળ બદલતી





રહે છે તે રીતે આ નોળિયાની માદા પણ તેના બચ્ચાંઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવતી હોય છે.

નોળિયા ઉત્તર એશિયાથી દક્ષિણ ચીન, મલાયા દ્વીપકલ્પ, સુમાત્રા વિસ્તારોમાં વ્યાપ ધરાવતા હોઈ તેનું નામ 'સ્મોલ એશિયન મંગુસ' કે 'જાવન ગોલ્ડ સ્પોટેડ મંગુસ' તરીકે પણ નામકરણ પામેલ છે. વેસ્ટ ઈન્ડીઝના હવાઈયન ટાપુઓ પર આ નોળિયાને લઈ જઈ સ્થાપિત કરવામાં આવ્યા છે.

વિશ્વમાં નોળિયાની ૩૩ જેટલી જાતિઓ છે. આ કુળના સભ્યોની ચામડીનાં રંગ રુવાંટીનો રંગ લગભગ એક સરખો જોવા મળે છે.

તેના નાના કદ પ્રમાણે તે જે જીવોનો શિકાર કરી શકે તેવા બધા જ જીવોનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. બહુપાદ જીવો, કીટકો અને વીંછી જેવા નાના જીવોને પણ ખાય છે. આ રીતે તે માનવોને નુકશાનકારક જીવોનો સંહાર કરતા હોઈ ઉપયોગી બને છે. આ નોળિયાને પાલતું બનાવીને રાખવાના સફળ પ્રયાસો પણ થયા છે.



પાંડુવર્ણો નોળિયો
PALE GREY MONGOOSE

(Herpestes edwardsi ferrugineus)
(F-Herpestidae)

આ નોળિયો કેટલાક વિસ્તારોમાં રાતો નોળિયો કે કારિયો નોળિયો કહેવાય છે. સામાન્ય નોળિયા જેવો જ આ નોળિયો તેની પૂંછડીની મદદથી ઓળખાઈ જાય છે.

નોળિયાની આ જાતિ સામાન્ય નોળિયા જેવી જ હોય છે, પણ તેનો રંગ અલગ પડતો હોવાથી તે સહેલાઈથી ઓળખી શકાય છે. તેની સૌથી સહેલી ઓળખ તેની પૂંછડી હોય છે કેમ કે તે અન્ય નોળિયાની પૂંછડી કરતાં અલગ પ્રકારની અને છેડે જતાં વધુ રાતા રંગની થતી જતી હોય છે. ૬૦ થી ૮૦ સે.મી. લંબાઈ ધરાવતો આ નોળિયો બે કિલોગ્રામ વજનનો હોય છે. વર્ષના કોઈપણ ગાળામાં પ્રજનન કરે છે. ૬૦ દિવસના ગર્ભકાળ બાદ બચ્ચાંને જન્મ આપે છે. તેનું આયુષ્ય દસથી પંદર વર્ષનું હોય છે. આ નોળિયાનો રંગ રતાશ પડતો હોય છે. તેની રુવાંટી કાટવર્ણી હોય છે અને પૂંછડી વધારે રાતી હોય છે. નાના પક્ષી, તેનાં ઇંડાં, ઉંદર, સસલાં, સાપ, ગરોળી વગેરે ખાય છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા, પાલનપુર વિસ્તાર તથા રણકાંઠાના વિસ્તારમાં જ જોવા મળે છે. ખુલ્લા ઘાસિયા વિસ્તાર, ખુલ્લા ખેતરો, જંગલ અને ઝાંખરાવાળા વિસ્તારોમાં જોવા મળે છે. આ નોળિયો પણ સાપનો દુશ્મન છે. તે નાગ જેવા ઝેરી સાપને પણ મારી નાખે છે. ખૂબ જ ચપળ હોય છે, તેથી સાપ તેને ભાગ્યે જ બચકું ભરી શકે છે. આ નોળિયા પણ દર બનાવીને તેમાં રહે છે. તે એકલા ઓછા જોવા મળે



છે. પરિવાર સાથે જ રહેવાનું પસંદ કરે છે. પૂર્વ અને મધ્ય અરેબિયાથી લઈને નેપાળ સુધી, શ્રીલંકા અને ભારતમાં આ નોળિયાની જાતિ જોવા મળે છે. ગુજરાતના શુષ્ક પ્રદેશમાં બનાસકાંઠા જિલ્લા તથા રણપ્રદેશના કિનારાના ભાગોમાં તે ફેલાવો ધરાવે છે. ખૂબ જ મર્યાદિત વિસ્તારમાં વ્યાપ હોઈ તેના વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી. ભૂખરા નોળિયાની જ આ એક જાતિ છે. ભૂખરાથી લઈને આછો કથ્થાઈ રંગ ધરાવતા રુવાંટીવાળા શરીરના કાટ જેવો રાતો રંગ પૂંછડીની તરફ જતાં ઘાટો થતો જાય છે. તેની જાતિના અન્ય નોળિયાઓની જેમ તે દિવાચર છે અને એકલા કે જોડીમાં જોવા મળે છે. હરવાફરવા, ખોરાકની શોધ કરવા તથા અન્ય વર્તણૂક તેના જાતિભાઈઓ જેવી જ હોય છે.

અગાઉના સમયમાં નોળિયાના વાળમાંથી ચિત્રકામ માટેનાં બ્રશ બનતાં હતાં. આ કારણસર નોળિયાઓનો મોટા પ્રમાણમાં શિકાર થતો હતો. તે સમયે ભારતમાં તથા નેપાળમાં આ રીતે નોળિયાના વાળમાંથી બ્રશ બનાવતી કંપનીઓ ચાલતી હતી. હાલમાં ભારતીય વન્ય જીવ સંરક્ષણ ધારા હેઠળ આ પ્રાણીને રક્ષણ મળેલું હોવાથી તેના શિકારનું પ્રમાણ ઘટી ગયું છે. ભારતમાં આ પ્રવૃત્તિ ગેરકાયદે હોવાથી ચોરીછૂપીથી શિકાર થાય છે, પરંતુ નેપાળમાં હજુ પણ નોળિયાના વાળના બ્રશની બનાવટ માટે તેનો મોટા પ્રમાણમાં શિકાર થાય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં પાંડુવર્ણો નોળિયો જોવા મળે છે.

અગાઉના સમયમાં મદારીઓ દ્વારા સાપ અને નોળિયાની લડાઈના ખેલ બતાવવામાં આવતા હતા. તેથી અને ગ્રામ્ય વિસ્તારોમાં તેની હાજરી સરળતાથી વર્તાઈ આવતી હોઈ નોળિયા મોટાભાગે બધાએ જોયા હોય છે.


મોટાભાગના નોળિયા મિશ્રાહારી હોય છે, પરંતુ શક્ય હોય ત્યાં સુધી જાતે શિકાર કરીને માંસાહારી ખોરાક ખાવાનું વધુ પસંદ કરે છે. આ માટે માંસના સરળતાથી ટુકડા કરી શકાય તેવા તીક્ષ્ણ દાંત ધરાવતા હોવાથી પણ તેમની પ્રથમ પસંદગી હોય છે. નોળિયાનું અણિયાળું માથું, નાના કાન, નળાકાર શરીર અને ટૂંકા પગ તેને જમીનને નીચે દર કરીને રહેવા માટેનું આદર્શ શરીર પૂરું પાડે છે.

નોળિયામાં નર પોતાના મોટા વિસ્તારમાં પ્રભુત્વ જાળવી રાખે છે અને તેવા પ્રભુત્વવાળા વિસ્તારમાં એકથી વધુ માદાઓ જોવા મળે છે.

રીંછ SLOTH BEAR

(Melursus ursinus ursinus) (F-Ursidae)

લંબાઈ ૧૫૦ થી ૧૬૦ સે.મી. અને તેનું વજન ૧૧૦ થી ૧૭૦ કિલોગ્રામ જેટલું હોય છે. રીંછના આખા શરીર પર વાળ હોવાથી તે મધ ખાવા જાય છે ત્યારે મધમખીઓ તેને કરડી શકતી નથી. તેને મધ બહુ પ્રિય હોય છે. આ ઉપરાંત તે ફળ, ફૂલ, કંદમૂળ અને નાના કીટકો ખાય છે. ભાગ્યે જ માંસાહાર કરે છે. ખડકાળ વિસ્તારના પોલાણમાં કે ગુફામાં રહેવાનું પસંદ કરે છે. તેનું શરીર બહુ મોટું હોવાથી તેને વધુ ખોરાકની જરૂર રહે છે. તેને ઊધઈ પણ બહુ ભાવે છે. રીંછનું પાણી પીવાનું સ્થળ લગભગ નિશ્ચિત હોય છે. દરરોજ એક જ જગ્યાએ પાણી પીવા જાય છે. તેનું નાક બહુ તેજ હોવાથી પાકેલાં ફળની સુગંધ પરથી તે ફળવાળું ઝાડ શોધી લે છે. વાદળછાયા વાતાવરણમાં તે દિવસે પણ જોવા મળે છે. વૃક્ષો પર સહેલાઈથી ચડી જાય છે. તે તાડી પર ચડી તાડી પી જતું હોવાના દાખલા નોંધાયા છે. બંધનાવસ્થામાં તેનું આયુષ્ય ૩૪ વર્ષ જેટલું નોધાયેલું છે. માદા રીંછનું વજન નર રીંછ કરતાં ઓછું હોય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં રીંછ જોવા મળે છે.




પદચિહ્ન



આપણા ભારતમાં હિમાલયન બ્રાઉન બીયર, એશિયાટિક બ્લેક બીયર, સન બિયર તથા સ્લોથ બીયર એમ ચાર જાતિના રીંછ જોવા મળે છે. બ્રાઉન બીયર મોટામાં મોટું તથા સન બીયર નાનામાં નાનું છે. સ્લોથ બીયર એટલે કે રીંછ હિમાલયના ઉચ્ચ પ્રદેશો, જમ્મુ અને કાશ્મીર અને રાજસ્થાન તથા ગુજરાતના શુષ્ક તથા રણપ્રદેશમાં જોવા મળતું નથી. આ સિવાય સમગ્ર ભારતમાં તેનો વ્યાપ છે. ગુજરાત રાજ્યમાં ફક્ત સ્લોથ બીયર જોવા મળે છે. તે જેસોર, બાલારામ, પોળો, રતનમહાલ, જાંબુઘોડા, અને શૂલપાણેશ્વરના જંગલ વિસ્તારોમાં જોવા મળે છે. આ બધા જ પૂર્વ પટ્ટીનાં જંગલો ખડકાળ અને ડુંગરાળ છે. આ રીંછ પહોળું માથું, ત્રિકોણાકાર ચહેરો તથા નાળચા જેવું લાંબું નાક અને મોટું ધરાવે છે. ઉપર-નીચેનું જડબું ખુલ્લા હોઠથી જોડાયેલું હોય છે. ઉપરના હોઠ સ્વતંત્ર રીતે હલનચલન કરી શકે છે. રીંછના પગ જાડા અને મજબૂત હોય છે. માણસ જેવા સપાટ પંજા આછા સફેદ રંગના હોય છે. આગળ અને પાછળના પગનાં પાંચ પાંચ આંગળાં અને તેના નહોર સફેદ, લાંબા અને મોટા હોય છે. બધા આંગળાં આગળની એક દિશા તરફ ગોઠવાયેલા હોય છે. તેનાં પગલાંની છાપ માણસનાં પગલાં જેવી જ હોય છે. પૂંછડી ટૂંકી અને નાની હોય છે. જે તેના મોટા લાંબા વાળમાં ભળી જતી હોવાથી પ્રથમ નજરે દેખાતી નથી. આખું શરીર લાંબા બરછટ સામાન્ય ભૂખરા કાળા રંગના વાળથી ઢંકાયેલું હોય છે. છાતીના મધ્યે ભાગમાં અંગ્રેજી 'વી' જેવા સફેદ રંગના આકારના વાળની ગોઠવણ જોવા મળે છે. નાકની ઉપરના ભાગે તથા મોઢાની આસપાસના વાળ ખૂબ જ આછા તથા ટૂંકા હોય છે.

જરૂર જણાય ત્યારે સૂંઘવાની શક્તિના આધારે ખોરાક સુધી પહોંચે છે. શિકાર કરીને અને મળે તો મરેલા સડેલા પ્રાણીનું માંસ ખાય છે. જમીનની નીચે લાંબા નહોર વડે ખોતરીને








ખોરાક મેળવે છે. વૃક્ષ પર સારી રીતે ચઢી શક્તું હોઈ ત્યાંથી પણ ખોરાક મેળવે છે. ફૂલ, ફળ, કુમળાં પાન, મૂળ, છાલ, ઘાસ વગેરે વનસ્પતિજન્ય ખોરાક ઉપરાંત મધ સહિત મધમાખીઓ અને જુદીજુદી જાતની જીવાતો પણ ખાય છે. ખેતરમાં ઘૂસી જઈને શેરડી અને મકાઇ જેવા પાક પણ ખાય છે. આ રીતે મિશ્રાહારી ગણાતું રીંછ નિશાચર છે. સૂર્યાસ્ત સમયે ગુફામાંથી બહાર નીકળી આખી રાત એકલું પાણી, ખોરાક તથા અન્ય પ્રવૃત્તિઓ માટે ફરતું રહે છે. ચોમાસા અને શિયાળાની ઋતુ દરમિયાન વાદળછાયું વાતાવરણ હોય ત્યારે દિવસે પણ ભ્રમણ કરે છે. સંવનન સમયે નર રીંછ માદાની શોધમાં ભટકવાનું શરૂ કરે છે. માદા રીંછ તેના નાનાં બચ્ચાંને તેની પીઠ પર બેસાડીને ફરવા નીકળે તે દૃશ્ય નિહાળવાલાયક હોય છે. ભૂખ ન હોય તો આળસુની જેમ પડયું રહે છે, પરંતુ ભૂખ લાગી હોય તો ખોરાકની શોધમાં લાંબા અંતર સુધી ફરે છે. રીંછ સારી રીતે તરી પણ શકે છે. અગાઉ રીંછના ખેલ કરવા માટે તેને મોટા પ્રમાણમાં પકડવામાં આવતા હતા. રીંછના દાંત, નખ અને લીવર જેવાં અંગોનો ગેરકાયદે વેપાર થાય છે. ઉપરાંત તેમના રહેઠાણ લાયક ગીચ જંગલો ઘટી ગયા હોઈ રીંછનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે.


સાબર SAMBAR

(Cervus unicolor)
(F-Cervidae)

આ પ્રાણીના નરનાં શિંગડાં ખૂબ જ સુંદર હોય છે. હરણ કુળનું આ સૌથી મોટું પ્રાણી છે. તેને સાંભર પણ કહે છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં સાબર જોવા મળે છે.



તેની લંબાઈ ૧૫૦ થી ૨૦૦ સે.મી. જેટલી હોય છે અને વજન ૨૨૫ થી ૩૨૦ કિલોગ્રામ સુધીનું હોય છે. સાબરનું આયુષ્ય ૨૦ વર્ષનું માનવામાં આવે છે. તે નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં પ્રજનન કરે છે. આછા બદામી રંગનું લાંબું અને ઊંચું હરણ હોય છે. નરને શાખાવાળાં શિંગડાં હોય છે જેના પરથી તે તરત ઓળખાઈ જાય છે. માદા સાબરને શિંગડાં હોતાં નથી. તેના કાન મોટા અને ગોળ હોય છે. દર વર્ષે સાબરનાં શિંગડાં ખરી જાય છે અને સંવનન ઋતુમાં નવાં આવી જાય છે. ગુજરાતમાં ગીરના જંગલ અને ગિરનારમાં જોવા મળે છે. દિવસ દરમિયાન જંગલમાં આરામ કરે છે અને રાત્રે ભ્રમણ કરે છે. તે ભય જોઇને વિશિષ્ટ અવાજ કરે છે. તેના આ અવાજથી બીજાં પ્રાણીઓ પણ સાવધ થઈ જાય છે તેથી તેને જંગલના સંત્રીનું ઉપનામ પણ અપાયું છે. ઘાસ ઉપરાંત ફળો પણ ખાય છે. ઢોળાવવાળા કે ડુંગરાળ જંગલમાં રહે છે. મોટી ઉંમરનાં સાંભર મહદંશે ઘેરા રંગનાં કે કાળા રંગનાં હોય છે. નર પોતાનાં શિંગડાંને સાફ રાખવા માટે વૃક્ષો સાથે ઘસતાં હોય છે.

સાબર એશિયાનું સહુથી મોટું હરણ (Deer) છે. તેનો વ્યાપ પણ સહુથી વધુ છે. રણ, ચેર અને ઉચ્ચ હિમાલય વિસ્તારો સિવાય તે સમગ્ર ભારતમાં જોવા મળે છે. ઘાસિયા મેદાનો તેને પસંદ નથી. ગીચ ઝાડીવાળા ઢોળાવવાળા પ્રદેશો તેને વધુ અનુકૂળ આવે છે. ગુજરાતના ગીર અને ગીરનાર વિસ્તારોમાં તે સારી એવી સંખ્યામાં છે. જ્યારે શૂળપાણેશ્વર, ડાંગ અને વ્યારાના જંગલોમાં હોવાની સંભાવના છે. શરીર પરની રૂંવાટી ઘાટા બરછટ દેખાતા બદામી રંગની હોય છે. જે ઉંમર વધવા સાથે વધુ ઘટ્ટ થાય છે. નર-માદાના પ્રમાણમાં વધુ ઘટ્ટ રંગનો હોય છે. ખરી ધરાવતાં આ પ્રાણીમાં ફક્ત નરને ત્રણ શાખાવાળા-પ્રતિવર્ષ ઉગતાં અને ખરી પડતાં શિંગડા જોવા મળે છે. શિયાળામાં સંવનનની તેમની ઋતુ શરૂ થાય ત્યારે નવા ઉગતાં કઠણ શિંગડા ચામડી અને મુલાયમ વાળથી આચ્છાદિત હોય છે. જે નરમ વેલ્વેટ જેવા દેખાય છે. આ વેલ્વેટ સુકાઈ જતાં નર સાબર તેના શિંગડા વારેવારે વૃક્ષ સાથે ઘસીને તેનું આવરણ દૂર કરે છે. પ્રાણીજગતમાં ખરી પડતાં શિંગડાની પેશીઓ સહુથી ઝડપથી વધતી હોવાનું મનાય છે. માર્ચ- એપ્રિલ માસ દરમિયાન શિંગડા ખરી જાય છે. સાબરની માદાને શિંગડા હોતા નથી. માદા પર પ્રભુત્વ સ્થાપિત કરવા માટે સંવનન ઋતુમાં પુખ્ત નર શિંગડા ભટકાવીને લડે છે. વિજેતા નર માદા સાથે



જોડી બનાવે છે. નર પોતાના વિસ્તારના પ્રભુત્વ માટે પણ લડે છે. શિંગડાવાળા નરને અંગ્રેજીમાં "સ્ટેગ" કહે છે. સાબર નિશાચર છે પરંતુ ઘણીવાર દિવસ દરમિયાન પણ ફરતાં જોઈ શકાય છે. નરને એકલા ફરતાં જોઈ શકાય છે. નર- માદાની જોડી કે માદા સાથે નરની સંખ્યા હોય તેવા સમુહમાં પણ જોવા મળે છે. વાઘ અને સિંહ જેવા મોટા માંસાહારી પ્રાણીઓનો તે પ્રિય શિકાર છે. તે ઉંચીની વનસ્પતિની કુંપળ અને પાંદડા ખાવાની ટેવને કારણે આ પ્રાણીઓ પર્ણ ખાનારા "બ્રાઉઝર" કહેવાય છે. અપવાદરૂપે ક્યારેક જમીન પરનું ઘાસ ખાય છે. પાણીવાળા સ્થળોની નજીક તેની આવન-જાવન વધુ હોય છે. પાણી પીતા કે પાણીની વચ્ચે ઉભા રહેલા સાબર ઘણીવાર જોવા મળે છે.

ક્યારેક ક્યારેક ફળ સાથે બીજ ખવાયા હોય તો ચાવી લીધા બાદ ઉલટી કરીને કાઢી નાંખે છે. નર સાબર સંવનન ઋતુ દરમિયાન માદાને આકર્ષવા માટે ચોક્કસ પ્રકારનો ગાંગરવા જેવો અવાજ કરતો રહે છે. આવા અવાજને "રટીંગ કોલ" કહેવામાં આવે છે. અન્ય સહાયક પ્રાણીઓને શિકારી પ્રાણીઓ નજરે ચઢે ત્યારે ચેતવવા માટે ભયસૂચક "ધોક" એવો મોટો અવાજ પણ કરે છે. તેની સુંઘવાની અને સાંભળવાની શક્તિ સારી હોય છે. જ્યારે જોવાની શક્તિ મધ્યમ હોય છે. એક સમયે સાબરમતી નદીના કાંઠા વિસ્તારના જંગલોમાં નિર્ભયપણે સાબર વિહરતાં હતાં. તેથી જ તો સાબરમતી નામ આ નદીને મળ્યું છે. આજે તેના રહેણાંક લાયક વિસ્તારો ઘટવાથી, રોગચાળા અને શિકારને કારણે તેની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે.




ચિત્તળ SPOTTED DEER

(Axis axis) (F-cervidae)

ખૂબ જ સુંદર દેખાતું આ પ્રાણી ચિત્તલ, ચિતળ, ચિત્રા પહુ કે પશુ તરીકે પણ ઓળખાય છે.

હરણ કુળનું આ સૌથી સુંદર પ્રાણી છે. તેની સોનેરી ચામડી પર સફેદ ટપકાં હોય છે. જેના કારણે તે ઘણું આકર્ષક લાગે છે.




પદચિહ્ન

નર ચિત્તળને શિંગડાં હોય છે. જેમાં બે શાખા હોય છે. તેનાં તાજાં ઊગેલાં શિંગડાં પર મખમલ જેવું પડ હોય છે અને શિંગડાં પાકટ થતાં તે ઝાડ સાથે ઘસીને આ પડ કાઢી નાખે છે. ૫૫ થી ૯૦ સે.મી.ની ઊંચાઈ ધરાવતાં આ પ્રાણીનાં શિંગડાં ક્યારેક ૮૫ સે.મી. જેટલાં લાંબાં હોય છે. તેનું વજન ૬૦ થી ૯૦ કિલોગ્રામ જેટલું હોય છે. તે ઘાસ, પાન, ફળ વગેરે ખાય છે. દિવસે તથા રાત્રે એમ બંને સમયે ચરતાં જોવા મળે છે. પાનખરનાં જંગલો અને અર્ધ ભેજવાળા જંગલમાં રહે છે. જંગલમાં જ્યાં વાંદરા હોય છે ત્યાં ચિત્તળ હોવાની શક્યતા હોય છે કેમ કે જોખમના સમયે વાંદરા અવાજ કરી ચેતવી દે છે તેથી તે ત્યાંથી ભાગી શકે. ખુલ્લા મેદાનમાં આરામ કરે છે અને બધી દિશામાં નજર રહે તે રીતે વર્તુળાકારમાં બેસે છે. પાકટ વયનાં ચિત્તળ ઘેરા અને વધુ કથ્થઈ રંગના હોય છે. ચિત્તળ ૧૦-૨૦નાં ટોળાંમાં જ હોય છે જેમાં બેથી ત્રણ નર હોય છે. વાઘ અને સિંહ જેવા માંસાહારી પ્રાણીઓનો તે મુખ્ય ખોરાક છે.

ખરીવાળા, વાગોળનારા આ પૌરાણિક હરણ ચિત્તળને શાસ્ત્રોમાં સુવર્ણમૃગ નામ પણ અપાયું છે. રણ, ઉચ્ચ હિમાલય, જમ્મુ-કાશ્મીર અને પૂર્વીય ભારત વિસ્તારો સિવાય તે સમગ્ર ભારતમાં સર્વસામાન્ય જોવા મળતું પ્રાણી છે. અગાઉ રાજ્યના પૂર્વપટ્ટીનાં જંગલોના સપાટ અને સાધારણ ડુંગરાળ પ્રદેશોમાં સરળતાથી જોવા મળતાં ચિત્તળ હાલમાં ગીર, ગિરનાર, મિતિયાલા, હિપ્પાવડલી અને વાંસદાનાં જંગલોમાં જોવા મળે છે. વ્યારાના જંગલમાં પણ તેનું નાનું જૂથ ટકી રહ્યું છે. બરડાના જંગલમાં તેના પુનઃવસનના પ્રયત્નો થઈ રહ્યા છે. સોનેરી રંગની આછી રુવાંટીવાળી ચામડી પર થોડા થોડા અંતરે સફેદ ટપકાં ને લીધે તેને “સ્પોટેડ ડીયર’’ નામ અપાયું છે. ફક્ત નરને શાખાવાળાં શિંગડાં હોય છે. જે દર વર્ષે નવાં ઊગે છે ત્યારે રુવાંટીવાળી ચામડીના વેલ્વેટ જેવું આવરણ ધરાવે છે. જે સુકાઈ જતાં નર વૃક્ષની શાખાઓ સાથે ઘસીને તેને ખેરવી નાખે છે. શિંગડાં અસ્થિમય અને અંદરથી નક્કર હોય છે. અંગ્રેજીમાં આવાં શિંગડાંને ‘એન્ટલર’ કહે છે. આ રીતનાં શિંગડાં ધરાવતા તેમના પરિવારના અન્ય સભ્યો સાબર, ભેંકર, કસ્તુરી હરણ વગેરેને “એન્ટલર્સ” કહેવામાં આવે છે. નરનાં શિંગડાં સિવાય નર-માદા દેખાવમાં સરખાં લાગે છે.

મોટાભાગે ૧૦થી ૩૦ના સમૂહમાં બેથી ત્રણ પ્રભુત્વ ધરાવતાં નર સાથેની ટોળકી જોવા મળે છે. ક્યારેક ૪૦૦ સુધીની સંખ્યાના મોટા સમૂહ પણ બને છે. આવા સમૂહમાં નર-માદા-બચ્ચાં હોય છે. જેમાં ઋતુ પ્રમાણે ફક્ત નર તથા ફક્ત



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ચિત્તલ જોવા મળે છે.



બચ્ચાં અને માદા એમ નાના સમૂહોમાં પણ વહેંચાતા હોય છે. પુખ્ત નર માદાઓ પર પ્રભુત્વ જમાવવા લડે છે. વિજેતા બળિયો નર માદાઓ સાથે જોડી બનાવીને રહે છે. સંવનનકાળ દરમિયાન નર ચિત્તળ ખાસ અવાજ દ્વારા માદાને આકર્ષવા પ્રેમસંદેશ આપે છે. જંગલના ઘાસિયા ભાગોમાં મુખ્યત્વે સવારે અને સાંજે ચિત્તળનાં ટોળાં એકસાથે ચરતાં જોઈ શકાય છે. તે જ રીતે સમૂહમાં પાણી પીવા જાય છે. આ સમયે સમૂહના અમુક સભ્યો કોઈ અન્ય પ્રાણી હુમલો ન કરે તેની કાળજી રાખવા ચારે તરફ નજર રાખે છે. જંગલમાં વાંદરા અને ચિત્તળ ટોળી વચ્ચે સારી એવી દોસ્તી હોય છે. વાંદરા ચિત્તળને વૃક્ષો પર ઊંચાઈએ ઊગેલાં ફળ-ફૂલ-પર્ણો તોડીને નીચે નાખી આપે છે. ચિત્તળ વૃક્ષ નીચે ઊભાં ઊભાં તે પ્રેમથી નિર્ભય બનીને આરોગે છે. વાંદરા ઊંચાઈએથી અને ચિત્તળ જમીન પર રહીને શિકારી પ્રાણીના આગમનની જાણ એકબીજાને ભયસૂચક અવાજના માધ્યમથી કરી દે છે. ચિત્તળની મોર સાથે પણ સારી દોસ્તી છે. માદા સામાન્ય રીતે એક સમયે એક જ બચ્ચાંને જન્મ આપે છે, પરંતુ વર્ષમાં તે ફરીથી બીજા બચ્ચાંને પણ જન્મ આપી શકે છે. તેથી આ પ્રાણી બહુ બચ્ચાંને જન્મ આપનારાં પ્રાણીઓ પૈકી ગણતરી પામે છે. ઘટી ગયેલાં ઘાસિયાં મેદાનો, માનવોના પાલતું ઢોરોનું અતિક્રમણ અને રોગચાળાને કારણે ધીરે ધીરે ચિત્તળ જોવા મળતાં હોય તેવા વિસ્તારો ઘટી રહ્યા છે.






ભેકર BARKING DEER

(Muntiacus muntjak) (F-Cervidae)

સામાન્ય રીતે ભેંકડું કે કાકર તરીકે ઓળખાય છે. કૂતરાના ભસવા જેવો અવાજ કરતું હોવાથી તેનું નામ ભેંકડું પડ્યું છે.

હરણ કુળના નાનાં પ્રાણીઓમાંનું આ પ્રાણી છે. તેની ઊંચાઈ ૫૦ થી ૭૦ સે.મી. હોય છે. તેમા નરને શિંગડાં હોય છે. જે બહુ નાનાં હોય છે. આયુષ્ય ૧૦ થી ૨૦ વર્ષનું હોય છે. શિયાળામાં પ્રજનન કરે છે અને બે બચ્ચાંને જન્મ આપે છે. વજન ૧૮ થી ૨૫ કિલોગ્રામ હોય છે. નર ભેકરનાં શિંગડાં બે શાખાવાળાં હોય છે જ્યારે માદાને શિંગડાંની જગ્યાએ વાળનો ગુચ્છો હોય છે. ભેકરનાં શિંગડાં પણ વર્ષમાં એક વખત મે-જૂન મહિનામાં ખરે છે. ભેકડું ઘાસ, પાન, ફળ ખાય છે. શૂલપાણેશ્વર જંગલો, પંચમહાલ, ડાંગ અને વ્યારાનાં જંગલોમાં જોવા મળે છે. જંગલકાંઠાના વિસ્તારોમાં મોટાભાગે દિવસે ચરે છે. ચરતી વખતે કૂતરાના ભસવાના અવાજ જેવો અવાજ કરે છે. ભયના કારણે ડરીને ભાગે છે ત્યારે પણ આવો અવાજ કરતું જાય છે. ભેંકડું ગાઢ વનવાળા ડુંગરોમાં રહેવાનું પસંદ કરે છે. મોટા હરણની જેમ આ હરણ ટોળામાં રહેતું નથી. તે એકલું જ હોય છે. આ હરણની એક પેટાજાતિ છે જે ભારત ઉપરાંત ચીન અને જાપાનમાં પણ જોવા મળે છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ભેકર જોવા મળે છે.





પદચિહ્‌ન



ભારતીય દ્વીપકલ્પનું સહુથી નાનું મૃગ (ડીયર) ભેકર છે. શુષ્કપ્રદેશ, રણ, ઉચ્ચ હિમાલય અને જમ્મુ કાશ્મીર સિવાય ભેકર સમસ્ત ભારતમાં જોવા મળે છે. રતનમહાલ, જાંબુઘોડા, રાજપીપલા, શૂલપાણેશ્વર, ડુમખલ, સગાઈ, ડાંગ અને વ્યારાનાં જંગલોમાં આ પ્રાણી ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળી શકે છે. અમુક ભાગમાં તેનું અસ્તિત્વ આધારભૂત રીતે ચકાસવું જરૂરી છે.

ભેકરની ચામડી પરની રુવાંટી ચમકતાં કથ્થાઈ રંગની હોય છે. આગલા પગ પાછળના પગ કરતાં લાંબા હોય છે. નરના ઉપલા દાંતની હરોળમાં બે લાંબા દંતશૂળ હોય છે. જે સહેલાઈથી દેખાતા નથી. આ દંતશૂળ સ્વરક્ષણ માટે તે વાપરે છે. શિંગડાં અંદરની તરફ વળાંકવાળા હોય છે. કપાળ ભાગમાં 'વી' આકારના ઊપસેલા હાડકાં જોવા મળે છે. માદા ભેકરને શિંગડાં નથી હોતાં. તેની જગ્યાએ વાળનો ગુચ્છ હોય છે. મે-જૂન માસમાં નરનાં શિંગડાં ખરી પડે છે. નર-માદા દેખાવમાં સરખાં લાગે છે.


ખૂબ જ ગીચ ડુંગરાળ જંગલોમાં આ પ્રાણી રહેવાનું પસંદ કરે છે. એકલા કે જોડીમાં અને ક્યારેક ત્રણથી ચારની ટોળીમાં તે જોવા મળે છે. આખું કુટુમ્બ સાથે ફરતું જોવા મળી શકે છે. સવારે, બપોરે, સાંજે એમ દિવસના કોઈપણ સમયે તે પ્રવૃત્તિમય જોવા મળે છે. મોટાભાગે રાત્રિના સમયે ચરતું જોવા મળી શકે છે. ઘાસ, પર્ણો અને જમીન પર પડેલાં ફળો ખોરાક તરીકે લે છે. ખોરાક માટે તે જંગલ નજીકના ખુલ્લા ભાગોમાં આવે છે. આ પ્રાણી એટલું શરમાળ હોય છે કે તે ક્યારેક જ જોવા મળી જાય છે. લપાતા-છુપાતાં ખૂબ જ ઓછું હરવા-ફરવાની તેની આદત છે.

એક વેતર સમયે એક જ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંનું વજન એકાદ કિલોગ્રામ જેટલું હોય છે. વર્ષ દરમિયાન સંવનન કરતું અને બચ્ચાં આપતું રહે છે.

આ હરણનું અંગ્રજી નામ ''બાર્કીંગ ડીયર'' તેની કૂતરા જેવા અવાજમાં ભસવાની ખાસિયતને લીધે અપાયેલું છે. સવારે કે સાંજે તે થોડા થોડા અંતરાલ દરમિયાન બોલતું રહે છે. ક્યારેક રાત્રે પણ બોલે છે. ભય હેઠળ કે ઝઘડતી વખતે તેનો અવાજ વારંવાર ટુકડે ટુકડે ઝડપથી કાઢે છે.

ગુજરાતમાં ખૂબ જ ઓછી જગ્યાઓએ ગણ્યાંગાંઠ્યાં જોવા મળતાં ભેકર રાજ્યમાંથી ચિંતાજનક રીતે લુપ્ત થવા સુધીની સ્થિતિમાં આવી ગયાં છે.





નીલગાય NILGAI

(Boselaphus tragocamelus) (F-Bovidae)

તેના નર રોઝ કે રોઝડા તરીકે ઓળખાય છે. તેના નામમાં ગાય શબ્દ આવતો હોવાથી પવિત્ર મનાય છે. નરને અંગ્રેજીમાં ''બ્લૂ બુલ'' કહેવામાં આવે છે.

નીલગાય મૃગ કુળનું જ પ્રાણી છે. દેખાવમાં ઘણું મોટું હોય છે. તેની લંબાઈ ૨૦૦ થી ૨૧૫ સે.મી. અને ઊંચાઈ ૧૩૦ થી ૧૩૫ સે.મી. હોય છે. તેનું વજન ૨૦૦ થી ૩૦૦ કિ.ગ્રા. હોય છે. નરને અણીવાળાં શિંગડાં હોય છે. જે અન્ય હરણની જેમ ખરી જતાં નથી. આ પ્રાણી ૨૦ વર્ષનું આયુષ્ય




ધરાવે છે. તે એકસાથે બે બચ્ચાંને જન્મ આપે છે. તે આખા વર્ષમાં કોઇપણ સમયે પ્રજનન કરે છે. માદા નીલ બદામી રંગની હોય છે. તેને શિંગડાં હોતાં નથી. નર રોઝ માદા કરતાં પ્રમાણમાં કદાવર હોય છે. લોખંડ જેવા કાળા રંગનો હોય છે. ગળાના ભાગે કડક વાળનો ગુચ્છ હોય છે, જે દાઢી જેવો લાગે છે. નર અને માદા બંનેના ગાલ પર સફેદ ટપકાં હોય છે. ઘાસ, પાન, ફળ અને ફૂલ વગેરે ખાય છે. નર એકલા કે ટોળાંમાં પણ હોય છે. નર ક્યારેય બચ્ચાંની સાથે હોતો નથી. નીલગાય પોતાના સીમાક્ષેત્રમાની જગ્યામાં દરરોજ એક જ જગ્યાએ કુદરતી હાજતે જાય છે. આવા સ્થળે તેની જૂની અને તાજી લીંડીંઓ જોઇ શકાય છે. ખાસ કરીને કેડીઓના ત્રિભેટે આવી લીંડી તેના હદનિશાન રૂપે સ્થાપિત થયેલી હોય છે. આ મૃગ માત્ર ભારતમાં જ જોવા મળે છે.

એશિયાનું સૌથી ઊંચું મૃગ નીલગાય હિમાલયના તળપ્રદેશથી લઈને કર્ણાટક સુધી ફેલાયેલાં છે. રણપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર-પૂર્વીય ભારતમાં તે જોવા મળતાં નથી. ગુજરાતના બધાજ વિસ્તારોમાં તે જોવા મળે છે. ગીચ જંગલ વિસ્તારોમાં રહેવાનું તે ટાળે છે. ઘાસિયા, પડતર, ઝાડીવાળા સમતલ વિસ્તારો તેને વધારે અનુકૂળ આવે છે. ગામ્ય ગોચરો અને ખેતવિસ્તારોમાં પણ તેનો ફેલાવો વધી રહ્યો છે. નર કદમાં માદા કરતાં મોટા હોય છે. લોખંડી કાળો રંગ આખા શરીર પર હોય છે. માદા નર કરતાં જુદા બદામી રંગની હોય છે. નરને તીક્ષ્ણ અણીવાળાં બે સીધાં શિંગડાં હોય છે. જે કાયમી રીતે રહેતાં હોય છે. ખરી જતાં નથી. નર અને માદાના ગાલ ઉપર બે સફેદ ટપકાં જોવા મળે છે. તે જ રીતે પગમાં ખરીથી ઉપરના ભાગે સફેદ અને કાળા રંગની રિંગ હોય છે. નર-માદા દેખાવમાં જુદાં પડે છે.


અનુકૂળતા પ્રમાણે દિવસે અને રાત્રે બન્ને સમયે ફરતાં જોઈ શકાય છે. નર મોટાભાગે એકલા ફરતા હોય છે. માદાઓ તેમનાં બચ્ચાં સાથે સમૂહમાં ફરતી જોવા મળે છે. એક જ જગ્યાએ લીંડી કરવાની તેની ટેવ હોય છે. જે તેનું સીમાક્ષેત્ર નક્કી કરવાનું કાર્ય કરે છે અને તેની હાજરી પણ દર્શાવે છે.

સૂંઘવાની અને જોવાની શક્તિ સારી હોય છે. શ્રવણ શક્તિ મધ્યમ હોય છે. ગમે તેવા દુર્ગમ વિસ્તારમાં તે ખૂબ જ ઝડપથી ભાગી શકે છે. ઊંચી વાડ કે આડાશ પણ તે કૂદી જાય છે. પાણી પીવાની વારંવાર જરૂર પડે છે, પરંતુ પાણી ન મળે તો લાંબો સમય પાણી પીધા વગર રહી શકે છે. નીલગાયની માદા બે થી સવા બે વર્ષમાં પુખ્ત થઈ જાય છે. એક વેતરમાં બે બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાં જન્મની કોઈ ચોક્કસ ઋતુ નથી. સમગ્ર વર્ષ દરમિયાન તે જન્મ લેતાં હોય છે. આ તૃણભક્ષી પ્રાણીના ગુજરાતમાં બે જ ભક્ષકો સિંહ અને દીપડા છે. સિંહ ફક્ત ગીરમાં છે અને દીપડા મોટાભાગે ગીચ જંગલ વિસ્તારોમાં રહેતાં હોઈ નીલગાયના કુદરતી ભક્ષક રાજ્યના ઘણા વિસ્તારોમાં કોઈ નથી. પરિણામે તેમની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. નીલગાયને ગાયની સમકક્ષ પવિત્ર ગણવામાં આવતી હોઈ મોટાભાગના વિસ્તારોમાં તેને ધાર્મિક આસ્થાને કારણે રક્ષણ મળી રહે છે. વધેલી વસતીને કારણે આ પ્રાણીઓ ખેતપાકોને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડી રહ્યા છે. નીલગાયની વસતી વધારો રોકવાના સર્વમાન્ય કોઈ અસરકારક ઉપાય મળેલા ન હોઈ આ સમસ્યા વિકટ બની રહી છે.









નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
ચૌશિંગા જોવા મળે છે.



પદચિહ્ન

ચૌશિંગા
FOUR-HORNED ANTELOPE

(Tetracerus quadricornis) (F-Bovidae)

ચાર શિંગડાંના કારણે ચૌશિંગા, ચૌકા, ડોડા વગેરે જેવા નામથી પણ ઓળખાય છે.

આ હરણ તેનાં ચાર શિંગડાંને કારણે તરત ઓળખી શકાય છે. તેને એક જોડી આગળ અને એક જોડી પાછળ એમ ચાર શિંગડાં હોય છે. આગળનાં શિંગડાં નાનાં અને પાછળનાં મોટાં હોય છે. ૯૫ સે.મી.ની લંબાઈ, ૬૦ સે.મી.ની ઊંચાઈ અને ૧૫ થી ૨૦ કિલોગ્રામ વજન ધરાવતાં આ પ્રાણીનાં આગળનાં શિંગડાં ત્રણ સે.મી અને પાછળનાં શિંગડાં ૧૩ સે.મી. જેટલાં લાંબાં હોય છે. સરેરાશ આયુષ્ય ૧૫ વર્ષનું ગણાય છે. ફેબ્રુઆરી મહિનામાં જ બચ્ચાંને જન્મ આપે છે. આ પ્રાણીના શરીરનો ઉપરનો ભાગ લાલાશ પડતો ભૂખરો અને નીચેનો ભાગ સફેદ હોય છે. ચૌશિંગાનાં શિંગડાં પણ ખરતાં નથી. માદાને શિંગડાં હોતાં નથી. ઘાસ, પાન, વેલા વગેરે ખાય છે. જંગલમાં આવેલા ડુંગરાળ વિસ્તારમાં રહેવાનું

પસંદ કરે છે. મૃગકુળનું આ સૌથી નાનું અને શરમાળ પ્રાણી છે. મહદંશે છુપાઈને રહે છે. વધુમાં વધુ ચાર થી પાંચની સંખ્યામાં જોવા મળે છે. પીવાના પાણીની બહુ જરૂર રહેતી હોવાથી મોટાભાગે જળસ્રોતોની નજીકમાં જ રહે છે. આખો દિવસ ધીમી સીટી જેવો અવાજ કરે છે. આ પ્રાણી પણ દરરોજ એક જ જગ્યાએ મળત્યાગ કરે છે.

એશિયાનું સૌથી નાનું એવું આ પ્રાણી હિમાલય તળપ્રદેશથી લઈને નીલગિરિ ટેકરીઓ સુધી જોવા મળે છે. ઉત્તર-પૂર્વીય ભારતમાં તે જોવા મળતું નથી. ગુજરાતમાં અગાઉ કચ્છ સિવાય બધે જ જોવા મળતાં ચૌશિંગા હવે ફક્ત વિજયનગર, રતનમહાલ, જાંબુઘોડા, રાજપીપળા, વ્યારા, ડાંગ અને વલસાડ એમ પૂર્વપટ્ટીના ડુંગરાળ ગીચ તથા આછા જંગલ વિસ્તારોમાં છૂટાછવાયા ખૂબ જૂજ સંખ્યામાં જોવા મળે છે. ચાર શિંગડાંવાળું વિશ્વનું આ એકજ પ્રાણી છે.

યુવાન હોય ત્યારે લાલાશ પડતું અને ઉંમર થાય તેમ પીળાશ પડતા કથ્થાઈ રંગનું થાય છે. નરને બે જોડ એટલે કે ચાર ટૂંકાં શિંગડાં હોય છે. શિંગડાંમાં રિંગ હોતી નથી. આગળના શિંગડાં પાછળના શિંગડાં કરતાં ટૂંકાં હોય છે. આ શિંગડાં કદી ખરતાં નથી માદાને શિંગડાં હોતા નથી. તેના બધા પગ પર કાળાશ પડતી પટ્ટી જેવી છાપ જોવા મળે છે. પગની ખરી નાની અને આગળથી ગોળાઈવાળી હોય છે.

મૃગકુળનું આ પ્રાણી અતિ શરમાળ છે અને સંતાતું રહે છે. નર-માદા દેખાવમાં સરખાં લાગે છે. એકલું, જોડમાં કે કુટુમ્બ સાથે જોવા મળે છે. નીલગાયની જેમ એક જ જગ્યાએ મળ કરતા હોય છે. લીંડીઓનો ઢગ તેના હયાતીવાળા વિસ્તારોમાં જોવા મળી શકે છે. આ પ્રાણીને પાણીની જરૂર ખૂબ જ પડતી હોય પાણીના સ્રોતો હોય તેની નજીક તે વધારે રહે છે.

માદા મોટાભાગે એક જ બચ્ચાંને જન્મ આપે છે. જે એકાદ કિલો જેટલું વજન ધરાવતું હોય છે.

આ પ્રાણી ભેકરની જેમ ભસવાનો અવાજ કરે છે. ધીમી વ્હીસલ જેવો અવાજ પણ કાઢે છે. ઉનાળાની ઋતુમાં આવો અવાજ થોડી થોડી વારે કરતું રહે છે.

સૂકા અને પાનખરવાળા ડુંગરાળ જંગલો તેની પસંદગીના આવાસ વિસ્તારો છે. તે ૨ થી ૬ના નાનાં જૂથમાં ફરતું હોય છે અને માણસોથી દૂર રહેવાનું પસંદ કરતું હોઈ સહેલાઈથી નજરે ચઢતું નથી.

ચૌશિંગાને નાનપણથી ઉછેરવામાં આવે તો તેને પાલતુ બનાવી શકાય છે. તેના ઘટેલા ચરિયાણ વિસ્તારો, પાલતુ ઢોરોની હરીફાઇ તથા શિકારને કારણે તેની વસતી તદ્દન ઓછી થઇ ગઇ છે.



છીંકારું
CHINKARA
(Gazella bennettii)
(F-Bovidae)

હરણ છીંકારા કે ચીંકારા તરીકે પણ ઓળખાય છે. નર અને માદા બન્ને ને શિંગડાં હોય છે. પરંતુ માદાનાં શિંગડાં નર કરતાં નાના હોય છે.





છીંકારૂં ૧૦૦ થી ૧૧૦ સે.મી. લાંબું અને ૫૫ થી ૭૦ સે.મી. ઊંચું હોય છે. સરેરાશ ૨૦ વર્ષનું આયુષ્ય હોય છે. તે એક અથવા બે બચ્ચાંને જન્મ આપે છે. ચૌશિંગા કરતાં સહેજ મોટું અને કાળિયાર કરતાં નાનું હોય છે. તેનાં શિંગડાં ઉપર તરફ વળેલા હોય છે. ઘૂંટણ પર વાળનો ગુચ્છ હોય છે. પૂંછડી ૨૦ સે. મી. જેટલી લાંબી હોય છે. નરનાં શિંગડાંની લંબાઈ ૩૦ સે.મી. હોય છે. તેનો મુખ્ય ખોરાક ઘાસ, પાન અને ફળ છે. સક્કરટેટી, તરબૂચ અને કેળાં પણ ખાય છે. ઓછા ઝાડીવાળા જંગલમાં કે રણવિસ્તારમાં રહે છે. નદી, નાળા અને ડુંગરની ટેકરીઓમાં પણ મળે છે. ચીંકારા સ્વભાવે શરમાળ હોવાથી માનવવસ્તીથી દૂર રહે છે. રણવિસ્તારમાં તે લાંબા સમય સુધી પાણી વગર રહી શકે છે. ખોરાક માટે તે સવારે જ નીકળે છે. આ પ્રાણીનાં બચ્ચાં જન્મ સમયે નબળાં દેખાતાં હોય છે, પણ થોડા સમયમાં જ તે હરતાં-ફરતાં થઈ જાય છે.





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં છિંકારું જોવા મળે છે.

ઉત્તર-પશ્ચિમી ભારતના રાજસ્થાન તથા ગુજરાતના ૧૫૦૦ મીટરની ઊંચાઈ સુધીના વિસ્તારોમાં ચીંકારા જોવા મળે છે. કચ્છ, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર જિલ્લાઓના ઘાસિયા તથા ઝાડી-ઝાંખરાવાળા વિસ્તારોમાં તેની હાજરી છે. સ્થળની વાત કરીએ તો ગીર, ગિરનાર, હિંગોળગઢ, નારાયણ સરોવર જેવાં ચોક્કસ સ્થળોએ તે અચૂક જોઈ શકાય છે. પંચમહાલ જિલ્લામાં પણ એકાદ-બે જગ્યાએ નાના સમૂહ નોંધાયા છે. પૂર્વપટ્ટીના ડુંગરાળ જંગલવિસ્તારોમાં તે જોવા મળતું નથી. શરીર પરની ચામડી બહારની ગરમી પરિવર્તિત કરવામાં મદદરૂપ બને તેવી ચમકદાર હોય છે. બિસ્કિટ જેવા રંગની પીઠનો



પદચિહ્ન



રંગ મધ્યમ ભાગ સુધી નીચે જતાં વધુ ઘાટો થાય છે. ગુદા, પેટાળ, ડોક અને પગની અંદરની તરફનો ભાગ સફેદ રંગનો હોય છે. પૂંછડી કાળા રંગની ગુચ્છાદાર વાળની ચોટલી જેવી હોય છે. પગના ઘૂંટણ ભાગે પણ વાળના નાના ગુચ્છા હોય છે. નાકની બન્ને તરફની કિનારી સફેદ હોય છે. નર-માદા દેખાવમાં સરખાં લાગે છે.


ફક્ત આજ મૃગ એવું છે કે જેમાં નર-માદા બન્નેમાં શિંગડાં જોવા મળે છે. અંગ્રેજી 'એસ' આકારનાં શિંગડાં સામેની બાજુએથી સીધાં દેખાય છે. શિંગડાં ઉપરની તરફ આગળના ભાગે નમેલાં, કડીદાર તથા અણિયારા હોય છે. માદાના શિંગડાં નર કરતાં નાના હોય છે.


જોવાની-સાંભળવાની અને સૂંઘવાની શક્તિઓ એક જ સરખી વિકસિત હોય છે. ત્રણથી છ નાના સમૂહમાં રહેતું આ પ્રાણી સ્વભાવે ગભરું છે. માનવ વસાહતોથી દૂર વેરાન, વગડાઓમાં દિવસ દરમિયાન ફરતું રહે છે. પોતાનો વિસ્તાર નક્કી કરવા નર તેની લીંડીઓ દ્વારા એક જ હદ નિશાની જગ્યાએ હાજત કરે છે. શુષ્કપ્રદેશમાં રહેવાવાળું હોવાથી લીલું કે સૂકું ઘાસ ખાઈને અને ખૂબ ઓછા પાણીથી પણ ટકી રહે છે. શિયાળાની ઋતુ તેમનો સંવનનકાળ છે. સર્ગભા થયેલી માદા ઝડપથી દોડી શકતી નથી. મોટાભાગે એક અને ક્યારેક બે બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાં ખૂબ જ ઓછા સમયમાં હરતાં, ફરતાં, દોડતાં થઈ જાય છે. શુષ્ક વિસ્તારોમાં વરુ અને દીપડાનો ચીંકારા મુખ્ય શિકાર હતાં. ચીંકારાની વસતી ઘટવાથી ચિત્તા લુપ્ત થયા હોવાનું પણ મનાય છે. તેનો અવાજ ''છીંક'' ખાતાં હોય તેવો હોઈ તેનું નામ છીંકારા પડ્યું હોવાનું મનાય છે. ચીંકારાની વસતી ઘટવાનાં કારણોમાં ઉચ્ચવર્ગમાં શિકારનો શોખ હોવાનું પણ ગણાય છે.




હિમાલયથી નીચે તરાઈ પ્રદેશથી દક્ષિણમાં સમગ્ર ભારતમાં રણ, પશ્ચિમી દરિયાકાંઠા અને ઉત્તર-પૂર્વ ભારત સિવાય કાળિયાર બધે વ્યાપ ધરાવે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર ઉપરાંત મહેસાણા, વડોદરા તથા અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કાળિયાર જોવા મળે છે. ડુંગરાળ જંગલ વિસ્તારોમાં તેમની હાજરી વર્તાતી નથી. ઘાસિયા વિસ્તારો, પડતર જમીનો તથા ખેતરો તેમને વધારે અનુકૂળ આવે છે. કાળિયારમાં નરનું માથું, ગરદન, પીઠભાગ તથા પગના બહારની તરફનો ભાગ કાળા રંગનો હોય છે. ગરદનથી નીચેનો ભાગ, પેટનો ભાગ તથા પગની અંદરનો ભાગ સફેદ રંગનો હોય છે. નરને લાંબા, કડીવાળા, અણીદાર શિંગડાં હોય છે. માદા શિંગડાં વગરની અને નરના શરીરના જે ભાગ કાળા રંગના હોય છે. તે ભાગ માદામાં આછા કથ્થાઈ રંગનાં હોય છે. બન્નેમાં આંખોની ફરતે સફેદ રંગની રિંગ હોય છે. પૂંછડી ટૂંકી અને પગની ખરી ચશ્માં જેવી નાની હોય છે. નર-માદા દેખાવમાં જુદાં પડે છે.

ગરમીની ઋતુમાં સવારે તથા સાંજે વધુ પ્રવૃત્તિમય હોય છે. બપોરે વૃક્ષની છાયામાં આરામ કરે છે. ઠંડીની ઋતુમાં સવાર, બપોર, સાંજ સક્રિય રહે છે. મજબૂત નર અન્ય નર સાથે લડાઈ કરીને









કાળિયાર BLACKBUCK

(Antilope cervicapra) (F-Bovidae)

કાળા-સફેદ રંગના કારણે તરત ઓળખાઈ જતું આ પ્રાણી ૧૨૦ સે.મી. લાંબું અને ૬૦ થી ૮૦ સે.મી. જેટલું ઊંચું હોય છે. તેનું શરીર ઉપરના ભાગે ભૂખરું કાળાશ પડતું અને નીચેના ભાગે સફેદ હોય છે. નરને બે શિંગડાં હોય છે જ્યારે માદાને શિંગડાં હોતાં નથી. લીલું ઘાસ, પાદડાં અને અનાજનો પાક ખાય છે. ઘાસિયા પ્રદેશો તથા ખેતરોમાં જોવા મળે છે. પહાડી પ્રદેશોમાં પણ જોવા મળી જાય છે. ખૂબ ઝડપથી દોડી શકે છે. તેની ઝડપ કલાકના ૮૦ કિલોમીટર જેટલી હોય છે. માદા દર વખતે એક બચ્ચાંને જન્મ આપે છે. તે બે થી અઢી વર્ષે પુખ્ત થાય છે. કાળિયાર ઘાસના વિસ્તારોમાં રહે છે. ત્યાં ૧૨ ફૂટની ત્રિજ્યામાં ગોળાકારે ઘાસ સાફ કરી નાખે છે, આ જગ્યા નર દ્વારા તૈયાર કરવામાં આવે છે. વિશ્વભરમાં કાળિયાર મુખ્યત્વે ભારતમાં જ વસે છે. જોકે કેટલાક વિસ્તારમાં કાળિયારને વસાવવામાં આવ્યા છે. કાળિયાર ચિત્તા બાદ સૌથી ઝડપથી દોડતાં પ્રાણીઓ પૈકી એક હોવાથી તે તેના શિકારીને હંફાવી શકે છે. તે એકધારી ગતિથી લાંબા અંતર સુધી દોડી શકે છે.

પ્રભાવી નર તરીકે પુખ્ત માદાઓ અને યુવાનોના ટોળાનું પ્રભુત્વ હાંસલ કરે છે. પુખ્ત પ્રભાવી નર યુવાન અન્ય નરોને હાંકી કાઢે છે. તેથી ફક્ત વાંઢા નરોની ટોળકી અલગ ફરતી જોવા મળે છે. વિજેતા પ્રભાવી નર બીજી સંવનનની ઋતુ સુધી નેતૃત્વ કરે છે. વિશ્વમાં સહુથી ઝડપથી દોડી શકતાં હોય તેવાં પ્રાણીઓમાં કાળિયાર અગ્રતા ક્રમમાં સ્થાન ધરાવે છે. ભય જણાય કે તુરંત એક પછી એક કાળિયાર હવામાં કૂદકા મારીને ઝડપથી ફલાંગો મારતાં મારતાં દોડવા માંડે છે.


માદા પ્રત્યેક સમયે એક બચ્ચાને જન્મ આપે છે. બચ્ચાને જન્મ આપ્યા બાદ માદા ફરીથી સંવનન માટે તૈયાર થાય છે. માદા દોઢ વર્ષમાં પુખ્તતા ધારણ કરે છે. જ્યારે નર ત્રણ વર્ષ બાદ પુખ્ત થાય છે. કાળિયાર કૃષ્ણદેવ તથા ચંદ્રદેવનું વાહન ગણાય છે. રાજસ્થાનના જોધપુર પાસેના બિસનોઈ સમુદાયના લોકો તેને પવિત્ર માને છે અને ગમે તે ભોગે તેની રક્ષા કરે છે. કાળિયારના ચરિયાણ અને રહેઠાણ લાયક વિસ્તારો સતત ઘટી રહ્યા છે. કાળિયારના ભક્ષક માંસાહારી પ્રાણીઓ ઘટી ગયાં છે. પરિણામે કાળિયારની વસતી આપણા ગુજરાતમાં વધી રહી છે અને તેના પરિણામે ખેતીમાં નુકસાન થવાથી માનવ સાથે સંઘર્ષ વધી ગયો છે.

જંગલી ભૂંડ
INDIAN WILD BOAR

(Sus scrofa) (F-Suidae)

શહેરોમાં જોવા મળતા ભૂંડ જેવું જ આ જંગલી ભૂંડ, જંગલી ડુક્કર, સુવ્વર કે ડુક્કર તરીકે ઓળખાય છે. તે દેશી ભૂંડ કરતા મોટું હોય છે.




પદચિહ્ન

દેશી ભૂંડ અને જંગલી ભૂંડ બંને અલગ છે, પણ તેમાં ફરક કરવો ઘણો અઘરો છે. તેની લંબાઈ ૯૦ થી ૧૩૫ સે.મી. અને ઊંચાઈ ૯૦ સે.મી. હોય છે. વજન લગભગ ૯૦ થી ૧૧૦ કિલોગ્રામ હોય છે. ૨૦૦ કિલો સુધીના વજનનું ભૂંડ પણ નોંધાયું છે. ૮ થી ૧૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે. ગર્ભકાળ ૪ માસ જેટલો હોય છે. અનાજના પાક શાકભાજી, કંદમૂળ, જીવડાં, સાપ વગેરે ખાય છે. ક્યારેક તે મરેલા ઢોરનું માંસ પણ ખાય છે. તે નિશાચર પ્રાણી છે. સૂર્યાસ્ત બાદ અને સૂર્યોદય પહેલાં ખોરાકની શોધમાં નીકળે છે. જંગલી ભૂંડ જંગલના કાંઠા વિસ્તારોમાં રહે છે અને નજીકનાં ખેતરોમાં ચરે છે. ભૂંડ પાણીની નજીક રહેવાનું પસંદ કરે છે. દિવસ દરમિયાન કાદવમાં પડ્યાં રહે છે અને રાતે ચરવા નીકળે છે. જંગલી ભૂંડ એ પાલતું ભૂંડ કરતાં થોડી ઘણી બાબતે અલગ હોય છે. તેનાં દંતશૂળ હોય છે. જે દેશી ભૂંડમાં તે જોવા મળતા નથી. જંગલી ભૂંડની પીઠ પર ઊભા વાળની હરોળ હોય છે. તેની ચામડી દેશી ભૂંડની ચામડી કરતાં જાડી હોય છે અને તેનો રંગ કાળો કે ભૂખરો હોય છે. જંગલી ભૂંડના પગ અને મોઢું લાંબાં હોય છે.


રણ, ઉચ્ચ હિમાલય અને જમ્મુ કાશ્મીર સિવાય જંગલી ભૂંડ બધે જ જોવા મળે છે. શરીર પરના બરછટ વાળનો નળાકાર શરીર અને ટૂંકી ગરદનવાળા આ પ્રાણીના રંગ ભૂખરાં સાથે કાળો ભળી ગયો હોય તેવો કાટ જેવા કથ્થાઈ કે સફેદ રંગનો હોય છે. પીઠ ઉપર મોટા ઊભા વાળની હાર હોય છે.

યુવાન કથ્થાઈ રંગના અને ઉંમર થતાં ભૂખરા રંગના થાય છે. તાજાં જન્મેલાં બચ્ચાં આછા કે કાળા રંગના પટ્ટાવાળાં હોય છે. પગમાં ચાર આંગળા ખરી રૂપે હોય છે. ઉપલાં જડબામાં રાક્ષસી દાંત હોય છે. આ જીવો વાગોળનારા નથી. ઝડપથી દોડી શકે તેવા પગની રચના હોતી નથી. માથું લાંબું અને મોટું નાળચા જેવું હોય છે. પગ સાંકડા, પાંચમી આંગળી, અંગૂઠો જમીનને ન અડકે તે રીતે અંદરની તરફ સહેજ ઉપર હોય છે. કાન બહારની તરફ ખુલ્લા, નાના અને અણીદાર હોય છે. ઉપરના હોઠ અને નાકનો ભાગ આગળની તરફ વધેલો બુઠ્ઠો અને હલનચલન કરી શકે તેવો હોય છે. દેશી ભૂંડ કરતાં લંબાઈ વધુ હોય છે અને દંતશૂળ મોઢાની બહાર નીકળેલા જોવા મળે છે. જે ઉપર તથા નીચેના જડબામાંથી બે બે હોય છે. ચોમાસાની ઋતુ દરમિયાન જયાં સુધી ખોરાક મળી રહે ત્યાં સુધી જંગલમાં રહે છે. ત્યારબાદ નજીકનાં ખેતરો, ખરાબા કે પડતર જમીન તરફ પણ નીકળી પડે છે. આછી ઝાડીવાળા અને ઘાસિયા પ્રદેશમાં રહે છે. વહેલી સવારે અને મોડી સાંજે સક્રિય હોય છે. દિવસે સુરક્ષાનો અભાવ જણાય તો રાત્રે પણ નીકળી પડે છે. હંમેશાં ૫ થી ૩૦નાં ટોળાંમાં ફરતાં હોય છે. સંવનન ઋતુ દરમિયાન નર ભૂંડ માદાના જૂથ પર પ્રભુત્વ મેળવવા લડતા પણ હોય છે અને તેટલો સમય માદાના સમૂહ સાથે જોડાય છે. થડને એકથી અઢી ફૂટની ઊંચાઈ સુધી ઘસે છે અને પોતાનું સીમાક્ષેત્રે નક્કી કરે છે. સ્વરક્ષણ માટે ઘણીવાર ખૂબ જ આક્રમક બને છે. આવા સમયે તેની ગરદન તથા માથાના ભાગના વાળ ઊભા થઈ જાય છે. તેની સૂંઘવા, સાંભળવા અને જોવાની શક્તિ ઉત્તમ હોય છે.




જમીન પર તેનાં પગલાંની છાપ સરળતાથી ઓળખી શકાય છે. આરામ કર્યો હોય ત્યાં ઉપરછલ્લી ખોદેલી માટી અને ખોરાક માટે એકાદ ફૂટ જેટલી ઊંડી ખોદેલી જમીન તેની હાજરીની સાક્ષી પૂરે છે. ઘાસના થુંમડા તથા ઝાડી વગેરે ભેગું કરીને તે ઘણીવાર મોટા માળા જેવું બનાવે છે. જ્યાં માદા બચ્ચાં મૂકે છે. ખરીવાળાં અન્ય પ્રાણીઓ એકથી બે બચ્ચાંને જન્મ આપે છે. જ્યારે જંગલી ભૂંડની માદા ક્યારેક દસથી બાર બચ્ચાંને પણ જન્મ આપતી જોવા મળે છે. શાસ્ત્રોમાં ભગવાન વિષ્ણુનો એક અવતાર વરાહ અવતાર તરીકે નિરૂપાયો છે. તે જ તેનું મહત્ત્વ દર્શાવવા માટે પૂરતું છે. નર ભૂંડને અંગ્રેજીમાં બોર્સ (Boars) અને માદાને સોસ (sows) અને તેના સમૂહને સાઉન્ડર્સ (sounders) કહેવામાં આવે છે. આ પ્રાણી મિશ્રાહારી છે. વનસ્પતિજન્ય, પ્રાણીજન્ય અને કીટકો સહિત, જમીન ઉપર તથા જમીનની નીચે થતું ઘણું બધું તેની ખોરાકની યાદીમાં આવે છે. મરેલાં પ્રાણી, ખેતીના પાકો, અળસિયાં અને કંદમૂળ પર તે વિશેષ નભે છે.

જળસ્રોતોની નજીક તેને રહેવું વધુ ગમે છે. ભીની પોચી માટીને તેના દંતશૂળવાળા વિશિષ્ટ મોઢાની મદદથી ખોદી કાઢે છે. સમૂહ દ્વારા આવા ભાગમાં ઘણીવાર ઘણો મોટો વિસ્તાર ખોદી કાઢેલો જોવા મળે છે. બેસવા માટે જમીનની સપાટી પર સામાન્ય ખાડો કરીને બેસતાં હોય છે. કાદવમાં ફરવું અને આળોટવું તેની પ્રિય પ્રવૃત્તિ છે. કાદવવાળું શરીર તેના રહેણાંક વિસ્તારનાં નિયત વૃક્ષોના થડ સાથે તે ઘસે છે.







ઘુડખર
ASIATIC WILD ASS

(Equus hemionus khur)
(F-Equidae)

ગધેડા કરતાં કદમાં મોટું અને ઘોડા કરતાં કદમાં નાનું, સફેદ શરીર પર બદામી કથ્થઈ રંગના ધાબા ધરાવતું પ્રાણી કચ્છમાં જોવા મળે છે. હિન્દીમાં ''ખુર'' તરીકે જાણીતું છે.

પદચિહ્ન



ઘુડખરની લંબાઈ ૨૧૦ સે.મી. અને ઊંચાઈ ૧૧૦ થી ૧૨૦ સે.મી. હોય છે. પુખ્ત વયનાં ઘુડખરનું વજન ૨૦૦ થી ૨૫૦ કિલોગ્રામ હોય છે. ઘુડખરનો ગર્ભકાળ અગિયાર મહિનાનો હોય છે. તે ચોમાસામાં પ્રજનન કરે છે અને બીજા ચોમાસામાં એક જ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું બે વર્ષ સુધી માતાનું ધાવણ ધાવે છે. ત્યારબાદ તે માતાથી અલગ થઈ જાય છે. તેનું બચ્ચું ૨૭ થી ૩૦ મહિને પુખ્ત બને છે. તેનું આયુષ્ય ૨૦ વર્ષ ગણવામાં આવે છે. તે ઘાસ, પાંદડાં, ફળ, ખેતીનો પાક, ગાંડા બાવળની શીંગો અને રણમાં થતી વનસ્પતિ ખાય છે. કચ્છના નાના રણમાં તેની સંખ્યા સૌથી વધુ છે. ઉપરાંત તે મોટા રણમાં અને નાના રણને અડીને આવેલા સુરેન્દ્રનગર તથા મહેસાણા જિલ્લામાં પણ જોવા મળે છે. ઘુડખર જુદાં જુદાં કદનાં ટોળાં બનાવીને રહે છે. ખેડૂતોનાં પાકને તે ભારે નુકસાન કરે છે. તે પાકનો ઉપરનો અને નીચેનો ભાગ છોડી વચ્ચેથી ખાય જાય છે, તે તેની ખાસિયત છે. ઘુડખર ભારતમાં ઝડપથી દોડતાં પ્રાણીમાંનું એક છે. ભૂતકાળમાં તે દક્ષિણ ભારતમાં પણ જોવા મળતાં હતાં.



અશ્વકુળના જંગલી ગધેડાની ભારતમાં બે જાતિ છે. એક એશિયાટિક વાઈલ્ડ એસ અને બીજી તિબેટીયન. આ પ્રાણીઓ બે ખરીવાળાં છે પણ વાગોળનારા પ્રાણી નથી. પાલતુ ઘોડા અને ગધેડાના તે નજીકના સગા છે. સમગ્ર એશિયામાં ફક્ત ગુજરાતમાં કચ્છનું નાનું રણ તથા તેને અડીને આવેલા બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર અને કચ્છના નજીકના વિસ્તારોમાં એશિયાટિક વાઈલ્ડ એસ વ્યાપ ધરાવે છે.

માથું અને ગરદન લાંબી હોય છે. ઘાસ ખેંચવા અને ચાવવા માટે કામમાં આવે તેવા બે પ્રકારના દાંત હોય છે. આખું સફેદ રંગનું શરીર અને તેના ઉપરનો ભાગ મોઢું, માથું, ગરદન, પીઠ તથા થાપા બદામી કથ્થાઈ રંગનાં હોય છે. તેની કેશવાળી ગરદનથી લઈને પૂંછડી સુધી ઘટ્ટ ચોકલેટી રંગની ટપકાંવાળી પટ્ટી જેવી હોય છે. પૂંછડી લાંબા વાળાવાળી હોય છે. નર માદા કરતાં થોડા મોટા અને ઘટ્ટ રંગના હોય છે. આ પ્રાણી મુખ્યત્વે ઘાસ ખાવાવાળાં છે. પરંતુ ચોમાસાની ઋતુ પછી શિયાળા અને ઉનાળામાં તેના કુદરતી વિસ્તારોમાં ખોરાકની માત્રા ઘટે એટલે તે નજીકનાં ખેતરોમાં જઈ ખેતપાકો ખાય છે. આ કારણસર માનવો સાથે તેનું ઘર્ષણ ઊભું થાય છે.

અંગ્રેજીમાં પેરા નરને સ્ટેલીયોન્સ (Stallions) અને માદાને માર્સ (Mares) કહે છે. માદા વર્ષમાં એક વાર સંવનન કાળમાં આવે છે. એક વેતરમાં એક જ બચ્ચાને જન્મ આપે છે. બચ્ચું બે વર્ષ સુધી માતા સાથે રહે છે. દિવસમાં એક વાર પાણી પીવાની ટેવને કારણે જળસ્રોતની નજીકમાં રહેવાનું વધુ પસંદ કરે છે અછતના સમયમાં કે ઉનાળામાં ઓછા પાણીથી ચલાવી શકે છે. આવા સમયે પાણી પીવા લાંબા અંતર સુધી તે ચાલીને જતાં હોય છે. કચ્છના રણ વિસ્તારના ઘણા ભાગોમાં ગાંડા






બાવળની ઝાડીમાં રક્ષણ કે આશરો મેળવવા બચ્ચા સહિત જોવા મળે છે. ગાંડા બાવળની શીંગો પણ હવે તે ખાવા લાગ્યા છે. સામાન્ય રીતે સમૂહમાં રહેતું આ પ્રાણી ખોરાક, પાણી, સંવનનકાળ અને બચ્ચાંના ઉછેર જેવાં કારણોને ધ્યાનમાં લઈને તેમના સમૂહની સભ્ય સંખ્યા ગોઠવાય છે. તેમનાં ટોળાંમાં ૧૦ થી લઈને ૯૦ સભ્યો પણ જોવા મળી શકે છે. આખો દિવસ તે ફરતાં રહે છે. ઘણીવાર સંવનનકાળ સમયે નર-માદા સમૂહથી અલગ થાય છે જે સંવનન પછી ફરીથી સમૂહમાં જોડાઈ જાય છે. ભરબપોરે પણ તે પ્રવૃત્તિમય હોય છે. કલાકના ૪૫થી ૫૦ કિ.મી.ની ઝડપે તે દોડી શકે છે. તેમનાં જડબાં અને પાછલા પગથી લાતો મારીને તે પોતાનું રક્ષણ કે પ્રભુત્વ મેળવતા હોય છે. ભૂતકાળમાં જંગલી ગધેડા સિંધથી લઈને સતલજ નદીના કિનારા સુધી જોવા મળતા હતા. ધીરેધીરે તે ઘટીને ગુજરાતના કચ્છના રણની આસપાસના વિસ્તાર પૂરતાં મર્યાદિત બન્યા છે. વર્ષ ૧૯૬૦ના દસકામાં તેની વસતી રોગચાળા તથા અન્ય કારણોસર ૩૫૦ની આસપાસ હતી. ગધેડાના કુળમાં તેની ગણત્રી થતી હોઈ લોકલાગણી જોઈએ તેવી તેને મળી નથી. વિશિષ્ટ જાતિ તરીકેના તેના વૈજ્ઞાનિક મહત્ત્વ તેની અલભ્યતાની રીતે અને સાંસ્કૃતિક વારસા તરીકે પણ તેનું સંરક્ષણ આપણા સહુની જવાબદારી છે.



ભારતીય અને ચાઈનીસ એમ બે જાતિના કીડીખાઉં ભારતમાં જોવા મળે છે. ભારતીય કીડીખાઉં ઉત્તર પૂર્વીય વિસ્તારો સિવાય સમગ્ર ભારતમાં જોવા મળે છે. તે રીતે ગુજરાતમાં બધે જ જોવા મળે છે. તેમ છતાં તેને રહેવા લાયક વિસ્તારો તેની અનુકૂળતા પ્રમાણે મર્યાદિત છે. ચાઈનીસ પેંગોલિન ઉત્તર-પૂર્વીય ભારતમાં જોવા મળે છે.

ત્રિકોણાકાર લાંબું નાળચા જેવું મોઢું ધરાવતું આ પ્રાણી આછા ગુલાબી રંગની ચામડી ધરાવે છે. આ ચામડી કથ્થાઈ પડતાં ભૂખરા રંગના ભીંગડાંથી ઢંકાયેલી હોય છે. જે તેનું રક્ષણ કરે છે. ભીંગડાં વચ્ચે લાલાશ પડતાં કથ્થાઈ રંગના વાળ હોય છે. મોઢા અને શરીરના નીચેના ભાગે જ ચામડી જોઈ શકાય છે. પાછલા પગનાં તળિયાં સખત હોય છે અને નખ ટૂંકા અને બૂઠાં હોય છે. જ્યારે આગળના પગના નખ લાંબા અને અણીદાર હોય છે. ભીંગડાં કેરોટિનના બનેલા વાળનું રૂપાંતરિત રૂપ છે. કીડીખાઉં ને દાંત હોતાં નથી. તેની લાંબી દોરી જેવી જીભ ચિકાશયુક્ત અને લીસી હોય છે. કાન છિદ્ર જેવા હોય છે. બાહ્ય કાન હોતા નથી. આ પ્રાણી નિશાચર છે. દિવસે તે જમીનમાં ખોદેલા તેના દરમાં આરામ કરે છે. ડુંગરાળ વિસ્તારમાં કીડીખાઉં પથ્થરો કે શિલાઓની બખોલમાં રહે છે. તેના નામ પ્રમાણે તેનો મુખ્ય ખોરાક કીડી, મંકોડા અને ઊધઈ છે. તેમનાં ઈંડાં પણ તે ખાય છે. આગલા પગના મજબૂત નહોરથી તે ઊધઈ કે કીડીના જમીન પરના રાફડા ખોદી કાઢે છે અને તેનું શંકુ આકારનું મોઢું નાખીને ચીકણી જીભ વડે કીડીઓ અને ઊધઈ આરોગે છે.




કીડીખાઉં INDIAN PANGOLIN


(Manis crassicaudata aurita) (F-Mantidae)

શાળવો, સીલુ, પીંગારું વગેરે નામથી પણ ઓળખાય છે.

દાંત વગરનું અને ચાંચ જેવું પાતળું મોઢું ધરાવતું આ પ્રાણી ડાયનાસોરની નાનકડી આવૃતિ હોય તેવું લાગે છે. તેનું મોઢું લાંબું હોય છે અને એક ફૂટ જેટલી લાંબી જીભ ગોળ દોરી જેવી અને ચીકણી હોય છે. તે આ જીભને કીડીના દરમાં નાખે છે જેથી તેના પર કીડીઓ ચોંટી જાય છે. તેના આખા શરીર પર શંકુ આકારનાં ભીંગડાં હોય છે. આવાં ભીંગડાં મોઢાથી માંડીને છેક પૂંછડી પર પણ હોય છે. આ કઠણ ભીંગડાં તેનું રક્ષા કવચ હોય છે. આ દરેક ભીંગડાંની ફરતે શૂળ હોય છે. આ પ્રાણી પાણી વગર લાંબા સમય સુધી ચલાવી લે છે, તે ઊધઇના રાફડા ખોદી તેમાંથી ઊધઈ ખાય છે. તેની વસ્તી ઓછી છે પણ તે રાજ્યના તમામ જિલ્લામાં અસ્તિત્વ ધરાવે છે. માણસોની અવરજવર ન હોય તેવા વિસ્તારોમાં તે રહેતું હોય છે, તેથી ભાગ્યે જ જોવા મળે છે. તેની લંબાઈ ૬૦ થી ૧૦૦ સે.મી. હોય છે. વજન આઠથી દસ કિ.ગ્રા. હોય છે. કીડીખાઉં જમીનમાં ૧.૫ થી ૨.૫ મીટર ઊંડું દર બનાવીને તેમાં રહે છે. સાબરમતીનાં કોતરોમાં અવાર નવાર કીડીખાઉં જોવા મળી જાય છે. દિવસે આરામ કરે છે અને રાત્રે પાંદડાં તથા લાકડાં નીચે પોતાનો ખોરાક શોધે છે. ઊધઇ અને તેનાં ઇંડાં મેળવવા માટે તે રાફડાને ઊંડે સુધી ખોદી નાખે છે અને તેમાંથી ઊધઈ અને ઇંડાં ખાય છે.







વર્ષમાં એકવાર એક જ બચ્ચાંને જન્મ આપે છે. નાનું બચ્ચું તેની માનું દૂધ પીને ચાર મહિનામાં જ બમણા વજનનું થઈ જાય છે. તેનું અસ્તિત્વ ટકી રહે તે માટે કુદરતી રીતે જ તેની વૃદ્ધિ ઝડપથી થાય છે. બચ્ચું નાનું હોય ત્યારે તેનું રક્ષણ કરવા ભય જણાય એટલે માતા તુરંત તેના બચ્ચાને શરીર વચ્ચે સંતાડીને ગોળ વીંટળાઈ જાય છે. બચ્ચાના ભીંગડાં મુલાયમ હોય છે. દરની બહાર ફરતી વખતે મા બચ્ચાને પૂંછડી પર લઈને નીકળે છે. નર-માદા તેના બચ્ચા સાથે રહેતાં જોવા મળે છે. તેથી તેમનામાં કુટુમ્બ ભાવના હોવાની સંભાવના છે. ભય જણાય ત્યારે “હીસ્સ” જેવો અવાજ કરે છે. તેના દાંત ન હોવાથી સ્વરક્ષણ માટે પૂંછડીથી હુમલો કરે છે. ક્યારેક મૂત્ર છંટકાવ દ્વારા પણ બચવા પ્રયત્ન કરે છે. તેમ છતાં વધુ ભય જણાય તો શરીર ગોળ દડા જેવું કરી દે છે જે ખૂલવું મુશ્કેલ હોય છે. તેની આ ખાસિયતના લીધે તેનું અંગ્રેજી નામ “પેગોલિન” પડયું છે. જે મલય શબ્દના અર્થ “ગોળ દડો થઈ જતાં જીવ” તેવો થાય છે. બંધનાવસ્થામાં હોય ત્યારે દૂધ, દહીં, કાચા ઇંડા જેવો અર્ધ પ્રવાહી ખોરાક આપી શકાય છે. આદિવાસીઓની અમુક જાતિઓ તેનું માસ ખાય છે અને ભીંગડાંની વીંટી બનાવીને પહેરે છે, જે સંધિવામાં મદદરૂપ બનતી હોવાનું કહેવાય છે.





નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં શેળો જોવા મળે છે.

શેળો PALE HEDGEHOG / INDIAN HEDGEHOG

(Hemiechinus micropus micropus) (F-Erinaceidae)

ઉંદર જેવું આ પ્રાણી તેના કાંટાળા શરીરના કારણે તરત ઓળખાઈ જાય છે. ૧૫ થી ૨૦ સે.મી.ની લંબાઈ અને ૩૦૦ થી ૪૫૦ ગ્રામ વજન ધરાવે છે. શેળાનું આયુષ્ય ચારથી પાંચ વર્ષનું ગણવામાં આવે છે. અણીદાર મોઢું ધરાવતા આ પ્રાણીના પગ ઉંદરના પગ જેવા જ હોય છે. તેના પગનાં પંજા અને મોઢાને બાદ કરતાં આખા શરીર પર ખીચોખીચ કાંટા હોય છે. તેના આ કાંટા તીક્ષ્ણ અણીવાળા હોવાથી તેના શિકારી તેનાથી દૂર રહે છે. તેના પર જોખમ જણાય ત્યારે પગ અને મોઢું ભેગું કરી ગોળ દડા જેવો આકાર બનાવી લે છે. આ કાંટાવાળા દડાને કારણે શિકારી ફાવી શકતાં નથી. જોકે કેટલાક શિકારી શેળાની બાજુમાં જ છુપાઇને બેસે છે અને જ્યારે શેળો ભય જતો રહ્યો છે તેમ માનીને ચાલવા જાય છે કે તરત તેના પર તરાપ મારી તેને પકડી લે છે. શેળો સાપને પણ મારી નાખે છે, તે સાપની પૂંછડી પકડી ગોળ દડા જેવો બની જાય છે. પૂંછડી છોડાવવા સાપ તેના પર ફેણના પ્રહારો કરે છે. શેળાના કાંટા લાગવાથી સાપ ઘાયલ થઈ જાય છે, ત્યારે પૂંછડી છોડીને શેળો તેનું મોં પકડી લઈ મારી નાખે છે. તે દેડકાં, પક્ષીનાં ઇંડાં વગેરે ખાય છે. તે પથ્થરની બખોલ કે દરમાં રહે છે. તે એકસાથે પાંચ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાં પાંચ અઠવાડિયાં સુધી માના દૂધ પર આધાર રાખે છે.

આ જાતિનો શેળો રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ તથા કેરાલા જેવાં રાજ્યોમાં જોવા મળે છે. આપણા ગુજરાતમાં તે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતના ઘણા વિસ્તારોમાં જોવા મળે છે. મેલા પડતા કથ્થાઈ રંગનો ચહેરો જે ત્રિકોણાકારનો નાનો હોય છે. ભૂખરા-સફેદ કાંટા જેવા વાળ તેના કપાળ અને ગાલની ઉપરના ભાગે ઢંકાયેલા હોય છે. નાના કાન, નાના ચાર પગ અને નહોરવાળું આ નાનું પ્રાણી ગોળ શરીર ધરાવે છે. માથાના ભાગેથી શરૂ થયેલા કાંટા પીઠ તથા ઉપરના ભાગે છેક પાછળ સુધી હોય છે. કાંટાની અણીવાળો ભાગ ક્રીમ રંગનો હોય છે. આંખો અને કાન વિકસિત હોય છે. પૂંછડી ટૂંકી હોય છે. પગમાં પાંચ આંગળીઓ હોય છે. તે પંજા પર ચાલે છે.

રાત્રિ દરમિયાન એકલું-અટુલું ફરતું આ વિચિત્ર દેખાતું પ્રાણી બહુ ઓછું જોવા મળે છે. સૂકા પાંદડાં, ડાળીઓ કે, પોલા થડ, પથ્થરોની બખોલમાં દિવસે આશરો મેળવે છે. જમીનમાં નાના દર જાતે ખોદીને પણ રહે છે. તેના નાના નાના પગથી ધીમે ધીમે ચાલતું આ પ્રાણી ગબડતું હોય તેવું લાગે છે. ભય જણાય તો ઝડપથી દોડે પણ છે અને પકડાઈ જાય તો તેનું મોઢું અને પેટનો ભાગ છુપાવીને ફક્ત કાંટા બહારની તરફ રહે તે રીતે ગોળ દડાની જેમ પડયું રહે છે. પાણીમાં તરી શકવાની કુશળતા ધરાવે છે.

શેળાના શરીર પરના કાંટા પોલા વાળ હોય છે જે કેરાટિનના બનેલા હોય છે. આ કાંટા શાહુડીની જેમ છૂટા પડતાં નથી તથા ઝેરી પણ હોતા નથી. ઝેરી સાપ કરડે તો તેની અસર આ પ્રાણીને થતી નથી કારણ કે તેના સ્નાયુમાં ઈરિનાસન નામનું પ્રોટીન હોય છે. આ પ્રાણી કીટકહારી છે. સૂંઘવાની શક્તિ તીક્ષ્ણ હોઈ ગંધની મદદથી શિકારને શોધે છે અને દાંતની મદદથી તેને પકડીને શિકારને દડાની જેમ આકાર ધારણ કરી ભીંસમાં લે છે. આ વખતે તેના કાંટા ઊભા થઈ જાય છે. ખોરાક કે પાણીની અછત હોય ત્યારે તે થોડા દિવસો માટે દરમાં સુષુપ્ત અવસ્થામાં ચાલ્યું જાય છે. વર્ષમાં પાંચ બચ્ચાંને જન્મ આપે છે જે એક માસમાં જ માતાથી અલગ થઈ જાતે ખાતા થઈ જાય છે.

અગાઉના સમયમાં મદારીઓ દ્વારા તેને પકડીને સાપની સાથે પણ બતાવવામાં આવતા હતા. પાલતું બની શકતો શેળો માસના ટુકડા, ભાખરી જેવો ખોરાક પણ ખાય છે. માનવીય પ્રવૃત્તિઓ વધવાથી તથા ખેતી હેઠળની જમીન વધવાથી શેળા હવે ખૂબ જ ઓછા જોવા મળે છે.

લાંબા કાનવાળો શેળો
LONG EARED HEDGEHOG

(Hemiechinus auritus collaris)
(F-Erinaceidae)




સામાન્ય શેળા કરતાં અલગ પડતો આ શેળો લાંબા કાનના કારણે "લંબકર્ણી" શેળા તરીકે પણ ઓળખાય છે.

લંબાઈની દૃષ્ટિએ સામાન્ય શેળા જેવો જ દેખાતો આ શેળો તેના કરતાં મજબૂત લાગે છે. તેની લંબાઈ ૧૦ થી ૧૫ સે.મી.ની જ હોય છે છતાં તે ૫૦૦ થી ૭૦૦ ગ્રામ વજન ધરાવતા હોય છે. તેની ઊંચાઈ ૧૦ થી ૧૫ સે.મી. હોય છે. પાંચ થી છ વર્ષનું આયુષ્ય ભોગવતું આ પ્રાણી પણ કાંટાવાળું હોય છે. તેના કાન સામાન્ય શેળાના કાન કરતાં બમણા મોટા હોય છે. આ શેળાનો રંગ કાળાશ પડતો, રાખોડી કે ભૂખરો હોય છે. તે કીટકો, પક્ષીનાં ઇંડાં, ગરોળી વગેરે ખાય છે. વનસ્પતિનાં મૂળ તથા ફળ પણ ખાય છે. આ રીતે તે મિશ્રાહારી ગણી શકાય. ખેતર, સીમ બગીચો કે વરંડામાં પણ તેને જોઈ શકાય છે. વિશ્વમાં શેળાની ૧૬ જાતિઓ જોવા મળે છે. જે યુરોપ, આફ્રિકા અને ન્યૂઝીલેન્ડમાં જોવા મળે છે. ન્યૂઝીલેન્ડમાં તેને માનવો દ્વારા વસાવાયા છે. વન્ય જીવોના નિષ્ણાતોના મતે ઉત્ક્રાંતિના ૧.૫ કરોડ વર્ષમાં શેળામાં નહિવત્ ફેરફાર થયો છે. શેળાના શરીરમાં એરિનાસિન નામનું પ્રોટિન હોય છે જે શેળાને સાપના ઝેર સામે રક્ષણ આપે છે. શેળાની ખાસિયત મુજબ ભય જણાતાં તે દડા જેવા સંકોચાઈ જાય છે અને સ્થિર પડ્યો રહે છે. જ્યારે પ્રાણી પકડે કે ખૂબ જ નજીક આવે તો સ્પ્રિંગની જેમ શરીર મુક્ત કરી તેના કાંટા પકડનારને વાગે તે રીતે બચાવ કરે છે. આવા સમયે તે "હિસ્સ'' ઘુરરાટી જેવો અવાજ પણ કરે છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
લાંબા કાનવાળો શેળો જોવા મળે છે.



લાંબા કાન અને પગ ધરાવતા આ શેળા રાજસ્થાન, ગુજરાતમાં કચ્છ તથા ઉત્તર પ્રદેશના પશ્ચિમી ભાગમાં જોવા મળે છે. આ જાતિના "શેળા ડેઝર્ટ હાર્ડિવકસ" તરીકે પણ જાણીતા છે. આ શેળાનું પેટ અને પૂંછડી કાળા રંગની હોય છે. પગમાં નહોર તીક્ષ્ણ તથા દેખાય તેવા હોય છે. આ જાતિના શેળાના કાંટા સફેદ અને કાળા રંગના પટ્ટાવાળા હોય છે. તેનો પેટનો ભાગ સફેદ રંગનો હોય છે. મોટા કાન કાંટા વગરના સહેલાઈથી જોઈ શકાય તેવા હોય છે. મોઢું ઘાટા કથ્થાઈ રંગનું કે કાળું હોય છે. જે ભૂંડની નાની પ્રતિકૃતિ જેવું દેખાય છે.

આ શેળા પૂંછડી ધરાવે છે જેની લંબાઈ ૨ થી ૩ સે.મી. જેટલી હોય છે. ચારેય પગ નાના અને તેમાં પાંચ પાંચ આંગળાં હોય છે. આંગળાં પર નહોર હોય છે જે જમીન ખોદવા તથા દર બનાવવામાં મદદરૂપ બને છે.

માદા બચ્ચાને જમીનમાં ખોદેલા દરમાં મુલાયમ ઘાસ અને પાંદડાંથી બનાવેલ માળા જેવા ભાગમાં સાચવે છે. જન્મ સમયે બચ્ચા કાંટા વગરના તથા બંધ આંખોવાળા હોય છે. મોટાભાગે શુષ્ક વિસ્તારમાં વસવાટ કરતાં હોઈ તે મુજબ તેમનું શારીરિક બંધારણ હોય છે. કાન મોટા હોવાથી રાત્રિ દરમિયાન તે સામાન્ય અવાજ પણ તુરંત સાંભળી જાય છે અને સતેજ બનીને સ્વબચાવ માટે ભાગી કે છુપાઈ જાય છે.

શુષ્ક પ્રદેશનું આ પ્રાણી શિયાળા અને ઉનાળા દરમિયાન પૂરતો ખોરાક અને પાણી ન મળતું થાય ત્યાં સુધી શીત અને ગ્રીષ્મ સમાધિમાં જતાં રહે છે. જમીનની નીચે જાતે ખોદેલા દરમાં તેની સુષુપ્તાવસ્થા ગાળે છે. ચોમાસું આવતાં ખોરાક અને પાણી પૂરતાં મળે એટલે તેટલા માસ પૂરતાં સક્રિય થઈ જાય છે.



શક્તિશાળી નર શેળા અન્ય શેળાનો શિકાર કરીને ખાઈ જતા હોવાનું જોવા મળેલ છે. માદા શેળા યુવાન કે બચ્ચાંને ખાય છે. આ રીતે આ જીવ સ્વજાતિ ભક્ષકની યાદીમાં આવે છે. આ શેળા ખોરાકની શોધમાં નાના પગ વડે ધીમે ધીમે ચાલે છે. જમીન તરફ મોઢું રાખીને જોવા મળે છે. શિકાર અને તેમનાં આવાસ સ્થાનો ઓછા થવાથી આ પ્રાણી ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.





ભુખરું કસ્તૂરી છછુંદર
ASIAN HOUSE SHREW or MUSK SHREW

(Suncus murinus) (F-Soricidae)

ભૂખરું કે કસ્તૂરી છછુંદર તરીકે ઓળખાતું આ પ્રાણી ઉંદરને મળતું આવે છે. તે નિશાચર પ્રાણી છે તેથી દિવસે જોવા મળતું નથી.



ગુજરાતમા બે જાતિના છછુંદર જોવા મળે છે. આ બંને જાતિમાંથી આ જાતિ મોટી હોય છે. તેનું મોઢું લાંબું અણીદાર હોય છે. ઉંદરની જેમ જ તે દાંતવાળું પ્રાણી છે પણ તે ઉંદરની જેમ કારણ વગર કોઈ વસ્તુ કાતરવાનું કામ કરતું નથી. જોકે તેને પોતાના દરથી કોઈ દિવસ સંતોષ થતો નથી. તે હંમેશાં દર ખોદ્યા જ કરે છે. ૧૫ થી ૨૫ સે.મી. લંબાઈ ધરાવતાં આ પ્રાણીનું વજન ૧૫૦ થી ૨૦૦ ગ્રામ હોય છે. તે માંડ બાર મહિનાનું આયુષ્ય ભોગવે છે. માદા નર કરતાં નાની હોય છે જે એકસાથે છ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું બે થી ત્રણ માસમાં પુખ્ત થઈ જાય છે. આખા વર્ષમાં ગમે ત્યારે પ્રજનન કરે છે. છછુંદરની પૂંછડી ટૂંકી અને અણીદાર હોય છે. તેના પર વાળ પણ હોય છે. સોનેરી કાળાશ પડતો રંગ ધરાવે છે. આ પ્રાણી અનાજ, કીટકો વગેરે ખાય છે. તે માનવ વસ્તીવાળા વિસ્તારમાં વધુ જોવા મળે છે. નરના શરીર ઉપર બંને બાજુએ સ્ત્રાવ ગ્રંથિ આવેલી હોય છે. ખાસ કરીને મૈથુનકાળમાં તેમાંથી સ્ત્રાવ થાય છે, જેની કસ્તૂરી જેવી તીવ્ર ગંધ આવે છે.



આ છછુંદર ભારતમાં બધે જ તથા ગુજરાતમાં બધે જ જોવા મળે છે. વિવિધ પ્રદેશોમાં તેના કદ અને રંગમાં ફેરફારો જોવા મળે છે. દક્ષિણ ભારતમાં નાના કદના, પશ્ચિમ ભારતમાં આછા રંગના, હિમાલય અને ઉત્તર ભારત ભાગમાં ઘાટા રંગ તથા નાના કદના જોવા મળે છે. તેને ઘર છછુંદર પણ કહે છે.

ઉંદર જેવો દેખાવ ધરાવતાં છછુંદરો ઉંદરની જેમ કર્તનશીલ નહીં, પણ કીટકહારી શ્રેણીના જીવો છે. મોઢું લાંબું અને અણિયાળું હોય છે. આંખો ઝીણી નાની હોય છે. ગુલાબી રંગના કાન વિશિષ્ટ હોય છે. પૂંછડી જાડી અને ટૂંકી હોય છે. તેના પર વાળ હોય છે. પૂંછડીનો છેડો અણીદાર હોય છે. શરીરનો રંગ ઘેરા સોનેરી કાળાશ પડતો હોય છે. માદા કરતાં નર કદમાં સામાન્ય મોટો હોય છે. આ પ્રાણી નાનું છતાં હિંમતવાળું હોય છે. વારેવારે છુ.છું.... છું.છું.... અવાજ પણ કરતું રહે છે. જરૂર પ્રમાણેની મર્યાદિત દૃષ્ટિશક્તિ હોય છે, પણ સાંભળવાની શક્તિ તીવ્ર હોય છે. એકલાં ફરતાં છછુંદરો નિશાચર છે. તેમના વજન જેટલું રોજ ખાવા જોઈએ છે. ઘરમાં, ખેતરમાં આખી રાત્રિ દરમિયાન કીટકોની શોધમાં ફરતાં રહે છે. અંધારામાં ફરતા હોઈ તથા આંખો સહેલાઈથી દેખાય તેવી ન હોવાથી ઘણા લોકો તેને અંધ સમજે છે.

છછુંદરના શરીરમાં રહેલી ગ્રંથિઓમાંથી સ્ત્રાવ થાય છે તેની





ખરાબ ગંધ તીવ્ર હોય છે. સંવનનકાળ દરમિયાન ગંધનું પ્રમાણ વધારે હોય છે. સંસ્કૃતમાં તેને છછુન્દરી કે ગન્ધમુષી કહે છે. તેની લીંડી ટીકડી જેવી હોય છે જે સુકાઈ જતાં સફેદ રંગની દેખાય છે.

ગર્ભકાળ ૩૦ દિવસનો હોય છે. ૨ થી ૪ બચ્ચાંને જન્મ આપે છે. માદાની પાછળ તેના ૨ થી ૪ બચ્ચાં એકબીજાની પૂંછડીના ઉપરના ભાગને પકડીને એક હારોળમાં ચાલતાં હોય છે. બધા બચ્ચાં દેખાવમાં સરખા લાગે છે.


માનવ વસાહતમાં રહેતાં છછુંદર ઘરની આસપાસ જમીનમાં દર બનાવીને રહે છે. ઘરની પાણીની ગટર લાઈનમાં પણ અનુકૂળતા શોધી આ છછુંદર વસવાટ કરે છે.

વિશ્વમાં ૩૮૪ જાતિના છછુંદરો જોવા મળે છે. તેમના કદ નાના હોય છે. ભૂમિ પરના સહુથી નાના સસ્તન પ્રાણી તરીકે “પગ્મી વાઈટ ટુથ્ઠ શૂ” ગણાય છે. તેની લંબાઈ ૩.૫ સે.મી. હોય છે અને વજન ફક્ત ૨ ગ્રામ જેટલું હોય છે.

ભારતીય વામનકાય છછુંદર
ANDERSON'S SHREW

(Suncus stoliczkanus) (F-Soricidae)

દેખાવમાં ભૂખરા છછુંદરને મળતું આવતું આ છછુંદર ઘણું નાનું હોય છે. કચ્છ વિસ્તારમાં છછુંદરું પણ કહેવામાં આવે છે.



માનવવસ્તીની નજીક રહેવાનું પસંદ કરે છે. તેથી તેને નિયમિત ખોરાક મળતો રહે છે. કચ્છના રણ અને સુરેન્દ્રનગરના કેટલાક વિસ્તારોમાં જોવા મળતું આ પ્રાણી નિશાચર હોય છે. બહુ દેખાતું ન હોવાથી તેના વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી. તેનું કદ નાનું હોય છે અને કાન ગોળાકાર હોય છે. મોઢું મોટા છછુંદર જેવું જ હોય છે અને આખા શરીર પર સુંવાળા વાળ હોય છે. મોટા છછુંદરની જેમ તેની પૂંછડી પર વાળ હોતા નથી. તેના બે શૂળ જેવા દાંત લાંબા હોય છે અને તે મોઢાની બહાર નીકળેલા હોય છે. ખાસ કરીને કીટકો અને અનાજ ખાય છે. તેના પગની રચના જમીન ખોદવામાં અને ઝાડ પર ચડવામાં ખૂબ જ ઉપયોગી થાય તેવી હોય છે. આ છછુંદરનું આયુષ્ય પણ એક વર્ષ જેટલું જ હોય છે. વર્ષમાં બે થી ત્રણ વખત પ્રજનન કરે છે. છછુંદરની સૌથી નાની જાતિઓ પૈકીનું આ એક છે. સસ્તનધારી આ પ્રાણી ઝેરી હોતાં નથી, પણ તેનાથી વિપરીત છછુંદરની કેટલીક જાતિ ઝેરી હોય છે. ચામાચીડિયાંની માફક નાનાં છછુંદર પણ ક્યારેક ઇકોલોકેશનની મદદથી ખોરાક શોધે છે. છછુંદરોમાં ચયાપચયનો દર બહુ ઊંચો હોય છે તેથી તે એકધારું ખાધા કરે છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
ભારતીય વામનકાય છછુંદર જોવા મળે છે.

રાજસ્થાન અને ગુજરાતના કચ્છ જેવા રેતાળ અને શુષ્ક વિસ્તારમાં જોવા મળે છે. સોનેરી ભૂખરા રંગની પીઠ હોય છે. પૂંછડીની નીચેનો ભાગ આછા રંગનો હોય છે. ગળાની આસપાસ પીળાશ પડતો રંગ હોય છે જે દર વખતે જોવા ન મળે તેવું પણ બને છે. કદ નાનું અને કાન ગોળાઈવાળા હોય છે. શરીરના પ્રમાણમાં પૂંછડી લાંબી હોય છે. મોઢાની બહાર બે વાંકા દાંત દંતશૂળની જેમ નીકળેલા હોય છે. આ છછુંદરના પગની રચના તેને વૃક્ષ પર ચઢવા માટે સક્ષમ બનાવે છે. જમીન નીચે દર ખોદીને રહે છે. પગમાં પાંચ આંગળાં હોય છે અને પંજા પર ચાલે છે. આ છછુંદર સુષુપ્ત અવસ્થામાં જતાં નથી. પોતાની જાતે દર કરતા નથી પણ ઉંદરોના છોડી દીધેલા દરને થોડા ઘણા સુધારીને ઉપયોગમાં લે છે.

છછુંદરની જાતિઓમા ગર્ભકાળ ફક્ત ૧૭ થી ૩૨ દિવસનો હોય છે. તેથી તે વર્ષમાં બે થી ત્રણ વાર બચ્ચાંને જન્મ આપે છે. તે જ રીતે તેની ઉંમર પણ એક વર્ષથી અઢી વર્ષની ટૂંકી હોય છે. કેટલાંક



છછુંદરની જાતિ ખોરાક વગર એક થી બે કલાક પણ જીવી ન શકે તેવી હોય છે. આરામદાયક સ્થિતિમાં માનવીના હૃદયના ધબકારા એક મિનિટમાં ૭૦ જેટલા હોય છે. જ્યારે છછુંદરની ચોક્કસ જાતિમાં મિનિટના ૧૦૦૦ જેટલા ધબકારા પણ નોંધાયા છે. કેટલીક જાતિના છછુંદરની ખોપરી હાડપિંજર અને અમુક અંગો ઓછા ખોરાક મળે ત્યારે ઊર્જાની બચત માટે સંકોચાઈ પણ શકે છે.

નિશાચર હોવાથી આંખો પ્રમાણમાં નાની અને ઓછા અંતર સુધી જોઈ શકે તેવી હોય છે. સૂંઘવાની શક્તિ સારી હોય છે જે રાત્રિ દરમિયાન ખોરાક શોધવામાં ખૂબ જ મદદરૂપ બને છે. આયુષ્ય ઓછું હોવાથી તેનો પ્રજનન દર તથા બચ્ચાં ઉછેર ઝડપથી થાય છે. શરીરમાંથી ગંધ છોડવાની તેની ખાસિયત હોય છે. એવું કહેવાય છે કે અંધારામાં જોઈ શકાય તેમ ન હોય ત્યારે છછુંદર પણ ચામાચીડિયાની જેમ અવાજ કરીને તેના પડઘા ને આધારે કે પરાવર્તિત તરંગોની મદદથી તેનું જવાનું સ્થળ કે ખોરાક શોધે છે. કેટલીક છછુંદરની જાતિ ઝેરી પણ હોય છે.

રણ સસલું
DESERT HARE

(Lepus nigricollis dayanus)
(F-Leporidae)

માત્ર રણ વિસ્તારમાં જ જોવા મળતું હોવાથી આ સસલાંને રણ સસલું નામ અપાયુ છે.

લંબાઈ ૩૦ થી ૪૦ સે.મી. અને વજન માત્ર ૧.૫ થી બે કિલોગ્રામ વજન હોય છે. વર્ષમાં બે વખત પ્રજનન કરે છે અને બે માસના ગર્ભકાળ બાદ બે બચ્ચાંને જન્મ આપે છે. આ બચ્ચાં ત્રણ મહિનામાં પુખ્ત થઈ જાય છે. ઘાસ અને વનસ્પતિના કુમળા ભાગો તેનો મુખ્ય ખોરાક છે. વનસ્પતિનાં ઝુંડ, જંગલ કે ગામડાંની આસપાસનાં ખેતરમાં રહે છે. નિશાચર હોય છે. રણ સસલું એકલું રહેવાનું પસંદ કરે છે. તેનો રંગ રેતી જેવો હોવાથી તે સહેલાઈથી છુપાઈ શકે છે. ગુજરાતમાં જોવા મળતી સસલાંની બંને જાતિમાંથી એકેય પાળી શકાય તેવી નથી. આ સસલાંને પાળવામાં આવે તો પણ જ્યારે મોકો મળે ત્યારે તે માણસથી દૂર ભાગી જાય છે. આપણે ત્યાં જે સફેદ સસલાં પાળવામાં આવે છે તે આ કુળનાં નથી, તેને બહારથી લાવવામાં આવેલાં છે અને તે માત્ર બંધન અવસ્થામાં જ જોવા મળે છે. તેને અંગ્રેજીમાં "રેબિટ" કહે છે. જોકે આ પાલતું સસલાં અને દેશી સસલાંનો ખોરાક અને આદતો લગભગ મળતી આવે છે.


વિશ્વમાં ૬૨ જાતિનાં સસલાં જોવા મળે છે. તે પૈકી ૮ જાતિ પ્રજાતિની ભારતમાં અને ૨ જાતિના ગુજરાતમાં જોવા મળે છે. એક આપણું સામાન્ય ભારતીય સસલું અને બીજું ખૂબ જ જૂજ જોવા મળતું રણ સસલું.



પદચિહ્ન

તેના નામ પ્રમાણે તે રેતાળ અને શુષ્ક પ્રદેશમાં જ જોવા મળે છે. રાજસ્થાન તથા ગુજરાતમાં તેની હયાતી જણાઈ આવે છે. કચ્છના રણ તથા તેને સ્પર્શતા સૌરાષ્ટ્ર ભાગ, બનાસકાંઠા, મહેસાણાના વિસ્તારોમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં તેનો વ્યાપ છે. રણ સસલાં રેતાળ પ્રદેશની જમીનના રંગ સાથે ભળી જાય તેવા રેત જેવા પીળાશ પડતાં ભૂખરા રંગના હોય છે. ભારતીય હેર કરતાં તે કદમાં સામાન્ય નાના હોય છે.

શુષ્ક પ્રદેશનાં પ્રાણીઓની માફક રણ સસલું પણ દિવસની ગરમી અને પ્રકાશથી બચવા માટે રાત્રિ દરમિયાન જ બહાર નીકળવાનું પસંદ કરે છે. મોટાભાગે તે એકલું જ ફરતું હોય છે. સંવનન સમયે જોડીમાં કે બચ્ચાં સાથે માદા હોય તો ત્યારે નાની ટોળીમાં જોવા મળે છે. સસલાંની ઓળખ માટે અંગ્રેજીમાં "હેર અને રેબિટ" એમ બે જુદા જુદા શબ્દો ઉપયોગમાં લેવાય છે. બન્ને સસલાંમાં તેના ઉછેર અને રક્ષણ માટેની શારીરિક રચનામાં સામાન્ય તફાવત જોવા મળે છે. હેરમાં ગર્ભકાળ બે માસ જેવો હોય છે. જ્યારે રેબિટમાં તે અડધો એટલે કે એક માસ જેટલો હોય છે. પરિણામે રેબિટની વસતી ઝડપથી વધે છે. રેબિટ પાલતું હોય છે જ્યારે હેર કુદરતી અવસ્થામાં રહેતાં હોઈ સરળતાથી પાલતું બનતાં નથી. હેરને કુદરતી અવસ્થામાં શિકારી પ્રાણીઓથી રક્ષણ મેળવવાનું હોઈ તેના શરીરનો રંગ આસપાસના વાતાવરણમાં ભળી જાય તેવા છદ્‌મવેશ ધારણ કરી શકે તેવો





હોય છે. જ્યારે રેબિટ કાળાં, ધોળાં વગેરે રંગનાં હોય છે. "હેર"ના લાંબા પગ ઝડપથી ભાગવા માટે તથા લાંબા કાન સારુ સાંભળી શકવા માટે ઉપયોગી બને તેવા હોય છે. રેબિટને સ્વરક્ષણ માટે આવી આવશ્યકતા ન હોવાથી તેના પગ અને કાન હેર કરતાં ટૂંકા અને નાના હોય છે. હેર એકલા ફરવાવાળા હોય છે જ્યારે રેબિટ ટોળાંમાં રહેવાવાળાં હોય છે. હેરનાં બચ્ચાં વાળ સહિત ખુલ્લી આંખો લઈને જન્મે છે. રેબિટના બચ્ચાં વાળ વગરના અને બંધ આંખો લઈને જન્મે છે.

રણ સસલાં શુષ્કપ્રદેશ અને રણવિસ્તારની ગરમી, પ્રકાશ અને ઓછા વરસાદના કારણે ઉભી થતી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધે છે. ઓછા ખોરાક અને પાણીથી ચલાવી શકે છે. રેતાળ પ્રદેશમાં ઝડપથી હરીફરી શકે છે. શરીરના આંતરિક તથા બાહ્ય અવયવો તે પ્રમાણે રચના પામ્યા હોય છે.





સસલું INDIAN HARE

(Lepus nigricollis) (F-Leporidae)

ખરગોશ, સસા વગેરે નામથી ઓળખાતું આ પ્રાણી દેખાવમાં નાજુક હોય છે

સસલાની લંબાઈ ૪૦ થી ૫૦ સે.મી. હોય છે અને તેનું વજન ૨.૫ થી ૩ કિલોગ્રામ. હોય છે. તે ઓક્ટોબરથી ફેબ્રુઆરી મહિનામાં પ્રજનન કરે છે. એકસાથે બે બચ્ચાંને જન્મ આપે છે. ઘેરા બદામી રંગના શરીર પર મુલાયમ અને લીસા વાળ હોય છે. કેટલાંક સસલાંની ગરદનના વાળ કાળા કે બદામી રંગના હોય છે અને પૂંછડીનો ઉપરનો ભાગ કાળો હોય છે. સસલાના કાન ખૂબ મોટા હોય છે અને પૂંછડી એકદમ ટૂંકી હોય છે. તે ખૂબ ઝડપથી દોડી શકે છે અને ઝડપથી દોડતાં દોડતાં જ દિશા બદલી શકે છે. દોડતાં સસલાને પકડવું શિકારી પ્રાણી માટે લગભગ અશક્ય હોય છે. સસલાના મુખ્ય દુશ્મનોમાં લોંકડી, શિયાળ, વરુ, નોળિયા, જંગલી બિલાડી અને કૂતરા ગણાય છે. ક્યારેક બાજ પક્ષી પણ તેનો શિકાર કરે છે. સસલું શાકાહારી હોય છે. ઘાસ, કંદમૂળ, ફળ, ફૂલ, બીજ વગેરે ખાય છે.





ખુલ્લા ઘાસિયા વિસ્તાર, ખુલ્લા મેદાન અને આછા ઝાડીવાળા જંગલમાં રહે છે. ગાઢ જંગલમાં સંખ્યા ખૂબ જ ઓછી હોય છે. સસલું સમાન્ય રીતે રાત્રે ભ્રમણ કરે છે. સલામતી જણાય તો દિવસે પણ જોવા મળે છે. તે દિવસ દરમિયાન ઝાડીમાં છુપાઈને અથવા બખોલમાં રહે છે. ઉનાળાની ઋતુમાં ઘાસ ઓછું મળે તો સસલાં ગામ નજીક ખેતર વિસ્તારમાં પણ આવી જાય છે.

ઉચ્ચ પ્રદેશો અને ચેરનાં વનો સિવાય સસલાં સમગ્ર ભારતમાં જોવા મળે છે. આ પ્રાણી તૃણાહારી છે તેના લાંબા પગ કૂદવા માટે અનુકૂલિત થયેલા હોય છે. પાછળના પગ આગળના પગ કરતાં લાંબા હોય છે. કાળા રંગની કિનારીવાળા કાન પણ લાંબા હોય છે. જે થોડા આછા રંગના હલનચલન કરી અવાજની દિશા તરફ ફરી શકતા હોય છે. શરીરનું તાપમાન જાળવવામાં અને દુશ્મન પ્રાણીને ઝડપથી જોઈ શકવા માટે તેની આંખો સક્ષમ હોય છે. આ કુળ તેના ઝડપી બચ્ચાં ઉછેર માટે જાણીતું છે. સસલાં જમીન નીચે મોટું દર જેવું ઘર બનાવીને રહે છે. જેમાં છૂટાછવાયા કાળા રંગના વાળ હોય છે. શરીર ઉપરની રુવાંટી મોટી અને બદામી રંગની હોય છે. આંખો માથાની ઉપરના ભાગે હોય છે જેથી તે બન્ને તરફ આજુબાજુ વધુ વિસ્તારમાં જોઈ શકે છે. ઉપરના હોઠમાં ફાટ હોય છે. કાનની પછીથી ગરદન ભાગ તથા ખભાની શરૂઆત સુધી અને પૂંછડીના ઉપરના ભાગે ઘાટા કથ્થાઈ કે કાળા રંગના ધબ્બા જોવા મળે છે. તેથી તેનું નામ “બ્લેક નેપ્ડ હેર” રખાયું છે. પેટ સફેદ રંગનું હોય છે, પૂંછડી નાની હોય છે. રણ, દક્ષિણ ભારત અને ઉત્તર ભારત વિસ્તારોમાં તેમના શરીરના રંગમાં સામાન્ય તફાવત જોવા મળે છે. દસ હેક્ટર જેટલા વિસ્તારમાં એક નર સસલું પોતાનું સીમાક્ષેત્ર જાળવી રાખે છે. ગામની આસપાસ ખેતરો અને જંગલોમાં પણ તે વસવાટ કરે છે.

રાત્રિના સમયે તે પ્રવૃત્તિમય હોય છે. સુરક્ષિત જગ્યા હોય તો દિવસે પણ બહાર નીકળે છે. જમીન પર તેની ગોળ ટીકડીઓ જેવી લીંડીથી તેની હાજરી વર્તાઈ આવે છે. શરીરનો રંગ જમીન તથા ઘાસના રંગની સાથે ભળી જાય તેવો હોય છે, તેના કારણે તેનું રક્ષણ થઈ શકે છે. પોષણ કડીમાં તે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સસલું નોળિયા, લોકડી, શિયાળ, વરુ, દીપડા,જંગલી બિલાડી જેવા મધ્યમ સ્તરના માંસાહારી પ્રાણીઓનો પ્રિય શિકાર છે. તેના આગળના પગ વડે નરમ જમીનમાં પોલાણ બનાવે છે અને દિવસ દરમિયાન તે દરમાં રક્ષણ મેળવે છે. કૂદકા ભરતું ભરતું ચાલે છે. જરૂર જણાયે બચાવ માટે ઝડપથી દોડીને થોડા થોડા અંતરે ઊભું રહીને આસપાસનું અવલોકન કરતું રહે છે. મોટાભાગે એકલા અને ક્યારેક જોડીમાં જોઈ શકાય છે. અનુકૂળ, સમતલ, સુરક્ષિત ઘાસવાળી જગ્યા હોય ત્યાં સારી એવી સંખ્યામાં હોય છે, જ્યારે ડુંગરાળ અને ગીચ જંગલમાં તેની સંખ્યા ખૂબ જ ઓછી હોય છે. બધાં સસલાંના ગાલની નીચે અને પેટ અને જાંઘવાળા ભાગમાં સ્ત્રાવ ગ્રંથિ હોય છે જે સંવનન સમયે અને સીમાક્ષેત્ર નક્કી કરવા માટે ગંધ છોડીને સંદેશ આપવા માટે ઉપયોગી બને છે. ખોરાક તથા તેની ચામડી માટે થતાં તેના શિકાર અને તેને અનુકૂળ આવાસસ્થાનો ઘટવાથી સસલાં કુદરતી અવસ્થામાં હવે ખૂબ જ જૂજ પ્રમાણમાં જોવા મળે છે.

પદચિહ્ન





શાહુડી / શેઢાળી
INDIAN PORCUPINE

(Hystrix indica indica)
(F-Hystricidae)

શરીર પર કાંટાનું આવરણ ધારણ કરેલ છે તેવી શાહુડીથી આપણે સહુ પરિચિત છીએ.





નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
શાહુડી / શેઢાળી જોવા મળે છે.

પદચિહ્ન 

શાહુડી ૬૦ થી ૭૦ સે.મી. લંબાઈ અને ૧૦ કિલોગ્રામ વજન ધરાવે છે. તે ૧૦ થી ૧૫ વર્ષનું આયુષ્ય ભોગવે છે. ડિસેમ્બર માસમાં પ્રજનન કરે છે અને બે થી ચાર બચ્ચાંને જન્મ આપે છે. શાહુડી કાળાશ પડતા રંગની હોય છે અને તેના પાછળના ભાગે લાંબા કાંટા હોય છે જેના છેડા સફેદ હોય છે. શિકાર તરફથી જયારે ભય લાગે ત્યારે તે પાછા પગે શિકાર પર હુમલો કરી દે છે. શાહુડી તમામ જાતનાં અનાજ, કંદમૂળ, ફળ, શાક વગેરે ખાય છે. બખોલમાં રહે છે. ડુંગરો અને ડુંગરો પાસેની જગ્યા, તળાવના પાળા કે નદી-ઝરણાં પાસે બખોલ બનાવે છે અથવા તો જમીનમાં લાંબું દર બનાવીને રહે છે. આ પ્રાણી નિશાચર છે તેથી તે દિવસે જોવા મળતું નથી. તે મરેલાં ઢોરનાં હાડકાં કોતરીને ખાતું પણ જોવા મળે છે. તેની પૂંછડી ટૂંકી હોય છે. જેના ફરતા લાંબા કાંટાના આવરણને કારણે દેખાતી નથી. પોતાના કાંટાની સળીઓ ખખડાવી ઘુઘરા જેવો અવાજ કરે છે. આ પ્રાણી જ્યારે તેના શિકાર પર હુમલો કરે છે ત્યારે દુશ્મન જો ખસી ન જાય તો તેના અણીદાર કાંટા તેના શરીરમાં ઊંડે સુધી ખૂપી જાય છે. હુમલો કરતાં પહેલાં દુશ્મનને ચેતવણી પણ આપે છે.



કર્તનશીલ શ્રેણીના પ્રાણીઓમાં શાહુડી વિશ્વ તથા એશિયા ખંડમાં મોટામાં મોટું પ્રાણી ગણાય છે. સમગ્ર ભારતમાં વ્યાપ ધરાવે છે. બુઠ્ઠું મોઢું અને માથું ત્રિકોણાકાર હોય છે. માથા પર કલગી જોવા મળે છે. પગ મજબૂત, જાડા અને પાંચ-પાંચ આંગળાંવાળા હોય છે. આંગળાં નહોરવાળા હોય છે. શરીરની પૂંછડી અને પીઠ પર અડધે સુધીના ભાગમાં આચ્છાદિત હોય છે. કડક અને અણીવાળા પોલા કાંટામાં પરિવર્તિત થયેલા જોવા મળે છે. આવા કાંટા કાળા અને સફેદ કે કથ્થાઈ અને સફેદ પટ્ટાવાળા હોય છે. જે ભય જણાય ત્યારે ખેરવી શકાતાં હોય છે. આવા કાંટા શાહુડી હોય તેવા વિસ્તારમાં છૂટાછવાયા પડેલા મળી આવે છે. તેના આ કાંટાને સ્વસ્થ રાખવા માટે કેલ્શિયમની જરૂરિયાત વધુ રહેતી હોઈ શાહુડી પ્રાણીઓનાં હાડકાં અને શિંગડાં ખાવાનું પસંદ કરે છે. ભય જણાય ત્યારે સ્વરક્ષણ માટે શરીર પરના તેના કાંટા ઊભા કરી દે છે. પૂંછડીના કાંટાથી પૂંછડી હલાવીને ઘુઘરા જેવો અવાજ પેદા કરીને દુશ્મનને ગભરાવવાની કોશિષ કરે છે. પોતાની પૂંઠ દુશ્મન તરફ કરીને જરૂર જણાયે હુમલો કરે છે અને પ્રાણીના શરીરમાં કાંટા ઘુસાડી દે છે. વાઘ-દીપડા જેવાં પ્રાણી પણ તેનાથી ઘવાયેલા જોવા મળેલ છે. શાહુડી તેના કાંટા તીરની જેમ છોડી શકે છે તે માન્યતા સાચી નથી. ખરી ગયેલા કાંટાની જગ્યાએ નવા કાંટા ઊગતાં રહે છે. તેની લીંડી તમાકુની સિગાર જેવી જાડી હોય છે.

જમીનની નીચે માટી ખોદીને પોતાની રીતે કે અન્ય પ્રાણીઓએ બનાવીને છોડી દીધેલ ઊંડી બખોલમાં રહે છે. આખી બખોલના બે-ત્રણ માર્ગ હોય છે. જેથી ભય જણાય તો તે ભાગી શકે છે. રાત્રિ દરમિયાન દરમાંથી બહાર નીકળે છે. એકલી ફરતી જોવા મળે છે. સંવનનકાળ દરમિયાન માદા સાથે જોઈ શકાય છે. ૨ થી ૪ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંના કાંટા જન્મ સમયે નરમ હોય છે. ઉંમર વધતાં તે કડક થાય છે. બંધનાવસ્થામાં ૨૧ વર્ષ જીવી હોવાનું નોંધાયું છે.

ગુદા પાસેથી સ્ત્રાવગ્રંથિ દ્વારા પોતાના વિસ્તારનું સીમાંકન કરે છે. મોટાભાગે નિયમિત રીતે ચોક્કસ રસ્તા પર ચાલે છે. આ પ્રાણી ખેતીના પાકો ખાઈ ને નુકસાન કરે છે. ઘણી વનસ્પતિના થડ અને માટી પોચી હોય તો તેનાં મૂળિયાં પણ તેના આગલા બે પગથી ખોતરીને ખાઈ જાય છે. તે રીતે પ્લાન્ટેશનોમાં પણ નુકસાન કરે છે. આફ્રિકામાં થતી શાહુડી ચાંચડનું વહન કરતી હોવાથી તે ક્યારેક પ્લેગના રોગના ફેલાવા માટે જવાબદાર ગણાય છે.

આ પ્રાણીના સીધા કોઈ ભક્ષક ન હોવાથી તથા ખેત વિસ્તારો વધ્યા હોવાથી તેની સંખ્યા હજુ ચિંતાજનક રીતે ઘટી હોવાનું ધ્યાનમાં આવ્યું નથી. ઘણી જગ્યાએ તેનો શિકાર થતો હોવાનું જોવા મળે છે.

પાંચ પટ્ટાવાળી તાડ ખિસકોલી
FIVE STRIPED PALM SQUIRREL

(Funambulus pennanti) (F-Sciuridae)

ઘર આંગણે કે વૃક્ષો પર જે ખિસકોલી જોવા મળે છે તે જ આ પાંચ પટ્ટાવાળી ખિસકોલી.

માનવવસ્તી વચ્ચે જોવા મળતી આ ખિસકોલી સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. તે ૧૩ થી ૧૫ સે.મી. લાંબી હોય છે તેની પૂંછડીની લંબાઈ ૧૫ સે.મી. જેટલી જ હોય છે. પૂંછડીના નીચેના ભાગમાં મધ્ય સુધી જતી રેખાઓ હોય છે. દેખાવમાં નર અને માદા બંને એકસરખાં જ હોય છે તેથી તેમાં તફાવત કરવો મુશ્કેલ હોય છે. તે દાણા, ફળો, તાજી કુંપળો અને મુલાયમ છાલ ખાતી હોય છે. તે ઘર, બગીચા, વૃક્ષો, મકાનો બધી જ જગ્યાએ જોવા મળી જાય છે. ખૂબ જ ચપળ હોય છે. આખો દિવસ ખોરાકની શોધમાં અહીંથી ત્યાં ફર્યા કરે છે. સતત બોલ્યા કરે છે. ખિસકોલી જુદા જુદા ઘણા પ્રકારના અવાજ કાઢી શકે છે. પાંદડાં અને કપડાંના ટુકડા તથા રૂ ની મદદથી માળો બનાવે છે. જે બધી બાજુથી બંધ હોય છે. તેમાં જવાનું એક જ નાનકડું કાણું હોય છે. તેનો માળો મકાનના પોલાણ કે ઊંચા વૃક્ષ પર હોય છે. પાંચ પટ્ટાવાળી ખિસકોલી આપણું સૌથી સામાન્ય અને પરિચિત વન્ય જીવ છે. જંગલ કરતાં માણસોની વસ્તી વચ્ચે વધુ રહે છે. પટ્ટાવાળી ખિસકોલીને અન્ય જાતિની જેમ પૂંછડીની નીચેનો ભાગ લાલ રંગનો હોતો નથી. ખિસકોલી ઓછા પાણીથી પણ ચલાવી લે છે. ખેતરોમાં રહેતી ખિસકોલીઓ લાંબા સમય સુધી પાણી વગર રહેતી જોવા મળે છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં પાંચ પટ્ટાવાળી તાડ ખિસકોલી જોવા મળે છે.







વિશ્વમાં ૨૭૩ જાતિની અને ભારતમાં ૨૭ જાતિની ખિસકોલીઓ જોવા મળે છે. ખિસકોલીઓ કર્તનશીલ શ્રેણીના પ્રાણીમાં સમાવિષ્ટ થયેલી છે. દક્ષિણમાં ધારવાડથી લઈને પૂર્વમાં મેઘાલય સુધીના ઉત્તર ભારતના વિસ્તારમાં પાંચ પટ્ટાવાળી ખિસકોલી જોવા મળે છે. આપણા ગુજરાતમાં બધે જ જોવા મળે છે. ભારતમાં છ જાતિની પટ્ટાવાળી ખિસકોલી જોવા મળે છે. મોઢું નાનું ત્રિકોણકાર અને પૂંછડી જાડી અને ગુચ્છાવાળી હોય છે. વિસ્તાર પ્રમાણે તેના શરીરના રંગમાં સામાન્ય ફેરફારો જોવા મળે છે. કાન નાના, આંખો માથાની બન્ને દિશા તરફ હોય છે. પેટ સફેદ હોય છે.

ગરદનથી લઈને પૂંછડીના ઉદ્‌ગમ ભાગ સુધી આ ખિસકોલીની પીઠ પર પાંચ પટ્ટા હોય છે. ત્રણ પટ્ટાવાળી ખિસકોલીની અલાયદી જાતિ પણ છે.

દિવાચર છે. શહેર, ગામ અને જંગલ વિસ્તારોમાં બધે જ જોવા મળે છે. એટલી ચંચળ હોય છે કે આખો દિવસ ફરતી રહે છે. પક્ષી જેવો તીણો અવાજ સતત આઠથી દસ વાર કરે છે. બોલે ત્યારે મોઢાની સાથે સાથે તેની લાંબી પૂંછડી પણ ઝટકા મારતી હોય છે. ખૂબ જ હિંમત અને જિજ્ઞાસુ વૃત્તિવાળી હોય છે. વૃક્ષો અને જમીન પર એમ બંન્ને જગ્યાઓએ તે અવર-જવર કરતી રહે છે. જમીન પર કે વૃક્ષની ડાળી પર પેટના ટેકે ચાર પગ પહોળા કરીને આરામ કરતી હોય છે. રેસા, રૂ, ઘાસ, પાંદડાં જેવી સામગ્રી એકઠી કરીને મોટા દડા જેવો પોલો માળો બનાવે છે. સંવનનકાળ દરમિયાન નર-માદા દિવસમાં બે- ચાર વાર મળતાં હોય છે. માદા એકથી વધુ નર સાથે સંબંધ રાખતી હોવાનું મનાય છે. ફળ, ફૂલ, બીજ, પાદડાં, કૂણી કૂંપળો, નાની ડાળીઓ, કૂણી છાલ વગેરે ખાવાનું પસંદ કરે છે. આગળના બે પગ દ્વારા ખાદ્ય પદાર્થ પકડીને પાછલા બે પગ પર બેઠક જમાવીને મોઢામાં ખોરાક મૂકતી જોવા મળે છે. આગળના દાંત વડે કઠણ ભાગ કોતરીને ખાવાની ટેવ હોય છે. તેના આગળના અને પાછળના પગમાં નહોરવાળાં પાંચ-પાંચ આંગળાં હોય છે.

સામાન્ય રીતે આપણે ખિસકોલી જોઈએ ત્યારે તેને ત્રણ પટ્ટા છે કે પાંચ પટ્ટા છે તેની નોંધ લેતા નથી.



ત્રણ પટ્ટાવાળી તાડ ખિસકોલી
THREE STRIPED PALM SQUIRREL

(Funambulus palmarum)



ત્રણ પટ્ટાવાળી ખિસકોલી સામાન્ય ખિસકોલી કરતાં નાની હોય છે અને તેની પીઠ પર ત્રણ પટ્ટા હોય છે. તેને ગીલહરી પણ કહેવાય છે.

આ ખિસકોલી ૧૨થી ૧૬ સે.મી. લાંબી હોય છે. તેની પૂંછડી ૧૧ થી ૧૭ સે.મી. લાંબી હોય છે. આ ખિસકોલીનો નીચેનો ભાગ સફેદ અને ઉપરના ભાગે આછા રંગના ત્રણ પટ્ટા હોય છે. પૂંછડીના નીચેના ભાગે રાતી રેખા હોય છે તે મધ્ય સુધી જતી હોય છે. તેની પૂંછડી પાતળી દોરી જેવી હોય છે પણ તેને ફરતા લાંબા ઊભા વાળ હોવાથી તે એકદમ જાડી દેખાય છે. ફળ, દાણા, તાજી કૂંપળો અને વૃક્ષોની કૂણી છાલ ખાય છે. ક્યારેક તે જીવાત કે પક્ષીનાં ઇંડાં પણ ખાય છે. દક્ષિણ ભારતના ભેજવાળા વિસ્તારમાં વધુ જોવા મળે છે જ્યારે પાંચ પટ્ટાવાળી ખિસકોલી ઉત્તર ભારતમાં વધુ જોવા મળે છે. ગુજરાતમાં દક્ષિણનાં જંગલો અને ભેજવાળા પ્રદેશોમાં જોવા મળે છે. જંગલમાં વૃક્ષોના પોલાણવાળા વિસ્તારમાં માળો બનાવીને રહે છે. આ ખિસકોલી પણ આખો દિવસ બોલ્યા કરે છે તે જ્યારે બોલે ત્યારે તેની પૂંછડી ઊંચી થાય છે. ખિસકોલી એકલી જ રહે છે પણ સંવનનકાળમાં નર-માદા એક-બે દિવસ માટે નજીક આવે છે. માદા એક કરતાં વધુ નર સાથે સંવનન કરે છે. માદા બચ્ચાં માટે મુલાયમ માળો બનાવે છે. બચ્ચાં પોતાની જાતે ખેરાક શોધતાં અને ખાતા ન થાય ત્યાં સુધી માદા તેનું ધ્યાન રાખે છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ત્રણ પટ્ટાવાળી તાડ ખિસકોલી જોવા મળે છે.






ભારતીય દ્વીપકલ્પ ભાગમાં જોવા મળતી ત્રણ પટ્ટાવાળી ખિસકોલી શહેરી અને ગ્રામ્ય વિસ્તારો કરતાં જંગલમાં વધુ જોવા મળે છે. આપણે ત્યાં દક્ષિણ ગુજરાત વિસ્તારમાં તે જોવા મળે છે.

કદમાં નાની છે. શરીર બદામી કે ભૂખરા પડતા કથ્થાઇ રંગનું હોય છે. તેના ત્રણ આછા પટ્ટા તેની ડોકથી લઈને પીઠ પર થઈને પૂંછડીની શરૂઆતના ભાગ સુધી પહોંચે છે. તેનાં પાંચ-પાંચ આંગળાં ધરાવતા પગ ટૂંકા હોય છે. પૂંછડી શરીરની લંબાઈ કરતાં સામાન્ય મોટી હોય છે. ગુચ્છાવાળી કાળી અને સફેદ રંગની છાંટવાળી પૂંછડીમા ઘાટા લાલાશ પડતાં કથ્થાઇ રંગની મધ્યમાંથી રેખા પસાર થાય છે.

જંગલનાં વૃક્ષો પર પોલાણવાળા ભાગમાં કે ડાળીઓ પર માળા બનાવવાનું પસંદ કરે છે. સહેલાઈથી માળામાં રૂ, રેસા, મુલાયમ ઘાસ, પાંદડાં વગેરે લાવીને આડા- અવડા ગોઠવે છે. નર અને માદા સંવનન સમયે એક-બે દિવસ માટે ભેગાં થાય છે. માદા એકથી વધુ નર સાથે સંવનન કરે છે. બચ્ચાં જન્મ સમયે આંખ પર ચામડી હોવાથી જોઈ શકતાં નથી. સ્વતંત્ર રીતે હરતા- ફરતા ન થાય ત્યાં સુધી માતાની સાથે માળામાં રહેવું પસંદ કરે છે. બચ્ચાંને જન્મ સમયે ચામડી પર રુવાંટી હોતી નથી.

પુખ્ત ખિસકોલીઓ મોટાભાગે એકલી ફરતી જોવા મળે છે. ક્યારેક નર-માદાની જોડ પણ ભેગા ફરતાં જોવા મળે છે. રાત્રે વૃક્ષના પોલાણ કે માળામાં આરામ કરે છે અને દિવસે વૃક્ષો પર સમય વિતાવે છે. જરૂર જણાય તો જમીન પર પણ આવે છે.

આ ખિસકોલીનો અવાજ પક્ષી જેવો તીણો હોય છે. બોલે ત્યારે તેની પૂંછડી પણ હલનચલન કરતી હોય છે. એક જ પ્રકારનો અવાજ વારંવાર કરે છે. ખોરાક અન્ય ખિસકોલીઓ જેવો જ હોય છે. સીમડાના વૃક્ષ પર ફૂલો આવે ત્યારે તેનો રસ પીવાનું તેને ગમે છે. થોરના રસદાર ફૂલ પણ તે ખાય છે. કીટકોને પણ પકડીને ખાય છે. પક્ષીઓનાં ઈંડાં પણ ખાય છે. આ માટે તે ચૂપચાપ ઈંડાં ચોરી લે છે.



ભારતીય મોટી ખિસકોલી
INDIAN DANGS GIANT SQUIRREL

(Ratufa indica dealbata)

સામાન્ય ખિસકોલી કરતાં લગભગ ત્રણ ગણી મોટી હોય છે. તેની પૂંછડી વધુ લાંબી હોય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ભારતીય મોટી ખિસકોલી જોવા મળે છે.

આ ખિસકોલીની લંબાઈ ૪૫ સે.મી. હોય છે. અને તેની પૂંછડી તેના શરીર કરતાં લાંબી હોય છે. તેની પૂંછડીની લંબાઈ ૬૦ સે.મી. હોય છે. આ ખિસકોલીનો રંગ કાળો કે ભૂખરો હોય છે. તેની પૂંછડી કાળી હોય છે. પાનખર અને ગીચ જંગલોમાં ઊંચા વૃક્ષો પર રહે છે. મોટી ખિસકોલી દિવસ દરમિયાન ખોરાક શોધતી જોવા મળે છે. બપોરના સમયે ઝાડ પર આરામ કરતી જોવા મળે છે. ભાગ્યે જ જમીન પર ઊતરે છે. તે એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર કૂદતી રહે છે. ગાઢ જંગલોમાં વૃક્ષો પર જ રહેતી હોવાથી ભાગ્યે જ જોવા મળે છે. તેનો અવાજ મોટો હોય છે. તેથી તે કોઈ ઝાડ પર હોય તો તેની ઉપસ્થિતિ જણાઈ જાય છે. મોટી ખિસકોલી ઉત્તર ભારતમાં વધુ જોવા મળે છે છતાં તેની ઉપસ્થિતિ સમગ્ર દેશમાં છે. ખૂબ ઊંચા અને મોટાં વૃક્ષો પર માળો બનાવે છે. ભય જેવું જણાય ત્યારે તે ભાગવાના બદલે ઝાડની ડાળી સાથે ચાંપીને બેસી જાય છે. શિકારી પક્ષીઓ અને દીપડા આ ખિસકોલીના સૌથી મોટા દુશ્મન છે.



દક્ષિણ અને દક્ષિણ પૂર્વી એશિયામાં જોવા મળતી વિશ્વની મોટામાં મોટી હોય તેવી ચાર જાતિની ખિસકોલીઓ પૈકી ત્રણ ભારતમાં જોવા મળે છે.

ગુજરાતમાં મોટી ખિસકોલી ફક્ત દક્ષિણ ગુજરાતના ડાંગ અને શૂલપાણેશ્વરનાં જંગલોમાં જોવા મળી હતી.

મોટી ખિસકોલીની પીઠ પરનો ભાગ ચમકતો ઘાટા બદામી રંગનો હોય છે. ગળું, છાતી અને પગના ભાગની અંદરની તરફનો રંગ પ્રમાણમાં ઝાંખો હોય છે. પૂંછડી પરની રુવાંટી પ્રમાણમાં મોટી હોય છે.

તેની પૂંછડી શરીરની લંબાઈ કરતાં વધુ હોય છે. જે મોટી છલાંગ લગાવતાં સમયે તથા વૃક્ષ પર એક ડાળીથી બીજી ડાળીઓ વચ્ચે ફરતી વખતે સંતુલન જાળવવામાં મદદરૂપ બને છે.


આગળના અને પાછળના પગ વચ્ચેના શરીર ભાગની ચામડી પ્રમાણમાં મોટી હોય છે. ખિસકોલી કોઈ ઊંચા વૃક્ષની ડાળી પરથી બીજા વૃક્ષની થોડી ઓછી ઊંચાઈએ આવેલી ડાળી પર લાંબો કૂદકો મારે છે ત્યારે આ ચામડી ખોલે છે. પરિણામે તે થોડું અંતર હવામાં સરકી શકે છે.



આવી ચામડી ગળાની નીચેથી આગળના પગ સાથે આગળના પગથી લઈને પેટાળ ભાગ તથા પાછલા પગ અને પૂંછડીના છેડા સુધી આવી ચામડી ઝાલર જેવી જોડાયેલી હોય છે. જે ખિસકોલી ઊડે ત્યારે પાંખોની જેમ ખૂલે છે. એક છત્રી જેવો આકાર બનતાં તે હવામાં ગ્લાઈડ કરી શકે છે.

ગીચ જંગલોમાં મોટાં વૃક્ષો નજીક નજીક હોવાથી ખિસકોલી વૃક્ષ પર સારી રીતે અવરજવર કરી શકે છે. જંગલો ઓછાં થવાથી આ જાતિની ખિસકોલીઓ ટકી શકતી નથી અને લુપ્ત થવાનો ભય ઊભો થયો છે. વૃક્ષો પર જ રહેવું તેને ગમે છે અને જમીન પર ભાગ્યે જ ઊતરે છે. મોટાભાગે એકલી જ ફરતી હોય સૂર્યાસ્ત સમયે તથા વહેલી સવારે તે વધુ સક્રિય હોય છે.

તે વૃક્ષ પરની તૈયાર બખોલમાં રહેવાનું પસંદ કરે છે. યોગ્ય જગ્યા ન મળે તો મોટો માળો વૃક્ષની ડાળીઓ પર બાંધે છે. એક માળામાં આરામ કરે અને બીજામાં બચ્ચાં ઉછેર કરે તેવું જોવામાં આવ્યું છે. ખૂબ જ મોટા અવાજે વૃક્ષની ડાળી પર આરામથી બેસીને અવાજ કરે છે. ઘણીવાર ભયસૂચક અવાજ પણ કાઢે છે. આ કારણથી તેની હાજરી વર્તાઈ આવે છે. તેને નજરે જોવી મુશ્કેલ છે.



બદામી રંગની ઊડતી ખિસકોલી
LARGE BROWN FLYING SQUIRREL

(Petaurista petaurista philippensis)
(F-Petavristinae)


પાંખા નામથી ઓળખાતી આ ખિસકોલી હવામાં ગ્લાઈડિંગ કરે છે તેથી તે ઊડતી ખિસકોલી કહેવાય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં બદામી રંગની ઊડતી ખિસકોલી જોવા મળે છે.

આ ખિસકોલીની લંબાઈ ૩૭ સે.મી. હોય છે. તેની પૂંછડીની લંબાઈ ૪૧ સે.મી. હોય છે. તેનું વજન ૧.૫ થી ૨ કિ.ગ્રા. હોય છે. તેનું આયુષ્ય ૧૫ થી ૧૭ વર્ષનું હોય છે. આ ખિસકોલી ભૂખરા રંગની અને આકારમાં સામાન્ય ખિસકોલી કરતાં મોટી હોય છે. ફળ, ફૂલ, પાન, બીજ, જીવડાં, કોશેટા, વગેરે ખાય છે. ઊડતી ખિસકોલી શૂલપાણેશ્વર અભયારણ્યમાં કાલવટ, વાવ, દુથર વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. આ પ્રાણી નિશાચર હોય છે. સમી સાંજમાં પણ ખોરાક શોધતું જોવા મળે છે. તે આખી રાત ખોરાક માટે ફર્યા કરે છે. દિવસ દરમિયાન તે વૃક્ષની બખોલમાં કે ઘાટી ડાળખીઓ પર સૂતી જોવા મળે છે. રાતના સમયે તે એકધારો અવાજ કર્યા કરે છે.








ભારતીય દ્વીપકલ્પ વિસ્તારમાં આ ખિસકોલી જોવા મળે છે. ગુજરામાં તે રતનમહાલ, કેવડી અને શૂલપાણેશ્વરના જંગલવિસ્તારોમાં નોંધાઈ છે. ડાંગમાં તેને પાંખા તરીકે અને છોટાઉદેપુર ભાગમાં "પાંખરૂં" તરીકે સ્થાનિક લોકો ઓળખે છે. આવી ખિસકોલીઓ ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પરંતુ એક ઊંચા વૃક્ષ પરથી થોડે દૂર આવેલ બીજા ઊંચા વૃક્ષની નીચેની તરફની ડાળી પર એક લાંબી છલાંગ લગાવે છે તેમ કહી શકાય. આગળના અને પાછળના પગો વચ્ચે જોડાયેલી વધારાની ચામડીની મદદથી તે હવામાં થોડાક અંતર સુધી સરકી શકે છે. મોટી ઊડતી ખિસકોલીમાં વિશેષતા એ છે કે, આવી વધારાની ચામડી પગની એડીના ભાગેથી લઈને પૂંછડી સાથે પણ તે જોડાયેલી હોય છે.

આ ખિસકોલીના માથાથી લઈને શરીર પરનો રંગ બદામી કે કોફી જેવા કથ્થાઈ રંગનો હોય છે. અમુક વિસ્તારમાં તે ભૂખરા રંગની પણ જોવા મળે છે. ગળું, છાતી અને પેટવાળો ભાગ આછા ભૂખરા રંગનો હોય છે. કાન મોટા હોય છે જેની કિનારી લાલાશ પડતાં કથ્થાઈ રંગની હોય છે. પૂંછડી એક સરખી કથ્થાઈ પડતાં ભૂખરા રંગની હોય છે. કેટલીક ખાસ ખિસકોલીમાં પૂંછડીની ટોચ ઘટ્ટ રંગની પણ હોય છે.

સૂર્યાસ્ત થતાંની સાથે જ તેના વૃક્ષ પરના રહેઠાણમાંથી ભ્રમણ માટે એકલવાયી નીકળી પડે છે. ક્યારેક મધ્ય રાત્રે પરત ફરે છે અને ખોરાક ન મળ્યો હોય તો વહેલી સવાર સુધી વૃક્ષો પર ફરતી રહે છે. વૃક્ષના થડ પર તે કૂદતાં કૂદતાં ચઢતી જોવા મળે છે.



ફળ, બીજ, છાલ, ગુંદર કે જીવડાં ખાતી વખતે તે તેના આગળના બે પગ વડે ખોરાકને પકડીને મોઢા આગળ રાખીને આગળના દાંત વડે કોતરતી કોતરતી ખાય છે. ખોરાક કઠણ હોય તો તેનો અવાજ પણ આવે છે. તેની આ ખાસિયતને લીધે તે કર્તનશીલ પ્રાણીઓમાં સમાવિષ્ટ થયેલી છે. એક બીજા સાથે અવાજથી સંપર્કમાં રહે છે. ચીસ પાડીને મોટે ભાગે ભય વ્યક્ત કરે છે.

આ ખિસકોલીને ટકી રહેવા માટે ગીચ જંગલની આવશ્યકતા રહે છે. ખૂબ જ મોટાં વૃક્ષો અને તે પણ એક બીજાની નજીક નજીક હોય તો જ અનુકૂળ ગણાય. તેને લાયક જંગલો ઘટવાને કારણે અગાઉ પણ જે ખિસકોલી ખૂબ જ ઓછી કે ક્યારેક જ જોવા મળતી હતી તે હવે તદ્દન ઓછી થઈ જવા પામી છે.

ભારતીય જરબીલ
INDIAN GERBIL

(Tatera indica) (F-Muridae)

આ નાના કદનું ઉંદર જેવું પ્રાણી ઉંદરડું કે ઉંદરડો કહેવાય છે. ઉંદરની આ એક જાત હોય છે જે સામાન્ય ઉંદર જેવડી હોય છે.





૧૫ થી ૧૭ સે.મી. લંબાઈના આ ઊંદરનું વજન ૨૦૦ થી ૫૦૦ ગ્રામ હોય છે. તેનો ગર્ભકાળ ૮ થી ૩૦ દિવસનો હોય છે. તે એકસાથે ચાર થી માંડીને બાર બચ્ચાંને જન્મ આપે છે. તેના બચ્ચાં ૮ થી ૩૦ વર્ષમાં પુખ્ત થઈ જાય છે. આ ઉંદર જમીનમાં દર બનાવીને રહે છે. તે સામાન્ય ઉંદર કરતાં અલગ પ્રકારના હોય છે. તેના પાછળના પગ વધુ લાંબા હોય છે. તે મુખ્યત્વે અનાજ, પાન, ફૂલ, ફળ ખાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશમાં જોવા મળે છે. ખુલ્લા મેદાન અને જે જમીનમાં ખેડાણ ન થતું હોય ત્યાં જોવા મળે છે. જમીન નીચે એકથી બે ફૂટ ઊંડું દર બનાવે છે. દિવસ દરિમયાન આરામ કરે છે અને રાતે ખોરાકની શોધમાં નીકળે છે. થોડોક આવાજ થતાં તરત પાછા પોતાના દરમાં ભાગી જાય છે. ખોરાકની શોધમાં નીકળતી વખતે અમુક ચોક્કસ વિસ્તારમાં જ જાય છે અને પોતાના દર સુધીનો રસ્તો બનાવે છે. જ્યારે ભય વધુ હોય છે ત્યારે કૂદકા મારતું ભાગે છે. આવા સમયે તે ૧.૨૦ મીટર થી ૧.૫૦ મીટરના કૂદકા મારી શકે છે. જરબીલ નામના આ ઉંદરની ઘણી બધી જાતિ છે જેમાંથી મોટાભાગના રણ વિસ્તારમાં રહે છે. એવું કહેવાય છે કે નર અને માદા અલગ અલગ દર બનાવે છે.





ભારતના સૂકા અને શુષ્ક વિસ્તારોમાં બધે જ ભારતીય જરબીલ જોવા મળે છે. ગુજરાતમાં મુખ્યત્વે સૌરાષ્ટ્ર તથા બનાસકાંઠાના વિસ્તારોમાં આ પ્રાણી વ્યાપ ધરાવે છે. શુષ્ક વિસ્તારનું આ કર્તનશીલ પ્રાણી લાંબી, વાળવાળી પૂંછડી ધરાવતું હોય છે. આવી પૂંછડીના છેડે વાળનું ઝૂમખુ હોય છે. પગ લાંબા હોય છે. આંખો મોટી હોય છે. છેદક દાંત ખાંચાવાળા હોય છે ઘુસ અને ઉંદરનું કુળ એ બહુ સંખ્યક કર્તનશીલ પ્રાણી છે તેમાં જ જરબીલનો સમાવેશ થાય છે. જરબીલની પૂંછડી વાળવાળી હોય છે, ઉંદરની પૂંછડી વાળ વગરની તથા તેના પાછલા પગ તે જ કદના ઉંદર કરતાં ઘણાં લાંબા હોય છે. તે જ્યારે ચાલે છે ત્યારે છલાંગ અને કૂદકા મારતા ં મારતાં ચાલે છે. આટલા મુખ્ય તફાવત તેમની વચ્ચે જોવા મળે છે.

શરીરનો રંગ બિસ્કિટ જેવો લાલાશ પડતો બદામી કે ભૂખરો બદામી હોય છે. ગળૂં, છાતી અને પેટ સફેદ રંગનાં હોય છે. શરીર કરતાં પણ લાંબી વિશિષ્ટ પૂંછડી પણ બિસ્કિટ જેવા રંગની હોય છે. જે બન્ને બાજુમાં બદામી, ઉપરના અને નીચેના ભાગે ભૂખરી હોય છે પૂંછડીનો છેડો કાળા પડતા કથ્થાઈ રંગનો હોય છે. આ જરબીલના કાન લાંબા અને સાદા હોય છે તથા પગનાં તળિયાં પણ સાદાં હોય છે. જે તેને અન્ય જરબીલથી જુદાં પાડે છે. પાછળના પગ લાંબા, વિકસિત અને આગળથી આછા રંગના હોય છે. ખુલ્લા વિસ્તારોમાં ખેતરોની નજીકની જમીનમાં રહેવાવાળું અને જમીન પર જ ફરવાવાળું આ પ્રાણી છે. જરબીલમાં નર અને માદા એમ પ્રત્યેક પોતપોતાના અલગ અલગ દર બનાવીને રહે છે. ખુલ્લામાં ઝાડી- ઝાંખરા નજીક નીચે, તેમની નજીક નજીક દરવાળી નાની નાની વસાહતો હોય છે. તેમના પોતાના વિસ્તાર જાળવી રાખવાની હરીફાઈમાં તે સ્વજાતિ ભક્ષક પણ બને છે. જેમાં નાનાં બચ્ચાં કે અપુખ્ત મોટા પુખ્ત જરબીલનો શિકાર બને છે.

મોટાભાગે રાત્રિ દરમિયાન ખોરાકની શોધમાં પોતપોતાના દરની બહાર નીકળે છે. સતત સાવચેત રહે છે. જરા પણ અવાજ કે હલનચલન જણાય ત્યારે તુરંત ભયભીત થઈને ૩ થી ૪ ફૂટ જેવા લાંબા કૂદકા મારતાં ભાગીને દરમાં ઘૂસી જાય છે. ક્યારેક દિવસે નીકળે ત્યારે દરની નજીક નજીકમાં જ ફરતા રહે છે. દરમાંથી મોઢું બહાર કાઢીને પણ જોતાં રહે છે. માદાના દરમાં નીકળવાના રસ્તા વધારે હોય છે. નરના દરમાં નીકળવા માટે એક જ માર્ગ હોય છે. તેમને લાયક વિસ્તારોમાં માનવ અવરજવર અને જંતુનાશક દવાઓના વધેલા ઉપયોગના કારણે તેમના અસ્તિત્વ સામે ભય ઊભો થવા પામ્યો છે. જરબીલ કૂદકા ભરતાં ભરતાં ઝડપથી ભાગતા હોઈ તેમને "એન્ટીલોપ રેટ" નામ પણ અપાયું છે. જરબીલની એકજાતિ "ઈન્ડિયન ડેર્ઝટ જરબીલ" એટલે કે રણનો જરબીલ આપણાં કચ્છના નાના અને મોટા રણ વિસ્તારમાં જોવા મળે છે. રણના જરબીલ ભારતીય જરબીલ કરતાં વધારે મોટા સમૂહમાં રહેવા ટેવાયેલા હોય છે. તેથી તેમના દર મધપૂડાની જેમ નજીક નજીક જોવા મળે છે. રણ જરબીલ કદમાં નાના હોય છે. રણની રેતી સાથે ભળી જાય તેવા રેતાળ પીળાશ પડતા રંગના હોય છે, તેમનો ગળું, છાતી તથા પેટાળ ભાગ ઝાંખા સફેદ રંગનો હોય છે.





નક્શામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં લાંબી પૂંછડીવાળો
વૃક્ષશેય ઉંદર જોવા મળે છે.

ગુજરાતમાં તથા ભારતમાં બધે જ આ જાતિનો ઉંદર જોવા મળે છે. માનવ વસાહતોની નજીક અને જંગલ વિસ્તારમાં તેની હાજરી હોય છે. તેને 'પામ માઉસ' પણ કહે છે.

તેના શરીર પરની કથ્થાઈ રંગની રુવાંટી સુંદર અને મુલાયમ હોય છે. શરીરની નીચેના ભાગ ગળું, છાતી, પેટ સફેદ રંગના હોય છે. માથું અને શરીરની લંબાઈ કરતાં લગભગ દોઢગણી પૂંછડીની લંબાઈ હોય છે. કાન પ્રમાણમાં મોટા હોય છે. માથું અને મોઢાનો ભાગ ત્રિકોણાકાર અને ભરાવદાર હોય છે. મધ્યમ કદની આંખો અને મોટી મૂછો હોય છે.

સંપૂર્ણ રીતે વૃક્ષ પર જ રહેલા ટેવાયેલું પ્રાણી છે. વૃક્ષ પર સહેલાઈથી ચઢી શકે તે માટે તેના ચારેય પગની પ્રથમ અને પાંચમી આંગળી અન્ય આંગળીઓની કાટખૂણે જોડાયેલી હોય છે અને તે બે આંગળીઓ પરના નખ નહોર જેવો તીક્ષ્ણ નહીં, પણ ચપટા હોય છે. યોગ્ય પોલાણ ન મળે ત્યારે વૃક્ષ પર જ તે તેનો માળો ઊંચાઈએ ડાળીઓ પર બાંધે છે. વૃક્ષના યોગ્ય પોલાણમાં રહેવું પણ પસંદ કરે છે. બચ્ચાં સાથે રહેવાનું હોવાથી માદા મોટો માળો બનાવે છે. જ્યારે નર તેનો માળો અલગ બનાવે છે. વૃક્ષ પર હરતા ફરતા

લાંબી પૂંછડીવાળો વૃક્ષશેય ઉંદર
LONG TAILED TREE MOUSE

(Vandeleuria oleracea)
(F-Muridae)





દેખાવમાં સુંદર એવો આ ઉંદર મોટાભાગે વૃક્ષો પર જ રહે છે, તેથી તેને વૃક્ષશેય ઉંદર પણ કહેવાય છે. તે ભાગ્યે જ જમીન પર આવે છે.

૫ થી ૯ સે.મી. લંબાઈ ધરાવતાં આ ઉંદરની પૂંછડી તેની લંબાઈ કરતાં પણ વધુ હોય છે. તેની પૂંછડીની લંબાઈ ૮ થી ૯ સે.મી. હોય છે. તેનું વજન ૨૦૦ થી ૫૦૦ ગ્રામ હોય છે. તેનું આયુષ્ય માંડ બાર માસનું હોય છે. તે આખા વર્ષમાં ગમે ત્યારે પ્રજનન કરે છે. વૃક્ષ પર જ માળો બાંધી તેમાં બચ્ચાંને જન્મ આપે છે. આ ઉંદરના વાળ મુલાયમ હોય છે. ફળ, ફૂલ, કળીઓ અને કુમળી કૂંપળો ખાય છે. વૃક્ષો કે નાનાં ઝાડવાં પર રહે છે. ખૂબ જ ચંચળ હોય છે. શાંતિથી એક જગ્યાએ બેસી રહેતો જોવા મળતો નથી. નર અને માદા બંનેના માળા અલગ અલગ હોય છે. આ ઉંદર ઝાડ પરથી ચડ ઊતર કરતી વખતે પોતાની લાંબી પૂંછડીનો ઉપયોગ ટેકો લેવા કે પકડ મેળવવા કરે છે. જમીન પર તે ક્યારેક જ આવે છે અને તે ઝાડ પર જે સરળતાથી ફરી શકે છે તેટલી સરળતાથી જમીન પર ફરી શકતા નથી. માદા ઉંદર બચ્ચાંને જન્મ આપવા માટે મોટો માળો બનાવે છે. તે માળો બનાવવા માટે ઝાડની બખોલ, તિરાડ કે ડાળખીઓનો સમૂહ પસંદ કરે છે.

કે ચડ ઊતર કરતી વખતે પગની સાથે સાથે તેની લાંબી પૂંછડીનો ઉપયોગ ટેકો કે પકડ મેળવવા માટે કરે છે. ક્યારેક જ થોડા સમય માટે જમીન પર આવે છે અને તુરંત પાછા વૃક્ષ પર જતા રહે છે.

મોટા ભાગના ઉંદરો ભૂમિ નિવાસી હોય છે, પરંતુ આ જાતિના ઉંદરો વૃક્ષ પર રહેવાનું વધુ પસંદ કરે છે. આ માટે તેનો ખોરાક મોટા ભાગે વનસ્પતિ આધારિત હોય છે. શરીરની રચના પણ વૃક્ષ પર સરળતાથી ચઢી ઉતરી શકે અને હરી ફરી શકે તેવી હોય છે. ખાસ કરીને પગ અને પૂંછડી આ માટે અનુકૂળ થયેલી હોય છે.

ઉંદરોનો ગર્ભકાળ ફક્ત ૨૦ થી ૩૦ દિવસનો હોય છે. તેમનાં બચ્ચાં પણ ઝડપથી પુખ્ત થઇ જતાં હોય છે. તે જ રીતે તેમનું આયુષ્ય ફક્ત એક વર્ષનું જ જોવા મળે છે. કદમાં મોટા હોય તેવા ઉંદરોની જાતિઓમાં આયુષ્ય ચાર વર્ષ સુધીનું નોંધાયું છે.

ઉંદરોની જોવાની, સાંભળવાની અને સૂંઘવાની શક્તિ ખૂબ જ વિકસિત હોય છે. તેમની મૂછોના વાળ પણ લાંબા હોય છે. જેથી તે અસરકારક રીતે સંદેશા વ્યવહાર કરી શકે છે.





નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
ભારતી ખેતર ઉંદર જોવા મળે છે.

ભારતીય ખેતર ઉંદર
INDIAN FIELD MOUSE

(Mus booduga) (F-Muridae)

માનવવસ્તીની નજીક જોવા મળતો આ ઉંદર ખેત ઉંદર તરીકે પણ ઓળખાય છે. તે ઘર અને બગીચામાં પણ રહે છે.

આ ઉંદરની લંબાઈ ૫ થી ૮ સે.મી. હોય છે અને તેનું વજન ૩૦૦ થી ૫૦૦ ગ્રામ હોય છે. આ ઉંદર પણ એક વર્ષ જેટલું જ જીવે છે. તે આખા વર્ષમાં ગમે ત્યારે પ્રજનન કરે છે. તેનાં બચ્ચાં બે થી ત્રણ મહિનામાં પુખ્ત થઈ જાય છે. આ ઉંદર રેતી જેવા રંગથી માંડીને બદામી રંગના પણ હોય છે કેટલાક વિસ્તારમાં તે ઘેરા ભૂખરા રંગના પણ જોવા મળે છે. તે જુદા જુદા વિસ્તાર પ્રમાણે જુદા જુદા રંગ ધરાવે છે. તેનો મુખ્ય ખોરાક અનાજ, કૂંપળો, પાન, કુમળું ઘાસ, ફૂલ, ફળ વગેરે હોય છે. તે માનવ વસ્તીથી દૂર રણ વિસ્તાર અને કંટકવનોમાં પણ જોવા મળે છે, પણ માનવવસ્તીની નજીક વધુ હોય છે. આવા ઉંદર સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. તે ખાસ કરીને ખેતરમાં, વરંડામાં, બગીચામાં અને ઘરમાં જોવા મળે છે. આ પ્રાણી જે દર બનાવે છે તેના ઘણા બધા માર્ગ હોય છે. નિયમિત આવાગમન કરવા માટે એક દ્વાર ખુલ્લું રાખે છે બાકીના પર પાંદડાં અને નાના કાંકરા રાખી બંધ કરી દે છે. ઉંદરનું દર ખોદી તેમાંથી ઉંદરને ખાઈ જતાં શિકારીઓને છેતરવા માટે તે આ રીત અપનાવે છે.





ગુજરાતમાં અને ભારતમાં બધે જ આ નાનો ઉંદર જોવા મળે છે. આવા ઉંદરના પાછલા પગના બહારના આંગળાં ટૂંકાં હોય છે. તેના દાંતની રચના અલગ પડે છે. પહેલી દાઢનો દાંત વિકસિત અને ત્રીજી દાઢનો દાંત અલ્પ વિકસિત કે ગેરહાજર હોય છે.

વિવિધ ભૌગોલિક વિસ્તારો પ્રમાણે તેમના શરીરના રંગમાં ફેરફારો જોવા મળે છે. શરીરનો રંગ સામાન્ય પણે ભૂખરા પડતો કથ્થાઈ રંગનો હોય છે. ઘરમાં જોવા મળતા ઉંદર કરતાં આ અંદર નાનો હોય છે. આ ઉંદરની શરીરની લંબાઈ કરતાં પૂંછડી થોડી લાંબી હોય છે. મોંઢા, ગળા, છાતી, પેટ નીચેના ભાગ અને પગ નોંધનીય રીતે સફેદ રંગના હોય છે. આંખો કાળી અને મોટી હોય છે. મોઢું પ્રમાણમાં અણિયાળું અને કાન ગોળાઈવાળા મોટા હોય છે.



જમીનની નીચે રહેતા આ ઉંદરો જમીન પર ખોરાક માટે રાત્રિ દરમિયાન નીકળે છે. રણ, કંટક વનો, શુષ્ક અને ભેજવાળા જંગલ વિસ્તારો ઉપરાંત માનવ વિસ્તારની નજીક ખેતરો, બાગ, બગીચા, વરંડા અને ઘરોમાં પણ અનુકૂળતા સાધીને રહેવા લાગે છે. આ જ રીતે બીજો સર્વ સામાન્ય ખેતરનો ઉંદર છે "સ્પાઈની ફિલ્ડ માઉસ". મોટાભાગે જમીનની નીચે રહે છે. તેને "ઈન્ડિયન બ્રાઉન સ્પાઈની માઉસ" પણ કહે છે. આ ઉંદરના શરીર પરની રુવાંટી, ટૂંકી અને કાંટાની જેમ સીધી રહેતી હોય છે. તેની પીઠ કથ્થાઈ રંગની અને પેટ સફેદ રંગનું હોય છે. આ બે વચ્ચે ભેદ પાડતી હોય તેવી લીટી જોવા મળે છે.

આ ઉંદરો તેમના જમીનમાં બનાવેલા દરમાં રહે છે. જ્યારે દરમાં જાય ત્યારે અંદરથી કાંકરા મૂકીને જાણે દરવાજો બંધ કરતા હોય તેમ દરને ઢાંકી દે છે. દિવસ દરમિયાન દરમાં આરામ કરતા હોય તે જગ્યાએ પણ કાંકરા ગોઠવીને ઉપર બેસે છે.

પગના આંગળાં માટી - કાંકરા સારી રીતે ખસેડી શકે તેવા હોય છે. આગલા બે પગ ખોરાક સરળતાથી પકડી શકે તેવા હોય છે. જ્યારે પાછલા પગ પ્રમાણમાં લાંબા હોય છે. જે કૂદવા તથા પાછલા પગ પર બેસવા માટે યોગ્યતા ધરાવતા હોય છે.

ઘૂસ, ભારતીય મોલ ઉંદર
INDIAN MOLE RAT or LESSER BANDICOOT RAT

(Bandicota bengalensis) (F-Muridae)

ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જ જોવા મળતા આ ઉંદર ખેતરના ઉંદર કરતાં મોટો હોય છે.

આ ઉંદર ૧૫ થી ૨૩ સે.મી.ની લંબાઈ ધરાવે છે. તેની પૂંછડીની લંબાઈ ૧૩ થી ૧૮ સે.મી. હોય છે. આ ઉંદર ઘેરા ભૂખરા રંગનું પ્રાણી છે. તેનું માથું ગોળાકાર હોય છે અને કાન પણ ગોળાકાર હોય છે. તેનાં નસકોરાં ટૂંકા અને પહોળાં હોય છે. આ ઉંદર પણ અનાજના દાણા, ઘાસ, પાંદડાં, ફળ. ફૂલ વગેરે ખાય છે. તે ખાસ કરીને રાજકોટ,





નક્શામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ઘૂસ, ભારતીય મોલ ઉંદર જોવા મળે છે.

જૂનાગઢ અને કાઠિયાવાડના અન્ય વિસ્તારોમાં જોવા મળે છે. તેની છૂટીછવાઈ વસતી આખા રાજ્યમાં હોવાનું કહેવાય છે. આ ઉંદર ખેતર, બગીચા, ગૌચર જમીન વગેરે જગ્યાએ દર બનાવી રહે છે. પાનખર જંગલો અને હરિયાળાં જંગલોમાં પણ જોવા મળે છે. તેનાં દર ઊંડાં હોય છે. તેના દરમાં ઊંઘવાની જગ્યા અને અનાજ સંગ્રહ કરવાનો ભાગ હોય છે. ખેતરમાં પાક થાય ત્યારે તે તેમાં સંગ્રહ કરી લે છે. જેનાથી તેનું આખું વર્ષ નીકળી જાય છે. ક્યારેક અતિ ગરીબ લોકો આવા ઉંદરનાં દર ખોદીને અનાજ મેળવતા જોવા મળે છે. આ ઉંદર પણ તેના દરનું પ્રવેશદ્વાર પોચી માટીથી બંધ કરી રાખે છે. ભારતમાં આવા ઉંદરનું સૌથી વધુ પ્રમાણ કોલકત્તામાં છે ત્યાં જોવા મળતા ઉંદરોમાંથી ૯૮ ટકા ઉંદરો આ જ જાતિના હોય છે.

આ ઉંદરને “લેસર બેન્ડીકૂટ રેટ” પણ કહે છે. આખા ભારતમાં તથા ગુજરાતમાં બધે જ ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તે ફેલાયેલા છે. માનવ વસાહતોની નજીક અને ખેતરોમાં તેની ખાસ પસંદગીની જગ્યા છે.

બે થી ત્રણના જૂથમાં ફરતા જોવા મળે છે. “બેન્ડી કૂટ” ઉંદરનું માથું અને કાન ગોળ હોય છે. મોઢાનું નાળચું ટૂંકું હોય છે.

શરીરની લંબાઇ કરતાં કાળા રંગની ટૂંકી પૂંછડી ધરાવતા આ ઉંદરની શરીર પરની રુવાંટીનો રંગ ઘટ્ટ કથ્થાઈ રંગનો હોય છે. તેનું પેટ ભૂખરા રંગનું જોવા મળે છે. તેના મોઢાનો ભાગ અન્ય ઉંદરોની જેમ શંકુ આકારનો નહીં પણ થોડી ગોળાઈવાળો હોય છે.

રુવાંટી વગરના ગુલાબી રંગના ગોળ કાન હોય છે. એક વેતરમાં ૮થી ૧૦ બચ્ચાંને જન્મ આપે છે. જમીન નીચેના તેના દરમાં બચ્ચાં આરામથી બેસી શકે તે માટે ઘાસ અને પાંદડાની પથારી બનાવે છે.

ખૂબ જ આક્રમક કહી શકાય તેવો આ ઉંદર થોડી થોડી વારે ડરકવા જેવો અવાજ





કરતો રહે છે. ઉત્તેજિત થાય ત્યારે તેના શરીર પરના વાળ ઊભા થઈ જાય છે. રાત્રિ દરમિયાન જમીન નીચેના તેના દરમાંથી બહાર નીકળે છે. જમીન નીચેના તેના દરમાં તે ૧૦ થી ૧૨ જેટલા આવવા જવાના માર્ગ રાખે છે. આવા માર્ગો તે માટીથી બંધ પણ રાખે છે. સાપ જેવા તેના દુશ્મન જો દરમાં ઘૂસે તો બહાર ભાગવા માટેના આવા ઘણા રસ્તા તેને બચવામાં મદદરૂપ બને છે.

આ ઉંદર જમીનની નીચે તેના દરમાં જગ્યા કરીને અનાજનો સંગ્રહ કરવાની ટેવ ધરાવે છે. એવું કહેવાય છે કે અછતના સમયમાં ભૂખ્યા ગરીબ લોકો આ ઉંદરોના દર ખોદીને તેને સંગ્રહ કરેલ અનાજ કાઢીને ખાય છે.

આ ઉંદરો જમીનમાંથી માટી ખોદીને બહાર કાઢે છે ત્યારે તેની માટીની મોટી ઢગલી થાય છે. આવી માટીની ઢગલીઓને અંગ્રેજીમાં "મોલ" કહેવામાં આવે છે અને તે આધારે તેનું નામ "મોલ રેટ" રાખવામાં આવેલ છે. આ ઉંદરનો સમાવેશ બેન્ડીકૂટ જાતિમાં થાય છે. આ ઉંદર પાક અને ખેતરો માટે ખૂબ જ નુકસાનકારક મનાય છે.






નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
મલબારી પોન્ડુ / કોહુ ઘુસ જોવા મળે છે.

મલબારી પોન્ડુ / કોહુ ઘૂસ
GREATER BANDICOOT RAT

(Bandicota indica) (F-Muridae)

મલબારી પોન્ડુ તેના કદનાં કારણે અન્ય ઉંદર કરતાં અલગ પડી જાય છે અને મોટા હોય છે.

ઉંદરોના દરેક પ્રકારમાં આ જાતિ સૌથી મોટું કદ ધરાવે છે. તે ૩૦ થી ૪૦ સે.મી. લાંબા હોય છે. તેની પૂંછડીની લંબાઈ પણ તેના કદ જેટલી જ હોય છે. આ ઉંદરનું વજન એક થી દોઢ કિલોગ્રામ જેટલું હોય છે. આ ઉંદર પણ એક વર્ષ જેટલું જ આયુષ્ય ભોગવે છે. તે આખા વર્ષમાં કોઈપણ સમયે પ્રજનન કરે છે. તે એકસાથે આઠ થી દસ બચ્ચાંને જન્મ આપે છે. સામાન્ય ઉંદર કરતાં મોટા આ ઉંદરનો રંગ ભૂખરો







કે રાખોડી હોય છે અને શરીર પર ભૂખરા વાળ હોય છે. તેની પૂંછડી છેડેથી અણીદાર હોય છે. આ ઉંદર અનાજના દાણાં, પાંદડાં, કુમળું ઘાસ, ફૂલ, ફળ વગેરે ખાય છે. તે માનવ વસ્તીની નજીકમાં વરંડા, બગીચા. આઉટ હાઉસ વગેરે જગ્યાએ રહે છે. લાંબા લાંબા દર ખોદે છે, જેના કારણે જમીન પોલી કરી નાખે છે. ક્યારેક ઘરની નીચે પોલાણ કરી ભોંયતળિયું ખરાબ કરી નાખે છે. આવા ઉંદરનાં દરના કારણે ક્યારેક કાચાં મકાનો પડી જાય છે. આ ઉંદર લગભગ સંપૂર્ણ રીતે માણસો પર અવલંબે છે તેથી તે માનવ વસ્તીથી દૂર જોવા મળતા નથી. આ ઉંદર મિશ્રાહારી છે. તે ક્યારેક પાલતું મરઘાં પર પણ હુમલો કરે છે. માણસો દ્વારા ફેંકી દેવાયેલો રાંધેલો ખોરાક ખાતા હોવાથી ઉકરડા જેવી જગ્યા પર વધુ જોઈ શકાય છે.

સમગ્ર ભારતમાં જોવા મળે છે. રણપ્રદેશ અને ડુંગરાળ વિસ્તારો તેને અનુકૂળ આવતા નથી.

સામાન્ય ઉંદર કરતાં મોટા કદના હોય છે. અંગ્રેજીમાં "બેન્ડી કૂટ" કહે છે. શરીર પર બરછટ રુવાંટીનું આવરણ હોય છે. જે કાળાશ પડતા કથ્થાઈ રંગથી લઈને લગભગ કાળા રંગ જેવું હોય છે. આખા શરીર ઉપરાંત પગ અને પૂંછડી પણ કાળા રંગની હોય છે. તેનું પેટ સામાન્ય ભૂખરા રંગનું હોય છે. અણીદાર છેડાવાળી પૂંછડીની લંબાઈ શરીરની લંબાઈ કરતાં થોડી ઓછી હોય છે. તેથી તેને "શોર્ટ ટેઈલ્ડ બેન્ડીકૂટ" પણ કહે છે.

આ ઉંદર મોટાભાગે રાત્રિ દરમિયાન દરમાંથી નીકળે છે શરીરની લંબાઈ એક ફૂટ જેવી હોય છે તેથી તે કદમાં મોટા લાગે છે અને તેનું વજન પણ એકથી દોઢ કિલોગ્રામ જેટલું હોય છે. માનવ વસાહતમાં જ ઘરમાં, બગીચામાં, કંપાઉન્ડમાં, સ્ટોરરૂમ, ગોડાઉનો વગેરેમાં જ તેનું દર બનાવે છે. ઘરમાં રહેલા ખાદ્ય પદાર્થો ખાવાની ટેવ ધરાવે છે. માણસોને આ ઉંદર જોતાં જ ચીતરી ચઢે છે અને તેની પ્રવૃત્તિઓથી ઘણું બધું નુકસાન પણ થાય છે.

આ ઉંદર જમીનની નીચે પોત પોતાના અલગથી એક એક દર બનાવીને રહે છે. આવા દરના પ્રવેશમાર્ગ મોટા હોય છે. માદા પોતાનું અલાયદું દર અને બચ્ચાં સાથે રહી શકાય તેવું બનાવે છે. માદા એક સમયે એક જ માસના ગર્ભકાળ બાદ ૮ થી ૧૦ બચ્ચાંને જન્મ આપે છે. તે કારણસર તેને ૧૨ જેટલી સ્તનગ્રંથિ ડીંટડીઓ હોય છે. જન્મ સમયે બચ્ચાં રુવાંટી વગરના હોય છે. આંખો પર ચામડીનું આવરણ હોય છે. એક જ મહિનામાં રુવાંટીથી શરીર ઢંકાઈ જાય છે. બચ્ચાં ફક્ત ત્રણ મહિનામાં પુખ્ત થઈ જાય છે અને પોતાનાં બચ્ચાંને જન્મ આપે તેવી શારીરિક ક્ષમતા ધરાવતાં થાય છે. તેના વસ્તીવધારાના આવા દરને કારણે જ આ જાતિના ઉંદરો જ્યાં છે તેવા વિસ્તારોમાં તેમનું પ્રભુત્વ સ્થપાઈ જાય છે. જૂનાં શહેરો, નગરો અને ગામોમાં તેમની સમસ્યાથી લોકો હેરાનપરેશાન થઈ જાય છે.



બેન્ડીકૂટ ઉંદરો બેન્ડીકૂટ જાતિમાં સમાવેશ પામેલા છે. આવા ઉંદરો ભરાવદાર શરીર ધરાવતાં હોય છે. તેમનું માથું ગોળાઈ આકારનું હોય છે અને કાન પણ ગોળ હોય છે. મોઢાનો ભાગ ટૂંકો અને પહોળો હોય છે. ગુસ્સે થાય ત્યારે તેના શરીરના વાળ ઊભા કરી દે છે અને ઘુરરાટી જેવો ધીમો અવાજ કરે છે. શરીરની લંબાઈ પણ એક ફૂટ જેટલી હોય છે. શરીરનો ઉપરનો ભાગ ઘાટા ભૂખરા કે કાળા રંગનો અને પેટ આછા ભૂખરા રંગનું હોય છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
વડવાગોળ જોવા મળે છે.

વડવાગોળ
INDIAN FLYING FOX

(Pteropus giganteus) (F-Pteropodidae)

ચામાચીડિયાંની આ સૌથી મોટી જાતિ છે. તે વાગોળ કે ભારતીય ફળભક્ષી ચામાચીડિયું પણ કહેવાય છે.

વડવાગોળ સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. તે મોટા કદનું ચામાચીડિયું જ છે. તેની લંબાઈ ૨૦ થી ૨૨ સે.મી. હોય છે અને તેની પાંખનો ફેલાવો ૧૨૦ સે.મી. હોય છે. નરનું વજન ૧.૪ કિ.ગ્રા. અને માદાનું વજન ૯૦૦ ગ્રામ હોય છે. તેનું આયુષ્ય ચાર થી પાંચ વર્ષ હોય છે. નર અને માદા એકસરખાં દેખાય છે. તેની આંખો મોટી, કાન નાના અને સૂંઘવાની શક્તિ ઘણી જ વિકસિત હોય છે. તે લાંબા સમય સુધી ઊડી શકે છે. તેની દૃષ્ટિ સારી હોય છે. તે નિશાચર હોય છે. તેની પાંખોમાં પીછાં હોતાં નથી, પણ પાતળી ચામડી હોય છે. તે સૂંઘીને પાકેલા ફળની ભાળ મેળવી લે છે. તે ફળ, કૂણી છાલ, ફળોમાં રહેલાં કીટકો, ઇયળો વગેરે ખાય છે. વિશાળ વૃક્ષો પર મોટી સંખ્યામાં રહે છે. મોટાભાગે સંધ્યાકાળે એકથી વધુ સંખ્યામાં ખોરાકની શોધમાં નીકળે છે અને સવાર પડતાં પહેલાં પોતાની મૂળ જગ્યાએ પરત આવી જાય છે. એક જ બચ્ચાંને જન્મ આપે છે. વડવાગોળ કચ્છના રણપ્રદેશમાં ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ફળની વાડીઓ અને પોતાનું રહેવાનું સ્થળ યાદ રાખવામાં કુશળ હોય છે.

સમગ્ર ભારતમાં બગીચાઓમાં, સરકારી કચેરીઓના કંપાઉન્ડમાં, ગામ પાદરે, ખેતરોમાં જ્યાં વિશાળ કદનાં વૃક્ષો મળી આવે ત્યાં વાગોળની મોટી વસાહતો જોઈ શકાય છે.

ભારતના સહુથી મોટાં એવાં આ ચામાચીડિયાં એટલે કે વાગોળથી લગભગ બધા જ સારી રીતે પરિચિત છે. કથ્થાઈ રંગનું શરીર ધરાવે છે. મોટા કાળા રંગના કાન, કાળા રંગની મોટી પાંખો અને મોઢાનો આગળનો ભાગ પણ કાળા રંગનો હોય છે. છાતીનો ભાગ કેસરી રંગ જેવો હોય છે. રુવાંટીવાળી પીઠ કાળાશ પડતા કથ્થાઈ રંગની હોય છે. તેની મોટી પાંખોનો ફેલાવો સવા મીટર જેટલો થાય છે. નર અને માદાનો દેખાવ સરખો હોય છે. આગળના અને પાછળના ઉપાંગોમાં મજબૂત પંજા હોય છે. પ્રથમ આંગળી પર મોટા નહોર હોય છે. પાછલા પગ લાંબા હોય છે. પૂંછડી હોતી નથી. ત્રિકોણકાર લાંબું મોઢું હોય છે.

વડનું વૃક્ષ ખૂબ જ છાયાદાર રહેતું હોવાથી આ વૃક્ષ વાગોળ ને ખૂબ જ પ્રિય છે અને તેથી જ તેનું નામ “વડ વાગોળ” પણ રખાયું છે. મોટા વૃક્ષ પરની તેની વસાહતમાં દિવસ દરમિયાન આરામ કરતી વાગોળો સૂર્યાસ્ત થતાં જ ચહલપહલ શરૂ કરી દે છે. થોડીવારમાં વસાહતની બધી જ વાગોળો અવાજ કરતી કરતી તેના નિયત ફળાઉ વૃક્ષો કે વાડીઓવાળા વિસ્તારો તરફ પ્રયાણ કરે છે. વિશાળ પાંખો ફેલાવીને એક જ ઝડપે ધીમે ધીમે ઊડતાં ઊડતાં સ્થળ પર પહોંચીને ફળો ખાવાનું શરૂ કરે છે. હંમેશા એક જ નિયત માર્ગે જવાની તેમની ટેવ હોય છે. લાંબા અંતર સુધી પણ તે જતી હોય છે. ફળોનો રસ ચૂસે છે અને ફળનો માવો ચાવીને કૂચા મોઢા વાટે બહાર કાઢી નાખે છે.

વર્ષમાં એક વાર એક જ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું માની સાથે બે વર્ષ જેટલું રહે છે. વૃક્ષોની ડાળી પર પાછલા પગની મદદથી માથું નીચેની તરફ રહે તેમ ઊંધા લટકે છે. તેનો પેશાબ અને મળ લટકતાં લટકતાં જ કરે છે. જે તેના શરીર પર પડે છે. આવી વસાહતોમાં તેના લીધે વિશિષ્ટ ગંધ ફેલાતી હોય છે. સદા હરિત વિશાળ વૃક્ષો પર રહેવા ઉપરાંત આ રીતે મળ અને મૂત્રથી તેના શરીર પર ઠંડક રહે છે.






લીંબુ જેવાં ખાટાં ફળો તેને ભાવતાં નથી. ખોરાક લેતાં પહેલાં તે પાણીના સ્ત્રોત પર ઊડતાં ઊડતાં જ પાણી પી લે છે. વહેલી સવારે વસાહત પર પરત આવે છે ત્યારે મૂળ જગ્યા મેળવવા માટે અંદરોઅંદર ઘણો કકળાટ કરે છે.

ફળાઉ વાડીઓમાં નુકસાન કરતી હોવાથી તથા તેની વસાહત હોય તેવાં વૃક્ષો પર અવાજ અને ગંદકી થતી હોવાથી ઘણા લોકો તેવી વસાહતો છોડવવા ફટાકડા ફોડવા કે ઉડાડવાની કોશિશ કરે છે. ત્યારે થોડા સમય આવી વાગોળો સમૂહમાં ઊડીને થોડીવાર માટે જગ્યા છોડે છે પરંતુ આસપાસમાં ચકરાવો લઈને પાછી મૂળ જગ્યા સંભાળી લે છે.

તેને લાયક વિશાળ કદના છાયાદાર સદા હરિત વૃક્ષો ઘટી જવાથી તથા અમુક વિસ્તારોમાં તેનું માંસ ખાવા માટે શિકાર થતો હોવાથી ઊડી શકતાં સસ્તન એવા આ વિશિષ્ટ પ્રાણીની વસતી ઝડપથી ઘટી રહી છે.





નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં ટૂંકા નાક્વાળું
ફળભક્ષી ચામાચીડિયું જોવા મળે છે.

ટૂંકા નાકવાળું ફળભક્ષી ચામાચીડિયું

GREATER SHORT NOSED FRUIT BAT

(Cynopterus sphinx) (F-Pteropodidae)

નાનાં ચામાચીડિયાંમાં આ જાતિ ઓછી જોવા મળે છે. તેનું નાક સામાન્ય ચામાચીડિયાં કરતાં નાનું હોય છે તેથી તે અલગથી ઓળખાઈ જાય છે.

સામાન્ય ચામાચીડિયાં કરતાં નાનાં હોય છે. તેની પાંખોની લંબાઈ ૪૦ થી ૪૫ સે.મી. હોય છે. તેનું વજન

૪૫ ગ્રામ હોય છે. તેનું ચાર થી પાંચ વર્ષનું આયુષ્ય હોય છે. તે વર્ષમાં બે વખત બચ્ચાંને જન્મ આપે છે. કથ્થાઈ રંગનાં હોય છે. મોટાભાગે વડના ટેટા કે પીપળના ટેટા ખાય છે. અન્ય ફળો પણ ખાય છે. ક્યારેક નાના જીવજંતુ પણ ખાય છે. આવાં ચામાચીડિયાં ઉત્તર ગુજરાતના દાંતાના વિસ્તારમાં ખાસ જોવા મળે છે. વડની વડવાઈઓ, ખજૂરીનાં પાંદડાં કે પોલાણોમાં સમૂહમાં રહે છે. તે ફળભક્ષી ચામાચીડિયાં જેવો જ અવાજ કરે છે. વનસ્પતિનાં પરાગ નયનમાં તે મદદરૂપ થતાં હોય છે. તે જ્યારે ફળ ખાય છે ત્યારે ઠળિયા અન્ય જગ્યાએ ફેંકે છે તેથી વૃક્ષોનાં બીજ ફેલાવામાં પણ ઉપયોગી બને છે. વડ વાગોળની જેમ ઘણી જગ્યાએ રહેતાં હોવા છતાં તે ભાગ્યે જ જોવા મળે છે. તે એકલાં કે નાના જૂથમાં જોવા મળે છે. ખોરાકની શોધમાં વહેલી સાંજે નીકળી પડે છે. ફળ ઉપરાંત ફૂલમાંથી પરાગ રસ પણ ચૂસે છે.



ભારતમાં બધે જ જોવા મળતાં ટૂંકા નાકવાળાં ફળભક્ષી ચામાચીડિયાંની આ જાતિ ગુજરાતના દાંતાના જંગલ વિસ્તારમાં નોંધાઈ છે. રણવિસ્તાર અને હિમાલયના ઉચ્ચ પર્વતોમાં જોવા મળતાં નથી. વડવાગોળ કરતાં લગભગ અડધું કદ ધરાવે છે. મુલાયમ, સિલ્કી કથ્થાઈ રંગના શરીરની ચામડી ધરાવતાં આ ચામાચીડિયાંના કાન મોટા હોય છે. જેની કિનારી કોફી જેવા કથ્થાઈ રંગની હોય છે. કાળાશ પડતા કથ્થાઈ રંગની પાંખો આછા રંગની આંગળીઓથી જોડાયેલી હોય છે. પ્રથમ અને બીજી આંગળીઓ પર બે નહોર હોય છે. નાની પૂંછડી બે જાંઘો વચ્ચે જોડાયેલી હોય છે. નરની હડપચી નારંગી રંગની હોય છે. માદાની છાતી, પેટ અને જાંઘનો ભાગ આછા ભૂખરા અને ગળાની ફરતે કાટ જેવા કથ્થાઈ રંગનો પટ્ટો હોય છે. આ જાતિનાં ચામાચીડિયાં દક્ષિણ ભારત કરતાં ઉત્તર ભારતમાં મોટા કદનાં જોવા મળે છે. કાન પર રુવાંટી હોતી નથી. નિશાચર એવા આ ચામાચીડિયાં સંધ્યાકાળ થતાં જ તેમના નિવાસસ્થાનેથી ખોરાકની શોધમાં નીકળી પડે છે. વૃક્ષોનાં ફૂલોનો રસ અને ફળો ખાય છે. આ દરમિયાન તે પરાગ નયન અને બીજના ફેલાવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મોટાભાગે નાના સમૂહમાં અને ક્યારેક એકલવાયા જોવા મળે છે. ઓછી ઊંચાઈએ પાંખોને ખૂબ જ ઝડપથી હલાવતાં હલાવતાં ઊડતા રહે છે. સૂર્યાસ્ત સમયે ઊડાણ કરતાં પહેલાં સમુહમાં ચહલપહલ ચાલુ થઈ જાય છે. સમૂહના બધાં જ પ્રાણીઓ અવાજ કરવાનું શરૂ કરે છે. તેમના મુકામે વહેલી સવારે પરત આવે ત્યારે પણ નિયત વૃક્ષ પર ગોઠવાતાં અગાઉ શોરબકોર કરી મૂકે છે. ત્યારબાદ પગથી ડાળી મજબૂત રીતે પકડીને આખો દિવસ ઊંધાં લટકતાં લટકતાં આરામ કરે છે. બગીચામાં કે ગામના પાદરે, તાડ, વડ, આસોપાલવ જેવાં ઊંચાં તથા હરિયાળાં વૃક્ષો પર તેમની વસાહતો જોવા મળે છે. ક્યારેક ગુફાઓ કે જૂના ખંડેર જેવાં મકાનોની અંધારિયા ભાગની છત પર ઊંધાં લટકતાં હોય છે. વૃક્ષોની નીચે કે પછી તેનો આશરો હોય તેવાં વૃક્ષો નીચે નિરાંતે લાવીને ખાધું હોય તેવા પડેલાં ખાધેલાં ફળો કે બીજ જોવા મળે છે.



“ચીરોપ્ટેરા” એટલે કે હસ્તપક્ષ શ્રેણીના કુલ ૧૮ કુળ, ૧૯૨ જનેરા, ૯૭૭ જાતિઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં છે. સસ્તન વર્ગમાં ફક્ત ચામાચીડિયાં જ સાચા અર્થમાં ઊડી શકે છે. ઊડતી ખિસકોલી, ગરોળી, સાપ વગેરે ઊડતાં નથી પણ ગ્લાઈડિંગ (હવામાં સરકે છે) કરે છે. તેમના ખોરાકની પસંદગીને આધારે ચામાચીડિયાંને ૬ સમૂહોમાં વહેંચવામાં આવ્યાં છે. કીટકભક્ષી, ફળાહારી, ફૂલઆહારી, રક્ત ચૂસતાં (વેમ્પાયર), માંસભક્ષી અને મત્સ્યભક્ષી.

ફળભક્ષી ચામાચીડિયું
FULVOUS FRUIT BAT

(Rousettus leschenaultii) (F-Pteropodidae)

સાંજના સમયે ખૂબ ઝડથી ઊડાઊડ કરતાં અને મોટા સમૂહમાં જોવા મળતાં આ ચામાચીડિયાં સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે.

ફળભક્ષી ચામાચીડિયાંની લંબાઈ ૧૫૦ સે.મી. હોય છે. તેની પાંખોની લંબાઈ ૭૨ થી ૮૬ સે.મી. હોય છે. તેને પૂંછડી પણ હોય છે. માદાનું વજન ૯૦ ગ્રામ અને નરનું વજન ૧૧૦ ગ્રામ હોય છે. વર્ષમાં તે બે વખત પ્રજનન કરે છે. સામાન્ય રીતે માર્ચ અને એપ્રિલ મહિનામાં બચ્ચાંને જન્મ આપે છે. તેનું આયુષ્ય ચારથી પાંચ વર્ષનું હોય છે. શરીર મધ્ય કદનું અને આછા બદામી રંગનું હોય છે. શરીર પર વાળ હોતા નથી. પાંખો પણ ચામડીની જ બનેલી હોય છે. પગમાં આંગળીઓ અને અંગૂઠો હોવા ઉપરાંત તેની પાંખમાં વચ્ચેનાં ભાગે હુક હોય છે. હુકની મદદથી તે ખરબચડી દીવાલ પર પણ ચોંટી શકે છે. નિશાચર છે. ખોરાકની શોધ રાત્રે કરે છે. સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. પાકાં ફળ ફૂલનો રસ અને જીવડાં ખાય છે. ગુફાઓ, ખંડેરો, મોટી વસાહતો વગેરે જગ્યાએ મોટી સંખ્યામાં સાથે રહે છે. એક વસાહતમાં ૨૦૦૦ની આસપાસ ચામાચીડિયાં હોય છે. નર અને માદા સાથે રહે છે, પણ ક્યારેક એકલા નર કે એકલી માદાઓની વસાહત પણ જોવા મળે છે. તેની ઘ્રાણેન્દ્રીય ઘણી તેજ હોય છે. તેની યાદશક્તિ સારી હોવાથી ફળ વાળાં વૃક્ષો પર નિયમિત રીતે પહોંચી જાય છે.








ભારતીય દ્વીપકલ્પ વિસ્તારમાં બધે જ જોવા મળે છે. રણ અને ઉચ્ચ હિમાલય પ્રદેશ તેને અનુકૂળ નથી. ગુફાઓમાં, કૂવા, બોગદામાં, જૂનાં મકાનોની અંદરની છત પર વિશેષ જોવા મળે છે. વૃક્ષો પર રહેવું તેને પસંદ નથી. અપવાદરૂપે ક્યારેક જોવા મળી જાય છે.

મધ્યમ કદનું આ ચામાચીડિયું એકસરખો હળવો કથ્થાઈ રંગ ધરાવે છે. ક્યારેક પીળાશ પડતો કથ્થાઈ રંગ પણ જોઈ શકાય છે. પુખ્ત ચામાચીડિયાંનાં પડખાં ભૂખરા રંગનાં હોય છે. પાનખર અને ઉનાળામાં વાળ ખેરવેલું હોય તેવું દેખાતું ચામાચીડિયું પણ સમૂહમાં જોવા મળે છે. આ ચામાચીડિયાંનો સમૂહ હોય ત્યાં સડેલાં ફળો જેવી વાસ સતત આવતી રહે છે. પૂંછડી ટૂંકી હોય છે. પ્રથમ બે આંગળીઓ પર નહોર હોય છે. પેટ ભૂખરા રંગનું હોય છે. કાન સાદા હોય છે. રાત્રિ દરમિયાન ચામાચીડિયાં પ્રવૃત્તિમય હોય ત્યારે સતત હવામાં ઊડતાં રહે છે. જમીન પર કદી આવતાં નથી. તેના શરીરની રચના પ્રમાણે તે તેમના પગ વડે ઊંધા લટકી શકે છે. તેમની વસાહતોમાં નર-માદા-બચ્ચાં બધાં જ હોય છે. વસાહત ભાગમાં સતત અવાજ તથા એક ચોક્કસ પ્રકારની ગંધ આવ્યા કરે છે. આ જાતિનાં ચામાચીડિયાં ફક્ત ફળોનો રસ ચૂસે છે. સમૂહમાં પુખ્ત અને બચ્ચાંનુ જૂથ ભેગું રહે છે. વસાહતમાં કોઈ ખલેલ પહોંચાડે તો બધાં જ એક સાથે ઊડે છે અને વસાહતની આસપાસ ભય દૂર ન થાય ત્યાં સુધી ઊડતાં રહે છે અને ફરીથી આવીને પોતપોતાનું સ્થાન સંભાળી લે છે. આવી વસાહતોમાં ૧૦ થી લઈને ૨૦૦૦ થી ૩૦૦૦ ચામાચીડિયાં પણ હોઈ શકે છે.

તેમની સૂંઘવાની શક્તિ ખૂબ જ વિકસિત હોય છે. સંધ્યાકાળે એક પછી એક થોડીવારમાં છૂટાછવાયાં સમૂહમાં આખી વસાહતો લગભગ ખાલી થઈ જાય છે. ધીમે ધીમે પાંખો હલાવતાં હલાવતાં નિયત ફળાઉ વૃક્ષો પર પહોંચી જાય છે. ફળાઉ વૃક્ષો કયા વિસ્તારમાં સારાં મળે છે તે સારી રીતે યાદ રાખે છે અને ફળની ઋતુ દરમિયાન તેવાં વૃક્ષો કે સ્થળોની મુલાકાત અચૂક લે છે. ઘણા મોટા વિસ્તારમાં તેમનું રાત્રિ ભ્રમણ હોય છે.

વર્ષમાં બે વાર બચ્ચાંને જન્મ આપે છે. માદા બચ્ચાંને સાથે લઈને બે માસ જેવો સમય ખોરાકની શોધમાં જતી હોય છે. એક વર્ષમાં બચ્ચાં પણ પુખ્ત થઈ જાય છે.






નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં ડુગોંગ જોવા મળે છે.

ડુગોંગ DUGONG

(Dugong dugon) (F-Dugongidae)

બાઈ માણસ, સુવર મચ્છી, લુલી, સમુદ્ર ગાય વગેરે નામથી પણ ઓળખાય છે. માદા કરતાં નર નાના હોય છે.

એક થી ચાર મીટરની લંબાઈ ધરાવતું આ દરિયાઈ પ્રાણી છે. તેનું વજન ૨૩૦ થી ૩૦૦ કિલોગ્રામ હોય છે. તેનું આયુષ્ય પચાસ વર્ષ કરતાં પણ વધુ હોય છે. તેના પ્રજનનનો કોઈ નિશ્ચિત સમય નથી. તેના પેટનો ભાગ સપાટ હોય છે. ગળું હોતું નથી. ધડ સાથે જ માથું જોડાયેલું હોય છે. તેનું ભારેખમ માથું આગળથી દબાયેલું હોય છે. તેની પૂંછડી બે ફાંટાવાળી હોય છે. ઉપરનો હોઠ મોટો હોય છે. તેના



દરિયાઈ સસ્તન પ્રાણી એવી ડુગોંગ સાગર સુન્દરી કે સમુદ્રધેનુ શ્રેણીમાં સમાવેશ પામેલું છે. હિંદ મહાસાગરમાં બન્ને તરફના દરિયાકાંઠા ભાગમાં તે જોવા મળે છે. ગુજરાતના દરિયાકાંઠા ઉપરાંત કર્ણાટક, કેરાલા, તામિલનાડુ રાજ્યો અને આંદામાન નિકોબાર ટાપુના દરિયાકાંઠે જોવા મળે છે. કચ્છના અખાત વિસ્તારમાં તેની હાજરી અવાર-નવાર નોંધાઈ છે.

આખું શરીર નળાકાર હોય છે તેથી ગળાનો ભાગ અલગ પાડી શકાય તેવો હોતો નથી. પૂંછડી બે ફાંટાવાળી, ચપટી અને આડી હોય છે. ચામડીનો રંગ ઘેરો બદામી હોય છે. તેના પર છૂટાછવાયા વાળ જોવા મળે છે. ચામડીની નીચે ચરબીનું જાડું સ્તર હોય છે જે ''બ્લબર'' તરીકે ઓળખાય છે. આગળના ઉપાંગોની જોડ (ફ્લીપર્સ) મોટી અને હલેસાંની જેમ કાર્ય કરે છે. પાછળનાં ઉપાંગો હોતાં નથી. સ્તનગ્રંથિઓ અગ્ર ઉપાંગોની વચ્ચે નીચેના ભાગમાં હોય છે. આંખો નાની અને સ્નાયુ યુક્ત પોપચાં વડે રક્ષણ પામેલી હોય છે. શ્રવણ શક્તિ તીવ્ર અને દૃષ્ટિશક્તિ મધ્યમ હોય છે. બાહ્યકાન હોતા નથી. પેટનો ભાગ સામાન્ય સફેદ રંગનો હોય છે. નર પ્રાણીના છેદકમાં દંતશૂળ હોય છે. જે રક્ષણ અને ખોરાક મેળવવા માટે ઉપયોગી બને છે. મોટાભાગે જાડા વાળ છૂટાછવાયા જોવા મળે છે. ૨ થી ૬ના સમૂહમાં રહેનાર પ્રાણી છે. નર અને માદાની કાયમી જોડી બનતી નથી. માદા ક્યારેક એકલી પણ જોવા મળે છે. નર-માદા ઘણીવાર બચ્ચાં સાથે સમૂહમાં જોવા મળે છે. પૂંછડી અને સ્નાયુબદ્ધ શરીરના હલનચલનની મદદથી તરે છે. જેમાં અગ્ર ઉપાંગો સહાયક બને છે. નિદ્રા સમયે તેના માથાના ઉપરનાં નસકોરાં પાણીની બહાર રહે છે. પાણીમાં હોય ત્યારે નસકોરાં પટલની મદદથી બંધ રહે છે.

ડુગોંગ એક જ એવું પ્રાણી છે કે જે સંપૂર્ણ વનસ્પતિહારી દરિયાઈ સસ્તન પ્રાણી છે. સમૂદ્રના તળિયે ઊગેલા ઘાસને ઉખાડીને તેની ડાંડીઓ ખાય છે. નિશાચર એવું આ પ્રાણી દિવસે આરામ કરે છે અને રાત્રે ખોરાક માટે સમૂહમાં ફરતું રહે છે. દરિયાને તળિયે ઊગેલી લીલ અને આવૃત બીજધારી દરિયાઈ વનસ્પતિ પણ ખાય છે. આ પ્રાણી ઝડપથી તરતું નથી પણ ધીમેધીમે દરિયાના તળિયે જઈ ચરતું હોય છે. તેથી તેને "સમુદ્રગાય" પણ કહે છે. ઘાસ વધુ હોય તેવા દરિયાઈ ભાગમાં ૧૦૦ થી વધારે ડૂંગોંગ ભેગી થઈને ચરતી જોવા મળે છે. હાથીની ખૂબ જ નજીકનું કુટુમ્બી હોવાનું મનાય છે. તીણા અવાજથી વસાહતમાં એકબીજાને સંદેશા પહોંચાડતી રહે છે. નવજાત શીશુ જન્મતાંની સાથે પાણીની સપાટી પર તરતાં થઈ જાય છે. માદા સામાન્યપણે એક જ બચ્ચાને જન્મ આપે છે. માતા બે વર્ષ સુધી બચ્ચાને સ્તનપાન કરાવે છે. ૬ થી ૧૦ વર્ષની ઉંમરે ડુગોંગ પુખ્ત થાય છે. જે ૫૦ થી ૬૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે.



શરીર પર ત્રણ પ્રકારના વાળ હોય છે. ચહેરાની આગળના ભાગમાં, જડબાંની નીચે અને પૂંછડીની બાજુમાં અલગ અલગ પ્રકારના વાળ હોય છે. તેની આંખો નાની અને ઊંડી ઊતરી ગયેલી હોય છે. જોકે તેની દૃષ્ટિ સારી હોય છે. કાન ગોળાકાર કાણા જેવા હોય છે. પીઠનો આગળનો ભાગ કથ્થઈ રંગનો અને બાજુનો રંગ ભૂખરો હોય છે. લીલ અને કેટલીક દરિયાઈ વનસ્પતિ ખાય છે. ગુજરાતમાં ખંભાત અને કચ્છના અખાતમાં જોવા મળે છે. તે દરિયાકાંઠાનાં છીછરાં પાણી અને નદીના મુખમા વિસ્તારમાં ફરવું પસંદ કરે છે. આ પ્રાણી અનિયમિત અને સુસ્ત હોય છે. ઝડપથી તરતું નથી. ખોરાકની શોધમાં હોય છે ત્યારે માછીમારો ખાસ પ્રકારની જાળ નાખી તેને પકડી લે છે. તે છીંછરાં પાણીમાં ઉપર આવે ત્યારે જ જોવા મળે છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
સામાન્ય ડોલ્ફિન જોવા મળે છે.

સામાન્ય ડોલ્ફિન
COMMON DOLPHIN

(Delphinus delphis) (F-Delphinidae)

સમુદ્ર સુંદરી કે મત્સ્ય કન્યા તરીકે પણ ઓળખાય છે. વ્હેલના કુળનું પણ વ્હેલ કરતાં નાનું સસ્તન પ્રાણી છે.

ડોલ્ફિનમાં નરનું કદ માદા કરતાં મોટું હોય છે. નરની લંબાઈ ૨.૨ મીટર અને માદાની લંબાઈ ૨.૧ મીટર હોય છે. તેનું વજન ૭૦ થી ૮૦ કિલોગ્રામ હોય છે. સરેરાશ આયુષ્ય પચાસ વર્ષનું ગણાય છે. બે વર્ષમાં એક વખત બચ્ચાંને જન્મ આપે છે. ખૂબ ઝડપથી પાણીમાં તરી શકે છે. કલાકના ૩૦ નોટિકલ માઈલની ઝડપે તરે છે. તેનું જડબું ચાંચ જેવું લાંબું હોય છે. જેમા સંખ્યાબંધ દાંત હોય છે. ચામડી વાળ વગરની અને પેટ મુલાયમ હોય છે. તેનો ઉપલો ભાગ કાળો અથવા ઘેરો ભૂખરો હોય છે અને નીચેનો ભાગ સફેદ હોય છે. આંખની ફરતે કાળા રંગની ગોળ રિંગ હોય છે. નાની દરિયાઈ



દરિયાઈ સસ્તન પ્રાણીઓના તિમિંગલ શ્રેણીમાં ડોલ્ફિનનો સમાવેશ થાય છે. ભારતના ગોવા, કેરાલા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, ઓરિસ્સા રાજ્યો અને આંદમાન તથા લક્ષદ્વીપના ટાપુઓના દરિયાઈ વિસ્તારમાં તે જોઈ શકાય છે.

ડોલ્ફિન જુદાજુદા આકાર, રંગો અને ભાતની જોવા મળે છે. તેમાં સામાન્ય ડોલ્ફિન ઓળખવામાં ખૂબ જ સરળ છે. પર્પલ રંગની કાળાશ પડતી હોય છે. બન્ને બાજુઓમાં પીળાશ પડતાં રંગનો પટ્ટો હોય છે. તેની ઉપર બે સફેદ પટ્ટી હોય છે. આંખોની ફરતે કાળા રંગની રિંગ હોય છે. ડોલ્ફિનના ફ્લીપર્સ પહોળા હોય છે. તેની ગરદન પાછળની પીઠ ઊંચી હોય છે. જેની ટોચ અણિયારી હોય છે. મોઢું લાંબી ચાંચ જેવું પીઠ જેવા જ રંગનું હોય છે. ઉપર-નીચે જડબાંમાં ૪૦ થી ૫૮ અણિયાળા દાંત હોય છે. માદા-નર કરતાં કદમાં નાની હોય છે. માદાની સ્તનગ્રંથિ પૂંછડીથી આગળના ભાગે હોય છે.

ખૂબ જ રમતિયાળ પ્રાણી છે. જે દરિયાનાં પાણીનાં મોજાંઓની સાથે ઓછી મહેનતે તરતું રહે છે. ક્યારેક ક્યારેક પાણીની બહાર છલાંગ પણ મારે છે. ૩ થી લઈને ૨૦૦ કે તેથી વધારે મોટા સમૂહમાં જોવા મળી શકે છે.

કલાકના ૪૦ કિ.મી.ની ઝડપે તરી શકે છે. પાણીમાં ૩૦૦ મીટરની ઊંડાઈ સુધી ખોરાક માટે ડૂબકી લગાવી શકે છે અને ૮ મિનિટ સુધી પાણીની નીચે શ્વાસ લીધા વગર રહી શકે છે. શ્વાસ લેવા માટે વારે વારે પાણીની સપાટી પર પણ આવે છે. માછલીઓ, સ્ક્વીડ અને તળિયે રહેતા કરચલા તેનો મુખ્ય ખોરાક છે.

તરતી વખતે તેની ચામડી નીચેની તૈલીગ્રંથિમાંથી નીકળતું તેલ ચામડી પર ફેલાતું રહેતું હોવાથી ચામડી પાણીમાં ઘર્ષણ પામતી નથી.

ડોલ્ફિન માદા ૧૦ થી ૧૧ માસના ગર્ભકાળ બાદ એક બચ્ચાને જન્મ આપે છે. જે એક વર્ષ સુધી માતાનું સ્તનપાન કરે છે. બે વર્ષમાં બચ્ચા પુખ્તતા ધારણ કરે છે. ડોલ્ફિન તકલીફમાં હોય ત્યારે એકબીજાને મદદ કરતી પણ જણાઈ છે.

ડોલ્ફિન પાણીમાં તેની ચોક્કસ તરંગ લંબાઈવાળા અવાજોની મદદથી સમૂહમાં સંદેશાની આપ લે કરે છે. ડોલ્ફિનની બુદ્ધિશાળી પ્રાણીઓમાં ગણતરી થાય છે. તેને ચોક્કસ પ્રકારના અવાજોથી સૂચનાઓ આપીને વિવિધ રમતોનો ખેલ કરાવવામાં આવે છે. તાલીમબદ્ધ ડોલ્ફિન માણસ દ્વારા આપવામાં આવતી સૂચનાઓ સમજે છે અને તે પ્રમાણે ક્રિયાઓ કરે છે.

માછલી અને સ્ક્વીડ પર નભે છે. સામાન્ય રીતે સમશીતોષ્ણ અને ઉષ્ણ કટિબંધમાં આવતા અરબી સમુદ્ર અને કચ્છના અખાત નજીક ઊંડાં પાણીમાં જોવા મળે છે. ક્યારેક છીંછરાં પાણીમાં આવી જાય છે ત્યારે સરળતાથી જોવા મળે છે. કચ્છના અખાતમાં સામાન્ય રીતે જોવા મળતું આ સસ્તન પ્રાણી છે. ડૂબકીઓ લગાવી ખોરાકની શોધ કરે છે. ડોલ્ફિન ૨૦ થી ૧૦૦ સભ્યોના સમૂહમાં રહે છે. પાણીમાં ઉછળકૂદ અને વિવિધ ક્રીડાઓ કર્યા કરે છે તેથી તેની હાજરી જાણી શકાય છે. પાણીમાં પાંચ મીટર થી ૩૦૦ મીટરની ઊંડાઈ સુધી ડૂબકી લગાવી શકે છે.



સ્પર્મ વહેલ - SPERM WHALE

(Physeter catodon) (F-Physeteridae)

બ્લૂ વહેલથી વિપરીત આ દાંતવાળું પ્રાણી છે. આગળથી સીધા ચોરસ મોઢાના કારણે તરત ઓળખી શકાય છે.



વિચિત્ર દેખાવ ધરાવતી આ વહેલ મગરમચ્છના નામથી પણ ઓળખાય છે. તેની લંબાઈ ૨૦ થી ૨૫ મીટરની હોય છે. આ વિશાળકાય પ્રાણીનું વજન ૪૫ થી ૭૦ ટન હોય છે. તે ૭૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે. બે વર્ષમાં એક વખત બે બચ્ચાંને જન્મ આપે છે. તેને બાહ્ય કાન કે નસકોરાં હોતાં નથી. કાન નજીક નાનકડું છિદ્ર હોય છે જે મીણથી ભરેલું હોય છે. તેનું માથું ધડ સાથે જોડાયેલું હોય છે. તેની આગલી પાંખો પૂર્ણ વિકસિત હોય છે. પાછળની પાંખો સુષુપ્ત હોય છે. પૂંછડીમાં બે ફાંટા હોય છે તેના હલનચલનથી તે ગતિ કરી શકે છે. મોટી દરીયાઈ માછલીઓ અને સેપિયા, એક્ટોપસ વગેરે ખાય છે. અરબી સમુદ્રમાં અને ગુજરાતના દરિયાકાંઠે તેની થોડીઘણી વસ્તી નોંધાઈ છે. જોકે તે વિષુવવૃત્ત નજીકના વિસ્તારોમાં વધુ રહે છે. આ પ્રાણી સારી રીતે તરી શકે છે. તે ૧૦૦ મીટર થી ૧૨૦૦ મીટર સુધી ઊંડી ડૂબકી મારી શકે છે. તેનું માથું ઓછુ હલન ચલન કરી શકે છે તેથી આંખોને બધી બાજુ ફેરવી સમતોલન જાળવે છે. વહેલને વારંવાર હવા લેવા બહાર આવવું પડે છે જોકે નર વહેલ ઊંડી ડૂબકી લગાવતી વખતે બે કલાક સુધી પાણીની અંદર રહી શકે છે.





નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
સ્પર્મ વહેલ જોવા મળે છે.

દરિયાઈ સસ્તન પ્રાણીઓના તિમિંગલ શ્રેણીમાં આવતી સ્પર્મ વહેલ મોટા કદની હોય છે. ભારતના પૂર્વીય અને પશ્ચિમી દરિયાઈ વિસ્તારોમાં ૨૦૦ મીટરની ઊંડાઈ સુધી જોવા મળે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, કેરાલા, તામિલનાડુ, પોન્ડીચેરી, આંદામાન અને નિકોબાર તથા લક્ષદ્વીપના ટાપુઓના વિસ્તારમાં તેની હાજરી નોંધાઈ છે. વિશ્વમાં ૩ જાતિની સ્પર્મ વહેલ છે. દાંતવાળી વહેલમાં આ વહેલ સહુથી મોટી છે. શરીરની લંબાઈના ત્રીજા ભાગ જેવડું વિશિષ્ટ ચોરસ માથું હોય છે. નીચેનું જડબું પહેલી નજરે ધ્યાનમાં ન આવે તેવું નાનું હોય છે. ઉપલું જડબું મોટું હોય છે. આંખો લાંબી અને નાની હોય છે. પર્પલ કથ્થાઈ રંગનું શરીર હોય છે. પીઠ ભાગે ફીન (પક્ષો) હોતા નથી. માથાના ભાગ પછીની ચામડી કરચલીવાળી હોય છે. મોટી પૂંછડી આડી અને અંગ્રેજી 'વી' આકાર જેવા ફાંટાવાળી હોય છે. પૂંછડીની નીચેનો ભાગ ઊપસેલો હોય છે. આગલા ઉપાંગો નાના, જાડા અને બુઠ્ઠાં હોય છે. ચહેરો, મોઢાનો ભાગ અને પેટાળ સફેદ કે આછા રંગનું હોય છે. નીચેના જડબામાં ૧૮થી ૨૫ જેટલા મોટા અને અણીવાળા દાંત હોય છે. માદા કરતાં નર કદમાં ખાસ્સા મોટા હોય છે.

દિવસ દરમિયાન સક્રિય એવી આ વહેલ પાણીની બહાર આખું શરીર નીકળે તે રીતે અને પાછા પાણીમાં ડૂબકી લગાવે છે. માદા નર જોઈ શકે તે માટે આ રીતે પ્રદર્શન કરે છે. બચ્ચાં પણ રમત કરતાં હોય છે. પાણીની બહાર નીકળે ત્યારે અડધો કિલોમીટર સુધી સંભળાય તેવો મોટો અવાજ કરે છે.

સ્પર્મ વહેલના મોટા માથામાં ચીકણું તેલ નીકળે તેવી ગ્રંથિ હોય છે. જે વહેલ ઊંડા પાણીમાં ડૂબકી લગાવે ત્યારે મદદરૂપ બને છે. આ તેલને અંગ્રેજીમાં "સ્પર્મ" કહે છે. તેના આધાર આ વહેલનું નામ "સ્પર્મ વહેલ" રખાયું છે. સ્કવીડ તેનો મુખ્ય ખોરાક છે.

સ્પર્મ વહેલની ચામડી ૩૫ સેન્ટીમીટર જેટલી જાડી હોય છે. વિશ્વના કોઈપણ પ્રાણીની ચામડી આટલી જાડી હોતી નથી. સ્પર્મ વહેલની એક જાતિ દરિયામાં અઢી કિલોમીટર જેટલી ઊંડાઈ સુધી ડૂબકી મારી શકે છે.

૧૯૯૮માં જખાઉના દરિયાકાંઠે એક સ્પર્મ વહેલ મુશ્કેલીમાં આવી ચઢી હોવાનું નોંધાયું છે. શિકાર અને વધુ પડતી મચ્છીમારીને કારણે આજે આ વહેલ ભય હેઠળની કક્ષામાં મુકાઈ છે.







નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં બ્લુ વ્હેલ જોવા મળે છે.

બ્લૂ વહેલ BLUE WHALE

(Balaenoptera musculus)
(F-Balaenopteridae)

મગરમચ્છ તરીકે પણ ઓળખાય છે.

બ્લૂ વહેલની લંબાઈ ૨૦ થી ૨૫ મીટર હોય છે. તે સસ્તન દરિયાઈ જીવ છે. તેનું વજન ૮૦ થી ૯૦ ટન હોય છે. વહેલનું આયુષ્ય ૬૦ થી ૮૦ વર્ષનું હોય છે. તે બે થી ત્રણ વર્ષમાં એક વખત બચ્ચાને જન્મ આપે છે. વિશાળ કદનું આ સસ્તન પ્રાણી સ્લેટિયા વાદળી રંગનું હોય છે. કેટલીક બ્લૂ વહેલના શરીરમાં નીચેનો ભાગ વાદળી હોય છે. બીજી વહેલ કરતાં આ વહેલનો માથાનો ભાગ લાંબો હોય છે. તેના ગળાના ભાગમાં ૮૦ થી ૯૦ ખાંચા હોય છે. તેનો મુખ્ય ખોરાક ક્રિલ્સ, એમ્ફીપોડસ, કોપેપોડસ અને સેફાલપોડસ જેવા દરિયાઈ જીવો છે. ગુજરાતના કચ્છ અને ખંભાત બંને આખાતમાં તે ક્યારેક તણાઈ આવે છે. તે દરિયાકિનારાથી દૂર ખુલ્લા સમુદ્રમાં જોવા મળે છે. વહેલ જોડીમાં વધુ હોય છે. દરિયાની લાંબી મુસાફરીઓ કરતી રહે છે. તેનાં મોઢામાં ઘેરા કાળા રંગની બલિન પ્લેટસ્ હોય છે જેના કારણે તે તરત ઓળખાઈ જાય છે. બ્લૂ વહેલ સ્પર્મ વહેલની જેમ દાંતવાળી હોતી નથી. તે પોતાનાં મોઢામાં ઘણું બધું પાણી ભરી લે છે અને જડબું બંધ કરી નાની તિરાડમાંથી પાણી બહાર કાઢે છે. પાણી સાથે મોઢામાં આવેલા નાના દરિયાઈ જીવો મોઢામાં રહી જાય છે જેને વહેલ આરોગી જાય છે.



વિશ્વનું સહુથી મોટું પ્રાણી બ્લૂ વહેલ છે. જમીન પરનું મોટામાં મોટું પ્રાણી હાથી છે પરંતુ તેનું વજન બ્લૂ વહેલની જીભ જેટલું જ છે. સામાન્ય રીતે આપણે વહેલ માછલી એમ બોલીએ છીએ. પરંતુ બ્લૂ વહેલ ખરેખર તિમિંગલ શ્રેણીમાં આવતું દરિયાઈ સસ્તન પ્રાણી છે. ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કેરાલા, કર્ણાટકા, તામિલનાડુ અને આંધ્ર પ્રદેશના ખુલ્લા તથા ઠંડા પાણીવાળા દરિયાઈ વિસ્તારમાં તે વ્યાપ ધરાવે છે. ૧૯૩૯માં કાઠિયાવાડ, ૧૯૫૧માં ઊંમરગામ, ૧૯૬૦માં ગણેશ ગ્રામ, ૧૯૬૩માં સુરત, ૧૯૮૮માં કાલુભાર ટાપુ એમ અલગ અલગ વર્ષો દરમિયાન ગુજરાતના દરિયાકાંઠે બ્લૂ વહેલ તણાઈને આવી હોવાનું નોંધાયેલ છે.



બ્લૂ વહેલ આસમાની-ભૂખરા, કાળા સ્લેટી - ભૂખરાથી આસમાની એમ સામાન્ય ફેરફારવાળા રંગોમાં જુદાજુદા વિસ્તારોમાં જોવા મળે છે. તેનું પેટ સફેદ કે પીળાશ પડતું હોય શકે છે. ગળાના ભાગેથી હળવો આસમાની રંગ જે ફ્લીપર્સથી લઈને પેટ સુધી લંબાયેલો હોય છે. શરીર ઘણું પહોળું અને માથું ઉપરથી જોતાં અંગ્રેજી 'યુ' આકારનું દેખાય છે. આખા શરીર પર પીઠની નીચેના ભાગે ખૂબ જ નાની ફીન હોય છે. આખા શરીર પર ક્યાંય વાળ હોતા નથી. થોડાક વાળ ફક્ત હોઠની આસપાસ જોવા મળે છે. ફ્લીપર્સ લાંબા અને ચપટા હોય છે. જે શરીરની લંબાઈના સાતમા ભાગ જેવડા હોય છે. ગુદા પાસેના ભાગે ૮૦ થી ૧૦૦ ખાંચા હોય છે.

બ્લૂ વહેલ દિવસ દરમિયાન બે કે તેથી વધુના સમૂહમાં ખુલ્લા દરિયામાં તરતી હોય છે. ઉનાળામાં આર્કટિકથી એન્ટાર્ટિકાના અક્ષાંશો તરફ સ્થળાંતર કરે છે. જ્યાં પ્લાન્કટોનિક સ્તરકવચી જીવો વધારે પ્રમાણમાં મળે છે. જયારે શિયાળામાં ઉષ્ણ કટિબંધ તરફ સંવનન અને બચ્ચાં ઉછેર હેતુથી સ્થળાંતર કરે છે. ક્રિલ, પ્રોન જેવા સ્તરકવચી જીવો તેનો મુખ્ય ખોરાક છે. તરતાં તરતાં તેનું વિશાળ મોઢું ખોલે છે અને તેમાં આવા જીવો સહિતનું પાણી ભરાઈ જાય છે. તેના મોઢામાંથી પાણી બ્લીન પેટો દ્વારા બહાર નીકળી જાય છે અને જીવો ગળાઈને મોઢામાં જ રહે છે. બ્લૂ વહેલને દાંત હોતા નથી.

બ્લૂ વહેલનું બચ્ચું જન્મ સમયે ૨૩ ફૂટ જેટલું લાંબુ અને ૨૫૦૦ થી ૩૦૦૦ કિલો વજનનું હોય છે. બ્લૂ વહેલનું વધુમાં વધુ વજન ૨૦,૦૦૦ કિલો નોંધાયેલું છે. તેનો શિકાર કરવામાં ન આવતો હોત તો તે ૩૦.૫ મીટર સુધીની લંબાઈ અને ૧૬,૦૦૦ કિલો જેટલું સરેરાશ વજન ધરાવતી બ્લૂ વહેલ મળી શકતી હોત. મોટી પુખ્ત બ્લૂ વહેલ એક દિવસમાં ૪૦૦૦ થી ૮૦૦૦ કિલો ક્રીલ ખાઈ શકે છે. બ્લૂ વહેલ દરિયાના પાણીમાં અલ્ટ્રાસોનિક તરંગો પેદા કરીને અવાજ દ્વારા તેના સંદેશોઓની આપ-લે લાંબા અંતર સુધી કરે છે.

દરિયાઈ માર્ગે અવરજવર, જહાજો તથા સબમરીનોના અવાજ, મચ્છીમારી તથા મોટા પ્રમાણમાં શિકાર થતો હોવાથી આ વિશાળકાય જીવ જોખમગ્રસ્ત જીવોની યાદીમાં સામેલ થયેલી છે.



નકશામાં નિર્દેશ કરેલા
ગુજરાતના વિસ્તારોમાં
મોટી ભારતીય ફિલ વહેલ જોવા મળે છે.

તિમિંગલ શ્રેણીની આ વહેલ પણ દરિયાઈ સસ્તન પ્રાણી છે. બ્લૂ વહેલ પછીની બીજા નંબરની મોટામાં મોટી વહેલ ભારતીય મોટી ફિન વહેલ છે. ભારતના પૂર્વીય અને પશ્ચિમી દરિયાઈ વિસ્તારોમાં જોવા મળે છે.

આ વહેલના હોઠ બે રંગના હોય છે. નીચેનો હોઠ ઘાટા ભૂખરા રંગનો અને જમણી તરફ સફેદ રંગનો હોય છે. પેટ સફેદ રંગનું અને ગળાના ભાગના ખાડા ડુંટીના ભાગ સુધી પહોંચે છે. પીઠના નીચેના ભાગે નાના કદનું અણીવાળું ફીન હોય છે ત્યાંથી એક ઊપસેલો શરીરનો ભાગ પૂંછડી સુધી પહોંચે છે. તેને લીધે તેને 'રેમર બેક' પણ કહે છે. અગ્ર ઉપાંગો ફ્લીપર્સમાં રૂપાંરિત થયેલાં હોય છે. જે પાતળા અને નાના હોય છે. તેનું મોઢું અંગ્રેજી 'વી' આકાર જેવું લાંબું અને સાંકડું હોય છે. માથાનો ઉપરનો ભાગ સપાટ હોય છે. ગુદા પાસે ૫૬ થી ૧૦૦ ખાંચા હોય છે જે ડૂંટી કે તેનાથી ઉપર સુધી જોવા મળે છે. શરીરની પીઠ અને બાજુઓનો ભાગ ઘાટા ભૂખરાથી કથ્થાઈ કાળાશ રંગનો હોય છે. માથું અપ્રમાણસર રંગ દ્રવ્ય ધરાવતું હોય તેવું સફેદ રંગનું હોય છે. બન્ને તરફ ૨૬૦ થી ૪૮૦ બ્લીન પ્લેટો હોય છે. બ્લૂ વહેલ કરતાં તેની "બ્લીન પ્લેટસ્" વધારે હોય છે. આ વહેલ દાંતવાળી નથી તેથી ગળણીની રીતે પાણીમાંથી જીવોનો શિકાર કરે છે.

૩ થી ૭ નાના સમૂહમાં અને ક્યારેક ૧૦૦ સુધીની સંખ્યામાં પણ જોવા મળે છે. આ વહેલ

મોટી ભારતીય ફિન વહેલ
GREAT INDIAN FIN WHALE

(Balaenoptera physalus)

બ્લૂ વહેલ બાદ બીજા નંબરનું સૌથી મોટું પ્રાણી છે. તેની બધી જ આદત બ્લૂ વહેલને મળતી આવે તેવી હોય છે. તેનો આકાર અલગ હોય છે.

મોટી ફિન વહેલમાં માદાની લબાઈ ૧૭.૭ થી માંડીને ૨૨ મીટર સુધીની હોય છે. જ્યારે નરની લંબાઈ ૨૪ થી ૨૭ મીટર હોય છે. તેનું વજન ૩૦ થી ૮૦ ટન સુધીનું હોય છે. તેના તાજા જન્મેલા બચ્ચાંનું વજન બે ટન અને લંબાઈ સાડા છ મીટરની હોય છે. બચ્ચાં છ થી સાત વર્ષે પુખ્ત થાય છે. આ વહેલ ઉપરના ભાગે વાદળી અને રાખોડી રંગની હોય છે. તેનો નીચેનો ભાગ સફેદ હોય છે. નરની લંબાઈ વધારે હોય છે પણ માદા, નર કરતાં ઘણી જાડી હોય છે તેથી દેખાવમાં તેનું કદ મોટું લાગે છે. તેનો મુખ્ય ખોરાક ક્રિલ્સ, એમ્ફીપોડસ, કોપેપોડસ અને સેફાલપોડસ જેવા દરિયાઈ જીવો છે. આ વહેલ પણ બ્લૂ વહેલની જેમ પોતાના મોઢામાં ઘણું બધું પાણી ભરી લે છે અને જડબું બંધ કરી નાની તિરાડોમાંથી પાણી બહાર કાઢે છે. આ પાણી સાથે મોઢામાં આવેલ દરિયાઈ જીવો મોઢામાં રહી જાય છે જેને તે આરોગી જાય છે. આ બધા સમુદ્રોમાં જોવા મળે છે. ભારત નજીક તે અરબી સમુદ્રમાં જોવા મળે છે. ક્યારેક ગુજરાતના દરિયાકિનારા નજીક આવી જાય છે. તેના શરીરનો આગળનો જાડો ભાગ પૂંછડી તરફ જતાં પાતળો થતો જાય છે. તેથી તેની પૂંછડી વધુ સારી રીતે હલનચલન કરી શકે છે.





દિવાચર છે જે દિવસ દરમિયાન દરિયાના પાણીમાં લાંબા અંતર સુધી તરતી રહે છે અને ખોરાક મેળવતી રહે છે.

ઘણીવાર જોડીમાં ખોરાક મેળવતી જોવા મળે છે. આ વહેલ નીચી તરંગ લંબાઈના અવાજ દરિયાની નીચે લાંબા અંતર સુધી મોકલે છે જે તેની જોડ કે સમૂહના અન્ય સભ્યો સુધી પહોંચે છે. સંદેશારૂપે પાણીમાંથી ઊછળે છે જે ૬ મીટરની ઊંચાઈ જેટલું હોય છે. પાણીમાંથી પહેલા માથું નીકળે છે પછી પીઠભાગ અને ધનુષ્ય આકારની પાણીની બહાર છલાંગ લગાવીને પાછી પાણીમાં પછડાય છે. આ પ્રકારની તેની ખાસ વિશિષ્ટ વર્તણૂક પાણીમાંથી બહાર નીકળી શ્વાસ લેવા અને માદાની નજરે પડવા માટેની હોય છે. વર્ષ ૧૯૭૧માં સુરત મગદલ્લા પાસે તાપી નદીમાં ૮ કિલોમીટર અંદરના ભાગેથી આ વહેલનું હાંડપિંજર મળેલું હતું.

વહેલનું જીવનચક્ર ઉષ્ણ કટિબંધીય વિસ્તારોમાંથી લઈને ધ્રુવીય પ્રદેશમાં તેના સ્થળાંતર પર નિર્ભર છે. પૃથ્વીના ઋતુ પ્રમાણેના બન્ને ગોળાર્ધોમાં તે ગરમ પાણીવાળા ભાગોમાં શિયાળાની ઋતુ દરમિયાન જોવા મળે છે. ત્યારબાદ તે તેના ધ્રુવીય પ્રદેશો તરફ સ્થળાંતર કરે છે. ધ્રુવીય પ્રદેશોમાં ભરપૂર પ્લાંકટોન ઉપલબ્ધ હોય તેવા ત્રણ થી ચાર માસ દરમિયાન તે ત્યાં રોકાય છે.

નાની ભારતીય પોરપોઈઝ LITTLE INDIAN PORPOISE

(Neophocaena phocaenoides phocaenoides) (F-Phocoenidae)

પોરપોઈઝ માછલી ભારતના દરિયાકિનારે ભાગ્યે જ જોવા મળે છે. જાપાનના દરિયાકિનારે સૌથી વધુ જોવા મળે છે.

લંબાઈ ૧૪૦ સે.મી. થી ૧૮૭ સે.મી. હોય છે. તેનું વજન ૩૦ થી ૪૫ કિલો જેટલું હોય છે. તે સમાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં એક બચ્ચાને જન્મ આપે છે. તેના શરીરનો રંગ જાંબલી, કથ્થઈ અથવા જાંબુડિયો રાખોડી જેવો હોય છે. જડબું, ગળાનો ભાગ અને મોઢાની આસપાસનો ભાગ ગુલાબી જેવા રાખોડી રંગનો હોય છે. નાની માછલીઓ, ઝીંગા પ્રકારના જીવ, નાના સ્ક્વીડ અને માછલીઓ પર નભે છે. કચ્છના અખાત અને ખંભાતના અખાતમાં જોવા મળે છે. તે ભારતના પૂર્વના દરિયામાં પણ જોવા મળે છે. તે સામાન્ય રીતે કિનારાની નજીકમાં રહે છે. તે છીછરાં પાણીમાં રહેતી હોવાથી ભરતી વખતે ક્યારેક કિનારે ઢસડાઈ આવે છે. આ માછલીને વારંવાર હવાની જરૂર રહે છે તેથી પાણીની સપાટી પર આવે છે. તે હવા લેવા માટે કૂદકો મારી બહાર આવે છે. તે એકલી કે બેની જોડીમાં જોવા મળે છે. ક્યારેક ત્રણ થી પાંચના જૂથમાં પણ જોવા મળે છે. પોરપોઈઝ ઘણી વખત માછીમારોની જાળમાં ફસાઈને મરી જતી પણ જણાઈ છે. તેના માંસને કારણે તેનો મોટા પ્રમાણમાં શિકાર થાય છે.



નકશામાં નિર્દેશ કરેલા ગુજરાતના વિસ્તારોમાં નાની ભારતીય ફિલ વ્હેલ જોવા મળે છે.



વિશ્વની નાનામાં નાની તિમિંગલ જીવ એવી આ પોરપોઈઝ ભારતના સમુદ્રમાં જોવા મળે છે. પોરપોઈઝ કુળની વિશ્વમાં ૬ જાતિઓ છે.


સક્રિય છતાં શરમાળ છે. તે "કાળી અથવા કાળી ફીન લેસ પોરપોઈઝ" તરીકે જાણીતી છે. તેના શરીરનો રંગ આછો આસમાની અથવા ભૂખરા-આસમાની રંગનો હોય છે. તેના નામ પ્રમાણે તેની પીઠ પર ફીન હોતી નથી. હોઠ, ગળું, છાતી, પેટના ભાગ આછા આસમાની રંગનો હોય છે. પોરપોઈઝ તેના ચપટા પાવડા જેવા આકારના દાંતથી ડોલ્ફિનથી અલગ તારવી શકાય છે. માથું તરબૂચ આકારનું હોય છે. ચાંચ ન હોવાથી મોઢું હસતું હોય તેવું દેખાય છે. અગ્ર ઉપાંગો શરીરના આગળના ભાગે ગરદનને અડીને નીચેની તરફ લાંબા અને અણિયાળા હોય છે. પીઠ પર ખુંધ નીકળેલી હોય છે. આડી ચપટી પૂંછડી અણીદાર અને ખાંચાવાળી હોય છે. તેનું માથું સહેલાઈથી ફરી શકે છે. જડબાંમાં ૧૩થી ૨૨ જોડ પાવડા જેવા દાંત હોય છે. તેના માથા તથા શરીરની રચનાને કારણે તેને પાણીની સપાટી પરથી બહાર આવવાની જરૂર પડતી નથી. માથું પાણીની સપાટીની બહાર રહે છે. તે સરળતાથી શ્વાસ લઈ શકે છે અને પાણીની સપાટી પર બહારની તરફ જોઈ શકે છે.



બચ્ચાં માની પીઠ પર સવારી કરતાં હોય ત્યારે પાણીની સપાટીની બહાર જોઈ શકાય છે. મોટાભાગે દરિયાકાંઠાની નજીકના ભાગોમાં જોડીમાં કે ૧૦ સુધીના નાના સમૂહમાં જોવા મળે છે. માછીમારી માટેની જાળીઓ, શિકાર અને દરિયાઈ અવરજવર ને કારણે આ જીવ ભયમાં મુકાયેલ છે.

ચી...ચી.... જેવો તીણો અવાજ કરે છે. દરિયાકાંઠાના ભાગમાં, નદી-દરિયાનાં પાણી ભેગાં થતાં હોય તેવા ભાગમાં અને ઘણીવાર નદીના અંદરના ભાગ સુધી આવેલી જોવા મળે છે. આ પોરપોઇઝના મગજનું કદ તેના શરીરના કદના પ્રમાણમાં અન્ય પ્રાણીઓ કરતાં મોટું છે. સામાન્ય રીતે તેના મગજનું વજન સરેરાશ ૫૦૦ ગ્રામ જેટલું જોવા મળે છે. આ માટેનું મુખ્ય કારણ તે તેના શરીરની ગરમી દરિયાના પાણીમાં સારી રીતે જાળવી શકે છે. પરિણામે તે વધુ ઠંડા ભાગોમાં પણ જોવા મળે છે. દાંતવાળી વહેલની જેમ પોરપોઇઝ એક જ છિદ્ર દ્વારા શ્વસન કરે છે. ડોલ્ફિનની જેમ પોરપોઇઝને ચાંચ જેવું અણીવાળું મોઢું હોતું નથી.

દરિયાઈ સસ્તન પ્રાણીઓમાં પોરપોઇઝ કદમાં નાની હોય છે. પોરપોઇઝની જાતિઓમાં ૨.૫ મીટર થી વધુ લંબાઈ હોતી નથી.





ગુજરાતના વિસ્તારોમાંથી
હાથી લુપ્ત થયા છે.

હાથી ASIAN ELEPHANT

(Elephas maximus indicus)
(F-Elephantidae)

હસ્તિ અથવા ગજરાજ તરીકે જાણીતું આ જમીન પરનું સૌથી મોટું પ્રાણી છે. માત્ર નર હાથીને જ દંતશૂળ હોય છે.

આ વિશાળકાય પ્રાણીની લંબાઈ સાડા પાંચથી સાડા છ મીટર અને ઊંચાઈ ત્રણ મીટર હોય છે. તેનું વજન પાંચ ટન હોય છે. તે લગભગ ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે. વર્ષાઋતુની શરૂઆતમાં ગરમ વાતાવરણમાં પ્રજનન કરે છે અને બાવીસ મહિના બાદ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંને પુખ્ત થતાં દસ વર્ષ લાગે છે. એશિયાઈ હાથી આફ્રિકન હાથી કરતાં નાના હોય છે. તેનો રંગ રાખોડી જેવો ઘેરો કથ્થઈ હોય છે. તેના કાન મોટા સૂપડા જેવા હોય છે. સૂંઢ તરીકે વિકસેલા નાકના કારણે આ પ્રાણી અન્ય સસ્તન પ્રાણી કરતાં અલગ પ્રકારનું લાગે છે. ઘાસ, પાંદડાં, વાંસ, અનાજ, બધી જાતના છોડ અને વૃક્ષની છાલ તેનો મુખ્ય ખોરાક છે. ગુજરાતમાં તે બંધન અવસ્થામાં જ જોવા મળે છે. ભારતમાં ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરાલા, કર્ણાટક, પશ્ચિમ બંગાળનાં જંગલોમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે. ભૂતકાળમાં ગુજરાતમા રાજપીપળાનાં જંગલોમાં હાથી જોવા મળતા હતા, પણ હવે લુપ્ત થઈ ગયા છે. તેને વાંસ વધુ પસંદ હોવાથી વાંસના જંગલમાં વધુ જોવા મળે છે. દરિયાઈ સપાટીથી ત્રણથી સાડા ત્રણ હજાર મીટરની ઊંચાઈએ પણ રહી શકે છે. મોટાભાગે ટોળાંમાં રહે છે.

ધરતી પરનું મોટમાં મોટું, ખૂબજ જાણીતું અને ગૌરવપ્રદ પ્રાણી એટલે હાથી. હાલમાં વિશ્વમાં આફ્રિકા અને એશિયા એમ બે જ ખંડમાં હાથી જોવા મળે છે. એશિયાઈ હાથી દક્ષિણ અને દક્ષિણ પૂર્વીય એશિયાના ૧૩ દેશોમાં વ્યાપ ધરાવે છે, જે આફ્રિકન હાથી કરતાં દસમા ભાગની વસતી ધરાવે છે.

ગુજરાતના પંચમહાલ, રાજપીપળા અને વડોદરાના જંગલોમાં હાથી ભૂતકાળમાં જોવા મળતા હતા. હવે ઘણાં સમયથી લુપ્ત થયા છે. ભારતના ઉત્તર પૂર્વીય રાજ્યો, પશ્ચિમ બંગાળ, ઉત્તર ભારતના તરાઈ, ઓરિસ્સા, ઝારખંડ અને દક્ષિણ ભારતનાં જંગલોમાં હાલમાં ૨૫,૦૦૦ જેટલા હાથી હોવાનું મનાય છે. ઘાટા ભૂખરા રંગની કરચલીઓવાળી જાડી ચામડીવાળું શરીર તેના પર છૂટાછવાયા વાળ ઊગેલા હોય છે. લાંબી સૂંઢ જે નાકનું રૂપાંતરણ પામેલ છે. નરમાં બે છેદક દાંત જે મોઢાની બહાર નીકળેલા જોવા મળે છે. ગરમીનું સંચાલન કરતા સૂપડા જેવા મોટા કાન જે બહારની તરફ ખૂલે છે. થાંભલા જેવા ચાર પગ જેમાં ચપટા મોટા નખવાળા ચાર કે પાંચ આંગળાં હોય છે. મધ્યમ લંબાઈની પૂંછડી કે જેના છેડે બ્રશની જેમ ગોઠવાયેલા જાડા કાળા રંગના વાળ હોય છે. પીઠ પર ઢેકો નીકળેલો હોય છે. કપાળની વચ્ચે ખાડો જોવા મળે છે.



ફક્ત નરમાં દંતશૂળ જોવા મળે છે. જે કેટલાક નર હાથીમાં હોતા નથી. તેને ''મખના'' કહે છે. ઈન્દ્રિયના ભાગ દ્વારા નરને માદાથી અલગ ઓળખી શકાય છે. વર્ષો સુધી એક જ માર્ગે અવરજવર કરતા રહે છે. દિવસ દરમિયાન એકલા કે તેમના કૌટુમ્બિક જૂથ સાથે ખોરાક અને પાણીની શોધમાં લાંબા અંતર સુધી સ્થળાંતર કરતા જોવા મળે છે. તેમના વર્ષો જૂના આવા દૈનિક અવરજવરના માર્ગ બંધ થાય તો તે માનવ વસાહતોમાં કે ખેતરોમાં ઘૂસી જાય છે. પરિણામે માનવો સાથે સંઘર્ષ થાય છે.


ભારતીય સંસ્કૃતિ પ્રમાણે બુદ્ધિ અને શક્તિનું પ્રતીક એવા હાથીને ગણેશનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. ઈન્દ્રદેવનું તે વાહન છે. વૃધ્ધ હાથણીના નેતૃત્વ હેઠળ સમૂહ બને છે. હાથી કુટુમ્બપ્રેમી પ્રાણી છે. તેમના સમૂહમાં યુવાનમાં નર, માદા અને બચ્ચાં હોય છે. ફક્ત પુખ્ત નર ટોળાંથી અલગ રહે છે. નર સંવનન કાળ પૂરતો સમૂહમાં સામેલ થાય છે. ક્યારેક ફક્ત નરનો સમૂહ પણ જોવા મળે છે. હાથી વૃક્ષોનાં પાંદડા, છોડ, છાલ વગેરે ભરપૂર માત્રામાં ખાય છે, જે સિલિકાયુક્ત હોય છે. તેથી તેના દાંત બગડે કે તૂટી જાય તો તેના સ્થાને નવા દાંત આવે છે. આવા નવા ઊગેલા દાંત જીવનકાળ દરમિયાન ૬ સમૂહમાં નીકળે છે. છેલ્લો સમૂહ ૬૦ વર્ષની ઉંમરે નીકળે છે.

ગીચ વનોમાં તેના ખોરાક દ્વારા વૃક્ષોની ઘનતા ઓછી કરે છે. પરિણામે જંગલ ખુલ્લું થાય છે અને સૂર્યપ્રકાશ જમીન સુધી પહોચતાં નવાં વૃક્ષો ઊગી શકે છે. આ કારણથી તેને 'વનરક્ષક' પણ કહેવામાં આવે છે. હાથી ચોક્કસ તરંગ લંબાઈના ઈન્ફ્રા સોનિક કોલથી, પગ ધરતી સાથે પછાડીને જંગલમાં લાંબા અંતર સુધી તેના સંદેશાની આપ-લે કરી શકે છે. ધાર્મિક હેતુઓને લીધે, યુદ્ધોમાં વાહન તરીકે, જંગલના લાકડાં વહન માટે, ખેલ કરવા માટે, તેના દાંત માટે, તેના થતા શિકાર અને પાલતું બનાવવાના કારણે હાથીઓની વસતી સતત ઘટી રહી છે. તેને લાયક ગીચ અને વિશાળ જંગલ વિસ્તારો પણ ઘટી રહ્યા છે.

જંગલી ભેંસ - WILD BUFFALO

(Bubalus bubalis) (F-Bovidae)

પાલતું ભેંસની પૂર્વજ ગણાય છે. તેનો શારીરિક દેખાવ પાલતું ભેંસ જેવો હોય છે, પણ તેનાં શિંગડાં અલગ પ્રકારનાં હોય છે.



ગુજરાતના વિસ્તારોમાંથી જંગલી ભેંસ લુપ્ત થઇ છે.

જંગલી ભેંસની લંબાઈ ૨૪૦ થી ૨૮૦ સેન્ટીમીટર હોય છે. તેની પૂંછડી લગભગ ૬૦ થી ૮૫ સે.મી. જેટલી લાંબી હોય છે. તેની ઊંચાઈ ૧૬૦ થી ૧૯૦ સે.મી. જેટલી હોય છે. વજન ૮૦૦ થી ૧૦૦૦ કિલોગ્રામ હોય છે. તે મુખ્યત્વે માર્ચ થી મે મહિનામાં બચ્ચાને જન્મ આપે છે. ૩૦૦ થી ૩૩૪ દિવસનો ગર્ભકાળ હોય છે. અન્ય ઋતુમાં પણ બચ્ચાને જન્મ આપતી જોવા મળે છે. આ અલમસ્ત અને શક્તિશાળી પ્રાણી છે. તેનાં શિંગડાં પાલતું ભેંસ કરતા પ્રમાણમાં બહુ મોટા હોય છે. અર્ધ ગોળોકાર અને છેડેથી અણીદાર હોય છે. પોતાના બચ્ચાંને બચાવવા માટે માદા સિંહ કે વાઘ જેવા હિંસક પ્રાણી સામે પણ થઈ જાય છે. સમગ્ર ભારતીય ગોકુળમાં તે સૌથી હિંમતવાન પ્રાણી ગણાય છે. ખેતરમાં ઘૂસી આવે તો તેને સહેલાઈથી તગેડી શકાતી નથી. જંગલી ભેંસ સ્લેટિયા કાળા રંગની હોય છે. કેટલીક ભેંસના ઢીંચણ સુધીના પગ સફેદ મેલા રંગના હોય છે. ઘાસ અને ખેતપાક મુખ્ય ખોરાક છે. આ પ્રાણી ગુજરાતના ડાંગનાં જંગલોમાં ૧૯૬૦ સુધી અસ્તિત્વમાં હતું. અત્યારે તે આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, ઓરિસ્સા અને મધ્યપ્રદેશમાં જોવા મળે છે. મુખ્યત્વે તે સવારે અને સાંજે ચરે છે. ક્યારેક રાત્રે પણ ચરતી જોવા મળે છે.



આપણા ગુજરાતમાં આજથી પચાસ વર્ષ પૂર્વે ડાંગનાં જંગલોમાં જંગલી ભેંસનું કુદરતી આવાસ સ્થાનોમાં અસ્તિત્વ હતું. આજે આસામ અને મધ્ય ભારતમાં જ તે જોવા મળે છે. મોટું મજબૂત અને વજનદાર સ્લેટિયા કાળા રંગનું શરીર ધરાવતી આ જાતિની ભેંસ જંગલી ઢોરોમાં સહુથી વજનદાર છે. તેના શિંગડાં ત્રિકોણાકાર, ચપટા અને ઓછી ગોળાઈના તથા ખૂબ જ તીક્ષ્ણ અણી ધરાવતાં હોય છે. વિશ્વનાં બધા પ્રાણીઓમાં તેનાં શિંગડાં સહુથી મોટાં હોય છે. આ શિંગડાં નર અને માદા બંનેમાં હોય છે. જંગલી ભેંસનાં શિંગડાં કદી ખરતાં નથી. જન્મથી લઈને મરણ સુધી આજીવન શિંગડાં ટકી રહે છે.

એક માપણી દરમિયાન એક માદાના ૨ મીટર જેટલી લંબાઈના શિંગડાં નોંધવામાં આવ્યાં હતાં. ઘૂંટણ સુધીના પગનો રંગ આછો સફેદ હોય છે. નવું જન્મેલું બચ્ચું આછા રંગનું અને પીળાશ પડતું હોય છે. માદાનું વજન ઓછું હોય છે.

આ ભેંસ ખૂબ જ આક્રમક સ્વભાવ ધરાવે છે. ગુસ્સે થાય ત્યારે નાકમાંથી શ્વાસ કાઢીને અવાજ કરે છે. પગ પછાડે છે અને તેનું માથું ડોકમાંથી હલાવીને અણસાર આપે છે. તે દિવસે અને રાત્રે બંને સમયે અનુકૂળતા પ્રમાણે ટોળામાં ચરતી હોય છે. આવા સમૂહમાં ૨૦ જેટલી ભેંસો હોય છે. સામાન્ય રીતે નર સમૂહથી દૂર એકલા ચરવાનું પસંદ કરે છે. સમૂહમાં નાનાં બચ્ચાં હોય તો તેને વચ્ચે રાખીને ઘેરો કરીને સતત





રક્ષણ અપાય છે. વાઘ જેવા પ્રાણી પણ આ પ્રાણીથી ડરે છે.

જંગલી ભેંસ પાણીની નજીક રહેવાનું પસંદ કરે છે. લાંબા સમય પાણીમાં તરવાનું કે બેસવાનું પસંદ કરે છે. ઊંચા ઘાસવાળા કાદવિયા વિસ્તારો તેને આદર્શ પરિસ્થિતિ પૂરી પાડે છે. અહિંયા તે ખોરાક અને આશરો મેળવે છે. કાદવમાં આળોટવાનું અને શરીર કાદવથી ઢંકાઈ જાય તે તેની ગમતી પ્રવૃત્તિ છે.

પાલતું ભેંસની ઉત્પત્તિ જંગલી ભેંસમાંથી થઈ છે. તેની સુંઘવાની શક્તિ સારી હોય છે. સમૂહમાં રહેતી આ ભેંસો અછતના સમયમાં માનવ વસવાટ નજીકના ખેતપાકોમાં પ્રવેશ કરીને ઘણીવાર નુકસાન પહોંચાડે છે. પાલતું ભેંસ કરતાં થોડા અલગ પ્રકારનો ગાંગરવા જેવો અવાજ પણ કરે છે.

દેશના અમુક જ નાના નાના રક્ષિત જંગલ વિસ્તારોમાં તેની હયાતી બચી છે. તેમને લાયક ઘાસિયા પ્રદેશો ઘટવાથી ભેંસ ભયગ્રસ્ત યાદીમાં મૂકવામાં આવી છે.

ગૌર GAUR

(Bos gaurus) (F-Bovidae)

ગૌરને ગવરી ગાય પણ કહે છે.

નરના ખભા સુધીની ઊંચાઈ ૧૭૫ થી ૧૯૫ સે.મી જેટલી હોય છે. જ્યારે માદા ૧૬૫ થી ૧૮૫ સે.મી. જેટલી ઊંચાઈ ધરાવે છે. માથાથી શરીર સુધીની લંબાઈ ૨૪૦ થી ૩૦૦ સે.મી. તથા લંબાઈ ૭૦ થી ૧૦૫ સે.મી. હોય છે. પ્રમાણમાં ટૂંકા નળાકાર અને અંદરની તરફ ઓછી ગોળાઈ ધરાવતાં શિંગડાંનો ફેલાવો ૮૫ થી ૧૦૦ સેન્ટીમીટર જેટલો હોય છે. વર્ષના કોઈપણ ગાળામાં સંવનન કરે છે. ખાસ કરીને નવેમ્બરથી માર્ચ મહિનાના સમયમાં નવા બચ્ચાં જોવા મળે છે. તેનો ગર્ભકાળ ૨૭૦ દિવસ જેટલો હોય છે.


ગર્ભવતી માદા તેના સમૂહથી અલગ થાય છે. બચ્ચાંને જન્મ આપે છે અને બચ્ચું માની આસપાસ ફરતું રહે છે. માદા તેની સતત કાળજી રાખે છે. બચ્ચાં જન્મતાંની સાથે જ થોડીક મિનિટો બાદ ચાલતાં થઈ જાય છે. માદા તથા બચ્ચું તેમના સમૂહથી નજીકમાં થોડા દિવસો અલગ રહ્યા બાદ ફરીથી સમૂહમાં જોડાઈ જાય છે.



ગુજરાતના વિસ્તારોમાંથી
ગૌર લુપ્ત થઇ છે.







પશ્ચિમ ઘાટ, મધ્ય અને દક્ષિણ પૂર્વીય દ્વીપકલ્પ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય ભારતમાં ગૌરની હાજરી જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના શૂલપાણેશ્વર વિસ્તારમાં ભૂતકાળમાં ગૌરની ઉપસ્થિતિ હતી.

ગો (બોવીડી) કુળનું આ મોટામાં મોટું પ્રાણી છે. આ પ્રાણીને ઘણાં ભૂલથી "ઈન્ડિયન બાયસન" કહે છે તે બરાબર નથી. અંગ્રેજીમાં નરને આખલો (bull) કહેવામાં આવે છે અને માદાને ગાય (cow) કહેવામાં આવે છે.

ભરાવદાર માથું અને છાતીનો ભાગ ઊંડાણમાં હોય છે. ખભાના સ્નાયુઓ મજબૂત અને ઉપસેલા હોય છે. પુખ્ત નર ચમકતા કાળા રંગનો હોય છે. યુવાન તથા માદાઓ કોફી જેવા કથ્થાઈ રંગની હોય છે. બચ્ચાં જન્મ સમયે સોનેરી પીળા રંગના હોય છે. જે ઉંમર થાય તેમ ધીરે ધીરે મૂળ રંગ ધારણ કરે છે. સૂંઘવાની શક્તિ ઉમદા હોય છે. ગૌરની આંખો કથ્થાઈ રંગની હોય છે.

ચારેય પગ ઘૂંટણથી થોડા ઉપર સુધી સફેદ રંગના હોય છે. ગરદન બહારની તરફ આગળ વધેલી અને કપાળ ભૂખરા રંગનું હોય છે. શિંગડાં જંગલી ભેંસ

કરતાં ટૂંકા વળાંકવાળાં અને અણીદાર હોય છે. પીઠ પર ખૂંધ નીકળેલી હોય છે. શરીર પર વાળ હોતા નથી. માદા કદમાં પ્રમાણમાં નાની હોય છે. પુખ્ત નર ૮૦૦ થી ૧૨૦૦ કીલો સુધીનું વજન ધરાવતો હોય છે. પુખ્ત માદા ૭૦૦ કીલો જેટલું વજન ધરાવે છે. કુટુમ્બ પ્રિય પ્રાણી છે. જે ૫ થી ૩૦ની ટોળીમાં રહે છે. એકલવાયા નર પણ ઘણીવાર જોવા મળે છે. સમૂહનું નેતૃત્વ વૃધ્ધ માદા કરે છે. શાંત અને શરમાળ પ્રાણી છે. એકદમ હુમલો કરતું નથી.

વાંસનાં જંગલો, જંગલોની નજીકના ખુલ્લા ઘાસિયા વિસ્તારો ગૌરને પસંદ પડે છે. દિવસે કે રાત્રે અનુકૂળતા મુજબ ચરતાં જોવા મળે છે.

ઉનાળામાં બપોરે વૃક્ષોની છાયામાં આરામ કરે છે. ખાસ કરીને ઘાસ, પાંદડાં, વૃક્ષની છાલ ખાવાનું પસંદ કરે છે. માદા મોટાભાગે એક જ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું થોડીક મિનિટોમાં માતા સાથે ચાલતું થઈ જાય છે. રોગચાળા, સ્થાનિક પાલતું પ્રાણીઓ સાથેની ચરિયાણ વિસ્તારોની હરીફાઈ, શિકાર અને આવાસસ્થાનોમાં ઘટાડો જેવી સમસ્યાઓ આ પ્રાણીના અસ્તિત્વ સામે ભય ઊભો કરી રહી છે.



સરંક્ષણ સ્થિતિ (Conservation status)

પ્રાણીઓની પ્રવર્તમાન સંરક્ષણ સ્થિતિ

(૧) આઈ.યુ.સી.એન. (ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર એન્ડ નેચર રિસોર્સિસ)

આ સંસ્થા દ્વારા વૈશ્વિક કક્ષાએ પ્રાણીઓની સંરક્ષણ સ્થિતિ નક્કી કરીને તેનું ધોરણ જાહેર થાય છે.

૧) જંગલી અવસ્થામાં લુપ્ત (Extinct in wild)-(EX) બંધનાવસ્થા સિવાય જંગલમાં લુપ્ત થયેલ હોય.

૨) વિનાશના આરે (Critically endangered)-(CR) લુપ્ત થવાના ખૂબ જ મોટા જોખમ હેઠળ હોય.

૩) ભયના આરે લુપ્ત થવાના મોટા જોખમ હેઠળ હોય. (Endangered)-(EN) બંધનાવસ્થા સિવાય જંગલમાં લુપ્ત થયેલ હોય.

૪) જોખમ હેઠળ (vulnerable)-(VU) લુપ્ત થવા જોખમ હેઠળ હોય.

૫) ઓછા ભય હેઠળ (Lower risk) (LRnt) ઉપરનાં ધોરણોમાં ન આવતું હોય તથા સંરક્ષણ આધારિત હોય.

(૨) સ્થાનિક સ્થિતિ

સ્થાનિક કક્ષાએ પ્રાણી કેટલું સરળતાથી કેટલા પ્રમાણમાં તેના વ્યાપ વિસ્તારમાં જોવા મળે છે. તેનું ધોરણ દર્શાવેલ છે.

૧) વિરલ (Rare) ભાગ્યે જ જોવા મળતું.

૨) અસામાન્ય (Un Common) સરળતાથી ન જોવા મળે.

૩) સામાન્ય (Common) સરળતાથી જોવા મળે.

૪) સ્થાનિક સામાન્ય (Locally Common) ચોક્કસ વિસ્તારમાં સરળતાથી જોવા મળે.

૫) વિપુલ પ્રમાણમાં (Abundant) ઘણા પ્રમાણમાં અને સરળતાથી જોવા મળે.

સંદર્ભ ગ્રંથ સૂચિ

૧) The book of indian Animals- S.H. Prater

૨) The Field Guide of Indian Mammals- Vivek Menon

૩) The encyclopedia of Mammals-Oxford University Press


૪) ગુજરાતનાં સસ્તન પ્રાણીઓ- વન વિભાગ



૫) વનવગડાના વાસી- ‘‘વનેચર‘‘- હરિનારાયણ આચાર્ય

૬) પ્રાણી વિજ્ઞાન- હરિઓમ્ આશ્રમ

૭) વન્યપ્રાણી સૃષ્ટિ- કનૈયાલાલ રામાનુજ

૮) ગુજરાતની પ્રાકૃતિક વિરાસત- ડૉ. એચ.એસ.સિંહ



પ્રકાશક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ